# ઉડતી નજરે....

## માર્ચ-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......<br>કે જેમાંથી – | ૧૦,૩૪૬ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ...... ૪૯૮ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ...... ૫૬ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ...... ૨૯ | |
| | (ગ) | સોનોગ્રાફી ...... ૬૮૦ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ...... ૧૦ | |
| | (ચ) | બોડી ચેક-અપ ...... ૪૧૩ | |
| | (છ) | અન્ય ...... ૮,૬૬૦ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૨,૨૬૦ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૮૭૪ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૫૫૧ |
| ૫. | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ...... | ૩,૦૧૫ |
| ૬. | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૬,૨૧૮ |
| ૭. | | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... | ૧,૯૨૨ |
| | | માર્ચ-૨૦૧૧ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ...... | ૨૫,૧૮૬ |

## 'મંગલ મંદિર' નિયમિત અંકોમાં જાહેરાતના દર

| વિગત | કુલ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ | રૂા. ૬૦૦ | રૂા. ૨૫૦/- |
| મલ્ટી કલર | રૂા. ૪,૦૦૦ | રૂા. ૨,૫૦૦ | રૂા. ૧,૫૦૦ | – |

- આપશ્રી આપના ધંધાની જાહેરાત ભારતભરના મુખ્ય શહેરોમાંના મુખ્યત્વે કચ્છી સમાજોમાં કરાવી શકશો.
- દરેક અંકનું સૌજન્ય રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે 'સૌજન્ય'નો સ્વીકાર કરવામાં આવશે.

*મુખ્ય તંત્રી, મંગલ મંદિર,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*મળેલું ધન અને મળેલી પરિસ્થિતિમાં જે સંતુષ્ટ છે તેને માટે સ્વર્ગ અહીં જ છે. – ચાણક્ય*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | રવિવાર, તા. ૨૨-૫-૨૦૧૧<br>સવારે ૯.૩૦થી ૧૨.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | સાઈકોથેરાપી વિભાગના ડૉક્ટર સાથે વાર્તાલાપ<br>(ટ્રસ્ટીમંડળ અને કારોબારી સમિતિના સભ્યો સજોડે પૂરતું મર્યાદિત) |
| ● | રવિવાર, તા. ૨૯-૫-૨૦૧૧<br>સવારે ૯.૪૫ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત વક્તૃત્વ સ્પર્ધા. |
| ● | રવિવાર, તા. ૨૯-૫-૨૦૧૧<br>સવારે ૧૦.૪૫ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત 'સંભારણા' સ્પર્ધા. |
| ● | રવિવાર, તા. ૫-૬-૨૦૧૧<br>સવારના ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | પરિચય મિલન સમિતિ દ્વારા ચતુર્થ યુવા પરિચય મિલન. |

## ★ 'મંગલ મંદિર'ના લવાજમના દરો ★

- **૧વર્ષના : રૂા. ૧૫૦/-**
- **૩ વર્ષના : રૂા. ૪૦૦/-**
- **૫ વર્ષના : રૂા. ૬૦૦/-**
- **આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

## 'મંગલ મંદિર' લવાજમ સ્વીકારવાના સ્થળો

- **અમદાવાદ** — શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮
- **ગાંધીધામ** — લબ્ધિ મોમાયા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી, શોપ નં.-૨૨, પ્લોટ નં.-૨૨૨, નૈતિક કોમ્પ્લેક્સ, જૈન દેરાસર રોડની બાજુમાં, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. મો. ૦૯૮૨૫૩ ૫૧૦૦૧
- **ભુજ** — હરનીશ સી. મહેતા, C/o. ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, ડુંગરશી ટોકરશી વોરા માર્ગ, જી.ઈ.બી. હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, મો. ૦૯૪૨૮૫ ૬૬૬૭૦
- **ભુજ** — અશ્વિન તલકશી શાહ, C/o. જૈન ટ્રાવેલ્સ, પાંજરાપોળ શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૨૭૫૯, મો. ૯૪૨૬૯ ૩૧૮૨૬
- **રાજકોટ** — જિતુભાઈ છગનલાલ શાહ, "વિરાગ", ૩, મહાવીર સોસાયટી, નિર્મલા સ્કૂલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૮. ફોન : ૦૨૮૧-૨૪૭૬૩૬૦
- **વડોદરા** — નીતિન નાનજી હરિયા, ૨૧, થોલાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮. ફોન : ૦૨૬૫-૨૪૩૯૭૮૪, મો. ૦૯૪૨૬૭ ૬૦૮૮૩
- **સુરત** — જગદીશ રવિલાલ શાહ, ૭, શંખેશ્વર એપાર્ટમેન્ટ, સંગના સોસાયટી સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૨૨૭૯ ૮૫૨૩૯
- **ભાત બજાર, મુંબઈ** — શેઠિયા ટૂર્સ, ૨૫/ડી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશવજી નાયક રોડ, ફૂવારાની સામે, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩
- **ઘાટકોપર, મુંબઈ** — રશ્મિન્ ખોના, સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦
- **ડોંબીવલી, મુંબઈ** — રમણ શેઠિયા, વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે, સ્ટેશનની સામે, ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧. મો. ૦૯૮૧૯૭ ૨૩૬૬૩
- **ચેન્નાઈ** — ભદ્રેશ વાડીલાલ શાહ, સ્વસ્તિક કલેક્શન, ૯૦/૧૭, પટની પ્લાઝા, એન.એસ. બોઝ રોડ, ચેન્નાઈ-૬૦૦ ૦૭૯. મો. ૦૯૮૪૦૧ ૩૬૦૩૭

*સ્વર્ગમાં જવાનો સરળ ઉપાય : સત્ય બોલો, ક્રોધ કદી ન કરો અને યાચકને કદી નિરાશ ન કરો. – બુદ્ધ*

# ઉડતી નજરે.... (વર્ષ ૨૦૧૦-૨૦૧૧)

## એપ્રિલ-૨૦૧૦ થી માર્ચ-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| | | એપ્રિલ ૨૦૧૦ | મે ૨૦૧૦ | જૂન ૨૦૧૦ | જુલાઈ ૨૦૧૦ | ઓગસ્ટ ૨૦૧૦ | સપ્ટે. ૨૦૧૦ | ઓક્ટો. ૨૦૧૦ | નવેમ્બર ૨૦૧૦ | ડિસેમ્બર ૨૦૧૦ | જાન્યુ. ૨૦૧૧ | ફેબ્રુ. ૨૦૧૧ | માર્ચ ૨૦૧૧ | વર્ષ દરમિયાન કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | | | | | | | | | | | | | |
| | (અ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ | ૩૪૫ | ૩૯૯ | ૪૩૭ | ૪૭૧ | ૪૫૧ | ૩૭૪ | ૪૫૨ | ૨૬૪ | ૩૮૦ | ૩૬૯ | ૪૧૫ | ૪૯૮ | ૪૮૫૫ |
| | (બ) સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો | ૮૯ | ૮૯ | ૧૪૪ | ૭૧ | ૫૧ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૩ | ૭૪ | ૬૧ | ૫૬ | ૭૯૮ |
| | (ક) મોતિયા - આંખના ઓપરેશન | ૧૩ | ૦૭ | ૨૧ | ૨૮ | ૧૮ | ૧૩ | ૧૩ | ૧૨ | ૨૯ | ૨૦ | ૧૯ | ૨૯ | ૨૨૨ |
| | (ખ) સોનોગ્રાફી | ૫૬૯ | ૫૧૨ | ૫૮૮ | ૬૨૧ | ૫૮૫ | ૬૧૩ | ૫૭૧ | ૪૩૬ | ૫૯૪ | ૫૬૧ | ૫૯૫ | ૬૮૦ | ૬૯૨૫ |
| | (ગ) ટી.એમ.ટી. | ૧૦ | ૧૬ | ૦૪ | — | ૧૭ | ૩ | — | ૦૯ | ૧૪ | ૧૨ | ૧૪ | ૧૦ | ૧૦૯ |
| | (ઘ) બોડી ચેક-અપ | ૨૫૪ | ૨૧૧ | ૨૭૯ | ૨૮૮ | ૨૨૬ | ૨૯૦ | ૨૨૫ | ૨૦૧ | ૨૫૫ | ૨૩૪ | ૩૦૬ | ૪૧૩ | ૩૧૮૨ |
| | (ધ) અન્ય | ૭૦૯૬ | ૬૧૮૦ | ૬૯૭૬ | ૭૪૮૦ | ૭૨૯૩ | ૭૫૭૦ | ૭૫૫૯ | ૫૫૫૯ | ૭૦૧૪ | ૬૪૦૮ | ૬૯૬૩ | ૮૬૬૦ | ૮૪૭૫૮ |
| | મેડિકલ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૮૩૭૬ | ૭૪૧૪ | ૮૪૪૯ | ૮૯૫૯ | ૮૬૪૧ | ૮૯૦૩ | ૮૮૬૦ | ૬૫૨૧ | ૮૩૨૯ | ૭૬૭૮ | ૮૩૭૩ | ૧૦૩૪૬ | ૧૦૦૮૪૯ |
| ૨. | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૨૦૫૮ | ૧૮૭૧ | ૨૨૩૦ | ૧૯૧૪ | ૧૯૩૨ | ૨૪૭૯ | ૨૦૭૪ | ૭૯૮૭ | ૯૦૦૩ | ૭૫૮૫ | ૯૦૩૧ | ૮૪૭૮ | ૫૬૬૪૨ |
| ૩. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ<br>(અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૭૬૬ | ૯૯૪ | ૧૦૩૯ | ૭૬૮ | ૭૬૦ | ૬૬૩ | ૯૬૫ | ૯૭૯ | ૯૫૪ | ૯૪૯ | ૮૪૩ | ૮૭૪ | ૧૦૫૫૪ |
| ૪. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ<br>(અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૬૨૪ | ૫૬૦ | ૫૧૬ | ૫૩૩ | ૫૩૦ | ૪૪૦ | ૬૩૭ | ૬૮૮ | ૬૩૫ | ૬૨૫ | ૫૪૭ | ૫૫૧ | ૬૮૮૬ |
| ૫. | જલારામ અન્નક્ષેત્ર, શાહીબાગ, અમદાવાદ<br>(અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | — | — | — | — | — | — | — | — | ૧૨૪૬ | ૨૪૮૨ | ૧૬૩૬ | ૧૯૨૨ | ૭૨૮૬ |
| | **વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ** | **૧૧૮૨૪** | **૧૦૮૩૯** | **૧૨૨૩૪** | **૧૨૧૭૪** | **૧૧૮૬૩** | **૧૨૪૮૫** | **૧૨૫૩૬** | **૧૬૧૭૫** | **૨૦૭૬૭** | **૧૯૩૧૯** | **૨૦૪૩૦** | **૨૨૧૭૧** | **૧૮૨૮૧૭** |

# મંગલ મંદિર વિશેષાંકો

'મંગલ મંદિર'ના આગામી નીચે મુજબના અંકો વિશેષાંક રૂપે પ્રકાશિત થશે. જે વિવિધ પ્રકારના વિષયો સંબંધિત લેખ-માહિતી અને અન્ય સામગ્રીઓથી ભરપૂર હશે.

૧. માસ જુલાઈ-૨૦૧૧ .................................. **અષાઢી બીજ વિશેષાંક**

૨. 'મંગલ મંદિર'નો માસ ઓગસ્ટ-૨૦૧૧નો અંક ૪૦૦મો અંક હશે.
તે નિમિત્તે માસ ઓગસ્ટ-૨૦૧૧ ....................... **"કચ્છ ગઈકાલ... આજ અને... આવતીકાલ" વિશેષાંક**

૩. માસ ઓક્ટોબર-૨૦૧૧ ............................... **દીપોત્સવી વિશેષાંક**

'મંગલ મંદિર'નું સમગ્ર ભારતના મોટાભાગના શહેરોમાં વિતરણ થતું હોવાથી સૂચિત વિશેષાંકો દ્વારા કોઈપણ પ્રકારની જાહેરાતોને બહોળા પ્રમાણમાં પ્રસિદ્ધિ મળવાની ઉજ્જવળ તક છે. તેનો લાભ ઉઠાવવા સર્વેને વિનંતી સાથે હાર્દિક નિમંત્રણ છે.

'મંગલ મંદિર'ના પ્રત્યેક અંકો સમાજની વેબસાઈટ પર નિયમિત ઉપલબ્ધ હોય છે. તેના દ્વારા વિદેશમાં પણ 'મંગલ મંદિર'નો વાંચકવર્ગ છે.

'મંગલ મંદિર'ના ઉપરોક્ત વિશેષાંકોમાં જાહેરાતના દરો નીચે પ્રમાણે છે :

| વિગત | આખુ પાનું | અડધું પાનું | ૧/૪ પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| ● મલ્ટી કલર | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૩,૫૦૦/- | — |
| ● સીંગલ કલર | રૂા. ૭,૫૦૦/- | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨,૫૦૦/- | — |
| ● બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૫૦૦/- |

*(જાહેરાતના દર પ્રતિ વિશેષાંકના છે.)*

*– તંત્રી મંડળ, મંગલ મંદિર*




*જેની ભીતર ઈચ્છા છે તેને કોઈને કોઈથી પરાધીન થવું જ પડશે.*

# શ્રી જલારામ અન્નક્ષેત્ર

*હમ અકેલે હી ચલે થે, જાની બે મંઝિલ મગર*
*લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા*

'મંગલ મંદિર'ના અગાઉના અંકોમાં પ્રસારિત કરવામાં આવેલ વિગત મુજબ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામગૃહ, શાહીબાગ અમદાવાદ ખાતે 'શ્રી જલારામ અન્નક્ષેત્ર' યોજના ચાલુ છે.

આ યોજના અંતર્ગત કચ્છથી અમદાવાદ તબીબી સારવાર હેતુસર પધારતા ખૂબ જ જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમની સંભાળ અર્થે 'શ્રી કચ્છી વિશ્રામગૃહ'માં દર્દીઓ સાથે રહેનાર તેમના સગાંસંબંધીઓને દિવસના ત્રણેય સમયે ચા, નાસ્તો અને ભોજન વિના મૂલ્યે આપવામાં આવે છે. દરરોજ સારી માત્રામાં દર્દીઓ આ સગવડતાનો લાભ લઇ રહ્યા છે. આમ આ યોજના શરૂ કરવા પાછળની સમાજની ભાવના સાર્થક થઇ રહી છે તે આનંદની વાત છે.

'મંગલ મંદિર'ના માસ માર્ચ-૨૦૧૧ ના અંકના તંત્રીલેખમાં લખવામાં આવ્યું છે...."સહુથી શ્રેષ્ઠ દાનમાંનું એક દાન એ અન્નદાન" તે સાથે બીજી વાત જણાવવામાં આવી હતી "મંગલ મંદિર"ની એ ભાવના રહેવા પામેલ છે કે એક શુભ ઇરાદાથી શરૂ કરવામાં આવેલ આ પ્રવૃત્તિ સહુ કોઇના સહકારથી નિરંતરપણે ચાલતી રહે" આ વિગતના પડઘા પડ્યા છે...દાનની ગંગા અવિરતપણે ચાલુ છે. આ પ્રકારનો સહયોગ અમૂલ્ય છે.. કાબિલે દાદ છે :

આ યોજનામાં નીચે પ્રમાણે દાનની અન્ય જાહેરાત પ્રાપ્ત થઇ છે.

**રૂા. ૧,૦૮,૦૦૦ શ્રી મેઘજી થોભણ સ્વજ્ઞાતિ સહાયક ફંડ (માંડવી-કચ્છ)**

**રૂા. ૯,૦૦૦ શ્રીમતી મીનલબહેન શૈલેષભાઇ ગાલા (ભોજાય) મુંબઇ**

**રૂા. ૯,૦૦૦ શ્રીમતી સાકરબહેન પ્રેમજી ગાલા (ભોજાય) મુંબઇ**

**રૂા. ૧,૦૦૦ ગુલાબબહેન હંસરાજ**

ઉદાર દિલની સખાવત માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

બિદડા સ્થિત શ્રી એલ.ડી. શાહ 'કોટીવૃક્ષ અભિયાન' ના મુખ્ય પ્રણેતા છે. પર્યાવરણ તથા વૃક્ષારોપણ ક્ષેત્રે પણ તેમનું યોગદાન અનેરું અને ઉત્કૃષ્ટ છે. તેઓશ્રીએ રૂપિયા દસ લાખનું પ્રારંભિક દાન આપી આ સેવાકીય પ્રવૃત્તિની શરૂઆત કરાવી છે. માનવજીવન માટે અન્ય જરૂરિયાતની સાથે ખોરાક પણ અગ્રક્રમે હોતાં, જીવતાં માનવીની સેવા કરવી એજ સાચી સેવા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદે આ માનવ સેવાકીય પ્રવૃત્તિનો આરંભ કર્યો છે ત્યારે સમાજના બે વીરલાઓએ આ યોજનામાં દાનની ઝોળી છલકાવી દેવાની જવાબદારી સ્વયંભૂ પોતાના શિરે લઇને સંસ્થાનું એક મહાન અને અદ્‌ભુત કાર્ય કર્યું છે. આ બે વિશિષ્ટ વ્યક્તિ એટલે અગ્રીમ કાર્યકર શ્રી બંસીલાલભાઇ મગનલાલ ગડા - મુંબઇ અને સમાજના ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઇ છગનલાલ શાહ - અમદાવાદ.

કચ્છી ધીંગીધરાના માડું અને સેવાના આ ભેખધારીઓને અભિનંદન.

તેઓશ્રી પોતાના આ અનેરા પ્રયાસમાં વિના વિલંબે સફળતા હાંસલ કરે તેવી શુભેચ્છા!

સખી દાતાઓનાં દાન ઉપર ઉપરોક્ત યોજના નિર્ભર છે. આપ સૌ આગળ આવશો અને સંપૂર્ણપણે સહકાર આપશો તેવી વિનંતી છે.

***બિંદુઓ ભેગાં મળ્યાં, સરિતાના આકારમાં; ભવ્યતાનું રૂપ છે, જોઈ લ્યો સહકારમાં.***

***– દિનેશ આર. મહેતા***

# શ્રી કચ્છી વિશ્રામ ગૃહ શાહીબાગમાં 'કચ્છ આર્ટ ગેલેરી'

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ દ્વારા સમાજ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ-અમદાવાદ ખાતે એક 'કચ્છ આર્ટ ગેલેરી' (મ્યુઝિયમ પ્રકારની) ઊભી કરવાનું જે આયોજન કર્યું છે તેની તૈયારીઓનું મોટાભાગનું કામકાજ પૂર્ણતાના આરે છે.

સદરહુ આર્ટ ગેલેરીનું નજદીકના સમયમાં (મહદ્‌અંશે અષાઢી બીજના) ઉદ્‌ઘાટન કરવાનાં પ્રયત્નો ચાલુ છે. ત્યારબાદ જાહેર લાભાર્થે ખુલ્લી મૂકવામાં આવશે.

આ પ્રોજેક્ટથી અમદાવાદમાં જ કચ્છની સાંસ્કૃતિક માહિતી, કલા કારીગરી અને કચ્છ જિલ્લાને સંબંધિત અન્ય સાધન-સામગ્રીની આછી ઝલક કાયમી ધોરણે નિહાળી શકાશે. જે એક મહત્ત્વની ઘટના રૂપ છે. તે ઉપરાંત, આર્ટ ગેલેરીની સ્થાપનાથી કચ્છ જિલ્લાના વિકાસ અને પ્રગતિમાં પણ લાભ થવાની શક્યતા છે. આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદની આ નૂતન કામગીરીની સાર્થકતા પુરવાર થશે. જે નિશ્ચિતપણે કહી શકાય તેમ છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વિઝન - ૨૦૨૦

વયસ્ક સમિતિનો કાર્યક્રમ ચાલુ હતો.

એક વડીલશ્રી મળ્યા.

તેમણે એક અણિયાળો સવાલ પૂછ્યો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ''વિઝન-૨૦૨૦'' વિષે પ્રકાશ પાડશો?

પ્રશ્ન અણચિંતવ્યો હતો.

વિચાર માંગી લે તેવો હતો. અત્યાર સુધી આ પ્રકારનું આયોજન વિચારેલ નહીં.

સામાન્ય રીતે આપણે ત્યાં મોટાભાગની સામાજિક સંસ્થાઓ આ પ્રકારના 'વિઝન' નક્કી કરતી નથી. હા, કદાચ આવતા એકાદ-બે પ્રોજેક્ટ લાઇનમાં હોય, પણ તેનાથી વિશેષ કંઇ નહીં.

વડીલશ્રીએ અમને પણ વિચારતા કરી દીધા. વિચારતા એવું લાગ્યું કે આવતા વર્ષોનું પ્લાનિંગ તો હોવું જ જોઇએ.

આગેવાનશ્રીઓ સાથે ચર્ચા કરી. ચર્ચાના અંતે પિક્ચર ઉપસી આવ્યું.

પ્રશ્ન પૂછનાર વડીલશ્રીની જાણ ખાતર જણાવવાનું કે ટૂંક સમયમાં જ ''વિઝન-૨૦૨૦'' નક્કી કરવા લાગતા - વળગતાની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર બોલાવવામાં આવશે અને નીચે મુજબના કાર્યો તથા તે મિટિંગમાં અન્ય સૂચિત કાર્યોની ચર્ચા કરી ''વિઝન-૨૦૨૦'' નક્કી કરવામાં આવશે અને આવતા વર્ષોમાં એ ''વિઝન''ને અનુરૂપ કાર્યો હાથ પર લેવામાં આવશે.

★ શ્રી કચ્છી વિશ્રામગૃહ શાહીબાગ-અમદાવાદ ખાતે ''કચ્છ મ્યુઝિયમ''નું ઉદ્‌ઘાટન કરી તેને જાહેર જનતા માટે ખૂલ્લું મૂકવું.

★ મુંબઇ ખાતે જે ''અતિથિ ભવન''ના મંડાણ કરેલ છે તેની ગૂંચ ઉકેલાયા બાદ તરતમાં તેના કાર્યો પૂરા કરી, તેની સેવાઓ ચાલુ કરાવવી.

★ પોસ્ટ એન્જિનિયરિંગના એડમિશન માટે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ-અમદાવાદ ખાતે ''GATE''ના ટ્યુશન ક્લાસીસ વર્ષ -૨૦૧૧ થી જ શરૂ કરાવવા.

★ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના માધ્યમ દ્વારા, કચ્છ ખાતે ૬૦ વિદ્યાર્થીઓના બેચવાળી તથા ૪ વર્ષના અભ્યાસક્રમ વાળી ''આર્કિટેકચરલ કૉલેજ'' વર્ષ ૨૦૧૨થી જ શરૂ કરાવવા પ્રયાસો કરવા.

★ શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતા ''મેડિકલ સેન્ટર''ને નજીકના અન્ય કોઇ સ્થળે ફેરવી, અત્યાર કરતા વધુ જગ્યામાં અને અત્યાર કરતા વધુ સક્ષમતાપૂર્વક શરૂ કરાવવું. અમદાવાદમાં સ્થાનિક પ્રજાના હિતાર્થે આ પ્રકારના ''અન્ય મેડિકલ સેન્ટરો'' પણ અન્ય અલગ અલગ સ્થળે શરૂ કરવા.

★ ૧૦૦ વિદ્યાર્થિનીની કેપેસિટીવાળી ''ગર્લ્સ હોસ્ટેલ''ની સ્થાપના કરવી.

★ ૧૦૦ વિદ્યાર્થીની કેપેસિટીવાળી ''બોયઝ હોસ્ટેલ''ની સ્થાપના કરવી.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સ્થાનિક કુટુંબોના અભ્યાસ કરતા દરેક બાળકના ટ્રેક રેકોર્ડ રાખી, તે તેના મનગમતા વિષયની લાઇનનો અભ્યાસ કરી, ઉચ્ચ કારકીર્દિ સાથે વાસ્તવિક જીવનમાં પ્રવેશ પામી, તેના ઉચ્ચ સ્થાને બિરાજે, તેવા પ્રયાસો જારી રાખવા.

★ 'ગૃહ ઉદ્યોગ' વિકસાવવામાં સમાજના ઓછામાં ઓછા ૧૦૦ કુટુંબો કાર્યરત રહે તેવા પરિણામો મેળવવા.

★ ભદ્રેશ્વર ખાતેની ૭ એકર જમીન પર વિવિધ પ્રોજેક્ટો હાથ પર લઇ, તે દરેક પ્રોજેક્ટ કાર્યરત કરાવવો.

આપણે આશા રાખીએ કે ''વિઝન-૨૦૨૦'' ટૂંક સમયમાં નક્કી થઈ શકે.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જો તમારે કોઇ જ સમસ્યાનો સામનો ન કરવો પડે તેવો દિવસ આવે તો સમજી લેજો કે તમે ખોટી દિશામાં જઇ રહ્યા છો. - સ્વામી વિવેકાનંદ*

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
પોપટલાલ નેણશી ઘરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)
**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)
**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

### લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

- તંત્રી લેખ : મહાવીર જન્મ કલ્યાણક ........ અશોક મહેતા ........ ૯
- વિધાનસભાના દ્વારેથી ........ ૧૧

*લેખ વિભાગ* :

**વિચાર-મંથન**

- સત્યની શોધ અને સ્વીકાર - ૪
  પુનર્જન્મની માન્યતા અને વાસ્તવિક્તા ........ મુરજી ગડા ...... ૧૭
- ઘડપણમાં યાદ નથી રહેતું, શું કરીએ? ........ દિનેશ પાંચાલા ...... ૧૯
- માનવીનો વિકાસ ........ વિક્રમ દલાલ ...... ૨૦
- વયસ્ક વિશ્રામ સ્થાન ........ શશીકાંત ઠક્કર ...... ૨૩
- નાયર ........ ડૉ. આઈ.કે. વીજળીવાલા ...... ૨૫
- ઝિંદાદિલી... (જેઓ મુશ્કેલીઓ વચ્ચે પણ અડગ છે) ........ પ્રભુલાલ સંઘવી ...... ૨૭
- છત્તીસગઢ સાથે ગુજરાતની સરખામણી ........ અમૃતલાલ નાનજી માલદે ...... ૨૮
- શું એ યોગ્ય હતું? શું આ યોગ્ય છે? ........ નવીન જે. લાલકા ...... ૨૯
- જીવનને પૂરેપૂરી રીતે માણતાં શીખો ........ પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ ...... ૩૦

**વિચાર-વિમર્શ**

- કભી... ઐસા ભી હોતા હૈ? ........ વિજય શાહ ...... ૩૧
- તોખાર તડકાની તુંડમિજાજી ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૩૨
- માણસ ........ ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૩૩
- અંધશ્રદ્ધા છોડીને આપણે વિચારી શકશું? ........ શાંતિલાલ સંઘવી ...... ૩૫
- હે આત્મા! તારો પાડ માનું તેટલો ઓછો છે ........ શરદચંદ્ર શાહ 'સહસા' ...... ૩૯

**માહિતી**

- કેન્દ્રીય બજેટ ........ દિનેશ મહેતા ...... ૪૧
- સૌનું માનીતું વિશિષ્ટ તીર્થ ઘંટાકર્ણ મહાવીર - મહુડી ........ ભવાનજી શિવજી નાંગલપુરવાલા ...... ૪૨
- ઈતિહાસની ભયાનક તારાજી
  જાપાનમાં ભૂકંપ - સુનામી અને પરમાણુ કટોકટી ........ દિનેશ મહેતા ...... ૪૩
- વાઈબ્રન્ટ ગુજરાતથી વાઈબ્રન્ટ વર્લ્ડ
  ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાઓનું સર્જન રોમન વિઝન સંગાથે ........ ભૂપેન્દ્ર છેડા ...... ૪૬
- ક્રિકેટ વિશ્વકપ ........ દિનેશ મહેતા ...... ૪૮

**યુદ્ધ કથા**

- યાદગાર યુદ્ધકથા - ૧
  એકમેકનો વેશ લેનાર શત્રુ સ્ટીમરોનો સાગરસંગ્રામ! ........ નગેન્દ્ર વિજય ...... ૪૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## ઇતિહાસ

● હવે પશ્ચિમ કચ્છમાંય હડપ્પીય પદચિહ્ન ........ નરેશ અંતાણી ...... ૫૭
● ઈતિહાસ અને સંસ્કૃતિનું પારણું... જૂનાગઢ ........ દિનકર મહેતા ...... ૫૮

## જીવન ચરિત્ર

● નોબેલ મેળવનાર ભારતના એકમાત્ર અને એશિયાના પ્રથમ સર્જક!
ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૫૯
● ગાંધીધામ સંકુલના પ્રતિભાશીલ નિર્માતા : ભાઈ પ્રતાપ ડિયાલદાસ ........ સંજય પી. ઠાકર ...... ૬૧

## તંદુરસ્તી

● એન્ઝાઈટી ડિસઓર્ડર ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૬૩

## મહિલા વિશ્વ

● રેસિપી – જૈન વાનગી માટે : મોકટેલ ........ સુરભિ નીરવ વસા ...... ૬૫

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૬૬

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........ ૭૦
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૭૫
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૭૮
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૭૯
● 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી ........ ૮૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો
જેનો સમાજે સાભાર સ્વીકાર કર્યો તેની યાદી ........ ૮૧
● 'મંગલ મંદિર' આભાર માને છે.... ........ ૮૨
● સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૮૫
● જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૬
● શબ્દ રમત-૫૯ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૭
● સુડોકુ – ૧૦૧૬ ........ હરખચંદ સાવલા ...... ૮૯
● વલોવતન ........ સંકલન : રજનીકાંત ધરમશી પારેખ ...... ૯૦
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........ ૯૨
● લગ્નોત્સુક યુવક-યુવતી ચતુર્થ પરિચય સંમેલન-૨૦૧૧માં ભાગ લેવા માટેનું ફોર્મ ........ ૯૭
● સમાજ દર્પણ ........ ૧૦૧
● સંસ્થા સમાચાર ........ ૧૦૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૦૯

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## માનવીના કલ્યાણ અને સુખાકારી માટે નવી નવી શોધોને પ્રોત્સાહન જરૂરી

*– અશોક મહેતા*

આપણા સમાજ-જીવનની રચના જ એવી રીતે થયેલ છે કે મનુષ્ય બે પૈસે પહોંચતો થાય – તેના બ્રેડ-બટરનો પ્રશ્ન હલ થાય ત્યારે તેનું મન અન્ય દિશા તરફ વળે. એ દિશા અન્ય પ્રગતિકારક વ્યવસાય તરફ ઢળવાની પણ હોઇ શકે અથવા સામાજિક કાર્યો કરવાની પણ હોઇ શકે. કુદરતે માનવ-મનની રચના જ એવી કરેલ છે કે તે નિતનવી દિશામાં વિચર્યા કરે. જ્યાં સુધી પોતાની આજીવિકાના અને ધન એકત્રિત કરવાના પુરુષાર્થમાંથી મનુષ્ય બહાર નથી આવતો, ત્યાં લગી તે તેમાં રચ્યો-પચ્યો રહે છે અને જ્યારે તેને તેના પુરુષાર્થમાં સફળતા મળે ત્યારે તેનું મન અન્ય કંઇક કરવા ઝંખે છે.

મનુષ્ય એ સામાજિક પ્રાણી હોવાથી, અન્ય માનવો પણ સુખી થાય તેવું તે સદૈવ ઝંખે છે અને એક પ્રકારની પ્રવૃત્તિઓ તરફ ધ્યાન પણ આપવા લાગે છે. તેના સામાજિક ઉછેર અને સંસ્કારના કારણે તે માત્ર અન્ય માનવો પ્રત્યે નહીં પરંતુ આસપાસના જીવજંતુ, પશુ, પક્ષીઓ પ્રત્યે પણ અનુકંપા દાખવે છે.

પરિણામ એ આવે છે કે આ પ્રકારના સુકૃત્યો કરવા તે નજીકની કોઇક જાહેર સંસ્થા સાથે જોડાઇ જાય છે. આ જાહેર સંસ્થા એટલે તે વિસ્તારના અમુક સમૂહના લોકો એકત્રિત થઇ, તે સમૂહના સભ્યોની સુખાકારી માટેના કાર્યો આચરણમાં મૂકતા હોય. પછી તે જ્ઞાતિના ધોરણે હોય, ગામના ધોરણે હોય, વિસ્તારના ધોરણે હોય કે પ્રદેશના ધોરણે પણ હોઇ શકે છે.

જાહેર કાર્યો એટલે સામાજિક મેળાવડા ગોઠવવા, ધાર્મિક યાત્રાએ જવું, હોમ-હવન, યજ્ઞ, પૂજા-પાઠ જેવી પ્રવૃત્તિઓ કરવી, પિકનિક પર જવું, સામાજિક પ્રવૃત્તિઓ કરવા વિવિધ કેન્દ્રોની સ્થાપના કરવી, પાંજરાપોળ જેવા જીવદયાના કામે લાગી જવું, ધાર્મિક અનુષ્ઠાનો બંધાવવા, ત્યાં ભક્તિ પૂજાના કાર્યો યોજવા વગેરે પ્રકારની પ્રવૃત્તિઓ હોઇ શકે. કોઇ વળી યુવા-યુવતીઓના પરિચય-મિલન સમારંભ ગોઠવી, તેઓના લગ્નના પ્રસંગો ઉકેલવાના કામે લાગી જશે. મોટાભાગના લોકો આ પ્રકારના કાર્યોમાં કાર્યરત રહેશે. પોતાનું જીવન ધન્ય ધન્ય થઇ ગયું તેવું અનુભવશે.

થોડા વધુ વિચારવંત હશે એ તંદુરસ્તી અને શિક્ષણના કાર્યોને પોતાની પ્રવૃત્તિના કેન્દ્ર બનાવશે. તેઓ દવાખાના કે હોસ્પિટલ જેવી સગવડો ઊભી કરશે. શાળા તથા કૉલેજ જેવા અનુષ્ઠાનો ઊભા કરશે. કોઇ વળી કૂવા, તળાવ, ચેક ડેમ કે વોટર શેડસ જેવી યોજનાઓની પ્રવૃત્તિઓમાં રોકાયેલા રહેશે.

એક ત્રીજા પ્રકારનો વર્ગ પણ કાર્યરત રહેવા પામે છે. તેઓ વધુ ને વધુ લોકોને રોજી-રોટી મળે તેવા હુન્નર ઉદ્યોગો પોતાની સંસ્થા દ્વારા સ્થાપશે અને એ પ્રકારની પ્રવૃત્તિઓમાં કાર્યરત રહેશે.

આ પ્રકારની બધી જ પ્રવૃત્તિઓ સારી છે અને તે સદાયને માટે થવી જોઇએ. પરંતુ તે પ્રકારની પ્રવૃત્તિઓની મર્યાદા છે. શાંત ચિત્તે વિચારીએ કે આ પ્રકારની પ્રવૃતિઓના ફાયદાની હદ કેટલી! તેની મર્યાદા કેટલી! જવાબ એવો આવશે કે અત્યારે આ દુનિયામાં જે માનવજાત અથવા તો પશુ-પક્ષી વગેરે જીવી રહ્યા છે તેઓના સુખાકારી માટેની આ પ્રવૃત્તિઓ છે. તેનાથી વિશેષ કંઇ જ નહીં.

આ પ્રક્રિયામાં કોઇપણ પ્રકારની ક્રાંતિ નથી, નવી કલ્પનાશક્તિ નથી, નવી શોધખોળ નથી. સમગ્ર માનવ જાતને ફાયદાકારક બની રહે તેવી ખોજ નથી.

ભારત દેશનું વાતાવરણ જ એવું છે કે કોઇ વિચારવંતને નવી શોધખોળ કરવા યોગ્ય મંચ નથી, યોગ્ય સંસ્થા નથી, યોગ્ય સ્થળ નથી, જરૂરી ધન નથી, વિચાર-મુક્ત વાતાવરણ નથી. પરિણામ એ આવ્યું છે કે સમગ્ર માનવ જાતને અસર કરે એવી કોઇપણ શોધખોળ ભારતમાં હજુ સુધી થયેલ નથી. બોલપેનથી માંડીને અણુબોંબ કે ચંદ્રયાન પ્રથમ સ્વરૂપે ભારતે શોધેલ નથી.

એક જ ક્રાંતિકારી દાખલો આપીએ. હાથની એક જ મુઠ્ઠીમાં સમાવેશ થતા મોબાઇલ ફોનની. આ એક નાના યંત્રથી તમે દુનિયાના કોઇપણ છેડે રહેલા આપ્તજન સાથે પલકવારમાં વાત કરી શકો છો. તેનો ઉપયોગ આજે ગામડાનો ખેડૂત, રિક્ષાવાળો

*આ પૃથ્વી પર માત્ર ત્રણ રત્ન છે : જળ, અન્ન અને સુભાષિત. મૂર્ખ લોકોએ પથ્થરના ટુકડાને અમથું જ રત્નનું નામ આપી દીધું છે- ચાણક્ય*

કે ઘરઘાટી કરતો થઇ ગયેલ છે. કેટલી જબરદસ્ત અને ક્રાંતિકારી અસર છે એક નાના ઈલેક્ટ્રોનિક મશીનની! એક ત્રાજવે આપણી બધી જ સામાજિક પ્રવૃત્તિઓ મૂકો અને એક ત્રાજવે આ એક જ શોધ મૂકો. તેનું પલ્લું કેટલાય ઘણું ભારે ગણાશે!

આવું ઈનોવેટિવ કામ આપણે ત્યાં જરૂર થઇ શકે. માત્ર એ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવાની જરૂરત છે. સામાજિક સંસ્થાઓ અને ધનપતિઓ અગર ઉપર વર્ણવેલ પ્રવૃત્તિઓમાંથી બહાર નીકળી અલગ અલગ પ્રકારના રિસર્ચ સેન્ટરની સ્થાપના કરે, તેની પાછળ ધનના દાનની નદીઓ વહેવડાવી દે તો આપણું બુદ્ધિધન કદાચ દુનિયામાં સર્વોત્કૃષ્ટ છે અને તેનો સદુપયોગ થઇ શકે.

કેન્સરના રોગની દવા શોધવાની બાકી છે.

મોટી ઉંમરે શરીરની ચામડી જે લબડી પડે છે તેને તંગ રાખવાની શોધ બાકી છે.

વાતાવરણમાં જે કાર્બન ડાયોક્સાઈડ ફેલાઈ ગયેલ છે અને તેનાથી જે ગ્લોબલ વોર્મિંગના પ્રશ્નો ઉત્પન્ન થાય છે, તેની સામે કૃત્રિમ ઝાડો બનાવવાની અને ઠેરઠેર રોપવાની શોધ થવી જોઈએ કે જેથી આ ઝાડો વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ ચૂસી, ઓક્સિજન બહાર પાડે.

એક આકાશગંગામાંથી બીજી આકાશગંગામાં પરિભ્રમણ કરવાની શોધ બાકી છે.

બ્રહ્માંડનો તાગ મેળવવાની શોધ બાકી છે.

જીવન અને મૃત્યુ શું છે તે વૈજ્ઞાનિક ઢબે નક્કી કરવાનું બાકી છે.

આ અને આ પ્રકારની અનેક શોધખોળ પ્રત્યે સમગ્ર સમાજે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને તોજ માનવજાતના ઉજ્જવળ ભવિષ્યમાં આપણે પણ કંઇક યોગદાન આપી શકશું.

આ કાર્ય માથા ફરેલ ઉદ્યોગપતિઓનું છે કે જેઓનું અસ્તિત્વ કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર કે સારાયે ભારતભરમાં છે. અન્યો તેઓને પોતાનું યોગદાન આપી પોતાના સહકારનો હાથ બટાવી શકે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

કચ્છ

# સ્વર્ણિમ કચ્છ : શિક્ષણના છ દાયકા

• હરેશ ધોળકિયા •

• **પ્રાસ્તાવિક :**

કચ્છમાં શિક્ષણની વ્યવસ્થિત શરૂઆત ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં તત્કાલીન મહારાવ પ્રાગમલજી બીજાના સમયથી થઇ ગણાય. તેમને શિક્ષણમાં રસ હોવાથી તેમણે શાળાઓ શરૂ કરી. સમાંતરે ગામોના મહાજનો દ્વારા ખાનગી શાળાઓ પણ શરૂ કરવામાં આવી. ક્રમશઃ હાઇસ્કૂલો પણ શરૂ થતી ગઇ. તેમના પછી આવેલ મહારાવ ખેંગારજી ત્રીજાએ પણ શિક્ષણમાં રસ લેવાનું ચાલુ રાખ્યું. તેથી આ પ્રક્રિયામાં વેગ આવતો રહ્યો. ૧૯૪૮માં કચ્છમાં રાજાશાહીનો અંત આવ્યો. તે ભારતનો એક પ્રદેશ બન્યો, ત્યારે કચ્છમાં લગભગ ૨૩૯ પ્રાથમિક શાળાઓ અને બારેક જેટલી માધ્યમિક શાળાઓ હતી. ત્યારે કચ્છમાં સાક્ષરતાનો દર ૯.૪૬ હતો.

સ્વાતંત્ર્ય બાદ કચ્છમાં રાજકીય અને વહીવટી સંદર્ભમાં ત્રણ પરિવર્તન આવ્યાં. શરૂઆતના તબક્કે કચ્છ કેન્દ્ર સરકારનાં "ક" રાજ્ય તરીકે રહ્યું. ૧૯૫૫-૫૬થી ભાષાકીય રાજ્યો રચાતાં મુંબઇ દ્વિભાષી રાજ્યમાં તે એક જિલ્લો બન્યો. ૧૯૬૦માં આ દ્વિભાષી રાજ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતમાં વિભાજિત થયું અને કચ્છ ગુજરાત રાજ્યનો એક જિલ્લો બન્યો.

આ બાર વર્ષ (૧૯૪૮-૬૦) દરમ્યાન કચ્છમાં શિક્ષણની સ્થિતિ આવી હતી :

★ ૧૯૫૧માં ૩૯૮ પ્રાથમિક શાળાઓ હતી, જેમાં ૧૯૪૩૮ બાળકો અભ્યાસ કરતા હતા. ૧૨ માધ્યમિક શાળાઓ હતી અને તેમાં ૨૯૩૬ વિદ્યાર્થીઓ હતા. ઉચ્ચ શિક્ષણની એક પણ સંસ્થા ન હતી.

★ ૧૯૫૬માં ૪૬૨ પ્રાથમિક શાળાઓ હતી. જેમાં ૩૮,૨૧૬ બાળકો હતા. ૧૬ માધ્યમિક શાળાઓ હતી જેમાં ૫૩૦૩ વિદ્યાર્થીઓ હતા. એક વિનયન અને વિજ્ઞાનની (આર.આર. લાલન કૉલેજ) કૉલેજ ભુજમાં શરૂ થઇ હતી. તેમાં ૨૬૮ વિદ્યાર્થીઓ હતા.

★ ગુજરાત રાજ્યની શરૂઆત થઇ (૧૯૬૦-૬૧) ત્યારની વસતી ગણતરી પ્રમાણે ૨૫% લોકો કચ્છમાં સાક્ષર હતા. તેમાં ૩૩.૪૩% પુરુષો અને ૧૬.૯૦ % સ્ત્રીઓ હતી.

• **છ દાયકામાં શિક્ષણનો વિકાસ :**

ગુજરાત રાજ્યની સ્થાપના પછી પસાર થયેલ છ દાયકા દરમ્યાનનો કચ્છનો શૈક્ષણિક વિકાસ નોંધનીય રહ્યો છે. સામાન્ય નજર કરીએ તો ૨૦૦૧ની વસતી ગણતરીના આધારે ૭૧.૪% પુરુષો (૪,૮૭,૬૨૭) અને ૪૯.૭% સ્ત્રીઓ (૩,૧૮,૭૮૯) સાક્ષર હતાં. કુલ વસતીના ૬૦.૩૬% લોકો (૮,૦૬,૪૧૬) સાક્ષર હતાં.

હવે તબક્કાવાર આ વિકાસને તપાસીએ :

• **પ્રાથમિક શિક્ષણ :**

આગળ જોયું તેમ, ૧૯૪૮માં ૨૩૯ પ્રાથમિક શાળાઓ હતી, જેમાં ૧૫૨૧૭ બાળકો ભણતાં હતાં. ત્યારે ૨૦૦૮-૦૯માં જિલ્લામાં કુલ ૧૮૩૮ પ્રાથમિક શાળાઓ છે. તેમાં ૩૨,૭૧,૮૭૭ બાળકો એકથી સાત ધોરણોમાં અભ્યાસ કરી રહ્યાં છે. તેમાં જિલ્લા પંચાયત સંચાલિત ૧૬૨૪ પ્રાથમિક શાળાઓ છે અને અંજાર નગરપાલિકા સંચાલિત ૨૦ પ્રાથમિક શાળાઓ છે. અન્ય ખાનગી શાળાઓ છે. પ્રાથમિક વિભાગમાં કુલ ૬૫૮૧ શિક્ષકો કામ કરે છે. જિલ્લામાં કુલ ૮૭૮૮ વર્ગખંડો છે. ૯૭૭માં વીજળીકરણ થયેલ છે. મોટા ભાગની શાળાઓનું માધ્યમ ગુજરાતી છે. જો કે હવે ધીમે ધીમે અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ વધી રહી છે. લગભગ બધા જ ગામોમાં પ્રાથમિક શાળાઓ થઇ ગઇ છે. ભૂકંપ પછી જે શાળાઓને નુકસાન થયેલ, તેમાં મોટાભાગની શાળાઓનાં મકાન સરકાર તથા ખાનગી સંસ્થાઓની મદદથી ફરી અદ્યતન થઇ ગયાં છે.

જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ૭૬ કોમ્પ્યુટર લેબ અને ૧૬૫ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રો છે. જિલ્લામાં શાળા છોડી જનાર બાળકોનો દર (ડ્રોપ આઉટ રેટ) ૩.૬૮નો રહ્યો છે. તેમાં છોકરાઓનો ૩.૪૦ અને છોકરીઓનો ૪.૦૧ છે. વિવિધ પ્રકારનાં ૨૬૧૨ વિકલાંગ બાળકો અભ્યાસ કરે છે. વૈકલ્પિક કેન્દ્રોમાં ૩૬૬૧ બાળકોને સમાવાયાં છે.

'સર્વ શિક્ષા અભિયાન' તથા 'પ્રવેશોત્સવ' કાર્યક્રમોના પ્રભાવે હવે શાળાઓમાં ભણવા આવનાર બાળકોની સંખ્યા વધવા લાગી છે. પ્રાથમિક શાળાનાં બાળકો માટે ભુજ, અંજાર, ભચાઉ અને રાપરમાં હોસ્ટેલો પણ છે.

પ્રાથમિક શિક્ષકને તૈયાર કરવા જિલ્લામાં ૯ પી.ટી.સી. કોલેજો છે. જેમાં ૨૦૦૮-૦૯ના આંકડા મુજબ ૨૧૯૨ તાલીમાર્થીઓ અને ૧૩૨ પ્રાધ્યાપકો હતા. જિલ્લા મથક ભુજમાં "જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન" (ડાયેટ) પણ આવેલ છે. તેમાં આવેલ અધ્યાપન મંદિરને બાદ કરતાં બધી જ પી.ટી.સી. કોલેજો ખાનગી સંસ્થાઓ દ્વારા ચાલે છે.

છ દાયકામાં પ્રાથમિક શિક્ષણનો સંખ્યાત્મક રીતે તો સારો વિકાસ થયો છે. હવે સગવડો વગેરે વધારી ગુણાત્મક વિકાસના પ્રયત્નો પણ થઇ રહ્યા છે. હવે તો, ખાસ કરીને ભૂકંપ પછી, સ્વૈચ્છિક સંસ્થાઓ અગરિયા, માછીમાર કે ભરવાડ જેવી સતત ભટકતી કોમોનાં બાળકોને પણ શિક્ષણ મળી રહે તે માટે પ્રયાસો કરી રહેલ છે.

*જે વર્તમાનની ઉપેક્ષા કરે છે, તે પોતાનું બધું જ ગુમાવી દે છે.*

• **માધ્યમિક શિક્ષણ :**

૧૯૪૮માં માધ્યમિક શાળાઓની સંખ્યા દેખાતી નથી, પણ ૧૯૪૫માં સરકારી ગેઝેટીયરમાં ૧૦ માધ્યમિક શાળાઓ બતાવે છે. ૧૯૫૧માં ૧૨ માધ્યમિક શાળાઓ અને ૨૯૩૬ વિદ્યાર્થીઓ બતાવે છે. ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે ૧૯૬૧માં ૨૫ માધ્યમિક શાળાઓ જિલ્લામાં હતી.

૨૦૦૮-૦૯ના આંકડા મુજબ જિલ્લામાં ૧૫૫ માધ્યમિક શાળાઓ અને ૭૧ ઉચ્ચ માધ્યમિક શાળાઓ છે. તેમાં માધ્યમિક શાળાઓમાં ૩૭૦૬૦ છોકરાઓ અને ૧૮૫૭૩ છોકરીઓ તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ૮૮૬૧ છોકરાઓ અને ૬૬૩૫ છોકરીઓ અભ્યાસ કરે છે. માધ્યમિકમાં ૧૨૯૩ અને ઉચ્ચ માધ્યમિકમાં ૧૩૧૪ શિક્ષકો કામ કરે છે.

માધ્યમિક શિક્ષણની પ્રગતિ સાઠના દાયકાથી થઇ. તેમાં “સારસ્વતમ્” સંસ્થાએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેણે અંતરિયાળ ગામોમાં માધ્યમિક શાળાઓ શરૂ કરી. આજે વીસ જેટલાં ગામોમાં તેની શાળાઓ છે. પરિણામે જ્યાં ભણવાની જરા પણ તક ન હતી, ત્યાં બાળકો હવે આગળ વધી ગ્રેજ્યુએટ થયાં છે. મહત્ત્વની વાત એ છે કે ગ્રામ્ય વિસ્તારની છોકરીઓ પણ ભણવા લાગી છે. આ પ્રક્રિયાએ એક શાંત ક્રાંતિ ઊભી કરી છે.

વડાપ્રધાન રાજીવ ગાંધીના સમયમાં “સરહદ વિકાસ વિસ્તાર યોજના” શરૂ કરવામાં આવી. જેના હેઠળ ૧૬ ગામોમાં સરકારી શાળાઓ શરૂ કરવામાં આવી હતી.

વર્તમાનમાં માધ્યમિક વિભાગ ક્ષેત્ર સરકારી શાળાઓ, ગ્રાન્ટેડ ખાનગી શાળાઓ અને સ્વ-નિર્ભર શાળાઓ એમ ત્રણ વિભાગોમાં વહેંચાયેલ છે. બધી મળીને લગભગ ૨૧૯ શાળાઓ છે. હવે અંગ્રેજી માધ્યમની શાળાઓ પણ વધતી જાય છે. આ બધાને કારણે ધોરણ દસ અને ધોરણ બારની પરીક્ષાઓ આપનારાઓની સંખ્યા પણ વધતી જાય છે. અલબત્ત, હજી ઉચ્ચ માધ્યમિકમાં વિજ્ઞાન પ્રવાહમાં જનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહે છે જે ચિંતાજનક છે. પણ એકંદરે, માધ્યમિક શિક્ષણનો વિકાસ ઝડપી થતો જાય છે.

• **કૉલેજ શિક્ષણ :**

રાજાશાહી દરમ્યાન ઉચ્ચ શિક્ષણ લેવા વિદ્યાર્થીઓ અમદાવાદ, વડોદરા, ભાવનગર, રાજકોટ, મુંબઇ કે પૂનાની કૉલેજોમાં જતા. હા, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે કચ્છ રાજ્ય તરફથી ‘પ્રાગમલજી સ્કોલરશિપ અપાતી.

૧૯૪૮માં કચ્છમાં કૉલેજ ન હતી.

૧૯૫૩માં ભુજમાં વિનયન અને વિજ્ઞાનનો અભ્યાસ આપતી આર.આર. લાલન કૉલેજ શરૂ થઇ. આ કૉલેજને દાન તો ખાનગી વ્યક્તિ પાસેથી મળ્યું, પણ તેનો વહીવટ સરકારના હાથમાં રહ્યો. શરૂઆતના વર્ષોમાં તો ત્યાં સ્નાતક સુધીના અભ્યાસ ચાલતા, પણ પાછળથી આર્ટસમાં અનુસ્નાતક કેન્દ્ર શરૂ થયેલ. વર્તમાનમાં વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ આ કૉલેજના વિદ્યાર્થીઓ હતા.

૧૯૬૨માં ગાંધીધામ સંકુલનાં આદિપુર શહેરમાં “તોલાણી ફાઉન્ડેશન” દ્વારા વિવિધ અભ્યાસક્રમોની કૉલેજો નવી શરૂ થઇ. આજે ત્યાં આર્ટસ, કોમર્સ, વિજ્ઞાન, મેનેજમેન્ટ, કાયદો, હોમ સાયન્સ વગેરેની કૉલેજો છે.

સમય જતાં ભુજમાં કાયદો અને કોમર્સની કૉલેજ શરૂ થઇ. ‘સરહદી વિકાસ વિસ્તાર યોજના’ હેઠળ ભુજમાં ઇજનેરી કૉલેજ શરૂ થઇ. છેલ્લાં થોડાં વર્ષોમાં નખત્રાણા, માંડવી, ભચાઉ, મુન્દ્રા, અંજાર, દુધઇમાં પણ વિવિધ કૉલેજો શરૂ થઇ છે. દસમાંથી સાત તાલુકામાં કૉલેજો થઇ ગઇ છે. એક મેડિકલ કૉલેજ પણ શરૂ થઇ છે.

• **કચ્છ યુનિવર્સિટી :**

શ્રી શંકરસિંહ વાઘેલા ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે કચ્છના ધારાસભ્ય અને તત્કાલીન નાણામંત્રી શ્રી બાબુભાઇ શાહના પ્રયત્નોથી ૧૯૯૭માં કચ્છની અલગ યુનિવર્સિટી શરૂ કરવાનો નિર્ણય લેવાયો. ૨૦૦૩માં ગુજરાત વિધાનસભામાં “કચ્છ યુનિવર્સિટી વિધેયક” પસાર કરવામાં આવ્યું. શરૂમાં એક વ્યક્તિને જવાબદારી સોંપાઇ, પછી કચ્છના કલેક્ટરશ્રીને સંચાલન સોંપાયું.

૨૦૦૪માં તેનું ભૂમિપૂજન થયું. ૨૦૦૭માં નવા મકાનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. અત્યારે તેમાં બીજા વાઇસ ચાન્સેલર કામ કરે છે. યુનિવર્સિટીનું નામ “ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી” રાખવામાં આવ્યું છે. તે ભુજથી ચાર કિલોમીટર દૂર મુન્દ્રા રોડ પર આવેલ છે. તેમાં નાના મોટાં ચૌદ અનુસ્નાતક ભવનો કામ કરે છે. યુનિવર્સિટી સાથે લગભગ ૪૧ કૉલેજો જોડાયેલ છે.

યુનિવર્સિટી સ્થપાવાથી હવે કૉલેજ શિક્ષણ વિસ્તરતું જાય છે. ઘણા વૈવિધ્યસભર અભ્યાસક્રમો ચાલે છે.

• **ટેક્નિકલ શિક્ષણ :**

૧૯૪૮થી ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યાં સુધી કચ્છમાં ટેક્નિકલ શિક્ષણ આપવાની કોઇ જ સંસ્થા ન હતી. છેક સિત્તેરના દાયકામાં આદિપુરમાં પ્રથમ આઇ.ટી.આઇ. શરૂ થઇ. સમય જતાં ત્યાં જ પોલીટેક્નિક શરૂ થઇ. પાછળથી ‘સરહદ વિકાસ વિસ્તાર યોજના’ હેઠળ ભુજમાં પોલીટેક્નિક અને ઇજનેરી કૉલેજ શરૂ થઇ. અત્યારે જિલ્લામાં ૧૨ આઇ.ટી.આઇ. છે. તેમાં ૮ સરકારી, ૨ ગ્રાન્ટેડ અને ૨ સ્વનિર્ભર છે. તેમાં ત્રણથી ચાર હજાર વિદ્યાર્થીઓ વિવિધ ટ્રેડની તાલીમ લે છે.

• **મેડિકલ શિક્ષણ :**

૨૦૦૧ના ભૂકંપમાં ભુજના સરકારી હોસ્પિટલ જમીનદોસ્ત થઇ ગઇ. ત્યારે વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપેયીએ સો કરોડના ખર્ચે અદ્યતન હોસ્પિટલ વડા પ્રધાનના

ફંડમાંથી બાંધી આપી. તે એવી રીતે બાંધી કે તેમાં ભવિષ્યમાં મેડિકલ કૉલેજ શરૂ કરી શકાય. થોડાં વર્ષો તો તે માટે કોઇ પગલાં ન લેવાયાં. છેક ૨૦૦૯માં સરકારે અદાણી ફાઉન્ડેશન સાથે મળીને તેમાં મેડિકલ કૉલેજ શરૂ કરી છે.

- **તાલીમી કૉલેજો :**

પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટે ભુજમાં 'ડાયેટ' સાથે ૯ પી.ટી.સી. કૉલેજો છે.

માધ્યમિક શિક્ષકોની તાલીમ માટે ૬ બી.એડ. કૉલેજો છે. તેમાં એક કૉલેજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સંચાલિત છે. બાકીની કચ્છ યુનિવર્સિટી સંલગ્ન છે. વિકલાંગ બાળકોના શિક્ષણની તાલીમ માટેની એક કૉલેજ છે. એક પ્રિ-પી.ટી.સી. કૉલેજ છે.

કચ્છ યુનિવર્સિટીમાં એમ.એડ. અને એમ.ફીલના અભ્યાસક્રમો પણ ચાલે છે. તેમાં ડૉક્ટરેટ કરવાની પણ સગવડ છે.

- **ઓપન યુનિવર્સિટી :**

જે વિદ્યાર્થીઓ કૉલેજમાં જઇ નિયમિત રીતે શિક્ષણ નથી મેળવી શકતા, તેમના માટે કેન્દ્ર સરકાર દ્વારા "ઇન્દિરા ગાંધી ઑપન યુનિવર્સિટી" અને રાજ્ય સરકાર દ્વારા "ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી" ચલાવવામાં આવે છે. તેમાં "ઇગ્નુ" નાં કેન્દ્ર ભુજ તથા આદિપુરમાં ચાલે છે અને આંબેડકરનાં કેન્દ્રો ભુજ, માંડવી, ગાંધીધામ અને રાપરમાં છે. તેમાં પણ અનેક અભ્યાસક્રમોની સગવડ આપવામાં આવે છે.

નજીકના ભવિષ્યમાં પણ નવી કૉલેજો શરૂ થશે તેવી જાહેરાતો થાય છે.

છ દાયકાનાં વલણો તથા મુદ્દાઓ :

છ દાયકામાં જે શિક્ષણનો વિકાસ થયો છે, તેના પર નજર કરતાં કેટલાક મુદ્દાઓ નજરે પડે છે. મુખ્યત્વે આ મુદ્દાઓ છે :

છેલ્લાં થોડાં વર્ષોથી વાલીઓમાં શિક્ષણ બાબતે રસ વધતો જતો દેખાય છે.

પણ વાલીઓ બાળકોને શાળાએ મૂક્યા પછી વધારે રસ લેતા નથી દેખાતા.

ગામોમાં જે વાલી સમિતિઓ રચાઇ છે, તે સક્રિય નથી દેખાતી. તેની અસર શિક્ષણ પર પડે છે.

બહારગામથી આવતા શિક્ષકો ગામમાં નિયમિત હાજર રહેતા નથી. તેની અવળી અસર શિક્ષણ પર પડે છે.

સાત ધોરણ પછી પણ બાળકોને ગણન તથા વાંચન બરાબર આવડતાં નથી.

બહારગામથી આવતા શિક્ષકોને કચ્છની બોલી કચ્છી આવડતી નથી. સ્થાનિકે લોકો અને બાળકો તેમાં જ વાતચીત કરે છે. તેથી પ્રત્યાયનમાં ખૂબ જ તકલીફ પડે છે. તે પણ શિક્ષણ પર અસર કરે છે.

શિક્ષકોને અપાતી તાલીમ પણ અદ્યતન નથી અને નબળી દેખાય છે.

શાળાકીય શિક્ષણ નબળું રહેવાથી ઉચ્ચ શિક્ષણ અને તાલીમી શિક્ષણ પણ નબળાં જ રહે છે.

૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છમાં ઉદ્યોગોનું આગમન થવાથી તેમાં નોકરી મેળવવા હવે શિક્ષણનું મહત્ત્વ સમજાવા લાગ્યું છે. ખાસ કરીને ટેક્નિકલ શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. તેથી આઇ.ટી.આઇ.માં પ્રવેશ લેવાનું વધતું જાય છે.

ઉદ્યોગો પણ શિક્ષણમાં રસ લેવા લાગ્યા છે.

અંગ્રેજીનો દિનપ્રતિદિન પ્રભાવ વધતો જતો હોવાથી અંગ્રેજી માધ્યમોની શાળાઓનું ચલણ વધતું દેખાય છે. પરિણામે ગુજરાતી માધ્યમની શાળાઓને તકલીફ પડવી શરૂ થઇ છે.

ઉદ્યોગો કે ટી.વી. કે ઇન્ટરનેટના પરિણામે ધીમે ધીમે સ્પર્ધાત્મકતાનું વાતાવરણ પણ વધતું દેખાય છે. તે સારી બાબત છે.

આ અને આવાં અનેક વલણો શિક્ષણના પ્રભાવથી જોવા મળે છે. છતાં એકંદરે કહી શકાય કે સમાજમાં સાક્ષરતા વધતી જાય છે. જાગૃતિ પણ વધતી જાય છે. ખાસ કરીને કારકિર્દી બાબતની જાગૃતિ. આશા રાખીએ કે ભવિષ્યમાં તેની વધુ સારી અસરો જોવા મળે. ગુજરાતની શતાબ્દી ઊજવાય ત્યારે આ જિલ્લો પણ વધારે "વાઇબ્રન્ટ" હોય તેવી શ્રદ્ધા રાખીએ.

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## માનસિક ઉત્ક્રાંતિના વિવિધ તબક્કા

**(અનુસંધાન : પાના નંબર-૨૩ ઉપરથી ચાલુ)**

પહોંચેલા લોકોને અન્ય લોકો નાસ્તિક ગણે છે. તેઓ રૂઢ ભાષામાં ભલે નાસ્તિક કહેવાતા હોય પરંતુ તેઓ કુદરતના કાનૂનમાં પૂરેપૂરી શ્રદ્ધા ધરાવતા હોય છે અને એ અર્થમાં તેઓ બીજા કરતાં વિશેષ આસ્તિક હોય છે.

હવે આવતા સમયમાં માનવ પોતાની માનસિક ઉત્ક્રાંતિના કયા પાંચમા પગથિયે પહોંચે છે એની આપણે રાહ જોઇએ.

આપે નોંધ્યું? જગતમાં એક એકથી ચડિયાતી અને ભૂતકાળમાં સ્વપ્નમાં પણ જેની કલ્પના થઇ શકી નથી એવી અદ્‌ભુત શોધખોળો તમામ કુદરતના કાનૂન આધારિત છે, ઇશ્વરકૃપા આધારિત નથી. (**'ભગવાનમાં તાકાત હોય તો એક ત્સુનામી રોકી બતાવે'** : અશોક દવે, ગુ.સમાચાર, તા. ૩૦-૩-૧૧)

હાલમાં થોડા સમય પહેલાં દસમા અને બારમા ધોરણની પરીક્ષાઓ થઇ. ઘણા વિદ્યાર્થી અને વિદ્યાર્થિની પોતાના ઇષ્ટદેવના મંદિરે જઇ પોતાને પાસ કરાવી દેવા માટે દેવને વિનંતી કરી, જાણે તેમને પાસ કરાવી દેવાનું કામ પણ ભગવાનના માથે હોય. આ લોકોને કુદરતના કાયદા વિશે કશી સમજ હોતી નથી.

વળી હાલમાં જ ક્રિકેટના વર્લ્ડ કપની સ્પર્ધા યોજાઇ ગઇ. બહુ ઘણા લોકોએ વિવિધ મંદિરે પ્રાર્થનાઓ કરી, કેટલાકે દુવાઓ માંગી, કેટલાકે હવન કે યજ્ઞ કર્યા. આ લોકો માને છે કે ભારતને ક્રિકેટમાં જીતાડી દેવાનું કામ પણ ભગવાન જ કરે છે. આ લોકોને કુદરતના કાનૂનમાં શ્રદ્ધા હોતી નથી. આવા લોકો માનસિક ઉત્ક્રાંતિના છેવાડાના પહેલા કે બીજા પગથિયે ઊભેલા હોય છે. ઉત્ક્રાંતિના ચોથે પગથિયે પહોંચવાનું તેમના માટે બહુ દૂરની વાત હોય છે. **શ્રદ્ધા દેવી દેવતાઓમાં અને ભગવાનમાં નહીં પણ અફર અને અટલ કુદરતના કાનૂનમાં હોવી જોઇએ એ સમજવાનું તેમના માટે બાકી છે.**

*આરએચ/ર, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

*સફળ થવું હોય તો કામગીરીને મહત્ત્વ આપો.*

વિચાર મંથન

## સત્યની શોધ અને સ્વીકાર
# પુનર્જન્મની વાસ્તવિકતા – ભાગ-૨

• મુરજી ગડા •

મંગલ મંદિર એપ્રિલ-૧૧ના અંકમાં પુનર્જન્મની તરફેણમાં કરવામાં આવતી એક દલીલની પોકળતા પુરવાર કરી હતી. તે અનુસાર નવા જન્મનો નિર્ણય જન્મ લેનારની ઈચ્છા અધીન નહિ પણ જન્મ આપનારની ઈચ્છા અધીન હોવાનું પુરવાર કર્યું હતું. તે ઉપરાંત આવી બીજી દલીલ તરફ ઈશારો કર્યો હતો. આ લેખમાં એની શક્યતા ચકાસી આવી માન્યતા પાછળના કારણોની ચર્ચા કરીએ.

પુનર્જન્મની તરફેણમાં કરવામાં આવતી બીજી દલીલ છે ક્યારેક છાપામાં ચમકતા પૂર્વજન્મના યાદના દાવા. ભોળા શ્રદ્ધાળુ એમને સાચા માની લે છે. આવા દાવાઓની ખાસિયત એ છે કે તે હંમેશાં કોઈ દૂરના ગામના જ હોય છે. આપણા શહેરના કોઈને ક્યારે પણ પોતાના પૂર્વજન્મની યાદ આવી હોય એવું વાંચવામાં આવ્યું નથી.

અમેરિકામાં પણ એક વખત આવો બનાવ વાંચ્યો હતો. કુતૂહલવશ, ત્યાંની મોટી પબ્લિક લાઈબ્રેરી, જ્યાં બધા મોટા શહેરના છાપા આવતા હોય ત્યાં જઈ કથિત ગામની નજીકના શહેરોના છાપા ઉથલાવી જોયા. માત્ર એ દિવસના જ નહિં પણ એની આગળપાછળના ૪-૫ દિવસના છાપા જોયા. ક્યાંય પણ એ ગામના આવા બનાવ વિશેનો ઉલ્લેખ નહોતો.

એ શહેરોમાં પણ ક્યારેક પૂર્વજન્મની યાદના દાવા છપાતા હશે. એ દાવાઓ એમના શહેરના નહિ પણ અન્ય કોઈ દૂરના શહેરના હશે. ક્યારેક કોઈ દૂરના શહેરના છાપામાં અમદાવાદની નજીકના ગામમાં કોઈને પૂર્વજન્મની યાદના સમાચાર પણ આવ્યા હશે. જોકે ત્યારે અમદાવાદના એક પણ છાપામાં એનો ઉલ્લેખ નહિ હોય. કારણ સમજી શકાય એવું છે.

આ માહિતી યુગ છે અને માર્કેટિંગ યુગ પણ છે. જો સમાચાર સાચા હોય તો છાપા અને ટી.વી. ચેનલો રોકડી કરી લેવાનું ચૂકે નહિ. આવા સમાચાર માટે ભારતમાં ખૂબ મોટું બજાર છે. દૂધ પીતા ગણેશ માટે જો ટોળા ઊભરાતા હોય તો જીવતાજાગતા માણસને જોનારાઓ, ભગવાન માની પૂજનારાઓની ખોટ નહિ પડે. છાપાઓનો મુખ્ય હેતુ પોતાનું વેચાણ વધારવાનો હોય છે. સનસનાટીભર્યા સમાચાર વાંચનાર પણ એક વર્ગ હોય છે. એવા બધા સમાચાર સાચા હોવાનું માની ન લેવાય.

પૂર્વજન્મની યાદની બીજી પણ એક ખાસિયત છે. જે પણ આવી યાદનો દાવો કરતો હોય તે કોઈ દૂરના પ્રદેશના કુટુંબનું સભ્ય હોવાનું કહે છે. કોઈને પણ પૂર્વજન્મમાં વાંદો, સાપ, મચ્છર કે ગટરમાં પડ્યા રહેતા ડુક્કર હોવાનું યાદ નથી આવતું. શા માટે?

ભૂતકાળના કેટલાક પ્રસિદ્ધ લોકોના પૂર્વજન્મ વિશેની વાતો પણ પ્રચલિત છે. એ સાચી ખોટી સાબિત કરવી શક્ય નથી. છતાં એટલું અવશ્ય કહી શકાય કે પ્રસિદ્ધ લોકોનું નામ વટાવી ખાનારાઓનો તોટો નથી હોતો. રાજકારણમાં ગાંધીજીનું નામ વટાવાય છે તે જાહેર છે. ધાર્મિક ક્ષેત્રે મહાપુરુષોના નામ વટાવનારાઓની યાદી કરીએ તો એક દળદાર પુસ્તક બને. લોકોને મહાપુરુષોના ઉપદેશ કરતાં એમના જીવનની ઘટનાઓમાં વધુ રસ હોય છે. એમના જીવન વિશે અસામાન્ય બાબતો ફેલાવી રોકડી કરનારની વિશ્વસનીયતા કેટલી?

જાણીતા લોકોને હિપ્નોટિઝમથી ભૂતકાળમાં લઈ જઈ પૂર્વજન્મની યાદ તાજી કરાવતી એક સિરિયલ થોડા સમય પહેલાં ટી.વી. પર બતાવાતી હતી. એને ટૂંક સમયમાં જ બંધ કરાઈ હતી. અંધશ્રદ્ધાથી ભરપૂર દેશમાં પણ એ ચાલી શકી નહીં, તે બાબત ઘણું કહી જાય છે.

એ માન્ય છે કે કોઈને પૂર્વજન્મની યાદ ન હોવી તે પુનર્જન્મ ન હોવાની નક્કર સાબિતી ન ગણાય. એજ રીતે છૂટાછવાયા કહેવાતા દાવાઓને પૂર્વજન્મ હોવાની સાબિતી પણ ન ગણાય. પુનર્જન્મની માન્યતામાં આટલા છીંડા હોય, દુનિયાની અડધાથી વધુ પ્રજા એમાં માનતી ન હોય છતાંયે ભારતમાં તે આટલી કેમ સ્વીકારાઈ છે?

પ્રાચીન વૈદિક વિચારધારામાં પાપોનો (ખોટા કાર્યોનો) નાશ કરવાનો સાવ સહેલો ઉપાય બતાવવામાં આવ્યો હતો. પૂજાપાઠ, વ્રત, હવન, ચોક્કસ દિવસે નદીમાં સ્નાન વગેરે કરવાથી પાપોમાંથી મુક્તિ મળે છે. બીજી રીતે જોઈએ તો આવી ગોઠવણથી ખોટું કરવાનો પરવાનો મળી જતો હતો. મન ફાવે તેમ વર્તો અને અમુક ક્રિયાકાંડ કરી ખોટું કર્યાના પરિણામ ભોગવવામાંથી છુટકારો મેળવો. આને લીધે જરૂરી ક્રિયાકાંડ કરનાર બ્રાહ્મણોનો ધંધો ખૂબ વિકસ્યો. આ ગોઠવણે પરમાત્માને આજના ભ્રષ્ટ સરકારી અધિકારીની સમકક્ષ લાવી દીધા. ફાવે તેટલો કાયદાનો ભંગ કરો અને લાગતા વળગતા અધિકારીને પૈસા આપો એટલે તે જવા દે.

પરમાત્માને થોડી લાલચ આપી કે ખુશામત કરી પટાવી લેવાનો આ ઉકેલ કેટલાક વિદ્વાન વિચારકોને વાજબી લાગ્યો નહિ. સમાજમાં વ્યવસ્થા અને જાહેર શાંતિ માટે માણસોને ખોટું કરતાં અટકાવવું જરૂરી હતું. એના ઉપાય તરીકે એમણે એક વિકલ્પ શોધ્યો. નવો નિયમ બનાવ્યો.

આ નવા નિયમ અનુસાર સારા કર્મોનું (પુણ્યનું) સારું ફળ જરૂર મળે પણ એનાથી

*તમારી જિંદગીના ધોરણ તમે જ ઘડી કાઢો.*

ખરાબ કર્મોનો (પાપનો) નાશ થાય નહિ. ખરાબ કર્મોનું ફળ પણ ભોગવવું જ પડે. આ નિયમ કર્મના સિદ્ધાંત તરીકે જાણીતો થયો.

કર્મના સિદ્ધાંતની લોકમાનસ પર થોડી અસર થઇ ખરી પણ સાથેસાથે આ સિદ્ધાંતમાં પણ છીંડા દેખાવા લાગ્યા. બધાનો રોજબરોજનો અનુભવ કંઇક જુદોજ હતો. ખોટું કરનારા મોજ કરતા હતા જ્યારે સારું કરનારને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ વિડંબનાનો એકમાત્ર ઉકેલ હતો, કર્મના ફળ માટેની સમયમર્યાદા વધારવાનો. દરેક સારા અને ખરાબ કર્મનું ફળ ભોગવવું જ પડે છે. આ ભવમાં ભોગવવું તો પડે જ. આ હતી પુનર્જન્મની માન્યતાની શરૂઆત.

પ્રાચીન ભારતમાં કર્મનો સિદ્ધાંત અને પુનર્જન્મનો ખ્યાલ ફેલાવવાનો બીજો હેતુ (કદાચ વધુ અગત્યનો) વૈદિક સમયની વર્ણવ્યવસ્થાને કાયમી બનાવવાનો હતો. નીચલા વર્ણોના માનસમાં એમના ઉતરતા દરજ્જાનો ખ્યાલ ઠસાવવા માટે પુનર્જન્મની કલ્પના આબાદ કારગત નીવડી. એના પ્રચાર અને પ્રસાર માટેનો મોટો ઉદ્યોગ ખીલી નીકળ્યો. કોઇ એકલદોકલ વ્યક્તિ એની વાસ્તવિક્તા વિશે પ્રશ્ન કરે તો સ્થાપિત હિતો એને તુરંત દબાવી દેતા. આવી માન્યતાઓને લીધે ત્યારથી ચાલી આવતી વર્ણવ્યવસ્થા એના વિકૃત સ્વરૂપે આજ સુધી ટકી રહી છે.

બુદ્ધ અને મહાવીરે વર્ણવ્યવસ્થાને નકારી ખરી પણ સાથે સાથે પુનર્જન્મને માન્ય રાખ્યો. તેથી વર્ણવ્યવસ્થાને અટકાવી શક્યા નહીં. એમણે જો પુનર્જન્મને નકાર્યો હોત તો વર્ણવ્યવસ્થા ભલે સંપૂર્ણ નાબૂદ ન થાત; એનું સ્વરૂપ ઘણું મોટું હોત, અસ્પૃશ્યતા કદાચ ન રહેત.

પુનર્જન્મને સ્વીકાર્ય બનાવવા આત્માને શરીરથી અલગ અને અમર બતાવવો જરૂરી હતો. આનાથી માણસની અમર થવાની જન્મજાત અભિલાષા પણ સંતોષાતી હતી. આ તો એક પંથ અને દો કાજ જેવું થયું. 'ભાવતું તું એ વૈદે બતાવ્યું.' લોકમાનસને અમર આત્માની કલ્પના એટલી ગમી ગઇ કે એની સાથે સંકળાયેલું બધું જ એમણે સહર્ષ સ્વીકારી લીધું.

પુનર્જન્મમાં ન માનતી પ્રજામાં પણ અમરત્વની પ્રબળ ઇચ્છા હોય છે. આ ઇચ્છા સંતોષવા પ્રાચીન ઇજિપ્તમાં મૃત શરીરને મમી (Mummy) બનાવી સાચવી રાખતા હતા. આજે પશ્ચિમના દેશોમાં મમી બનાવવાને બદલે શબને કોફિનમાં સાચવીને જમીનમાં દટાય છે.

એટલું સાચું છે કે ચેતના, પુનર્જન્મ અને કર્મનો સિદ્ધાંત એકબીજા સાથે અવશ્ય સંકળાયેલા છે. ફરક એટલો છે કે તે શરીરથી સ્વતંત્ર એવા આત્માને લીધે નહિ પણ સજીવોની પોતાનો વંશવેલો આગળ વધારવાની મૂળભૂત વૃત્તિને લીધે છે. એકદમ પાયાના સજીવોને હૃદય નથી હોતું, મગજ નથી હોતું, શ્વાસ નથી લેતા, હલનચલન નથી કરી શકતા પણ પોતાની પ્રતિકૃતિ (નકલ) બનાવી શકે છે. ત્યાંથી જ સજીવોની અલગ ઓળખ શરૂ થઇ. આપણા શરીરના બધા તંત્રો માત્ર આપણું અસ્તિત્વ ટકાવી રાખવા માટે છે. એકમાત્ર પ્રજનનતંત્ર આપણી પ્રતિકૃતિ બનાવવા માટે છે, જેને પુનર્જન્મ કહી શકાય. નેશનલ જીયોગ્રાફી જેવી ચેનલ જોનારે, પોતાનો વંશવેલો વધારવા જીવ-સટોસટની લડાઇ કરતા પ્રાણીઓ જોયા હશે. આપણે થોડા સંસ્કારી અને સંયમી હોવાથી એ રીતે ઝઘડતા નથી. છતાં કુદરતી રીતે પ્રાણીમાત્ર છીએ.

આર્થિક હોય, રાજકીય હોય કે ધાર્મિક હોય, કોઇપણ ક્ષેત્રની આજ સુધીની એકપણ વિચારધારા સર્વમાન્ય થઇ શકી નથી. દરેક ક્ષેત્રમાં નવા વિચારને અવકાશ છે અને નવા અખતરા થાય પણ છે. આરબ દેશોમાં રાજકીય પરિવર્તન માટેના પરીબળો સક્રિય છે. અન્યત્ર મૂડીવાદ, બજારવાદના વિકલ્પો શોધાઇ રહ્યા છે. એક ધાર્મિક ક્ષેત્ર પરિવર્તન સ્વીકારવામાં ઉગ્ર વલણ અપનાવે છે. પુરાણી માન્યતાઓને ક્યાં સુધી વળગી રહેશું? અણગમતા સત્યો ક્યારે સ્વીકારતા થશું?

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭.*

## માનવીનો વિકાસ – (૨)

**(અનુસંધાન : પાના નંબર-૨૬ ઉપરથી ચાલુ)**

### શક્ય બને ત્યારે અમલમાં મૂકવા જેવાં સૂચનો

૧. પીવા અને રસોઇ માટે વ્યક્તિ દીઠ ૨૦૦૦ લિટર વરસાદનું પાણી સમાય તેવું ટાંકુ બનાવો.

૨. જો ઉનાળામાં એરકુલર વાપરતા હો તો એરકુલર દીઠ ૨૦૦૦ લિટર વરસાદનું પાણી સમાય તેવી ટાંકી વસાવો. પાણી તો બચશે જ પણ સાથે સાથે એરકુલરની ડીશમાં ખાર બાઝશે નહીં.

૩. નવું મકાન બનાવતી વખતે પૂર્વ અને પશ્ચિમ દિશા તરફની દીવાલો બને તેટલી ટૂંકી રાખવાથી મકાન ઓછું તપશે.

૪. ઉનાળામાં મકાન તપે નહીં માટે બહારની દીવાલો સફેદ રંગો તથા અગાસીમાં સફેદ કપચી લગાડો.

### વરસાદના પાણીનું ટાંકુ

નોંધ :

★ પીવા અને રસોઇ માટે વ્યક્તિ દીઠ વર્ષે ૨૦૦૦ લીટર પાણી જોઇએ.

★ ૧ મી.મી. વરસાદ પડે તો ૧ ચો.મી. માંથી ૧ લીટર પાણી મળે.

★ અમદાવાદનો સરેરાશ વરસાદ ૯૩૨ મી.મી. છે.

★ સરેરાશ કરતાં અર્ધો જ વરસાદ પડે તો પણ ટાંકુ ભરાય તેવી ગણતરી રાખી છે.

કુટુંબના સભ્યોની સંખ્યા = N

ટાંકાની ગુંજાઇશ C = 2000 x N લીટર....(૧)

સરેરાશ વરસાદ = R મી.મી.

કેચમેન્ટ એરિયા A = 4000 x N/R ચો.મી.

સરળતા ખાતર અમદાવાદ માટે સરેરાશ વરસાદ ૯૦૦ મી.મી. લઇએ તો

કેચમેન્ટ એરિયા A = 4000 x N/R ચો.મી.

4.5 x N ચો.મી. (લગભગ).....(૨)

*કોઇપણ વ્યક્તિનો સાથ-સહકાર જરૂરી છે, સાથોસાથ સાવચેતી રાખવી પણ જરૂરી છે.*

# માનસિક શાંતિના સચોટ ઉપાયો

• સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા •

શ્રી એન. અનંથનારાયણ લિખિત "Positive Tips to Peace of Mind" નામની પુસ્તિકામાંથી આ ઉપાયો અહીં પ્રસ્તુત છે. માનવીના જીવન ઘડતરમાં, તેના જીવનને ઉન્નત કરવામાં અને અખંડ માનસિક શાતા આપવામાં આ ઉપાયો મૂલ્યવાન ફાળો આપે એવા છે. દુઃખ મૂંઝવણ કે હતાશા સતાવતા હોય ત્યારે આ ઉપાયોનું વાંચન-મનન-રટણ વાંચનારને અવશ્ય માર્ગદર્શન અને સ્વસ્થતા બક્ષસે. આ ઉપાયો સુખ, દુઃખમાં સાચા મિત્રની ગરજ સારે એવા છે.

**• પારકી પંચાત કરશો નહીં.... :**

ઘણાં બધાને વારંવાર બીજાના કામમાં માથું મારવાની ટેવ હોય છે. કદાચ બીજા ખોટા હોય પણ તેથી તમારે અશાંત અને અસ્વસ્થ થવાની જરૂર નથી. કોઇની પણ ટીકા કરશો નહીં. બીજાના કાર્યનો ન્યાય તોળવાનો અધિકાર ઇશ્વરે તમને આપ્યો નથી. બધા જ મનુષ્યો ભગવાનની પ્રેરણા અને દોરવણી મુજબ જ કાર્ય કરતા હોય છે. તેથી કોઇપણ વ્યક્તિની કે કોઇપણ કાર્યની કદી ટીકા કરવી નહીં. આપણે આપણું સંભાળવું. પારકી પંચાત કરવી નહીં. દરેક વસ્તુનું ધ્યાન ઇશ્વર રાખે જ છે. કવિ બાલાશંકરે સાચું જ ગાયું છે કે "જગત કાજી થઇને તું વહોરી ના પીડા લેજે" જગતમાં જે કાંઇ થાય છે તે ઇશ્વર ઇચ્છાથી જ થાય છે. માટે કદી તેની ટીકા કરશો નહીં."

**• તમામ પરિસ્થિતિમાં શાંત રહેજોઃ**

દરેક સ્થિતિનો શાંતિથી સામનો કરજો. કપરા સંજોગો પર વિજય પ્રાપ્ત કરવા શાંતિ જેટલું શક્તિશાળી બીજું કોઇ સાધન નથી. અપમાનોને ધ્યાનમાં લેશો નહીં. આ દુનિયા અજ્ઞાની લોકોથી સભર છે. તમે શાણા થજો. તમે બધા પ્રત્યે નમ્રતા રાખજો. પ્રત્યેક વ્યક્તિમાં અને વસ્તુમાં ઇશ્વરના દર્શન કરવાનું શીખજો. નરસિંહ મહેતાએ સાચું જ ગાયું છેઃ

*જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને*
*તે તણો ખરખરો ફોક કરવો*
*આપણો ચિંતવ્યો અર્થ કાંઇ નવ સરે*
*ઊગરે એક ઉદ્વેગ ધરવો*

સંતાપને પોષસો નહીં. ભૂલો માફ કરો. તમારું અપમાન એકવાર થઇ ગયું તે થઇ ગયું. હવે તે ઘટના ભૂતકાળ બની ગઇ. બધું પતી ગયું. તેને વારંવાર યાદ કરવાથી શું ફાયદો? ઢોળાઇ ગયેલા દૂધ પર આંસુ સારવાનો શું અર્થ?

**• કદી જીવ બાળશો નહીં :**

માનવ જીવનનો ગાળો એટલો બધો ટૂંકો છે કે આવી નજીવી બાબતો પર સમય, શક્તિ અને જીવન વેડફી નાખવાનું પરવડે જ નહીં. નજીવી બાબત ઉપર જીવ બાળવાની ટેવ ખૂબ જ હાનિકર્તા છે. જે કામમાં રસ પડતો હોય તે કામમાં જ તમે પરોવાયેલા રહો.

**• બીજા વખાણ કરે એવું ઝંખશો નહીં :**

દુન્યવી કીર્તિ કે જાહેર સન્માનની કદી ઝંખના રાખો નહીં. આવી ઝંખના માનસિક અશાંતિ અને શારીરિક અસ્વસ્થતા જ સર્જે છે. લોકમતની સહેજ પણ ઝંખના ના રાખો. લોકમત ઘણીવાર ખોટો પણ હોય છે. નૈતિક મૂલ્યોને અગત્યતા આપો. ધર્મશાસ્ત્રોના ઉપદેશોને ધ્યાનમાં લો.

**• કોઇની ઇર્ષા કરશો નહીં :**

ઇર્ષા એ તો મોઢામાં પડેલું ચાંદું છે. તમારી કારકિર્દી કે તમારું જીવન તમારા પૂર્વ જન્મોના કર્મથી જ ઘડાયેલા હોય છે. દરેક મનુષ્યના જીવન ઉપર તેના પ્રારબ્ધની જ સત્તા ચાલે છે. તમારી કમનસીબી માટે બીજા ઉપર દોષનો ટોપલો ઢોળશો નહીં.

**• તમે તમારી જાતને સુધારો :**

દરેક પરિસ્થિતિ સુધારવાનો પ્રયાસ કરવાને બદલે તમારી જાતને જ સુધારો. તમારી જાતને વધુ શુદ્ધ કરો. આમ કરશો તો તમારી પ્રતિકૂળ પરિસ્થિતિ અગમ્ય રીતે પલટો લેશે. તમારી વિકાસયાત્રામાં મહત્ત્વનો સુધારો થશે. જેમ જેમ તમે વિશુદ્ધ થશો તેમ તેમ તમારી પરિસ્થિતિ વધારે સાનુકૂળ અને સુમેળભરી બનાવી જશે.

**• જે અનિવાર્ય હોય તે સહન કરી લો :**

જે નિવારી શકાય નહિ તે સહન કરેજ છૂટકો. માટે જે પરિસ્થિતિ કે સંજોગો હોય તે આનંદપૂર્વક સહન કરી લો. આમ કરવાથી તમારી ધીરજ વધશે, આંતરિક બળ ખીલશે અને તમારી ઇચ્છાશક્તિ મુજબ બનશે. પરિણામે પ્રતિકૂળતાઓને પણ સાનુકૂળ બનાવી શકાશે. આપણી પાયાની જરૂરિયાતો માટે આપણે પારકા પર આધાર રાખવો જોઇએ નહીં. આવી પરાધીનતા જ આપણી માનસિક શાંતિની બાધક છે. પરાવલંબન એ દુઃખ છે. સ્વાવલંબન એ સુખ છે માટે સ્વાવલંબી બનો.

**• તમારી ફરજ કદી ન ચૂકો :**

જવાબદારીઓથી દૂર ન ભાગો, ફરજ ન ટાળો. આ રીતે માનસિક શાંતિ નહીં મળે. આ રીતે તો તમારી માનસિક ચિંતાઓ વધશે. તમે તમારી ફરજો ટાળી રહ્યા છો એ વિચાર જ તમારા મનને સતત કોરી ખાશે અને એથી તમારા મનની શાંતિ ઝૂંટવાઇ જશે. તમારામાં રહેલી તમામ તાકાત વડે જવાબદારીઓનો સામનો કરો. એજ રીતે તમારો અહં સંતોષવા રોજબરોજ નવી નવી જવાબદારીઓનો બોજો ઉછીનો તમારે ન લેવો.

*ધ્યાન દઇને સાંભળવું અને સંભાળીને બોલવું.*

● **રોજ ધ્યાનમાં બેસો :**

રોજ નિયમિત ધ્યાનમાં બેસો. ધ્યાન તમારા મનને શાંત કરશે. ધીમે ધીમે રોજના ધ્યાનનો સમયગાળો વધારતા જાઓ. ધ્યાન તમારી જુદી જુદી શક્તિઓમાં વધારો કરે છે.

● **સતત સત્કાર્યમાં પરોવાયેલા જ રહો :**

રોજ કોઇ ચોક્કસ કામ કરો, કોઇ સારું કામ કરો. વધારે પડતું આયોજન ન કરો. તમારી નક્કર પ્રવૃત્તિમાં તૂટ ન પડવા દો. સતત પ્રવૃત્તિશીલ જ રહો. સમય એજ જીવન છે માટે સમયની કિંમત ધ્યાનમાં રાખી તેનો સૌથી વધારે લાભ થાય એ રીતે તેને ખર્ચો.

● **મનને નવરું રાખશો નહીં :**

તમે તમારા શરીરને આરામ આપતા હોવ ત્યારે પણ તમારા મનને નવરું રાખશો નહીં. તમારા મનને વાચન જપ કે માનસિક પ્રાર્થનામાં પરોવાયેલું રાખો. સર્વનાશની શરૂઆત મનથી થાય છે. દુષ્ટ વિચારો પ્રથમ મનમાં જ ઉદ્‌ભવે છે તેથી મનને સ્વચ્છ રાખો.

● **અવરોધોથી અકળાશો નહીં :**

કેટલાક લોકો સારું કામ કરતા હોય અને તેમાં અવરોધો આવે તો અકળાઇ ઊઠે છે. પણ અકળાઇ જવું જોઇએ નહીં. અવરોધો તો સારું કામ કરનારના ખમીરની કસોટી કરવા આવે છે. મુસીબતો અને કસોટીઓનો સામનો કર્યા વગર તમે કોઇપણ ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરી શકશો નહીં. જીવનના ઉચ્ચ આદર્શો સિદ્ધ કરવા ઝઝુમવાની તમન્ના હોવી જોઇએ.

● **નિઃસ્વાર્થ સેવા કરો :**

સ્વાર્થી માણસને કદી શાંતિ હોતી નથી. નિષ્કામ સેવા શુદ્ધ આનંદની જનની છે. સેવા ખાતર જ સેવા કરો. કોઇપણ જાતના બદલા કે કદરની અપેક્ષા વગર જીવનના દુઃખોને પણ સ્વીકારી લો.

● **જીવનની પ્રત્યેક ઘટનાને સ્વીકારી લોઃ**

તમારા જીવનની પ્રત્યેક ઘટનાને ઇશ્વરની મરજી માની સ્વીકારી લો. જીવનમાં આવતી પ્રત્યેક ચડતી તરફ તમારો આજ પ્રતિભાવ હોવો જોઇએ. ઇશ્વર જ તમારો મોટામાં મોટો હિતચિંતક છે. તેજ તમને સારા નરસા અનુભવ કરાવે છે જેથી તમે ઘડાવ. નમ્રતા, દીનતા એ નબળાઇ નથી. વધુ નમ્રતા, વધુ તાકાત. તમે ઇશ્વરની ઇચ્છાનો વિરોધ કરતા નથી તેથી તમારું જીવન સરળતાથી વહેશે, અવરોધ નડશે નહીં. અહં રહિત જીવનમાં જ ઇશ્વરની શક્તિ અને શાણપણનો પ્રવેશ થાય છે. દરેક અનુભવનો જીવનમાં જે રીતે આવે તેનો સ્વીકાર કરો. રોદણાં રડશો નહિ ફરિયાદ કરશો નહીં. દિલગીર થશો નહીં. ધૈર્ય ધરજો. સુખ કરતાં સ્વસ્થતા વધારે ચઢિયાતી છે.

અનુકૂળ અને પ્રતિકૂળ સંજોગોને સમાન માની જે કાંઇ મળે તેમાં સંતોષ માનશો તો દુઃખનો અનુભવ થશે નહિ - સંતોષી નર સદા સુખી.

નરસિંહ મહેતાએ સાચું જ કહ્યું છે :

*"સુખદુઃખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડિયા,*
*ટાળ્યા તે કો નવ ટળે, રઘુનાથ ના જડિયા."*

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૧૬૦*

# માનસિક ઉત્ક્રાંતિના વિવિધ તબક્કા

• શાંતિલાલ સંઘવી •

અસ્તિત્વમાં આવ્યા પછી માનવજાત લાખો વર્ષ સુધી પ્રકૃતિપૂજક રહી. પ્રકૃતિના તત્ત્વો જેવાં કે પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, વરસાદ, વીજળી વગેરે વગેરે તત્ત્વોથી તે ગભરાતો હતો. આ તત્ત્વોને તે સમજી શકતો ન હતો. એને લાગ્યું કે આ તત્ત્વોને પૂજવાથી, સ્તુતિ કરવાથી, ખુશામતથી, ગુણકીર્તનથી પ્રસન્ન થશે અને તેથી તે બધાના પ્રકોપનો ભોગ નહિ બનવું પડે.

**આ હતું માનવની માનસિક ઉત્ક્રાંતિનું પ્રથમ પગથિયું.**

દરમ્યાન કેટલાક લોકોને અનુભવે લાગ્યું કે આ તત્ત્વોને પૂજવાથી કે ગુણકીર્તન કરવાથી પણ આ તત્ત્વોની વર્તણૂકમાં કશોજ ફેર પડતો નથી. આ તમામ તત્ત્વો અપ્રતિભાવી તથા માનવ સુખદુઃખ પ્રત્યે ઉદાસીન છે. આથી તેમણે અનેકવિધ દેવીદેવતાઓની કલ્પના કરી.

**આ હતું માનવની માનસિક ઉત્ક્રાંતિનું બીજું પગથિયું.**

માનવકલ્પના મુજબના દેવીદેવતાઓ સક્રિયા હતા, પ્રતિભાવી હતા, પ્રશંસાથી ખુશ થનારા અને ઉપેક્ષાથી કુપિત થનારા હતા. રાજી થાય તો વરદાન આપે અને નારાજ થાય તો શ્રાપ આપે. ઉપરાંત વારતહેવારે માનવજીવનમાં રસ લેનારા અને ડખલ કરનારા તથા દેહધારી-રૂપધારી હતા. તેઓ જાતજાતના ભોગ જેવાં કે અન્નકૂટ, નૈવેદ્ય, પશુબલિ, ક્યાંક માનવબલિ વગેરે મેળવીને ખુશ થનારા હતા. જો એમનો કોપ ઉતરે તો મનુષ્યનું ધનોતપનોત નીકળી જાય એમ મનાવા લાગ્યું. વધુ ઉત્સાહી માણસો સૂર્ય મંડળમાં ઘૂમતા નિર્જીવ ગ્રહો પણ માનવજીવનમાં ડખલ કરે છે અને એ નિર્જીવ પદાર્થોને પણ વિવિધ ક્રિયાકાંડ વડે તથા એને ગમતા રંગોવાળી વીંટીઓ પહેરવાથી પણ રાજી કરી શકાય છે. દેવીદેવતાઓ ઉપરાંત આ ગ્રહોને પણ પ્રસન્ન રાખવા એ જરૂરી ગણાવા લાગ્યું. કરોડો અને અબજો માઈલ દૂરના ગ્રહોને રાજી કરવા માટેનું એક આખું શાસ્ત્ર ઘડી કાઢવામાં આવ્યું.

દરમ્યાન કેટલાક વિચારશીલ લોકોને લાગ્યું કે આ વ્યાયામ પણ નિરર્થક છે. કારણકે દેવીદેવતાઓ માત્ર કથાવાર્તામાં જ સક્રિય અને પ્રતિભાવી રહ્યા છે પરંતુ વાસ્તવિક જીવનમાં અને વ્યવહારમાં તેઓ બધા પણ તદ્દન નિષ્ક્રિય અને માનવ પ્રત્યે લેશમાત્ર રસ ધરાવતા નથી. ગમે તેટલી ખુશામત કરવામાં આવે, જાતજાતના ભોગ ધરાવવામાં આવે પરંતુ તેઓ વ્યવહારમાં કશું જ કરતા નથી. જગત તો જેમ ચાલતું હતું તેમજ ચાલે છે. આથી તેમણે બધાથી વિશેષ શક્તિશાળી એવા ઈશ્વર એટલે કે ભગવાન, પ્રભુ, અલ્લાહ, ગોડની કલ્પના કરી.

**આ હતું માનવની માનસિક ઉત્ક્રાંતિનું ત્રીજું પગથિયું.**

આ ઈશ્વર સર્વશક્તિમાન, સૌનો માલિક, સર્જનહાર, પાલનહાર, તારણહાર, દુઃખીઓનો બેલી, અનાથનો નાથ, ભક્તવત્સલ, પરવરદિગાર અને કૃપાસિંધુ હતો. આ કલ્પના લગભગ બધા જ માનવને ખૂબ ગમી. કદાચ એથી આગળની કલ્પના કરવાનું તેના માટે શક્ય ન હતું. આ ઈશ્વરને શું ગમે અને શું ન ગમે એના જાતજાતના નિયમો ઘડાયા. આ નિયમોમાં એકવાક્યતા ન હતી સૌ પોતપોતાની બુદ્ધિ અને સમજણના આધારે સિદ્ધાંતો અને નિયમો બનાવતા ગયા. શું વિચારવાથી, વાણીથી અને વર્તનથી આ ભગવાન રાજી થાય અને પરિણામે મનુષ્યને સુખ મળે એના પણ વિવિધશાસ્ત્રોની રચના થઈ. લોકોને લાગ્યું કે બસ, હવે મંજિલ મળી ગઈ. દેવીદેવતાઓના ચમત્કારોથી અનેકઘણા ચડિયાતા ચમત્કારો ભગવાન દ્વારા થયા એવી સંખ્યાબંધ કથાઓ અને ઉપકથાઓ ઘડી કાઢવામાં આવી. લોકોને શ્રદ્ધા રાખવાનો ઉપદેશ આપવામાં આવ્યો.

આ વ્યવસ્થા ખૂબ લાંબો સમય ચાલી.

દરમ્યાન કેટલાક પ્રજ્ઞાવાન મનુષ્યોને લાગ્યું કે જગત તો જેમ ચાલે છે તેમજ ચાલે છે. જો દેવી દેવતાઓના કારણે જગત વ્યવહારમાં કશો જ ફરક નથી પડતો તેમજ ઈશ્વરના કારણે પણ જગત સંચાલનમાં કશો જ ફેર નથી પડતો. ખૂબ સ્તુતિ કર્યા પછી પણ અને પ્રાર્થનાઓ કર્યા પછી પણ ઈશ્વરના અસ્તિત્વનું અને તેની કૃપાનું પ્રમાણ મળતું નથી. કૃત્રિમ કથા વાર્તાઓ દ્વારા મનુષ્યની શ્રદ્ધાને કેટલો વખત ટકાવી રાખી શકાય?

ખૂબ આત્મનિરીક્ષણ પછી, જગત પરીક્ષણ પછી અને ખૂબ મથામણ પછી આ વિશિષ્ઠ પ્રજ્ઞાવાન મહાપુરુષોએ જાહેર કર્યું કે ઈશ્વર જેવું કોઈ જ તત્ત્વ નથી. આ જગત સ્વયં સંચાલિત છે અને પોતાના જ નિયમો મુજબ ચાલે છે. તેમણે જાહેર કર્યું કે માત્ર આપણી પૃથ્વી જ નહીં પરંતુ સમગ્ર બ્રહ્માંડ સ્વયં સંચાલિત છે. ઈશ્વર હોય તોપણ અને ન હોય તોપણ જગતના સંચાલનમાં-કુદરતના કાનૂનમાં- રજમાત્ર તફાવત પડતો નથી.

Law of Nature is unchangable and unchallangeable છે.

**આ હતું માનવની માનસિક ઉત્ક્રાંતિનું ચોથું પગથિયું.**

આજે હજુ દુનિયાના કરોડો લોકો ઉત્ક્રાંતિના પ્રથમ પગથિયે ઊભેલા છે. અન્ય કરોડો લોકો બીજા પગથિયે સ્થિર થયેલા છે. અને એ સિવાયના કરોડો લોકો ઉત્ક્રાંતિના ત્રીજા પગથિયે ઊભા છે. બહુ જ થોડા લોકો ચોથા પગથિયાને સમજી શક્યા છે અને ચોથે પગથિયે પહોંચી શક્યા છે. ચોથે પગથિયે

**(અનુસંધાન : જુઓ પાના નંબર-૧૭ ઉપર)**

*સંબંધ જેટલો નિરપેક્ષ એટલો જ એ સબળ અને ચિરંજીવ બને છે.*

# માનવીનો વિકાસ – (૨)
# આજથી જ અમલમાં મૂકી શકાય તેવાં સૂચનો

• વિક્રમ દલાલ •

*માનવીના વિકાસ વિષેનો લેખકશ્રીનો લેખ આપણે 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૧૧ના અંકમાં વાંચી ગયા. વિકાસની પ્રક્રિયામાં વ્યક્તિગત રીતે આપણે શું કરી શકીએ એ વિષય પર ચર્ચા કરતા લેખકશ્રીએ નીચેના તારણો જણાવેલ છે.*
*– મુખ્યતંત્રી*

● **વીજળી બચાવવા માટે :**

૧. રૂમમાં કોઈ ન હોય ત્યારે પંખા, લાઈટ, રેડિયો, ટી.વી. બંધ રાખો.

૨. ટી.વી.ને રિમોટથી નહીં પણ સ્વીચથી ચાલુ બંધ કરો.

૩. લિફ્ટનો ઉપયોગ બને તેટલો ઓછો અને ન છૂટકે જ કરો. નીચે ઉતરવા માટે લિફ્ટનો ઉપયોગ ન કરો. બાળકો રમવા માટે લિફ્ટનો ઉપયોગ કરતા હોય તો તેમને અટકાવો.

૪. ટેલિફોન ઉપર ગપ્પાં મારવાનું ટાળો.

૫. ગરમ વસ્તુ ઠંડી પડે પછી જ ફ્રીઝમાં મૂકો.

૬. ફ્રીઝ એ સામાન્ય કબાટ નથી. તેનું બારણું બને તેટલા ઓછા વખત માટે ખુલ્લું રાખો.

૭. ફ્રીઝમાંથી કાઢેલા પાણીના બાટલામાં પાણી વધ્યું હોય તો બાટલો તરત જ પાછો ફ્રીઝમાં મૂકી દો. વધારો સારે રસ્તો માટલાનું પાણી પીવાની ટેવ પાડવાનો છે.

૮. શિયાળામાં રાત્રે સૂતી વખતે ફ્રીઝની સ્વીચ બંધ કરી દો અને સવારે ચાલુ કરો.

૯. એક એક નહીં પણ થોડાં કપડાં ભેગા થાય પછી જ ઇસ્ત્રી કરો.

૧૦. રૂમ હીટર વાપરવાને બદલે ગરમ કપડાં પહેરો તથા રજાઈ ઓઢો.

૧૧. જરૂર ન હોય ત્યારે કમ્પ્યુટરનું મોનીટર બંધ રાખો (જેમ કે તમે રિસેસમાં હો કે કમ્પ્યુટરને Defragment કરતા હો ત્યારે)

૧૨. ઉનાળામાં રાત્રે એ.સી. વાપરવાને બદલે આકાશ નીચે સૂવો.

૧૩. વોશિંગ મશીન અને ડીશવૉશરનો ઉપયોગ ન કરો.

૧૪. રાત્રે ક્રિકેટ રમવાનું બંધ કરો.

૧૫. લગ્નવિધિ દિવસે રાખો. જેથી રોશની કરવાની જરૂર ન રહે.

૧૬. દિવાળીમાં વીજળીની રોશની ન કરો.

● **બળતણ (ગેસ) બચાવવા માટે :**

૧. જ્યોત વાસણના તળિયાની બહાર નીકળી ન જાય તેટલું જ પ્રમાણ ગેસનું રાખો.

૨. ફ્રીઝમાંથી કાઢેલા ઠંડા દૂધને ગરમ કરતાં પહેલાં શિયાળામાં બે કલાક અને ઉનાળામાં એક કલાક ફ્રીઝની બહાર રહેવા દીધા પછી જ ગરમ કરો.

૩. માટલાનું પાણી ઠંડું હોય છે માટે રસોઈ કે ચા બનાવવા માટેનું પાણી ધાતુના વાસણમાં ભરી રાખો.

૪. પ્રેશર કૂકરમાં બને તેટલું ઓછું પાણી નાંખો.

૫. પ્રેશર કૂકરની સિટી વાગે ત્યારે ઊર્જા વેડફાય છે એટલે સિટી વાગે ત્યારે તરત જ ઉપરની દટ્ટી દબાવી દઈ ગેસ એકદમ ધીમો કરી નાંખો અને ૧૫ મિનિટ પછી ઓલવી નાંખો. ત્રણ સિટી વગાડવી જરૂરી નથી. (પ્રેશર કૂકર સિટી ગણતું નથી.)

૬. જેમાં ખટાશ ન હોય તેવી રસોઈ માટે એલ્યુમિનિયમનાં વાસણ વાપરો. જેમ કે દૂધ ઉકાળવા માટે, બટાકા, શક્કરિયા વગેરે બાફવા માટે, ચા બનાવવા માટે વગેરે.

૭. બટાકા બાફતી વખતે પાણી ઉકળવા માંડે એટલે ગેસ તદ્દન ધીમો કરી નાંખો. (ગેસ ફાસ્ટ રાખવાથી વરાળ વધારે બને છે એટલું જ. પરંતુ તેથી કાંઈ વસ્તુ જલદી બફાતી નથી.)

● **પાણી બચાવવા માટે :**

૧. બ્રશ કે દાઢી કરતી વખતે વોશબેસિન પાસે પાણી ભરેલી ડોલ અને ટંબલર રાખો. નળનો ઉપયોગ બને તેટલો ટાળો.

૨. પાણિયારા નજીક ડોલ મૂકી વધારાનું પાણી તેમાં નાખો. આ પાણીથી પોતું કરો તથા પોતાંવાળું પાણી ગટરમાં ન નાંખતા કુંડાં કે બગીચામાં નાંખો.

૩. ખોટી શરમ છોડીને મહેમાનને પાણી નાના પ્યાલામાં આપો - જરૂર હોય તો ફરી આપી જ શકાય છે.

૪. શાવર નહીં પણ ડોલના પાણીથી સ્નાન કરો.

૫. શિયાળામાં આંતરે દિવસે અને સાંજે સ્નાન કરવાનું રાખો. ઊર્જા અને પાણી બન્ને બચશે.

૬. ઉનાળામાં બે વખત સ્નાન કરવાને બદલે સવારે સ્પંજ કરો અને સાંજે સ્નાન કરવાનું રાખો.

૭. શક્ય હોય તો કપડાં તારવેલું સાબુવાળું પાણી ભરી રાખો અને તેનો ઉપયોગ

*સંબંધોમાં કાંઈ નડતરરૂપ હોય તો એ આપણો આગ્રહ છે.*

જાજરૂમાં ફ્લશ કરવા માટે કરો.

૮. ચોમાસાની ઋતુમાં બને ત્યાં સુધી વરસાદનું પાણી વાપરો.

૯. રિપેર ન થાય ત્યાં સુધી ટપકતા નળ નીચે ડોલ મૂકી રાખો.

૧૦. કોઇના નળમાંથી પાણી નકામું વહી જતું હોય તો નળ બંધ કરી દો.

૧૧. સ્કૂટર કે મોટર ધોવાને બદલે પોતું મારો તથા ટાયર ધોવાની ઘેલછા ન રાખો.

- **કાગળ બચાવવા માટે :**

૧. સ્વર્ગમાં છાપાં જતા નથી. માટે લાગણીનું પ્રદર્શન કરતી શ્રદ્ધાંજલિઓ છાપામાં છપાવીને કાગળ બગાડશો નહીં.

૨. નવા વર્ષની કે અન્ય કોઇ શુભેચ્છા માટે કાર્ડ મોકલવાને બદલે SMS કરો. કાર્ડ, કવર અને પોસ્ટની ટિકિટ માટે વપરાતો કાગળ બચશે. વળી કાર્ડ લેવા જવાનો સમય બચશે તથા પોસ્ટખાતા ઉપર ભાર ઘટશે.

૩. પોસ્ટકાર્ડથી કામ સરતું હોય તો આંતરદેશીય અને આંતરદેશીયથી કામ સરતું હોય તો કવર ન વાપરો.

૪. પેપર-નેપકીનનો ઉપયોગ બંધ કરો.

૫. પેપર-ડીશ ને બદલે 'મેલેમાઇન'ની ડીશ કે પતરાળાં વાપરો.

૬. કાગળની બંને બાજુ વાપરો. દાખલા ગણવા સ્લેટ વાપરો.

૭. ગયા વર્ષનાં પાઠ્યપુસ્તકો, એ ધોરણમાં આવેલા બીજાને આપો.

- **પેટ્રોલ બચાવવા માટે :**

૧. સાઇકલ વાપરો.

૨. બિનજરૂરી હોર્ન વગાડશો નહીં. (હોર્ન વગાડવાથી પણ પેટ્રોલ વપરાય છે.)

૩. દૂરથી કેસરી સિગ્નલ દેખાતું હોય તો એક્સલરેટર ઉપરથી પગ ઉપાડી લઇ વાહનને કુદરતી રીતે ધીમું પડવા દો અને છેલ્લે ધીમેથી બ્રેક દબાવો.

૪. વાહન ફાસ્ટ ચલાવીને પછી ચીચુડા વાગે તેવી રીતે જોરથી બ્રેક મારવાથી :-

૧. પેટ્રોલ વેડફાય છે.

૨. ટાયર ઘસાય છે.

૩. બ્રેકના લાઇનર ઘસાય છે.

૪. રસ્તો ખરાબ થાય છે.

૫. જ્યારે પણ પેટ્રોલ ભરાવો ત્યારે ટાયરમાં હવા ભરાવો.

૬. સ્કૂટર કે મોટરનું એન્જિન ચાલુ રાખી તડાકા ન મારો.

૭. દર મહિને મોટરનું એર-ફીલ્ટર સાફ કરો.

૮. જો બસ મળતી હોય તો મોટરને બદલે બસનો ઉપયોગ કરો.

૯. શક્ય હોય ત્યાં સુધી શાળા, બજાર, ઓફિસ, ફેક્ટરી વગેરે જગાએ જવા માટે કાર-પુલ કરો.

- **પ્રકીર્ણ :**

૧. બને ત્યાં સુધી સ્ટેપલને બદલે ટાંકણી વાપરો.

૨. કવરને બંધ કરવા સ્ટેપલ નહીં પણ ભાત કે ફેવીકોલ વાપરો.

૩. વર્ષગાંઠની ઉજવણીમાં લેવાતી ગિફ્ટ અને અપાતી રિટર્ન ગિફ્ટનો વ્યવહાર બંધ કરો. આવા વ્યવહારથી ઘરમાં કચરો એકઠો થાય છે. જરા તપાસ કરો કે તમારા ઘરમાં વણવપરાતા કંપાસબોક્સ, વોટરબેગ, ક્રેયોન્સ વગેરે કેટલાં છે. વળી ગિફ્ટ રૅપ કરવા માટે વપરાતા કાગળ બનાવવા માટે વપરાયેલી ઊર્જા અને પેદા થયેલા પ્રદૂષણથી શું ફાયદો થયો?

૪. લગ્ન પ્રસંગે ભેટ કે ગિફ્ટકૂપન આપવાને બદલે ચાંદલો આપો. એક લગ્નમાં કન્યાને ભેટમાં ચાર ઇસ્ત્રીઓ આવી હતી.

૫. હોળી પ્રકટાવવાને બદલે તેના પ્રતીક રૂપે મીણબત્તી પ્રકટાવો. પણ જો તેમ ન કરવું હોય તો હોળીનું કદ બને તેટલું મોટું નહીં પણ બને તેટલું નાનું રાખો. બે-ત્રણ પોળો કે સોસાયટીઓનું જૂથ બનાવી વારાફરતી દર વર્ષે એક જ હોળી પ્રકટાવો. ૧૦૦ રૂપિયાનું લાકડું બાળવાને બદલે ૧૦૦ રૂપિયાની નોટ બાળવાથી ખર્ચ સરખો જ થાય છે પણ પ્રદૂષણ ઓછું થાય છે અને એટલો ફુગાવો ઘટે છે.

૬. રાવણદહન કે વિરોધ દર્શાવવા માટેનાં પૂતળા દહન બંધ કરો.

૭. ફટાકડા ફોડવાથી વાતાવરણમાં સલ્ફર-ડાયોક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ ઘણું જ વધી જાય છે માટે તેમાં સંયમ રાખો.

૮. વિમાનની મુસાફરી ન છૂટકે જ કરો.

૯. શબનો અગ્નિસંસ્કાર કરવાને બદલે ભૂમિસંસ્કાર કરો.

## બને તેટલાં જલદી અમલમાં મૂકવા જેવાં સૂચનો

- **વીજળી બચાવવા માટે :**

૧. કાચબા છાપ અગરબત્તી કે ઓલ આઉટને બદલે મચ્છરદાની વાપરો.

૨. ટ્યુબ લાઇટમાં ઇલેક્ટ્રોનિક ચોક લગાવો.

૩. પંખામાં ઇલેક્ટ્રોનિક રેગ્યુલેટર લગાવો.

૪. સરખો જ પ્રકાશ પેદા કરવા માટે સામાન્ય (તાર વાળા) બલ્બ કરતાં CFL પાંચમા ભાગની વીજળી વાપરે છે માટે બલ્બની જગાએ CFL લગાવો.

૫. રસોડામાં બ્લેન્ડરને બદલે હાથથી ચલાવવાની રવાઇ વાપરો.

૬. ઇલેક્ટ્રિક ગીઝરને બદલે સોલર વોટર-હીટર વાપરો.

- **બળતણ (ગેસ) બચાવવા માટે :**

૧. ગેસ ગીઝરને બદલે સોલર વોટર-હીટર વાપરો.

૨. બની શકે તેટલો સૂર્યકૂકરનો ઉપયોગ કરો.

૩. રાંધવા માટે સ્ટીલનાં નહીં પણ પીત્તળનાં વાસણ વાપરો.

- **પાણી બચાવવા માટે :**

૧. ચોમાસામાં ઉપરની ટાંકીમાં વરસાદનું પાણી ભરવા માટે નીચેની ટાંકીમાં બોરનું નહીં પણ વરસાદનું પાણી ભરો.

(અનુસંધાન : જુઓ પાના નંબર-૨૦ ઉપર)

*સંપત્તિની લોલુપતા કરતાં આધિપત્યની આકાંક્ષાએ પૃથ્વી પર અનેક યુદ્ધો ઉપજાવ્યાં છે. - જ્યોર્જ બર્નાર્ડ શૉ*

# "મા"

• ડો. આઈ.કે. વીજળીવાલા •

સ્વર્ગમાંથી એક બાળક ધરતી પર જન્મ લેવા માટે તૈયાર થઇ ગયું હતું. એના મોં ઉપર ચિંતા હતી. જોકે એને વિદાય આપવા માટે ભગવાન ખુદ હાજર હતા. તેમ છતાં પેલા બાળકે ચિંતાતુર સ્વરે પૂછ્યું 'પ્રભુ થોડીજ વારમાં તમે મને પૃથ્વી પર મોકલવાના છો એ હું જાણું છું. પરંતુ આવડી વિશાળ ધરતી પર નિઃસહાયપણે કેવી રીતે જીવી શકીશ?

'તું જરાય ચિંતા કરીશ નહીં!' ભગવાન બોલ્યા, તારા માટે પૃથ્વી પર એક દેવદૂતને તૈયાર રાખ્યો છે. અત્યારે એ તારી રાહ જ જોઇ રહ્યો હશે અને પૃથ્વી પર એજ તારી કાળજી લેશે.'

'પણ ભગવાન! અહીં સ્વર્ગમાં તો હું હંમેશાં ખુશ જ રહું છું અને ગીતો ગાઉં છું. હું સુખી તો છું. પછી તમે મને શું કામ પૃથ્વી પર મોકલો છો?' બાળકે કહ્યું.

'બેટા! ત્યાં તારો દેવદૂત તારા માટે ગીતો ગાશે. એ તને સુખી કરવાના અને આનંદમાં રાખવાના બધા જ પ્રયત્નો કરશે અને એનો અદ્‌ભુત પ્રેમ જોઇને તું ખૂબજ ખુશ થઇ જઇશ!' ભગવાને જવાબ આપ્યો.

બાળકે ચિંતાતુર સ્વરે પૂછ્યું, 'એ લોકોની ભાષા હું કઇ રીતે સમજી શકીશ?'

ભગવાને હસીને કહ્યું, 'તેં ક્યારેય કલ્પના નહિ કરેલ હોય એવા મીઠા અને પ્રેમ ભરેલ શબ્દો, એ દેવદૂત બોલશે અને ખૂબજ ધીરજથી એ તને બોલતા અને એ લોકોની ભાષા સમજતા શીખવાડશે.'

'પણ ભગવાન! ધારો કે મારે તમારી સાથે વાત કરવી હશે તો હું કઇ રીતે કરી શકીશ?' બાળકે પોતાના મનની મૂંઝવણ રજૂ કરી.

'તારો દેવદૂત બે હાથ જોડી મારી સાથે વાત કરતાં તને શીખવશે. એને એ લોકો પ્રાર્થના કહે છે. ભગવાને જવાબ આપ્યો.

'ભગવાન! મેં સાંભળ્યું છે કે પૃથ્વી પર ખરાબ લોકો પણ હોય છે. એમનાથી મારું રક્ષણ કોણ કરશે?'

બાળકની ચિંતા દૂર કરતાં ભગવાને જણાવ્યું કે 'તારો દેવદૂત જીવના જોખમે પણ તારું રક્ષણ કરશે.'

'પણ હવે હું તમને તો નહીં જોઇ શકું.' બાળક ઉદાસ થઇને બોલ્યો.

'બેટા! ધરતી પરનો તારો દેવદૂત તને મારી ઘણી બધી વાતો કહેશે. તને મારા સુધી પહોંચવાનો રસ્તો પણ એ બતાવશે. અને હા! હું ભલે ન દેખાઉં, પરંતુ હું હંમેશાં તારી સાથે જ હોઇશ અને તારી સાથે જ રહીશ.' ભગવાને ધરપત આપતાં કહ્યું.

ભગવાનના એ વાક્ય સાથે જ સ્વર્ગમાં અદ્‌ભુત શાંતિ છવાઇ ગઇ. બાળકને પૃથ્વી પરથી આવતા અવાજો સંભળાવા લાગ્યા હતા. તેને સમજણ પડી ગઇ કે હવે પૃથ્વી પર જવાનો સમય આવી પહોંચ્યો છે. એ ભગવાનની નજદીક ગયો. એક વખત મન ભરીને ભગવાન સામે એણે જોઇ લીધું. અને પૂરા સન્માન સાથે પગે લાગ્યો. છેલ્લે તેણે ભગવાનને છેલ્લો સવાલ પૂછ્યો 'ભગવાન! હું મારા એ દેવદૂતનું નામ જાણી શકું?'

ભગવાને એના માથે હાથ મૂક્યો. સહેજ હસતાં હસતાં એ બોલ્યા, 'બેટા! તારે એના નામ સાથે કાંઇ જ લેવાદેવા નહીં રહે! છતાં તેં પૂછ્યું જ છે તો કહું કે એ દેવદૂતને 'મા' કહેજે! તારા એ દેવદૂતનું નામ છે-મા!'

*સાભાર : "અમૃતનો ઓડકાર"*

*પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ*

## તેજીને ટકોર

**(અનુસંધાન : પાના નંબર-૨૯ ઉપરથી ચાલુ)**

મુલ્લાં ટોપી પહેરેલા પાતળિયા છતાં પડછંદ 'હેડ માસ્તર' સામે ઊભા રહેવું એ ચિત્રગુપ્તનાં દરબારમાં હાજર થવા જેવું કપરું કામ હતું. સીધેસીધા બીજીમાં બેસવા માટે એમની કડક ચકાસણીમાંથી પસાર થવું ફરજિયાત હતું. મારી સાથે બીજા ત્રણ નમૂના હતા. મોહનભાઈનો અરુણ, અંબાલાલ મયાચંદ અને પ્રહલાદ. મુન્શી સાહેબે અમને એમની સામે બેસાડીને શબ્દો લખાવ્યા.

મને એમાં કશું અઘરું ન લાગ્યું. બધા શબ્દો આવડતા હતા, પણ કુતૂહલવશ નજર પાસે બેઠેલા અંબાલાલ મયાચંદની સ્લેટ (સ્લેટને પાટી પણ કહેવાય, એની જાણ તો વર્ષો પછી થઇ) પર પડી. એણે 'આગગાડી'ને બદલે 'આગગાડિ' લખ્યું હતું. મને શંકા જાગી. એ તો શાહુકારનો છોકરો. લાવ ત્યારે, હુંય દીર્ઘ 'ઈ' ને બદલે હ્રસ્વ 'ઇ' કરી દઉં. મેં 'ડી' ભૂંસી ને 'ડિ' કર્યું, તે મુન્શી સાહેબે જોયું. નકલ કરી, તે પણ ખોટી અને એમાંય પકડાઇ ગયો! મન મારીને બેસી રહ્યો.

મુન્શી સાહેબે શિખામણ આપી : તારા બધા શબ્દો ખરા હતા. કોઇનામાં જોઇએ એટલે આપણું ખરું હોય એય ખોટું લાગવા માંડે.

બસ, ત્યારથી ગાંઠ વાળી. કોઇનામાં જોવું નહીં અને એકવાર લખાઇ ગયું તે ભૂંસવું નહીં! લાંબે ગાળે પરિણામ એ આવ્યું કે હું હાડોહાડ મૌલિક કહી શકાય એવું લખી શક્યો. લખતાં હજારવાર વિચારું પણ લખ્યું તે ફાઇનલ. હીરા સલાટના ટાંકણે ટિપાયું હોય એવું! એમાં છેડછાડ નહીં પછી. મારાં લખાણોમાં છેકછાક નહિવત્. એનો તંતુ પણ છેક ત્યાં જતો સંધાયઃ પેલા મુન્શી સાહેબની શિખામણમાં.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ ૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*

***સામાન્ય રીતે માણસ પ્રાર્થના નથી કરતો હોતો, ભીખ માગતો હોય છે.***

## રિવાજનું રાજ

સૌરાષ્ટ્રમાં ફરતો હતો ત્યારે એક દિવસ એક ગામમાં મારે થોડી વાર રોકવાનું થયું. કાઠી ગિરાસદારોનું ગામ હતું.

હું બેઠો હતો તેની બાજુમાં એક ઘોડો બાંધ્યો હતો. જમીન પર ભરડેલા મગ નાખેલા. ઘોડો તે ખાતો હતો.

મારી સામે બેઠેલા એક ગિરાસદારને મેં પૂછ્યું : ''આ મગ જમીન પર કેમ નાખ્યા છે? તોબરો કેમ નથી વાપરતા?''

તો એમણે કહ્યું : ''જૂના વખતથી કોઇ વાપરતું નથી, એટલે અમે પણ નથી વાપરતા. અહીં તોબરો (પાવરો) વાપરવાનો રિવાજ નથી.''

''પણ આપણે તોબરો વાપરવાનું શરૂ કરીએ તો તે સારું કે નહિ?'' મેં કહ્યું.

''બાપુ, ઇ હારું તો ખરું, પણ પહેલેથી અમારે રિવાજ જ નથી.''

એમનો જવાબ સાંભળીને મને મનમાં હસવું આવ્યું. રિવાજ સારો ન હોય, એનાથી થતું નુકસાન ચોખ્ખું દેખાતું હોય, છતાં તે છોડવાનું મન થતું નથી. રિવાજનું રાજ પણ કેવું હોય છે!

*સાભાર : 'અખંડ આનંદ'*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

## કાયદાથી કોઇ પર નથી

પ્લાસીના યુદ્ધમાં વિજય મેળવીને બંગાળ, બિહાર અને ઓરિસ્સા પર કબ્જો જમાવી ભારતમાં અંગ્રેજી રાજ્યની સ્થાપના કરનાર હતો લોર્ડ ક્લાઇવ. પછી જ્યારે તે ઇંગ્લેન્ડ પાછો ગયો ત્યારે ઇંગ્લેન્ડની પાર્લામેન્ટે તેના પર કામ ચલાવ્યું. અંગ્રેજી રાજ્યની ભારતમાં સ્થાપના કર્યા પછી જે રીતે તેણે લૂંટ ચલાવેલી અને અંગત ધન એકઠું કરેલું તે બદલ. ત્યારે ક્લાઇવે પાર્લામેન્ટના સભ્યોને ઉદ્દેશીને કહ્યું, ''માનનીય મિત્રો, ઇંગ્લેન્ડ કરતાં પણ મોટો વિસ્તાર ઉપરાંત અત્યંત સમૃદ્ધ વિસ્તાર મેં તમને જીતી આપેલ છે. જે રાજાઓનાં રાજપાટ મેં લઇ લીધા તેમને ત્યાં હીરા ઝવેરાતના ખજાના ઉપરાંત સોનાચાંદીની પાટો હતી. જે તેમણે પ્રજાને લૂંટીને ભેગી કરેલી. મેં તેમાંથી ખાસ ઝાઝું લીધું નથી, જો ધારત તો ઘણું વધારે લઇ શકત. છતાં નથી લીધું. તે છતાં તમે મને દેશદ્રોહી ગણો છો? મારી પર કામ ચલાવવા માગો છો?''

પાર્લામેન્ટના સભ્યોએ જવાબમાં કહ્યું, ''તમે ભારતમાં અંગ્રેજી રાજ્યનો પાયો નાખ્યો તે વાત સાચી અને તે બદલ તમારો આભાર. પરંતુ ઇંગ્લેન્ડના કાયદા પ્રમાણે અમારે તમારી પર કામ તો ચલાવવું જ પડે. કારણ કે ઇંગ્લેન્ડનો કોઇપણ નાગરિક પછી ભલે તે ગમે તેટલો મહાન હોય કે ઊંચામાં ઊંચા હોદ્દા પર બિરાજમાન હોય તો પણ તે કાયદાથી પર નથી. કાયદો કાયદાનું કામ અવશ્ય કરશે જ. આ જ રિવાજ અને પ્રણાલિકા છે આપણા દેશની.''

ક્લાઇવને લાગ્યું કે હવે કાયદાની સજામાંથી છટકી શકાશે નહિ, સજા થશે જ. એટલે તેણે આત્મહત્યા કરી લીધી.

*(શ્રી મનુભાઇ પંચોળી 'દર્શક'ના એક પ્રવચનનો અંશ)*

......આપણે ત્યાં? મેરા ભારત મહાન!

ખરેખર?

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

વિચાર વિમર્શ

# તેજીને ટકોર

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

સમજણ આવી એ પહેલાંથી જ નક્કી હતું કે મારે આખું ગામ ન ભણ્યું હોય એટલું ભણવાનું છે. અમે બધા જ ભણેશરી પાક્યા એ પણ કેવો સુયોગ! પ્રચંડ પ્રતિકૂળતાઓ વચ્ચે પિતાજી અંગ્રેજી પહેલી સુધી પહોંચ્યા. બાપ તો એમને સત્તર દિવસના મૂકીને સિધાવી ગયા હતા. માનું સુખ પણ ઉપરછલ્લું. પહેર્યાનાં ઓઢાડીને બાળરંડાપો ગુજારતાં પગ વગરનાં ફઇ અને વિઠોડાવાળાં અપરમાએ એમને જીવની જેમ સાચવી-સંતાડીને મોટા કર્યા. પિતરાઇઓ ખાઇ જાય એવા હતા. મોટા ડાઘા ને ડાઘા!

એમને વિદ્યા એવી ચડી કે બારમે વર્ષે હળની મૂઠ પકડી ત્યારે 'ડેપ્યુટી' સામે પગલે કહેવા આવ્યા :'છોકરા, તું ઊઠી ન જા. આગળ ભણ. ચાળીસ રૂપિયાની સ્કૉલરશિપ બાંધી આપું. આટલો હોંશિયાર છે - ભણીશ તો મોટો અમલદાર થઇ શકીશ.'

બાપડા ડોસાનું નસીબ કાણું. ડેપ્યુટીની ઓફર સ્વીકારી ન શક્યા. પણ ન ભણી શકાયાનો ખટકો કાયમને માટે રહી ગયો. જેટલું ભણ્યા એટલું જીવ્યા ત્યાં સુધી જીભવગું રહ્યું. પરેશા! વિશ્વેશા! અકળિત તહારી કૃતિ - ગતિ'.... જેવી પ્રાર્થના લઇ 'वहां एक नेवला रहता था'- પેલી સાપ અને નોળિયાવાળી વાર્તા. બધું કડકડાટ મોઢે બોલી જતા. એવી ભયંકર સ્મરણ શક્તિ. છેક છેલ્લી ક્ષણ સુધી. પોતે ભણ્યા હોત તો સહપાઠી કેશુભાઇ સવજીભાઇ અને એમના નામેશરી નાથુભાઇ સવજીભાઇની જેમ મોટા સૂબા કે પ્રોફેસર બન્યા હોત. કેશુકાકા તો વધુ અભ્યાસ અર્થે વિલાયત પણ જઇ આવેલા. પાછા આવીને વડોદરામાં પોલિટિકલ સાયન્સના પ્રાધ્યાપક બની ગયા હતા. નાથુબાપા વડોદરા રાજ્યના મહેસૂલી અધિકારી તરીકે પંકાયેલા. આખો સમાજ એમને ફૂલે પૂજે. પોતે એ બે ભાઇઓ કરતાં કોઇ પણ પ્રકારે ઊતરતી કક્ષાના નહોતા. છતાં ભણી ન શક્યા એટલે આખી જિંદગી સામાન્ય ખેડૂત તરીકે ગાળવી પડી. એમને મોટાઇના અભરખા નહોતા. પણ પોતે મોટા બની શકે એમ હતા છતાં ફક્ત નાનમને લીધે રહી ગયા, એનો વસવસો હતો. પહેલા ખોળાના પાટવીને ભણાવવા ઘણું મથ્યા, પણ ત્યાંય અક્કરમીનો પડિયો કાણો નીકળ્યો. હાઇસ્કૂલમાં વીસનગર ધકેલ્યા, ત્યાંથી ખોટા રૂપિયાની જેમ પાછા આવી ગયા. નહીંતર ભણેશરી તો એય ક્યાં નહોતા? ગામમાં ભણતા ત્યાં સુધી હંમેશાં પહેલા નંબરે પાસ થતા. વિસનગરનું પાણી ન સદ્યું કે જે હોય તે- પણ ખેલ પૂરો થઇ ગયો. સમજાવીને થાક્યા પણ અડિયલ બળદની જેમ હઠી પડ્યા. મારે ઘેર શું નથી તે આગળ ભણવું પડે? કહીને એ ખેતીમાં જોતરાઇ ગયા. એ વખતે માંડ મારો જન્મ. બે ભાઇઓ વચ્ચે ખાસ્સું સત્તર અઢાર વરસનું અંતર. ખેતીમાં પલોટાઇને તડકે તપી તપી પાકા રંગે રંગાયેલા ખોળિયામાં બાપની આશાઓ ધૂળમાં રગદોળ્યાનો ખટકો રહી ગયો હતો. મોટાભાઇએ મને ભણાવવાનો સંકલ્પ કરીને એનું સાટું વાળી લીધું!

આટલી પૂર્વભૂમિકા વગર શાળા પ્રવેશના પહેલા દિવસનું ચિત્ર અધૂરું રહેત. આંગણા બહાર પગ મૂકું એ પહેલાં જે માતા દેવચકલીના શુકન જોઇને 'ફત્તે'ના!' કહેતાં, એમનો જીવ ત્યારે કેવો કોળ્યો હશે? સ્ત્રી શિક્ષણ નામે નહોતું એ જમાનામાં. ઇડર પાસેના એમના કડિયાદરા ગામની રાત્રીશાળામાં એ બે ચોપડીઓ ભણેલાં! પોતે રાત્રિશાળામાં અક્ષરજ્ઞાન પામેલી મા પેટની જણીઓને નિશાળનું મોઢું નહોતી બતાવી શકી! એ પ્રથા જ નહોતી અમારાં 'ખાનદાન' કહેવાતાં ખોરડામાં. ગાયકવાડે અઢળક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હતી, પરંતુ છોકરીઓને ભણાવવાનો કાયદો ક્યાં કર્યો હતો? પરિણામ એ આવ્યું કે અમારા ગામના વડીલો નાની મોટી નોકરીમાંથી નિવૃત્ત થતા ત્યારેય એમની ત્રીજી પેઢીની કન્યાઓને શાળાએ મોકલવી કે કેમ એ મુદ્દે રકઝક ચાલતી રહેતી! આજે પરિસ્થિતિ કેટલી પલટાઇ ગઇ છે! એ માટે કોઇ ચળવળીય નથી ચલાવવી પડી. સમયની આણ સહુએ આપોઆપ- બલકે મનોમન સ્વીકારી લીધી છે. છોકરીઓ વધુ સંખ્યામાં ભણવા જાય છે અને વધુ ઊજળાં પરિણામ લાવી બતાડે છે. હવે તો ગામમાં જ કૉલેજ શરૂ થઇ છે અને ગામની દીકરી એમાં અધ્યાપિકા પણ બની છે. બનવા જોગ છે કે આવનારાં વર્ષોમાં આચાર્યા પણ બને!

મૂળ વાત પર આવીએ :

ભણેશરીનું ઘર. એટલે સીધા બીજીમાં ખાબકવાની દાનત. ત્યારે હોશિયાર છોકરાને બબ્બે ધોરણ એક વરસમાં કરવાની છૂટ હતી. ઘરે તૈયાર થયેલો એથી બે વરસમાં ચાર ધોરણ ભણી ઊતર્યો : ને પાંચમા ધોરણથી તો બારોબાર હાઇસ્કૂલમાં! પ્રાથમિક શાળા તે કોઇ શાળા કહેવાય? ઠીક મારા ભૈ. બધું સમજ્યા જેવું. 'માસ્તર' અમારે ત્યાં પ્રાથમિક શાળાના શિક્ષક માટે વપરાતો શબ્દ. એ શબ્દ સાંભળીને કોઇને માન ન થાય. પણ અમારી કુમારશાળાના મુન્શી સાહેબ માસ્તર નહોતા! ખરી અટક તો બહેલીમ, પણ 'મુખ્ય શિક્ષક'નું ટૂંકું રૂપ 'મુ.શિ.' અને એનું અપભ્રંશ સ્વરૂપ તે મુન્શી. એમની એક આગવી આભા હતી. બહેલીમ બંધુઓ પૈકીના મોટા - સાલેહ મહંમદખાં તો પાછળથી સુધરાઇના પ્રમુખ પણ થયેલા.

મુન્શી સાહેબનું કાર્યાલય ખખડધજ કુમારશાળાના પહેલા માળે. આ કુમારશાળા પણ એક ઐતિહાસિક ઇમારત છે. એનો મેડો ચડીને મુન્શી સાહેબની ઓફિસે પહોંચતા પહોંચતાં જ છોકરું શિયાંવિયાં થઇ જાય.

**(અનુસંધાન : જુઓ પાના નંબર-૨૭ ઉપર)**

*આપણે ભૂલી જઇએ છીએ એ હકીકત છે, પણ ભૂલવું સમજપૂર્વકનું હોવું જોઇએ.*

# યાત્રા : રવથી નીરવ સુધીની

• ડૉ. ગિરીશ વીછીવોરા •

ધોરિયો સાવ કોરો હોય. કોશ ચાલુ થાય. પાણીથી ભરાઇ ઉપર આવે. ભફ કરતો થાળામાં ઠલવાય ત્યારે લાગે જાણે કેદીને રીહા થઇ. એનો મૂળભૂત સ્વભાવ જ ચલન, ગતિ. કૂવામાં હલનચલન વગર સુસ્ત થઇ પડ્યું હોય. થાળામાં ઠલવાઇ કેદમાંથી છૂટે, પોતાનો સ્થાયીભાવ,ગતિ પકડી લે. અસ્સલ લિબાસમાં આવી જાય. ધોરિયામાં વહેતો થાય. કોરા ધોરિયામાં સ્થાયી થયેલા કોઇ જીવડાને સંકેત મળે, ચપળતાથી સ્થાનભ્રષ્ટ થઇ સલામત જગ્યાએ ગોઠવાઇ જાય. ક્યારામાં પહોંચે ત્યારે અપેક્ષિત પરોણા જેવો જ ભાસે. પાણીમાં ગતિ હોય. ગતિ એટલે ઘર્ષણ. જ્યાં ઘર્ષણ હોય ત્યાં રવ, સ્વર હોય જ. ધોરિયાને કાન ધરી આંખ બંધ કરી, રવની પ્રતીક્ષા કરવી આત્મખોજ બની રહે છે. એ કૂણો કુમાશભર્યો રવ કેટલો સ્નેહાળ ને પોતીકો લાગે છે!

બંધિયાર જળ પોતાની ઝંઝીરને તોડવા કટિબદ્ધ હોય છે. તળાવ, તળાવડી, સરોવર ને સાગર દરેક ઠેકાણે સંગ્રહાયેલા જળમાં ગતિ થનગનતી હોય છે. સાવ કૂણી કુમળી કાવ્યમય લહેર, તળાવ તળાવડી કે સરોવરને તીરે નીરનું સાનિધ્ય માણતાં સંભળાય છે. એ વામન લહેરમાં વિરાટભાવ સ્થાયી થયેલો હોય છે. સરોવરનાં નીર વધુ ડોલે. ક્યારેક કિનારે અથડાય. રવ દૂરથી સંભળાય. પવનના સહારે મોજાંઓમાં ક્યારેક મસ્તી પણ આવે. ધ્વનિ કાવ્યમય ઉપસી, સંગીત નીખરે, સાગરની વાત જ નિરાળી. જળજથ્થો મબલક. ઘટ્ટતા ઘેરી વળેલી હોય. પૃથ્વીની ગતિ એને ડોલાયમાન કરતી હોય, સહેજે મોજાં મહાલતાં દેખાય. **ઓટનો દરિયો સૂતેલા સાપ જેવો. સાવ જડસુ, એદી ને અલિપ્ત. નિષ્ક્રિયતાનું મૂર્તિમંદ ઉદાહરણ.** એની નિષ્ક્રિયતામાં સમાધિ જેવી જ સક્રિય ક્રિયા હોય છે. જરા છંછેડો, ફૂંફાડો મારતો ફેણ પ્રસરાવે. ભરતીનો સાગર જીવંત, રળિયામણો ને ભવ્ય ભાસે. સાવ નાના અમથા વમળ નામ પૂરતો રવ ઉપસાવે. કર્ણપ્રિય હોય. એમાં ખોવાઇ જવાની સુભગ ઘડી સાંપડે તો ધન્ય થઇ જવાય. દરિયો જ્યારે ગાંડો ને ઘેલો બને છે, ત્યારનાં એના ડુંગર જેવાં ડોલતા મોજાં રૌદ્ર સ્વરૂપ દેખાડે. ભયજનક, ભયાનક ને ભૂરાયાં થઇ ભેખડ પર ભટકાય. હાકોટા, ડાકોટા ને છિંકોંટા કરતા ધૂંધવાતા રહે.

એમાંથી નિખરતું સૌંદર્ય માણી હ્રદય ધન્ય થાય. કેટલી તાકાત, બળ શક્તિ એ મોજાંઓમાં હોય છે! અફડાઇ ખડકને ખોડંગાતો કરી દે. અડફેટે ચડ્યો તે ગયો. પછી ભલે નાની નાવ હોય કે વિરાટ સ્ટીમર. સ્વરનું એ રૌદ્ર સ્વરૂપ. એ રૌદ્ર સ્વરૂપને હ્રદયના એક ખૂણામાં સ્થાયી શું કામ ન કરીએ? પ્રકૃતિનું સ્વરૂપ જ છે ને. **પ્રકૃતિ નવે નવ રસમાં મહાલે છે ને નવેનવ રસ પ્રાકૃત, પવિત્ર ને પાવક છે. કોઇપણ રસ જિંદગીનું ઉદ્દીપન કરી શકે છે.** ડુંગરાળ પ્રદેશના ઝરણાં ચંચળ, ચપળને ચકોર હોય છે. રમતિયાળપણું એમનો સ્થાયીભાવ. રમત રમતમાં ખાબકવાં, પછડાતાં ભૂસકતાં ને ભાગી છુટતાં ઝરણાં યુવાનીનો તરવરાટ વતાવે છે. એ પણ જીવનનું એક અંગ. ભૂસકતાં જે કઠણ સ્વર મૌલિકતા ઉપસાવે તે યૌવનનો આવિષ્કાર કરતી રહે છે. જીવનનું એ પણ એક અંગ. યુવાનીમાં સાહસ કરી શકાય તો જ વાર્ધક્યમાં એને મમળાવી શકાય. રવને સહારે પૂરું જીવનચક્ર નજર સમક્ષ ભજવાતું રહે ને જે માંહી પડી શક્યો તે જરૂર મહાસુખ માણી શકે.

નદી સૃષ્ટિનું ઉત્તમ અંગ. રવનો હર મિજાજ, હર રસ, હર સૌંદર્ય લહેરી નદી પોતાના ઉગમથી સંગમ સુધીના પ્રસ્થાનમાં પ્રદર્શિત કરતી રહે છે. એની અવસ્થા પ્રમાણનો રવ ને રવમાંથી ઉપસતો જીવનરસ પોતાની લાંબી સફરમાં વિવિધ ભાવમાં વહાવતી રહે છે. એકેએક ભાવ, રસને એનું માધુર્ય નદીને હાથવગું છે. નદીના ઉગમથી સંગમ સુધીની યાત્રા કરતા ભાવિકોની જીવનની કિતાબ નવેનવ રસભર, અલૌકિક ને આત્મભાને ઉજળી થયેલી હોય છે. જીવનનો અર્ક તેઓ પામે છે.

પ્રત્યેક કુદરતી તત્ત્વ રવ પેદા કરે છે. એ રવ છેવટે તો મૌનમાંજ વિરમે છે. દરેકનો જીવનપથ નક્કી થયેલો જ હોય છે. **એ પથ પર પરિભ્રમણ કરતો કોઇપણ પ્રાકૃત પદાર્થ નિરનિરાળો રવ પેદા કરતો કોલાહલ થી ગર્જન ને ધમસાણ ફેલાવતો રહે, શક્તિથી ફાટફાટ થતો રહે, છતાં છેવટે તો પરમશાંતિમાં જ વિરમે છે. આ છે પ્રકૃતિચક્ર.** એ ચક્રને ન આદિ છે ન અંત. એ ચક્રના પરિઘ પર પળભર પોતપોતાને ફાળે આવેલી પરિક્રમા પર ફરતા રહી પ્રાકૃતતત્ત્વો પોતપોતાની ફરજ અદા કરી

*ધન સમૃદ્ધિ માણસને બદલી નથી નાખતી, પણ માણસનું અસલ સ્વરૂપ પ્રગટ કરી દે છે. - થોમસ પેઇન*

છેવટે તો મૌનમાં જ વિલય પામે છે. મૌનમાં મોકળાશ હોય છે. કોઇપણ વાજિંત્ર વગાડનાર કે ગાનાર પોતાની કળાની ચરમકક્ષાએ પહોંચે છે ત્યારે એને મૌન રહેવું વધારે ફાવે છે. મૌન અગાધ છે, મૌન અસીમ છે. બધી આળપંપાળ, બધા પ્રાકૃત તત્ત્વોથી અલિપ્ત થઇ, જીવનની હરેક આંટીઘૂંટીને ઓળંગી તત્ત્વ જ્યારે છૂટું થાય છે, જેમ પૃથ્વી પરથી છોડેલું અવકાશયાન પૃથ્વીના ચુંબકીય તત્ત્વથી છૂટું થઇ મુક્તપણે અવકાશમાં વિહરતું થાય છે તેવું જ છૂટા થયેલા તત્ત્વનું હોય છે. જીવનચક્રના પરિઘ પરથી અલગ થઇ દૂર ફેંકાય છે ત્યારે એની દશા અનોખી હોય છે. પ્રકૃતિનો અંશ હોતાં પણ પ્રકૃતિથી વિરક્ત થયેલો હોય છે. તે છે ને નથી. મૌનના માર્ગે વિચરતાં કોઇ એકલવીરને સાક્ષાત્કાર થાય છે ત્યારે એ સભાનની ક્ષણ હોય છે. દુનિયાદારી પૂરતો એ મૃત્યુ પામી ચૂક્યો હોય છે. દુન્યવી ઘટનાઓથી એ પર થઇ ગયો હોય છે. એવી કોઇપણ ઘટના સાથે એને જરાપણ સંબંધ રહેતો નથી. એટલે જ એ એટલો વિશાળ હૃદયી, કરુણામયી, વિરક્ત થયેલો હોય છે, આખી સૃષ્ટિ એની કૃપાનજરથી ભરી ભરી થઇ જાય છે. એના દર્શને ધન્ય બને છે. આવો મહાત્મન યોગી સાવ નિર્લેપ ભાવે સૌનું ભલું ઇચ્છતો સહજભાવે કંઇક વહી ઊઠે છે. એનું વદવું ફિરસ્તા જેવું હોય છે. લોક તો ખરાજ સૃષ્ટિનો હરઘટક, પશુ, પ્રાણી, પક્ષી ને વનસ્પતિ સર્વ એનામાંથી પ્રેરણા લે છે. પોતાનું જીવન ધન્ય થયેલું માને છે. યુગે યુગે આવા અવતારો મહાનુભાવો પાકતા જ રહે છે. યાદ રહે, સ્વર્ગ કે નરક પૃથ્વી પરની જ અલગ અલગ દશા છે. ઉપર આસમાનમાં કે નીચે પાતાળમાં સ્વર્ગ કે નરક માટે નજર દોડાવવાની જરૂર નથી. પરમધામ, દેવલોક કે સ્વર્ગ બધું અહીં જ છે. પરમજ્ઞાન પામી આત્મા અહીંજ સુખચેનથી રહે છે. પાપકર્મ કરી પાપી અહીં જ રૌદ્ર નરકની યાતના માણે છે. **સ્વર્ગ કે નરક માટે ઊંચે કે નીચે જોવાનું તજી શકાય, વાણીને વર્તનમાં અભેદ આવે, સંપૂર્ણ પ્રકૃતિમય થઇ શકાય તો પ્રકૃતિ આવા આત્માને પરમાત્મા ગણશે ને પોતાનામાં સમાવી લેશે.**

એટલે જ કુદરત સન્મુખ થવું, કુદરતમાં મહાલવું એના અંગ થઇ રહેવું, આત્મા માટે અતિ મહત્ત્વનું સોપાન થઇ રહે છે. આવા આત્માનું હૃદય વિશાળ બનશે. ભેદ મટશે. સર્વ પ્રકૃતિને એના અંશ એને પોતીકાં ભાસશે. પ્રકૃતિનું એક અંગ હોવાનું એને અભિમાન થશે. પ્રકૃતિમાં વિહરતા, એનાં અવનવાં ઘટકોને માણતાં નિરનિરાળાં રવને હૃદયમાં માણતાં એનું રસપાન કરતાં વ્યક્તિ ક્યારેક કોઇક ધન્ય ક્ષણે પોતાનામાં જ સરી પડે છે. પોતાનામાં જે સર્યો તે મૌનને વર્યો. **મૌનની ભાષા હૃદયની ઊર્મિ છે.** એ ઊર્મિ અલૌકિક ને અજરામર હોય છે. આવી મહામયી વ્યક્તિ પોતાની નિજી કેડી કંડારતી જાય છે. એ કેડી પર અન્ય ભાવકો પણ ભ્રમણ કરતા રહે છે. આવી અલૌકિક ઘટનામાં રવ કેન્દ્ર સ્થાને રહેલો છે. રવ, ધ્વનિને એનું સુરેખ સ્વરૂપ સંગીત દેવાંશી તત્ત્વ છે. એ અદ્‌ભુત તત્ત્વને માણનાર, હૃદયમાં ઉતારનાર એટલો નિર્મળ હૃદયી થઇ જાય છે, દુનિયાદારીમાં પણ તે હંમેશાં ભરોસાપાત્ર રહે છે. એટલે જ કહ્યું છે જે વ્યક્તિ સંગીતને ખરા દિલથી ચાહે છે તેના પર હંમેશાં ભરોસો રાખવો.

નીરવતા એટલે ચૂપકીદી. ચૂપકીદીમાં બધું સમાઇ જાય છે. બધું આવી જાય છે. બધું કહેવાઇ જાય છે. એટલે જ મહાન શાયર ગાલીબ વદી ઊઠે છે :

'Silence alone tell a thing, which is beyond all.'

*૫૦/૪, રામસદન, બ્રાહ્મણવાડા ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

## લેખકની ગુપ્ત ઓળખ એટલે તખલ્લુસ

**(અનુસંધાન : પાના નંબર-૪૭ ઉપરથી ચાલુ)**

૧૯૧૮માં "ગોવાલણી" શીર્ષકથી પહેલી પ્રથમ પ્રગટેલી ગુજરાતી નવલિકાના લેખક.

તાત્પર્ય એટલું જ કે આપણી આજની કલાત્મક નવલિકાના આદ્યસર્જક તરીકે સૌ કોઇએ "મલયાનિલ"ને સાચી રીતે ઓળખાવે એવી એ તખલ્લુસની બોલબાલા છે.

એવું જ એક ત્રીજું તખલ્લુસ છે "બીરબલ" નામનું, જેનો અહીં સાથોસાથ ઉલ્લેખ કરવામાં ન આવે તો આ લખાણ ઊણપવાળું ગણાવાનો સંભવ રહે છે. એ ખ્યાતનામ લેખકનું સાચું નામ ખુરદેશજી બમનજી ફરામરોજ છે, જેણે ઇ.સ. ૧૮૯૮ થી શરૂ કરીને ત્રેવીસ વર્ષ સુધી એટલે તેઓ બેહસ્તનશીન થયા ત્યાં સુધી ઇચ્છારામ દેસાઇ સ્થાપિત "ગુજરાતી" નામના સાપ્તાહિકમાં "ભરકટોરારંગ" શીર્ષકથી હળવા સાહિત્યના કટોરા ભરીભરીને ગુજરાતી જનતાને ખૂબ મોજપૂર્વક પીવડાવ્યા હતા. નવી નવાઇ જેવી વાત તો એ છે કે એ "બીરબલે" જુદાં જુદાં વ્રતપત્રમાં લખતી વખતે અવનવાં તખલ્લુસો ધારણ કર્યા હતા. તખલ્લુસના અવનવા પ્રયોગને બારીકાઇથી અવલોકનારને સહજ જણાઇ આવશે કે "મસ્તફકીર" એ તેમજ વા.મો. શાહે પોતા માટે કોઇ એક લેખક યોજે તેના કરતાં ઘણા વધુ પ્રમાણમાં કેટલાય તખલુસ્સો યોજી બતાવ્યા હતા.

વસ્તુસ્થિતિ આ પ્રકારની હોય ત્યાં એટલું સ્પષ્ટ રીતે સમજી શકાય તેવું છે કે તખલ્લુસની યોજના પાછળ શુભ-અશુભ એવી કેટલીય નેમો તેમજ ઇચ્છાઓ હોય છે, પરંતુ કયો લેખક કયા દૃષ્ટિબિંદુથી તખલ્લુસનો અંચળો ઓઢી લે છે તે સંબંધી તેમના તરફથી કોઇ સ્પષ્ટ નિવેદન પ્રગટ ન થવા પામે ત્યાં સુધી તેના કલ્પિત નામ માટે કોઇપણ કારણ આરોપવાં એ ઉચિત ન ગણાય.

*૬૫, ભાનુશાળી નગર,*
*કર્મભૂમિ એપાર્ટમેન્ટ સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨*

*દુનિયા એક ઝેરી જાનવર છે, એને છંછેડશો તો ડંશ દેશે, પકડમાં લેશો તો નહીં ડંશે. - ઓવેન મેરેડિથ*

# સુખની મનીબેક ગેરન્ટી.... શ્રદ્ધા.... શ્રમ... અને સબૂરી...!

• દિનેશ પાંચાલ •

એક ગામમાં એક સાધુ મંત્રેલી ભસ્મ આપતો હતો. કહેવાતું હતું કે એ ભસ્મથી ડાયાબિટીસ, વા, હાર્ટએટેક વગેરેના રોગો સાજા થઇ જતાં. ગામનો એક માણસ એમની પાસે ભસ્મ લેવા આવ્યો. સાધુ ઉદાસ વદને બેઠો હતો. પેલા માણસે ઉદાસીનું કારણ પૂછ્યું. સાધુએ જવાબ આપ્યોઃ 'આધાશીશીના દર્દથી પીડાઉં છું. વર્ષોથી એસ્પ્રો ફાવી ગઇ છે, પણ બજારમાં એસ્પ્રો ક્યાંય મળતી નથી...!' જવાબ સાંભળી પેલો માણસ વિચારમાં પડી ગયો. પછી તેણે ઊભા થઇ ચાલવા માંડ્યું. સાધુએ કહ્યું : 'ભાઇ, શીદ આવ્યો'તો? કોઇ તકલીફ?' પેલા માણસે કહ્યું : 'સ્વામીજી, હું પોતે ડાયાબિટીસથી પીડાઉં છું, પરંતુ અત્યારે તો હું મારા પિતાજી માટે આવ્યો હતો. પિતાજીને એટેક આવ્યો છે. પણ તમારી ભસ્મ તમારો ખુદનો હેડેક દૂર ન કરી શકતી હોય તો મારા પિતાજીનો એટેક શી રીતે દૂર કરી શકે?' પ્રત્યુત્તર સાંભળી સાધુની શિરોવેદના વધી ગઇ. વાત કડવી હતી પણ આંખ ખોલી દે એવી હતી. મને એ માણસની પરખશક્તિ પ્રત્યે માન ઉપજ્યું. અહીં દરેકને એવો પ્રશ્ન થવો જોઇએ કે સાધુની ભસ્મથી તેનું પોતાનું દુઃખ દૂર ન થઇ શકતું હોય તો બીજાનું શી રીતે થઇ શકે? રેશનાલિઝમની સફળતા એવા પ્રશ્નોમાં રહેલી છે.

ઉપર્યુક્ત ઘટનાની ભીતરમાં એક ચિંતનતુલ્ય મુદ્દો સમાયેલો છે. ધાર્મિક કર્મકાંડોને હું પેલા સાધુની ભસ્મ સાથે સરખાવું છું. ભસ્મથી કદી શારીરિક દુઃખો મટતા નથી અને કર્મકાંડોથી કદી સુખો મળી શકતાં નથી. જગતમાં સુખી થવા માટેની એકમાત્ર રામબાણ ભસ્મ છે બુદ્ધિ! અને વિજ્ઞાન એ બુદ્ધિના બલ્બનું એવું કિરણ છે જે વડે સમગ્ર સૃષ્ટિ ઝળહળી રહી છે. પરંતુ આપણી ધર્મસંસ્કૃતિમાં કર્મકાંડોની ભારે બોલબાલા પ્રવર્તે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં એટલું નિશ્ચિત છે કે કર્મકાંડોથી થોડો માનસિક સંતોષ મળે છે, એનાથી જીવનના કોઇ દુઃખ દૂર થઇ શકતાં નથી.

અમારા બચુભાઇ કહે છેઃ 'માણસને હર્નિયાની ગાંઠ થઇ હોય તો હરિકથાથી દૂર થઇ શકતી નથી. પૂજાપાઠ કરવાથી પથરી મટતી નથી. ગળાની ગાંઠ ગાયત્રી મંત્રથી દૂર થઇ શકતી નથી અને સત્ય નારાયણની કથાથી સુગર મટી શકતી હોત તો કથા કરાવનાર બ્રાહ્મણને કદી સુગર થતી જ ના હોત!' વસ્તુતઃ ઇશ્વરભક્તિ અને કર્મકાંડો આભાસી સુખશાંતિના ઉપાયો છે. આધ્યાત્મિકતા એ કેવળ નિજાનંદની વસ્તુ છે. તેનાથી ક્ષણિક આનંદ મળતો હશે પણ એ ફળશ્રુતિ બાહ્ય નહીં આંતરિક હોય છે. મૂળ ધર્મમાં ક્યાંય કર્મકાંડોનો ઉલ્લેખ નથી. જે કંઇ છે તે બધું પાછળથી પ્રવેશ્યું છે. જેમકે આરતીમાં રૂના પૂમડા સળગાવવા, ઘંટડી વગાડવી, ધૂપદીપ, લોબાન વગેરેની ધૂમ્રસેરો ઉત્પન્ન કરવી, અગરબત્તી સળગાવવી, કંકુના છાંટા નાંખવા વગેરે વગેરે. યાદ રહે દીવો, ઘંટડી, લોબાન, અગરબત્તી, કંકુ, વગેરેની શોધ પાછળથી થઇ હતી. એથી મૂળ ધર્મમાં એવા કર્મકાંડોનો આદેશ હોઇ જ ના શકે.

ઘણીવાર પ્રશ્ન થાય છે કે શું આ બધું જરૂરી છે? મેં મારા ઘરમાં એકપણ વાર સત્યનારાયણની કથા કરાવી નથી, ભજન ગવડાવ્યા નથી. હોમ હવન કરાવ્યા નથી. ગણપતિની કે અંબામાતાની આરતી ઉતારી નથી. ધાર્મિક ફંડફાળામાં પૈસા આપ્યા નથી. હોળી કે નવરાત્રિ વેળા દર વર્ષે મારા મહોલ્લાના માણસો ફાળો ઉઘરાવવા આવે છે. તેમનેય પૈસા નથી આપતો. એ સિવાય મેં કદી ચાર ધામની યાત્રા કરી નથી. કાશી-મથુરા, હરદ્વાર જોયા સુદ્ધાં નથી. છતાં હું સુખી છું. વારંવાર એક વાત સામે આવે છે. સુખના મૂળિયાં, કહેવાતા ધર્મ કે કર્મકાંડોમાં નહીં પણ ક્યાંક બીજે રહેલાં છે. ઇશ્વર હોય કે ન હોય તેની આંધળી ભક્તિ કે નિરર્થક કર્મકાંડોમાં મચ્યા રહેવાને બદલે માનવતાથી જીવવું ખૂબ જરૂરી છે. માણસ કોઇનું ભલું ના કરી શકે પણ કોઇનું બૂરું તો ના જ કરે. સમાજમાં તેવી મનોવૃત્તિનો વિકાસ જરૂરી છે. ઇશ્વર ભક્તિથી પ્રારબ્ધમાં ફેરફાર થતો હોત તો પૂજારીના દીકરા અંધ ના હોત! ડોંગરે મહારાજને જીભનું કેન્સર ના થયું હોત! ચાર ધામની યાત્રા માટે નીકળેલી બસને અકસ્માત ના નડતો હોત! ખુદ ભગવાનના મંદિરમાં ચોરી ના થતી હોત! ભગવાનની આંખ સામે પૂજારણ પર બળાત્કાર ના થતો હોત!

જેઓ રોજ સવાર સાંજ માળા કરે છે, મંદિરમાં જઇ પ્રદક્ષિણા કરે છે, તેમણે પણ નસીબના દુઃખો ભોગવવા પડે છે અને જેઓ રોજ ખૂન કરે છે, ચોરી લૂંટફાટ કરે છે તેમનેય તેમના નસીબના પૂરા સુખો પ્રાપ્ત થાય છે. ઇશ્વરભક્તિ અને સુખનો ક્યાંય તાળો મળતો નથી. એવાં ઘણાં માણસોને હું ઓળખું છું જેમને બેંક, એલ.આઇ.સી., કે રેલવે જેવી સારી નોકરી મળવા છતાં તેઓ સુખી થઇ શક્યા નથી. કદાચ સુખપ્રાપ્તિ એ નસીબ કરતાં આવડતનો વિષય વધુ છે.

એક બેંકના પ્યુનની વાત છે. નોકરી વિના એ બહુ દુઃખી હતો. પણ બેંકમાં નોકરી મળી ગઇ. એ નિહાલ થઇ ગયો. પત્નીય સુશીલ મળી. જીવન સુખરૂપ ચાલતું હતું. પણ પછી પૈસા આવ્યા તેમાંથી દારૂની એવી બૂરી લત લાગી કે બેંકમાં જવાનું જ બંધ કર્યું. ચોવીસ કલાક પીને પડી રહેવા લાગ્યો. એવો બીમાર પડ્યો કે ભર જુવાનીમાં મૃત્યુ પામ્યો. એ માણસ આસ્તિક હતો પણ બુદ્ધિ નહોતી. બુદ્ધિ હોય તો સુખ મેળવી શકાય છે. ન હોય

*સિંહોનો ઇતિહાસ લખાતો નથી એટલે શિકારીઓની શૌર્ય ગાથાઓ જ ઇતિહાસ ગણાય છે. - આફ્રિકી કહેવત*

તો મળેલું સુખ પણ ચાલ્યું જાય છે.

કદાચ સુખનું રો-મટિરિયલ ઈશ્વરભક્તિમાં નહીં વિવેકબુદ્ધિમાં રહેલું છે. સુખી થવા માટે આસ્તિક્તા નાસ્તિક્તાનું કોઇ મહત્ત્વ નથી. એક આદર્શ અને સુખી જીવનનું આયોજન માણસ કેવી કુનેહથી કરી શકે છે તે વાત પર સુખનો બધો આધાર રહે છે. આશારામ બાપુ કહે છે : 'મંદિરથી માણસ સુખી થાય છે. અને મદિરાલયમાંથી માણસને દુઃખ સિવાય કશુંજ પ્રાપ્ત થતું નથી!' આ વાત સાચી નથી. જીવતા ના આવડે તો મંદિરે જતો માણસ પણ પાયમાલ થઇ જાય છે અને આવડત હોય તો માણસ જીવનભર દારૂ પીધા પછીય પોતાની તમામ ઈજ્જત આબરૂ સાથે પ્રતિષ્ઠાભેર જીવી શકે છે. પશ્ચિમના દેશોમાં ઘરેઘરે દારૂ પીવાય છે. તેઓ પાયમાલ નથી થઇ ગયા. મંદિર મસ્જિદ અને ગિરજાઘરોમાંથી આપોઆપ સુખની વર્ષા થતી નથી. સુખ સ્વયંસંચાલિત વસ્તુ નથી. સુખ મળતું નથી, મેળવવું પડે છે.

આ બધી વાતો એટલા માટે યાદ આવી કે બાળપણનો એક મિત્ર વર્ષો પછી એકાએક મળી ગયો. એનું નામ ધનસુખ. પણ એને ધનનું સુખ નથી. ગરીબીમાં એ જેમ તેમ જીવી રહ્યો છે. મારી સાથે એ ભણવામાં હતો. મને સ્મરણ છે એ ટેક્ષબુક વાંચવાનું શરૂ કરે તે પૂર્વે આંખો મીંચી, હાથ જોડી બે મિનિટ માટે પ્રભુની પ્રાર્થના કરતો. ત્યારબાદ એના ગળામાં લટકતાં લોકેટને હોઠે, આંખે, કપાળે, અડાડતો. પછી ચોપડીય આંખે અડાડતો. ત્યારબાદ વાંચન શરૂ કરતો. હું એને પૂછતો : 'તું આવું કેમ કરે છે?' એ કહેતોઃ 'મારા માબાપ કહે છે, એમ કરવાથી વાંચેલું યાદ રહે. અને ભગવાનની દયાથી બધું આવડી જાય!' એ વર્ષો સુધી એવું કરતો રહ્યો. પણ માંડ એ પોઇન્ટ પર પાસ થઇ શકતો. એને ન તો વાંચેલું યાદ રહેતું કે ન એના પર ભગવાનની દયા થઇ. હું એવા કોઇ જ કર્મકાંડ નહોતો કરતો છતાં પ્રતિવર્ષે પહેલો બીજો નંબર જાળવી રાખતો. દોસ્તો, આટલું સ્વપ્રશંસા અર્થે નહીં પણ માનવજીવનની એક અત્યંત મૂલ્યવાન સચ્ચાઇ પ્રગટ કરવા લખવું પડે છે.

નાનપણથી મને એ સત્ય સમજાયું હતું કે બુદ્ધિ, આત્મવિશ્વાસ અને પરિશ્રમ વગેરેથી જ સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે. ઈશ્વર આપોઆપ માણસના સુખનો ગેરન્ટીકાર્ડ બની જતો નથી. ઈશ્વર પ્રત્યેની અપાર શ્રદ્ધાને કારણે માણસમાં એક પોઝિટિવ ઍનર્જી ઉત્પન્ન થાય છે. તે માણસને સફળતા તરફ દોરી જાય છે. શ્રદ્ધાના સાઇકોલોજિકલ ફાયદાને હવે વિજ્ઞાન પણ સમર્થન આપે છે. શ્રદ્ધાથી માનસિક બળ વધે છે. એ બળ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ શ્રદ્ધાનું સીધેસીધું રૂપાંતર સફળતામાં કદી થતું નથી. શ્રદ્ધા અને સબૂરીની વચ્ચે શ્રમ શબ્દ અધ્યાહાર રહેલો છે. માણસને એટલું સમજાય તો એ સમજ સુખની મનીબેક ગેરેન્ટી બની રહે છે.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

# દવાખાનાનું બિલ

• ડૉ. આઈ.કે. વીજળીવાલા •

ટક્....ટક્....ટક્....

મારા બારણે ટકોરા પડ્યા.

'કોણ હશે આટલી રાત્રે? આટલા જોરદાર વરસાદમાં કોઇ દર્દી હશે? કે પછી પટાવાળો કોઇ સિરિયસ દર્દી માટે કોલ લઇને આવ્યો હશે?' એવો વિચાર કરતાં મેં ઘડિયાળ પર નજર માંડી. રાત્રિના ત્રણ થયા હતા. મચ્છરદાની હટાવીને હું બહાર નીકળ્યો. હજુ ઘરની લાઇટ ચાલુ કરું તે પહેલાં તો ફરી એક વાર દરવાજો જોર જોરથી ખખડ્યો. દરવાજાની સાંકળ ખખડાવવાના અવાજ પરથી જ આવનારની અધીરાઇ વર્તાઇ જતી હતી. અષાઢ મહિનાના ઉત્તરાર્ધના એ દિવસો હતા. વરસાદ સાંબેલાધારે ખાબકી રહ્યો હતો. તમરાં પણ બોલતાં નહોતાં અને કદાચ બોલતાં હશે તોપણ તેમનો અવાજ સંભળાતો નહોતો. મેં બારણું ખોલ્યું.

માથાથી પગ સુધી તરબોળ થયેલો એક આદમી ઠૂંઠવાતો ઊભો હતો. એની પાછળ જાણે એનો પડછાયો હોય તેમ એક સ્ત્રી ઊભી હતી. એણે કોથળાની કુશલી ઓઢી હતી. છતાં એ સારી એવી પલળી ગયેલી હતી. એ પણ ધ્રૂજતી હતી. પણ પ્લાસ્ટિક ઢાંકીને પોતાની છાતી સરસું દબાવેલું એનું બાળક જરા પણ ભીનું નહીં જ થયું હોય તેવું એને જોતાં જ આપણને લાગે.

'અંદર આવતા રહો' મેં કહ્યું.

થોડી વાર તો એ બંને બહાર જ ઊભાં રહ્યાં...કદાચ ઓસરી બગડશે તો? એવું એ લોકો વિચારતાં હોય તેવું મને લાગ્યું.

'ચિંતા ન કરો!..આવતાં રહો! ઓસરી બગડે તો કંઇ વાંધો નહીં,' મેં કહ્યું. એ લોકો થોડાંક સંકોચાતાં સંકોચાતાં અંદર આવ્યાં.

'બાળક માંદું છે?' હજુ એટલું જ મેં પૂછ્યું ત્યાં તો પેલા માણસની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એણે ફક્ત હકારમાં માથું હલાવ્યું.

'ક્યાંથી આવો છો?' મેં પૂછ્યું.

'ફલાણા ગામથી! અહીંથી ત્રણ ગાઉ થાય. નીકળ્યા'તા રાતે દસ વાગ્યે, પણ વરસાદ ક્યે મારું કામ! ગોઠણ ગોઠણ સુધી કેડીમાં કાદવ. બેટરી પાસે છે નહીં. અંધારે રસ્તો ભૂલી ગયાં. એટલે અથડાતાં કૂટાતાં અટાણે ઠેઠ્ય પૂગ્યાં. આ છોકરાને ઝાડા ઊલટી થઇ ગયાં છે. અહીં એક દાક્તરને બતાવ્યું તો કહે કે બહુ મોડું કરી નાખ્યું છે. છોકરાના શરીરનું પાણી ખૂટી ગયું છે. બીજા એકે તો એવું કીધું કે માથાકૂટ કરવી રહેવા દો. આ કંઇ જીવશે એવું લાગતું નથી એટલે એનામાં થોડોક જીવ છે ત્યાં જ તમારા ગામ ભેગા થઇ જાવ! બસ બાપુ!' એને ડૂમો ભરાઇ આવ્યો હોય તેવું લાગ્યું. થોડીક વાર એ માણસ કંઇ કરતાં કંઇ ન બોલી શક્યો. પછી કહે, 'મારા તો ગૂડા જ ગળી ગયા. માંડ અમે બસટેશને પૂગ્યાં. તો ન્યાંથી એક ચા વાળાએ તમારું નામ દીધું અને કીધું કે તમે આ નવા દાક્તર પાસે જઇ આવો. ઇ ના પાડે તો ગામડે વયાં જાજો. એટલે ગોતતાં ગોતતાં આંય આવ્યાં. હવે તમે હાથ નો ઝાલો તો અમે ઘર્યે વયાં જાશું. પણ સાયબ! મારે ચાર દીકરી પર આ એક જ દીકરો છે, જો એને કંઇ...' બસ! એના ગળામાં એટલી ભીનાશ આવી ગઇ હતી કે શબ્દો ઓગળીને આંસુ બની રહ્યા હતા.

હું હજુ હોસ્પિટલમાં નવો જ આવેલો હતો. મેં બાળકને તપાસ્યું. દસેક મહિનાનું એ બાળક સાંબેલાધાર વરસાદ સોંસરવું આવ્યું હતું પણ એના શરીરમાં પાણી સાવ ખૂટી ગયું હતું. સાથળની નાડી જ ધબકતી હતી. એની આંખમાં ઊંડા ખાડા હતા અને તાળવું બેસી ગયું હતું. ગામડાંઓમાં ચાલતા ધતિંગો મુજબ એના માથા પર ચાવેલા ઘઉંની લોપરી લગાડેલી હતી. એના શરીરની ચામડી સુકાઇને કોરા કાગળ જેવી થઇ ગઇ હતી. એનો શ્વાસ ખૂબ જ ઝડપથી ચાલતો હતો. એના શ્વાસની ગતિ જ બતાવતી હતી કે એના શરીરમાં હવે પાણીની જગ્યાએ ફક્ત એસિડ જ ફરતો હતો. હવે એકાદ ક્ષણ પણ બગાડવી પાલવે તેમ નહોતી. અમે વોર્ડ તરફ રીતસર દોટ જ કાઢી. ઘણા પ્રયત્ને એની સંકોચાઇને દોરા જેવી થઇ ગયેલી નસમાં અમે સોય પરોવી. ઝડપથી એના શરીરને જરૂરી પાણી તેમજ ક્ષારો આપવાનું શરૂ કર્યું. લગભગ દોઢ કલાક પછી એની નાડીઓ પાછી ધબકતી થઇ. હું ઘરે પાછો આવ્યો ત્યારે સવારના છ વાગ્યા હતા.

બીજે દિવસે પાણી ખૂટી જવાને લીધે બાળકના અટકી પડેલા ઝાડાનો પ્રવાહ ફરીથી શરૂ થઇ ગયો. એને પેશાબ પણ પૂરતા પ્રમાણમાં થવા માંડ્યો હતો. ત્રીજે દિવસે તો એ છોકરો ચાર પગે ભાંખોડિયાં ભરતો આખા વોર્ડમાં દોડાદોડી કરવા માંડ્યો. એનાં માબાપના ચહેરા પણ ખુશખુશાલ થઇ જાય એમાં કંઇ નવાઇ નહોતી પણ અમે લોકોય ઓછા ખુશ ન હતા. ચોથા દિવસે સવારે એ છોકરો સાવ સારો અને રજા આપવાને યોગ્ય બની ગયો હતો. મેં રજા-ચિઠ્ઠી બનાવીને એ માણસને હોસ્પિટલનું બિલ ભરવા મોકલ્યો. ત્યારે દરેક દર્દી પાસેથી રોજના એક રૂપિયા લેખે ચાર્જ લેવાતો. આ માણસના ત્રણ દિવસના રોકાણનું બિલ ત્રણ રૂપિયા થતું હતું. છતાં નિયમ એવો હતો કે બિલ કલાર્ક જ બનાવે. અમારે ખાલી ડિસ્ચાર્જની તારીખ લખવાની. દાખલ થયા તારીખ તે કેસમાં હોય જ.

બિલ ભરવા ગયેલો એ માણસ પંદરેક મિનિટમાં જ દોડતો આવ્યો. મારી પાસે આવીને આશ્ચર્ય સાથે બોલ્યો, 'સાયબ! ઇ

*કોઈ માણસ એવો પૈસાદાર નથી જે પોતાનો ભૂતકાળ, પાછો ખરીદી શકે. - ઓસ્કર વાઈલ્ડ*

માણહ (ક્લાર્ક) ખાલી ત્રણ જ રૂપિયા માગે છે!'

'ભલા માણસ ! તમારું બિલ ત્રણ રૂપિયા થતું હોય તો એ ત્રણ રૂપિયા જ માગે ને? એટલા જ થાય ત્રણ દિવસના. એટલે તમારે ત્રણ જ રૂપિયા ભરવાના છે!' મને હસવું આવ્યું.

'ના! ના! મારી પાસે અડતાલીસ રૂપિયા છે. મારે ઇ બધાય આપી દેવા છે. હું દઉં છું તો ઇ માણહ (કલાર્ક)ના પાડે છે'

'પણ જો અડતાલીસ રૂપિયા જ તમારા ખિસ્સામાં હોય તો બધા શું કામ આપી દેવા છે?... મેં પૂછ્યું, 'પછી ગામડે કઇ રીતે પહોંચશો? છોકરાની દવા શી રીતે લેશો? ટિકિટભાડાના તો રાખવા પડશે ને?' મારી ચિંતા એકદમ વાજબી હતી. એટલે મારાથી આટલા બધા સવાલ પુછાઇ ગયા.

એ માણસ મારી સામે ઘડીક જોઇ રહ્યો. એની આંખના ખૂણે ફરી એક વાર આંસુ તગતગી ઊઠ્યાં. જરાક વાર એણે એના પગના અંગૂઠાથી લાદી પર કંઇક રેખાઓ દોરી. પછી ગળું ખૂંખારીને એ બોલ્યો, 'સાયબ! મારો છોકરો મરણ-પથારીએથી બેઠો થઇ ગયો છે. મજૂર માણસ છઉં એટલે મારા ખિસ્સામાં ઝાઝા પૈસા નથી. જો આજ મારી પાહેં હજાર રૂપિયા હોત ને તો એનોય હું ઘા કરી દેત. લાખ રૂપિયાનો દીકરો લઇને પાછો જાઉં છું. જેમ તે દી અડધી રાત્યે ગારો ખૂંદતા આવ્યા'તાં એમ જ આજે ગારો ખૂંદતાં ત્રણેય વયાં જાશું. પણ ખિસ્સામાં એક ફદિયુંય રાખીને નીકળું તો માતાજીના સમ. આ દવાખાનાનું - તમારું ઋણ કે દિ' ચૂકવી શકશું એ તો મારો રામ જાણે!'

હું એ માણસને જોઇ જ રહ્યો. અકિંચનના વેશમાં ઊભેલો એ ગામડિયો એ ક્ષણો પૂરતો દાનવીર કર્ણથી જરા પણ ઊતરતો હોય તેમ નહોતું લાગતું. મને મનોમન એ લોકો યાદ આવી ગયા જેઓ દસ રૂપિયાની દવા ખરીદીને પાંચસો પાંચસોનાં બિલ માટે દોડાદોડી કરીને ભિખારીવેડા કરતા હોય છે. ક્યાં એ બધા સર્વસ્વ હોવા છતાં મનના ભિખારીઓ અને ક્યાં આ પોતાની પાસેના બધા જ રૂપિયા કોઇકને આપી દેવા તલપાપડ થઇ રહેલો એક અદનો આદમી!

'ભાઇ! તમે એક કામ કરો.' મેં કહ્યું, 'પેલા ખૂણામાં જે ડોશીમા બેઠાં છે ને, એની પાસે દવાના પૈસા નથી. તમે આટલા પૈસામાંથી એને એના દીકરાના દીકરા માટે દવા લાવી આપો.'

'અરે! સાયબ! મને એવું બધું ન આવડે! લ્યો, આ તમે જ આપી દેજો!' હું કંઇ પણ હા-ના કરું તે પહેલાં તો મારા હાથમાં પૈસા મૂકીને બંને જણા વોર્ડની બહાર!

હું કદાચ હા, ના કરીશ એ બીકે ધણી-ધણિયાણી છોકરાને તેડીને ઝડપથી દાદરો ઊતરી ગયા. એમને જતાં હું અને વોર્ડમાં મારી આજુબાજુ ઊભેલા સૌ જોઇ રહ્યા. એ બંનેની ચાલ પરથી એવું લાગતું હતું કે જાણે હિમાલય જેવડો બોજો મારા હાથમાં પકડાવીને બંને મુક્ત થઇ ગયાં હતાં. વોર્ડમાં થોડીક ક્ષણો પૂરતી શાંતિ છવાઇ ગઇ. ■

માહિતી

# નારી તું નારાયણી નારાયણ કરતાં મગજ જુદું!

• ડૉ. માણેક એમ. સંગોઈ •

*આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના વાતાવરણમાં લેખકશ્રીએ મોકલેલ આ લેખ માહિતીજનક છે.*

*– મુખ્યતંત્રી*

જીવશાસ્ત્ર પ્રમાણે એકલિંગી કોષમાંથી દ્વિલિંગીય જીવનો વિકાસ થયો. જીવસૃષ્ટિમાં ઉત્ક્રાંતિ થઇ ગઇ. સંયોગો થતાં એની પરમસીમાએ નર અને માદાનું માનવીય રૂપ આવ્યું. બાઇબલમાં ઇવ અને આદમની સાથે સફરજનને વચમાં લાવી સૃષ્ટિ રચનાની મધુર કલ્પના કરવામાં આવી છે.

કુદરતે નર અને નારીની શારીરિક રચના અને કાર્ય એ રીતે સર્જ્યા અને વિકસાવ્યાં છે કે એ માનવસૃષ્ટિ ચાલતી રહે. આપણા શરીરનું અને મનનું સંચાલન મગજ કરે છે. મગજ જો રિસાઇ જાય કે લાંબી મુદત માટે હડતાળ પર ઉતરી જાય તો માનવીના જીવન વ્યવહારમાં મોટો અવરોધ પેદા થાય. અવ્યવસ્થા જન્મે. મગજને ઠીક એવું વ્યવસ્થિત રહેવું પડે છે. શરીરના દરેક અંગોના સંચાલન ઉપર કાબૂ રાખવા માટે એના પોતાના અલગ અલગ ખાતાઓ છે. દરેક ખાતાને ખાસ જવાબદારીઓ સોંપાઇ છે.

સમાનતાના આ યુગમાં પણ સ્ત્રી અને પુરુષની અંગ રચના અને કાર્યોમાં ભિન્નતા રહેવાની છે. મગજમાં સ્ત્રી-પુરુષ માટે એમના વિશિષ્ટ અંગોના કાર્યો સુચારુરૂપે ચાલે એટલા માટે ખાસ વિભાગો કાર્યરત છે.

એકેન્દ્રિયથી કરી પંચેન્દ્રિય સુધી દરેક પ્રકારના જીવોમાં પોતાનું અસ્તિત્વ જાળવી રાખવાનું અને પોતાનો વંશ વધારવાનું નૈસર્ગિક વલણ હોય છે. જિજીવિષા અને વંશવર્ધનની પ્રક્રિયા જીવસૃષ્ટિના મુખ્ય નિયમ છે. આ નિયમાનુસાર બન્ને પ્રક્રિયાને સફળ કરવા સ્ત્રી અને પુરુષના મગજનો વિકાસ કુદરતે વિશેષરૂપે કર્યો છે.

પથ્થરયુગમાં સ્ત્રી અને પુરુષની કાર્યપદ્ધતિ કુદરતી રીતે વહેંચાયેલી હતી. ગુફાવાસી પુરુષો શિકાર કરવા જતાં. એમની સ્ત્રીઓ પોતાના બાળકોને સંભળાતી અને આજુબાજુમાંથી ખાવાનું ભેગું કરી આવતી. જેમ જેમ સંસ્કૃતિ, કળાઓ અને સમાજ વ્યવસ્થા વિકસતી ગઇ તેમ તેમ સ્ત્રી અને પુરુષના મગજના કોષોમાં પણ એ પ્રમાણે વૃદ્ધિ થતી ગઇ.

જિજીવિષા અને વંશવૃદ્ધિની જરૂરિયાત ઉપરાંત અનેક આર્થિક, વ્યવસાયિક, સામાજિક, સાંસ્કૃતિક ઇત્યાદિ કાર્યોનો વિસ્તાર થતો ગયો.

છેલ્લા વીસ વર્ષોમાં આ વિષયમાં સંશોધનો થઇ રહ્યાં છે. પુરુષનું મગજ સ્ત્રીના મગજ કરતાં સહેજ મોટું ભલે છે પણ સ્ત્રીમાં એના કોષોની નેટવર્કની સંખ્યા વધુ અને એના જોડાણો વધુ છે. કમ્પ્યુટરની ભાષામાં સ્ત્રી પુરુષના હાર્ડવેર લગભગ સરખા હોવા છતાં એમના સોફ્ટવેરમાં અમુક રીતે કંઇક ફરક દેખાય છે. સ્ત્રીના મગજના અમુક રાસાયણિક તત્ત્વો-ન્યુરો કેમિકલ્સ ખાસ જુદા હોય છે. પ્રજનનનું અનન્ય કાર્ય સ્ત્રી કરે છે. એના માટે ખાસ અમુક પ્રકારના હોર્મોન્સની જરૂર પડે છે. પુરુષોમાં આ હોર્મોન્સ નથી હોતા. આ ન્યુરોકેમિકલ્સ અને હોર્મોન્સને લીધે સ્ત્રી અને પુરુષના અમુક માનસિક વલણ પણ જુદા હોય છે, જેનાથી વિચાર અને વર્તનમાં ભિન્નતા આવે છે. સ્ત્રી અને પુરુષના મગજ ખાસ રીતે કામ કરતા હોવા જોઇએ. જો આવું ન હોય તો સંસારનું ગાડું કેમ ચાલે?

ઘણાં વર્ષોથી વૈજ્ઞાનિકો સ્ત્રીના મગજની રચના અને કાર્યો ઉપર સંશોધન કરતા આવ્યા છે. વૈજ્ઞાનિક સત્યો સામે આવે એમાં પૂર્વગ્રહો, વહેમો અને માત્ર ધારણાઓને સ્થાન નથી. આ સંશોધનોનું તારણ આ પ્રમાણે છે :

૧. સ્ત્રીઓના મગજમાં લાગણીઓ અને વિચારોની આપ-લે કરવાનાં કોષ વધારે વિકસીત છે. બીજાઓની લાગણીઓને સમજવાની સંવેદનશીલતા, રોજબરોજના સામાજિક વ્યવહાર, બાળકોના લાલન-પાલન કરવાની આવડત અને મગજના ડાબા તથા જમણા બંને ભાગોનો સમતોલ ઉપયોગ કરવાની ક્ષમતા સ્ત્રીઓમાં વિશેષ છે.

૨. સ્ત્રીઓમાં પોતાની ભાવનાઓ વ્યક્ત કરવાની અને ભાવનાત્મક પ્રસંગોને યાદ કરવાની શક્તિ પુરુષો કરતાં વધારે છે. લાંબા સમય સુધી સુખદ તેમજ દુઃખદ ઘટનાઓને એ ભૂલી શકતી નથી.

૩. સ્ત્રી વિશેષ ભાવનાશીલ હોવાથી દુઃખી લોકોને સાંત્વના અને હિંમત વધુ સારી રીતે આપી શકે છે.

૪. વ્યક્તિઓના ચહેરા જોઇ એને પારખવામાં સ્ત્રીઓ વિશેષ નિપુણતા દાખવે છે. એમની સ્ફુરણશક્તિ (Intuition) પણ નોંધનીય છે. ભવિષ્યમાં શું થવાનું છે એની કંઇક સ્ફુરણા-આભાસ એમને થઇ જાય છે.

૫. વાક્‌શક્તિ : શબ્દોના સુચારુ ઉચ્ચારણ, એમની ગોઠવણ અને અભિવ્યક્ત કરવાની સૂઝબૂજ પણ કંઇક વિશેષ ધરાવે છે. એમના મગજનો મોટાભાગનો ક્ષેત્ર વાક્‌શક્તિ માટે રોકાયેલો હોય છે. અમેરિકાની યેલ યુનિવર્સિટીના સંશોધન પ્રમાણે મગજના

*ધ્યેય પર દૃષ્ટિ સ્થિર રાખી જે મક્કમ પગલે આગળ વધશે, તે મુકામે જરૂર પહોંચશે - ડિઝ્રાયરેલી*

બન્ને ભાગોનો ઉપયોગ સ્ત્રી વાક્શક્તિ માટે કરી શકે છે, જે પુરુષો નથી કરી શકતા. ગુસ્સો વ્યક્ત કરવો હશે તો સ્ત્રી હાથ કરતાં જીભ વાપરવાનું વધારે પસંદ કરશે. (ન છૂટકે વેલણ પણ!) પતિ-પત્ની વચ્ચે ઝઘડો થાય તો પત્ની જ જીતે છે. એટલે સમજુ લોકોએ સલાહ આપી છે કે પોતાની પત્ની સાથે વાક્યુદ્ધનું સાહસ ન કરવું.

૬. કળાત્મક અભિવ્યક્તિ, સજાવટ, સૌંદર્યબોધ, સંવેદનશીલતા, સમૂહમાં કામ કરવાની કળા સ્ત્રીઓમાં વિશેષ હોય છે.

૭. પુરુષ ડાબી બાજુના મગજને વિશેષ રૂપે વાપરી શકે છે. જ્યારે સ્ત્રી બંને બાજુના મગજને. આના પરિણામે સ્ત્રી વધુ રચનાત્મક રીતે અને વિશેષ ભાવાત્મક રૂપે મુશ્કેલીઓનો સામનો કરી વર્તમાન પરિસ્થિતિને સુધારી શકે છે.

૮. એસ્ટ્રોજીન હોર્મોન જે સ્ત્રીમાં જ છે તે ઓક્સીટોસીન નામના બીજા હોર્મોનને વિશેષ કાર્યરત કરે છે. આના કારણે સંકટના સમયે કપરી ઘડીઓમાં સ્ત્રીઓ શાંત રહી રક્ષણાત્મક વલણ અપનાવે છે. એસ્ટોજીનના અભાવમાં પુરુષ ઉગ્ર અને આક્રાત્મક બની જાય છે.

૯. જાતીય સંબંધ ધરાવતા શરીરના જૈનિક તત્ત્વો (Genetic elements) અને વિશેષ પ્રકારના હોર્મોન્સને લીધે સ્ત્રીના પ્રજનન અંગો, સ્તન, ત્વચા, શારીરિક બંધારણ, માથાના અને દેહ ઉપરના વાળ, મૂત્રમાર્ગ વગેરેની જુદી રચનાને લીધે સ્ત્રીઓ અને પુરુષના મગજની કાર્ય પદ્ધતિમાં ફેર પડ્યો છે. એની પરિપક્વતાની ગતિ ઝડપી હોય છે. દીકરા કરતાં દીકરી જલદી મોટી થયેલી લાગે ને!

૧૦. પુરુષોને ઘણીવાર વિચાર આવે છે કે સ્ત્રીઓને ચાર ચાર અને આઠ આઠ હાથ વાળી દેવીઓની ઉપમા શા માટે આપવામાં આવે છે! સ્ત્રીઓમાં એમને અનેક હાથવાળી સરસ્વતી, દુર્ગા, મહાલક્ષ્મી કે મહાકાળી દેવીઓના દર્શન થાય છે! ધાર્મિક કથાઓમાં પ્રતિકાત્મક રૂપે ભલે વર્ણન કરવામાં આવ્યું હોય પણ હકીકતમાં ન્યુરોલોજિસ્ટોએ સંશોધન કરી તારવણ કર્યું છે કે સ્ત્રીઓનું મગજ એક સાથે અનેક કાર્યોમાં વ્યસ્ત રહી સારી રીતે કામ કરી શકે છે. જાણે કે એમના ચાર ચાર હાથ હોય! મમ્મી એક હાથમાં ચમચો લઇ રસોઇ બનાવી રહી છે. બીજા હાથમાં મોબાઈલને કાન પર દબાવી પોતાની મમ્મીજી સાથે વાર્તાલાપ કરી રહી છે તો બાજુમાં વૉકરમાં બેઠેલી પીંકીને રમાડી રહી છે. તો ધ્યાન જરા ટી.વી.માં ચાલી રહેલ સિરિયલ, 'કૃષ્ણાબહેન ખાખરાવાલા' પર પણ અપાઇ રહ્યું છે. સ્ત્રી ઘરના, બહારના, સામાજિક વ્યવહારના, કૌટુંબિક સંબંધોના અને પોતાની કારકિર્દીના - આ બધાં કાર્યો એકી સાથે સ્ફૂર્તિ અને સહજતાથી કરી લે છે. પુરુષો ભલે ને કહેતાં, 'એમાં શું?'

૧૧. સ્ત્રીઓમાં સુખ દુઃખ, માનસિક દ્વંદ્વ, કૌટુંબિક અને સામાજિક સંઘર્ષોને સહન કરવાની શક્તિ પુરુષો કરતાં જુદી હોય છે. એમના મગજમાં ઉત્પન્ન થતા ડોપામાઈન, એસોટોનીન અને ગામા એમિનો બ્યુટિરિક એસિડ આમાં સારો ભાગ ભજવે છે. સ્ત્રી શારીરિક પીડાનો વિશેષ અનુભવ કરે છે એનું કારણ એના મગજના ડાબા ભાગે રહેલ એમીગ્ડાલા નામનો પ્રદેશ છે. સ્ત્રીમાં શારીરિક પીડાને સહન કરવાની શક્તિ પુરુષો કરતાં ઓછી હોય છે. પુરુષો આને બહાનું ન સમજે.

૧૨. કોઇપણ વ્યક્તિને જમણા પડખે લકવો થાય તો એની બોલવાની શક્તિ પર અસર કરે. સ્ત્રીઓની વાક્શક્તિ પ્રબળ હોવાથી જમણા પડખાના લકવાને લીધે જો બોલવામાં - વાત કરવામાં મુશ્કેલી પડતી હોય તો પુરુષો કરતાં એનામાં જલદી સુધારો થાય છે.

૧૩. સ્ત્રી હરીફાઈમાં ઉતરવા કરતાં સાથે મળીને કામ કરવામાં વધારે અભિગમ ધરાવે છે. વસ્તુનું હાર્દ સમજવામાં કુશળ હોય છે.

૧૪. પુરુષોનો અહમ્, 'બીજા મારી ઉપયોગિતા સમજે ને મારી અગત્યતા સ્વીકારે,' એમાં સંતોષાય છે. જ્યારે સ્ત્રીનો અહમ્, 'હું બધાને કેમ ગમું અને સૌ મને ચાહે', એના પ્રયત્નોમાં રાજી રહે છે. પુરુષ, સન્માન-હોદ્દો ચાહે છે, સ્ત્રી સ્નેહની ઝંખના કરે છે. પપ્પુ પોતાના પપ્પાને તુંકારી બોલાવશે તો એને લાફો પડશે પણ મમ્મીને જ્યારે તુંકારી બોલાવશે તો મા એને પ્યારની જપ્પી આપશે.

૧૫. ગર્ભાધાન અને પ્રસવ બાદના મહિનાઓમાં સ્ત્રી આજુબાજુના વાતાવરણ પ્રત્યે વધારે સચેત અને જાગૃત થઇ જાય છે. ગર્ભાવસ્થાના નવ મહિનાના સમયે એની મગજની શક્તિ વિશેષ રૂપે ખીલે છે. એની યાદશક્તિ, ધારણાશક્તિ, હિંમત, સંવેદનશીલતા, કાર્યોની અગ્રતાને સમજવાની ને એમને ક્રમવાર કરવાની ક્ષમતાનો આ સમયમાં વધારો થાય છે. આ ફાયદો પ્રસવ પછી પણ ઘણાં વર્ષો સુધી રહે છે. પણ આ ત્યારે જ બને જ્યારે ગર્ભાવસ્થામાં એ પૂરતી ઊંઘ લે, પોતાની લાગણીઓને દબાવે નહીં. ખુલ્લા મનથી સ્વજનોની સાથે આપ-લે કરે, હકારાત્મક અભિગમ રાખે અને આહારમાં પૂરતાં પ્રમાણમાં શાકભાજી, ફળ, દૂધનું સેવન કરે. (એટલા માટે જ પિયરે મોકલવામાં આવતી હશે)

સ્ત્રીઓના ખોરાકમાં લોહતત્ત્વની પુરુષો કરતાં વિશેષ જરૂર પડે છે. એનું મુખ્ય કારણ માસિકસ્રાવ છે. લોહતત્ત્વ ઘટી જાય તો પગ દુઃખે, સ્વભાવમાં ચીડચીડિયાપણું આવે, થાક લાગે વગેરે શારીરિક-માનસિક ચિહ્નો દેખાય. એના ઉપાયમાં લીલા પાંદડાવાળી ભાજીઓના સૂપ, ગાજર, સીમલા મરચાં, વાલોળ, ચોરાફળી, અંકુરિત કઠોળ, લીલા વટાણા,

**(અનુસંધાન : જુઓ પાના નંબર-૪૦ ઉપર)**

*તમે કોઈ પુસ્તક ખરીદો છો ત્યારે માત્ર કાગળ નથી ખરીદતા, પણ એક આખું નવું જીવન ખરીદો છો.- ક્રિસ્ટોફર મોર્લી*

# "મંગલ મંદિર" — શ્રેષ્ઠ લેખ — શ્રેષ્ઠ આંજો કાગર

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે મંગલ મંદિરમાં પ્રસિદ્ધ થતા મૌલિક લેખોમાંથી 'શ્રેષ્ઠ લેખ' તથા તેના પર આવતા 'આંજો કાગર' વિભાગમાંના પત્રોમાં 'શ્રેષ્ઠ પત્ર' બાબતે નિર્ણય કરવાનું આ વિષયના જાણકાર, સાહિત્ય રસિક તેમજ યોગ્ય મિમાંસા કરી તારવણ કાઢી શકે એવી એક સમિતિની રચના કરવામાં આવેલ હતી અને એ સમિતિમાં સેવા આપવા નીચે મુજબના તજજ્ઞોને વિનંતી કરવામાં આવેલ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧. | **શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી** | - ભાષાવિદ્ | સંયોજક |
| ૨. | **શ્રી હંસરાજ ઠાકરશી કંસારા** | - કોમ્યુનિકેશન કન્સલ્ટન્ટ | સભ્ય |
| ૩. | **શ્રી ભોલાભાઈ એન. ગોલીબાર** | - ખ્યાતનામ સાહિત્યકાર તથા 'ચંદન'ના મુખ્યતંત્રીશ્રી | સભ્ય |

ઉપરોક્ત સમિતિએ મંગલ મંદિરના એપ્રિલ-૨૦૧૦થી માર્ચ-૨૦૧૧ના અંકોમાં પ્રસારિત કરવામાં આવેલ દરેક લેખ અને આંજો કાગર વિભાગના દરેક પત્રોની ચકાસણી કરી, દરેક લેખ તથા પત્રની વિશાળ પરિપ્રેક્ષ્યમાં મૂલવણી કરી અને પોતાના નિર્ણયો જાહેર કરેલ છે.

- **સમિતિની જાહેરાત :**

આ સાથે મંગલ મંદિર (૨૦૧૦-૧૧) માટે આપની સંસ્થા દ્વારા ગઠિત 'ચયન સમિતિ'ના અવલોકન તેમજ નિર્ણય પ્રેષિત છે, જેનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે.

- **ચયન સમિતિનું અવલોકન :**

★ સામયિકના વિશાળ વાંચક વર્ગને એની અપેક્ષા અનુસાર માહિતી, શિક્ષણ અને રસપ્રદ વાંચન સામગ્રી આપવાનો, સમાજલક્ષી સામયિકનો મૂળભૂત અભિગમ.

★ સામયિકમાં પ્રકાશિત લેખોના લેખકોનો સમાજસેવાલક્ષી અભિગમ (પુરસ્કારની અપેક્ષા વિના.)

★ સમાજનું મુખપત્ર હોઈ સમાજની મૂળભૂત નીતિઓ અને મર્યાદાઓ જાળવવાનો તંત્રી મંડળનો અભિગમ.

ઉપરોક્ત બાબતોને લક્ષમાં લઈ, જે લેખ 'સર્વતોમુખી' સમાજના મોટા ભાગને સ્પર્શતા વિષયને, એ વાંચકવર્ગ સમજી શકે તેવી સરળ ભાષામાં સ્પષ્ટ શિક્ષાત્મક, પ્રેરણાદાયક અને રસપ્રદ રીતે સાંપ્રત સમસ્યાનું વિશ્લેષણ જે લેખોમાં જોવા મળ્યું તે લેખોમાં ભાષા, શબ્દપ્રયોગ અને અભિવ્યક્તિ શૈલીની દૃષ્ટિએ, શ્રેષ્ઠ જણાયેલા લેખોને પ્રાથમિકતા આપવામાં આવેલ છે.

એ જ રીતે 'આંજો કાગર' વિભાગમાં પણ શ્રેષ્ઠ પત્ર કે જેમાં સાંપ્રત સમસ્યાની સમજ અને વ્યવહારુ સૂચન પ્રસ્તુત થયેલ છે તેને પ્રાથમિકતા આપવામાં આવેલ છે.

- **ઘોષિત પરિણામો :**

*લેખ વિભાગ :*

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્ટ્રેસ ડિસ ઑર્ડર | સપ્ટેમ્બર-૨૦૧૦ | લેખક : **ડૉ. (પ્રા.) મણિલાલ ગડા અને ડૉ. (પ્રા.) દીપ્તિ એસ. શાહ (ગડા)** |
| ૨. | કુદરત - સૃષ્ટિની ટ્રસ્ટી | માર્ચ-૨૦૧૧ | લેખક : **ડૉ. ગિરીશ વીછીવોરા** |
| ૩. | પગ ખેંચવા કરતાં પીઠ થાબડવી સારી | ડિસેમ્બર-૨૦૧૦ | લેખક : **ગુલાબચંદ ધારશી રાંભિયા** |

- **આંજો કાગર વિભાગ :**

| | | | |
|---|---|---|---|
| ૧. | આપણે મૌન શા માટે છીએ? | ઓગસ્ટ-૨૦૧૦ | **શાંતિલાલ વ. શાહ** |
| ૨. | ભારતની સંસ્કૃતિની ઉદાત્તતા સાચેજ | સપ્ટેમ્બર-૨૦૧૦ | **મુરજી ગડા** |

*ભવદીય*

*મહેન્દ્ર સાકરચંદ દોશી - સંયોજક*

*હંસરાજ ઠાકરશી કંસારા - સભ્ય*

*ભોલાભાઈ એન. ગોલીબાર - સભ્ય*

**નોંધ :**

૧. ખૂબ ખૂબ આભાર નિર્ણાયક સમિતિનો - તેના દરેક સભ્યશ્રીનો.
ખૂબ જ કઠિન કાર્યને અથાગ જહેમત ઉઠાવી પરિણામલક્ષી બનાવ્યું.

*બાળકોનું વિશ્વ જ આદર્શ કહી શકાય તેવું વિશ્વ હોય છે.*

તેઓશ્રીમાં મૂકેલ વિશ્વાસને સાર્થક કરી બતાવ્યું.

૨. ખૂબ ખૂબ અભિનંદન **ડૉ. (પ્રા.) મણિલાલ ગડા અને ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા), ડૉ. ગિરીશ વીછીવોરા, શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા, શ્રી શાંતિલાલ વ. શાહ** તથા **શ્રી મુરજી ગડા**ને.

તેઓએ પોતાના લેખો રજૂ કરવા તથા પત્ર લખી તેને પ્રસારિત કરવા 'મંગલ મંદિર'ના માધ્યમને સ્વીકાર્યું અને મંગલ મંદિરને શક્ય ઊંચાઈએ પહોંચાડવા પોતાના પ્રયાસો આદરી તંત્રી મંડળને સાથ સહકાર આપ્યો.

૩. અન્ય અનેક લેખો તથા અનેક પત્રો તેટલા જ શ્રેષ્ઠ છે પરંતુ ક્રમાંક આપવા ક્યાંક તો નિર્ણય લેવો પડે તેવું આ સમિતિએ વિગતે લખીને અમને અન્ય પત્ર દ્વારા જણાવેલ છે. તેથી અન્ય લેખકો તથા આંજો કાગર વિભાગમાં પત્રો પાઠવનાર દરેક વ્યક્તિના પણ અમે તેટલા જ આભારી છીએ

*– મુખ્ય તંત્રી*

## નારી તું નારાયણી

**(અનુસંધાન : પાના નંબર-૩૮ ઉપરથી ચાલુ)**

કોળું, ફુલકોબી, બદામ-પીસ્તા અખરોટ-કીસમીસ, અંજીર-ખજૂર વગેરેનો ઉપયુક્ત ખોરાક લોહતત્ત્વ વધારી શકે છે. લોહતત્ત્વને પચાવવા માટે વિટામિન 'સી' ની ખાસ જરૂર પડે છે. જે આંબળા, સંતરા, લીંબુ, કીવી, પેરૂ, પપૈયામાં છે. આવા પ્રકારનો ખોરાક સ્ત્રીના મગજ પર મૂડ સુધારવામાં મદદ કરશે.

ગર્ભાવસ્થાના સમયે ફિઝિયોથેરાપિસ્ટની સલાહ પ્રમાણે યોગ્ય વ્યાયામ, પ્રાણાયામ, ધ્યાન વગેરે પણ ઘણા જરૂરી છે.

વૈજ્ઞાનિક પુરાવાથી પ્રમાણિત થયેલ ઉપર જણાવેલ પંદર હકીકતોના લક્ષણ વ્યક્તિ વ્યક્તિમાં ઓછા કે વધુ પ્રમાણમાં હોઇ શકે. પુરુષ પ્રધાન બની ગયેલ આપણા સમાજમાં આ પંદર સત્યો ઘણા કામ લાગશે. સ્ત્રી પુરુષના સંબંધોને સમજી હકારાત્મક રીતે વિકસાવવામાં ઘણા ઉપયોગી થશે. બંનેના વિચારો, લાગણીઓ અને વર્તન એકબીજાના પૂરક થશે. જીવન નિર્વાહની, પોતાના અહમ્‌ને પોષવાની, સામાજિક, કૌટુંબિક, વ્યવસાયિક સંબંધો વચ્ચે સમતોલન જાળવવાની તથા બાળકોના લાલન પાલનની બાબતોમાં આનંદ-મંગલ પ્રવર્તશે. બીજા પ્રત્યેની ખોટી હરીફાઇઓ, ગેરસમજ, માનસિક દબાણો, શારીરિક શોષણ, જાતીય સંબંધોમાં થતી વિકૃતિઓ ઓછી થશે. કુદરતની હંમેશાં મહેરબાની રહેશે.

**પુરુષની પ્રાર્થના :**

*પુરુષત્વ પામી 'દાદો' બન્યો હું, હવે સ્નેહશાંતિ ઝંખું, સ્ત્રીનું મગજ આપજે. જીવનયાત્રા પછી જો મનુષ્ય યોનિ પામું તો હે, પ્રભુ સ્ત્રીભવ મને આપજે.'*

*૧૮, સાગરપ્રભા, પ્રભાનગર,*
*પ્રભાદેવી બાબુ રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૫.*

# શ્રી ભુજપુર ક.વી.ઓ. સર્વોદય ટ્રસ્ટ

• અશોક મહેતા •



**વિવિધલક્ષી સંકુલ**

માનવામાં ન આવે એવી એક અજાયબ બીના છે! કચ્છના એક ગામમાં જરૂરિયાતવાળી વ્યક્તિઓને બંને ટાઇમ જમવાનો એક મહિનાનો ચાર્જ માત્ર રૂા. ૧૦૦/- જમનારની સંખ્યાનો કોઇપણ પ્રકારે બાધ નહીં.

અન્ય વ્યક્તિઓને આ પ્રકારનો જમવાનો ચાર્જ માત્ર રૂા.૪૫૦/-.

આજે જ્યારે સામાન્ય રીતે આ ખર્ચ રૂા. ૧૦૦૦/- થી રૂા. ૧૫૦૦/- જેવો થતો હોય ત્યારે અહીં આવું કેમ?

તપાસ કરતાં જાણવા મળ્યું કે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ વિચારમંથન કર્યા બાદ આ પ્રમાણેનો નિર્ણય લીધેલ છે.

નિર્ણય પાછળનો તર્ક જાણવાની ઇન્તેજારી દાખવી. જવાબ મળ્યો - ગામમાંથી વ્યવસાય અર્થે અન્યત્ર મોટા શહેરોમાં વસવાટ કરતા નાગરિકો ફરી ગામમાં આવી વસવાટ કરે એ માટે આ યોજના અમલમાં મૂકેલ છે.

મુંબઇ જેવા શહેરમાં રિટાયર્ડ થયેલ વડીલ વર્ગ કોઇપણ પ્રકારના વ્યવસાય વગર રહેણાંક કરે તેના બદલે ગામડાંની સ્વચ્છ આબોહવામાં પોતાનું શેષ જીવન ગાળે એ વધુ ઇચ્છનીય છે.

વડીલોની પાછળ પાછળ યુવાન વર્ગ પણ વાર-તહેવારે ફરવા અર્થે ગામમાં આવે તો ગામના શુષ્ક વાતાવરણમાં ચમકારો આવે અને ગામ જીવંત બની જાય.

વડીલો ઉંમરના કારણે થોડા અશક્ત બની ગયેલ હોવાથી ઘરની બધી જવાબદારી અદા ના કરી શકે. પરંતુ જો તેઓ માટે ખાવા-પીવાની, ઘર જેવી જ વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો તેઓ જરૂર ગામમાં રહેવાનું વિચારી શકે.

થોડાક વર્ષની મહેનત પછી પરિણામ એ આવેલ છે કે આજે પ્રથમ પ્રકારમાં અંદાજિત ૫૦ વ્યક્તિ અને બીજા પ્રકારમાં અંદાજિત ૨૦ વ્યક્તિ આ યોજનાનો લાભ લેતી થયેલ છે. સાથે સાથે છૂટક પ્રવાસીઓ અંદાજિત ૩૦ની સંખ્યામાં આ ભોજનાલયનો લાભ લે છે.

આ વાત છે કચ્છના મુંદ્રા તાલુકાના ભુજપુર ગામની. સંસ્થાનું નામ છે "શ્રી ભુજપુર ક.વી.ઓ. સર્વોદય ટ્રસ્ટ."

સંસ્થાના બધા જ ટ્રસ્ટીશ્રીઓ સુખી-સંપન્ન છે. બે પાંદડે થયેલ છે. પોતાના વતનના ગામનું કઇ રીતે ભલું થાય તે વિચારી કાર્યરત રહે છે.

કોઇપણ પ્રકારનું કાર્ય, ટીમ વગર થતું નથી. ટીમ વર્ક હોવું જરૂરી છે. એકરાગતા હોવી જરૂરી છે. ક્રિકેટની રમતમાં પણ ટીમ વર્ક હોય છે. ભુજપુર ગામની આ ટીમ પણ ૧૧ વ્યક્તિઓની બનેલ છે. કેપ્ટન (પ્રમુખ) તરીકેની જવાબદારી શ્રી ઠાકરશીભાઇ મેઘજી શેઠિયાને સુપરત કરવામાં આવેલ છે.

એક સમયે ટ્રસ્ટીશ્રી વલમજી ધરમશી દેઢિયાના મગજમાં એક વિચાર બીજ સ્ફુરી ઊઠ્યું. વિચાર મંથન શરૂ થયા. યોજનાઓ વિચારાતી ગઇ. ચર્ચા-વિચારણાના અંતે તેને નક્કર સ્વરૂપ અપાતું

*પોતાને માટે સુખ ચાહવું એ આસુરી - રાક્ષસીવૃત્તિ છે.*



*ડાબેથી ટ્રસ્ટીશ્રીઓ :*
*શ્રી વલમજી ધરમશી દેઢિયા,*
*સ્વ. શ્રી હીરજી જેઠાભાઈ ગાલા (જ્યોતિ),*
*શ્રી કિશોર નરશી દેઢિયા,*
*શ્રી સતીષ શામજી છેડા,*
*શ્રી દિનેશ પોપટલાલ દેઢિયા,*
*શ્રી રવિલાલ દેવરાજ દેઢિયા,*
*શ્રી તુષાર મગનલાલ દેઢિયા,*
*શ્રી કેશવજી પદમશી ગોગરી,*
*શ્રી રમણિકલાલ છગનલાલ દેઢિયા,*
*શ્રી ઠાકરશી મેઘજી શેઠિયા તથા*
*શ્રી રમણિકલાલ રામજી મોતા.*

ગયું અને દૃષ્ટિ સમક્ષ તરવરી ઊઠ્યું એક વિવિધલક્ષી સંકુલ.

યોજનાને કાગળ પર મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું. પ્લાનિંગ થયા. ડિઝાઇન કરવામાં આવી. ખર્ચના એસ્ટિમેટ તૈયાર થયા અને વિવિધ કોન્ટ્રેક્ટરોને કામ સુપરત કરવામાં આવ્યા.

ગામના જ એક સખી ગૃહસ્થ શ્રી નરશી રાયશી દેઢિયાના વરદ્ હસ્તે તા. ૨૨-૨-૧૯૯૯ ના ભૂમિપૂજન કરાવવામાં આવ્યું. ટ્રસ્ટીશ્રી વલમજી ધરમશી દેઢિયા તથા ટ્રસ્ટીશ્રી કિશોર નરશી દેઢિયા દિન-રાત જોયા વગર કામે લાગી ગયા. મનમાં ધગશ હતી કંઇક સદ્કાર્ય કરવાની. કિસ્મતે સહકાર આપ્યો. અને માત્ર ૭ મહિનાના ખૂબ જ ટૂંકા સમયમાં, કચ્છના એક નાના ગામમાં ૧૫૦૦૦ ચો. ફૂટ બાંધકામ ધરાવતું એક અદ્યતન સંકુલ ઊભું કરી દેવામાં આવ્યું. કદાચ મુંબઈમાં પણ આ પ્રકારની સગવડવાળું મકાન અન્ય સામાજિક સંસ્થાઓ ઊભું ના કરી શકે તેવા ભવ્ય સંકુલનું અહીં નિર્માણ કરવામાં આવ્યું. રહેવા માટે વિવિધ સગવડતા ધરાવતા વિવિધ પ્રકારના ડબલ બેડવાળા ૧૨ રૂમ, ૨૦ વ્યક્તિનો સમાવેશ થઇ શકે તેવી ડોરમેટરી, ૨૦૦ વ્યક્તિનો સમાવેશ થઇ શકે તેવો હોલ, કોન્ફરન્સ રૂમ, ઓફિસ, ભોજનશાળા તથા રસોઇ ઘર. દરેક રૂમમાં ગરમ પાણીની વ્યવસ્થા, સોલાર સિસ્ટમ, ૨૪ કલાક વીજળી પાવર, તથા ૨૪ કલાક માટે ખુલ્લું રહેતું આ સંકુલ જોતજોતામાં તૈયાર થઇ ગયું. તા. ૨૧-૧૧-૧૯૯૯ ના દિવસે તત્કાલીન ગુજ.રાજ્યના અધ્યક્ષશ્રી ધીરુભાઇ શાહના વરદ્ હસ્તે તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું અને ત્યારબાદના સમયમાં તેને જાહેર જનતાના વપરાશ માટે ખૂલ્લુ મૂકવામાં આવ્યું.

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપ સામે અડીખમ ઊભું રહેલ આ સંકુલ આજે પણ પૂર્ણપણે કાર્યરત રહેવા પામેલ છે. દરરોજ બહારગામથી આવતા અનેક પ્રવાસીઓ તેનો લાભ લે છે. ભોજનાલયનો લાભ ગામના જ વતનીઓ તથા પ્રવાસીઓ લે છે. હોલનો ઉપયોગ વર્ષમાં ૪૦થી ૫૦ દિવસ જેવો રહેવા પામે છે. મેળાવડા, મિટિંગ, પ્રાર્થનાસભા, વગેરે પ્રસંગોએ આ હોલ ખૂબ જ ઉપયોગી સાબિત થયેલ છે.

શ્રી ક.વી.ઓ. સમાજ-મુંબઇની ખબરપત્રિકાનું વિતરણ અહીંથી નિયમિતપણે આજુબાજુના પાંચેક જેટલા ગામોમાં વિનામૂલ્યે કરવામાં આવે છે.

સ્થાનિકે એક અનેરું વ્યક્તિત્વ ધરાવનાર આ ગામના જ શ્રી અરવિંદ રતનશી દેઢિયાની કાર્યશૈલી અનુમોદનીય રહેવા પામેલ છે. અન્ય સ્ટાફ પણ ખૂબ જ વિનમ્રપણે પોતાની સેવા આપી રહેલ છે કે જેઓની મહેનત અને ધગશે આ સંકુલનું નામ સારાયે કચ્છમાં ઉજાળેલ છે.

કોઈપણ જાતના વાદ-વિવાદ વગર કે પ્રચાર કાર્ય વગર સેવાના અનન્ય ભેખધારી એવા ટ્રસ્ટીશ્રીઓએ ભુજપુર ગામમાં આ સેવા ઉપલબ્ધ કરાવેલ છે. કચ્છના અન્ય ગામો અગર આ પ્રકારના કાર્યનું અનુકરણ કરશે તો કચ્છના અનેક ગામો વારંવાર મુલાકાત લેવા યોગ્ય બની રહેશે.

અહીંના ટ્રસ્ટીશ્રીઓની ભાવિ યોજના છે કે ગામની જરૂરિયાતવાળી વ્યકિતઓને હાલે માસિક રૂા. ૧૦૦/- માં જમાડવામાં આવે છે તેના બદલે વાર્ષિક રૂા. ૩૬૫/- માં જમાડવામાં આવે. એટલે કે દરરોજનો માત્ર રૂપિયો એક!

ગામમાં મહાજનવાડી ઊભી કરવાનું પણ એક સ્વપ્ન છે.

ટ્રસ્ટીશ્રીઓની સમાજસેવાની જ્યોત સદાયે જલતી રહે તેવી અભ્યર્થના.

**સાથે સાથે એક વિનમ્ર પરંતુ એક જરૂરી સૂચન :-**

***અગર વયસ્કોને રેંટિયા પર સૂતર કાંતવાની કે તેઓથી થઈ શકે તેવી અન્ય ઉત્પાદન પ્રવૃત્તિમાં કાર્યરત કરાવી શકાય તો તેવી પ્રવૃત્તિઓથી ભારત દેશની અનન્ય સેવા થઈ શકે. અન્ય ગામો માટે આ ગામ મિસાલ બની શકે.***

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*શિક્ષિત લોકો પરિસ્થિતિ પ્રમાણે બદલાઈ શકે છે પણ અનુભવી લોકો પોતાના પ્રમાણે પરિસ્થિતિ બદલી શકે છે.*

તંદુરસ્તી

# એન્ઝાઇટી ડિસઓર્ડર – (૨)
## (Anxiety Disorder)

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

એન્ઝાઈટી ડિસઓર્ડર ભાગ-૧માં આપણે જાણ્યું કે મનની બીમારીના કારણે નરેન્દ્રને શારીરિક લક્ષણો (શરીરમાં કળતર, માથાનો દુઃખાવો, શરીરમાં નબળાઇ, હાથપગમાં ઝણઝણાટી, શરીર અંદરથી ગરમ લાગવું, અનિદ્રા, ભૂખ ઓછી થવી વગેરે) થતા હતા. મનની સારવાર (દવાઓ, કાઉન્સેલિંગ, માનસિક શિથિલતા, જીવનશૈલીમાં તથા અભિગમમાં ફેરફાર) કરવાથી ઉપરોક્ત શારીરિક લક્ષણો તથા મનની બીમારી કાબૂમાં આવી. દર્દનાશક દવાઓ (pain killers), ટોનિક વગેરે આપ્યા વગર શારીરિક લક્ષણો કાબૂમાં આવ્યા.

એન્ઝાઈટી ડિસઓર્ડર બીમારી વિશે વધુ જાણકારી નીચે પ્રમાણે છે.

- **લક્ષણો :**

એન્ઝાઈટી ડિસઓર્ડર બીમારીમાં શારીરિક લક્ષણોને લીધે દર્દી ડોક્ટર પાસે આવે છે.

**શારીરિક લક્ષણો :**

૧. આખા શરીરમાં દુઃખાવો/કળતર થાય. કોઈક વખત ખભામાં દુઃખાવો થાય, કોઈક વખત ગરદનમાં દુઃખાવો થાય. કમરમાં દુઃખાવો થાય.

દુઃખાવો શરીરના એક ભાગમાં ન રહેતાં જુદા જુદા સમયે જુદા જુદા ભાગમાં થાય. શરીરના કોઈપણ સ્નાયુમાં (skeletal muscle) થઈ શકે (fleeting pain)

૨. માથાનો દુઃખાવો થાય. માથું ઝીણું ઝીણું દુઃખે. માથું ભારી લાગે. કામમાં કે ઈતર પ્રવૃત્તિમાં ધ્યાન પરોવાથી માથાના દુઃખાવામાં રાહત મળે છે.

૩. નબળાઇ લાગે, અશક્તિ લાગે. થોડુંક ચાલવાથી કે થોડુંક જ કામ કરવાથી થાક લાગે. ગમે તેટલા ટોનિક કે ઈંજેકશનો લીધા પછી પણ નબળાઇ રહ્યા કરે.

૪. હાથપગમાં ઝણઝણાટી થાય છે. હાથપગ સૂઇ જતા હોય એમ લાગે છે.

૫. શરીર અંદરથી ગરમ લાગે છે. તાવ જેવું લાગે. થરમોમીટરમાં શરીરનું તાપમાન નોર્મલ હોય છે.

૬. ભૂખ ઓછી થાય છે. મનથી ખાવાની ઈચ્છા થતી નથી. ખાવામાં રુચિ રહેતી નથી. ખાવું જોઈએ એટલે દર્દી પરાણે જમી લે છે.

૭. અનિદ્રા ઊંઘ મોડેથી આવે છે. સવારના પણ વહેલું ઊઠી જવાય છે. ઘણી વખત મોડેથી ઊંઘ આવે છે. પરોઢિયે મીઠી ઊંઘ આવે છે. સવારના ઊઠવામાં મોડું થઇ જાય છે.

શારીરિક તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સી.ટી. સ્કેન, એમ.આર.આઇ. સ્કેન નોરમલ આવે છે. ઘણી વખત તપાસ બોર્ડરલાઇન આવે છે. આ વખતે મનના લક્ષણો પર ધ્યાન આપવું જરૂરી છે.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણાની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હૉસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


**(બ) મનના લક્ષણો :**

***બુદ્ધિજન્ય લક્ષણો :***

૧. કામમાં કે ધંધામાં ધ્યાન કેન્દ્રિત કરી શકાતું નથી. આને લીધે કામમાં ભૂલો થાય છે. જે પહેલાં જવલ્લેજ થતી હોય છે.

૨. ***આત્મવિશ્વાસ :*** આત્મવિશ્વાસ ઓછો થઇ જાય છે. પોતે જે કરે છે એ યોગ્ય છે કે નહીં એ વિષે પોતાના મનમાં શંકા રહે છે. જેથી સમય પર કાર્ય થતું નથી. કાર્ય અધૂરું રહી જાય છે (આવડત હોવા છતાં)

૩. ***નિર્ણયશક્તિ :*** દર્દી નિર્ણયો લેવાનું ટાળે છે. નકારાત્મક પરિણામની અયોગ્ય ચિંતા થાય છે જેથી યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લેવાતા નથી. આની અસર કામ પર થાય છે.

***લાગણીજન્ય લક્ષણો :***

૪. ***ચીડિયાપણું :*** નાની નજીવી બાબતમાં ગુસ્સે થઇ જવાય છે જે દર્દીના સ્વભાવમાં નથી હોતું.

૫. સમસ્યાઓને વધારે પડતું મોટું સ્વરૂપ દર્દી આપે છે. (રાઇનો પહાડ) નાની સમસ્યા મોટી લાગે છે. ભૂતકાળમાં આવી અનેક સમસ્યાઓનો સફળતાપૂર્વક સામનો કર્યો હોવા છતાં અત્યારની સમસ્યાનો ઉકેલ અશક્ય લાગે છે.

૬. ભવિષ્ય નકારાત્મક લાગે છે. ભવિષ્યમાં કાંઇ યોગ્ય નહીં થાય, ધંધો બરોબર નહીં ચાલે, બાળકો યોગ્ય રીતે ભણી નહીં શકે, યોગ્ય જીવનસાથી નહીં મળે વગેરે નકારાત્મક લાગણી થાય છે. ગમે

*ખુશીઓનો અર્થ મુશ્કેલીઓની ગેરહાજરી નહીં પરંતુ તેમને દૂર કરવાની તાકાત છે.*

તેટલું સમજાવ્યા છતાં એમાં ફેરફાર કરી શકાતો નથી.

*વર્તણૂક*

૭. બેચેની રહે છે. અસ્વસ્થ થવાય છે. એક જગ્યાએ લાંબો સમય બેસી શકાતું નથી.

૮. લાંબો સમય કામ કરવાની ક્ષમતા ઓછી થાય છે.

- **નિદાન :**

વિશ્વ આરોગ્ય સંસ્થાની ભલામણ મુજબ કોઈપણ રોગના નિદાન માટે મનના લક્ષણોને પ્રાધાન્ય આપવું જરૂરી છે. શારીરિક લક્ષણોને લીધે મનના લક્ષણો છે એ અભિગમ બદલાવી મનના લક્ષણોને શારીરિક લક્ષણો જેટલી જ પ્રાથમિકતા તથા મહત્ત્વ આપવું જરૂરી છે.

દરેક દર્દીમાં શારીરિક લક્ષણોની જેમ મનના લક્ષણો વિષે ઊંડાણમાં તપાસ કરવી જરૂરી છે. મનના લક્ષણોના ઊંડાણમાં જવાથી અને મનના લક્ષણોને પ્રાધાન્ય આપવાથી રોગનું નિદાન સરળતાથી થઈ શકે છે.

દર્દીમાં (૧) શારીરિક લક્ષણો હોય સાથે (૨) મનના લક્ષણો હોય તથા (૩) શારીરિક તપાસ નોરમલ હોય કે લગભગ નોરમલ (Borderline) હોય ત્યારે દર્દીમાં મનની બીમારી હોવાની શક્યતા વધારે હોય છે.

- **બીમારીના કારણો :**

***અ) શારીરિક કારણો :*** શારીરિક કારણોને બે વિભાગમાં વહેંચી શકાય.

૧. અનુવાંશિકતા (Genetics) : એન્ઝાઈટી ડિસઓર્ડર બીમારી વારસામાં ઉતરી શકે એવી બીમારી છે.

૨. મગજમાં તથા જ્ઞાનતંતુમાં ફેરફારો : (Biological Changes) છેલ્લા બે દાયકામાં થયેલા સંશોધનોએ પુરવાર કર્યું છે કે તાણને (સ્ટ્રેસ-stress) લીધે મગજના જ્ઞાનતંતુઓમાં કદ, રચના, કાર્યો તથા રસાયણોમાં ફેરફારો થાય છે.

લિમ્બિક સિસ્ટમ મગજની લાગણીનો સંવેદન મગજ- (Emotional Brain) ભાગ ગણવામાં આવે છે. લિમ્બિક સિસ્ટમના જુદા જુદા અવયવો છે જેના પર સ્ટ્રેસની નકારાત્મક અસર નીચે પ્રમાણે થાય છે.

૨.૧ હિપ્પોકેમપસ (Hippocampus) : હિપ્પોકેમ્પસમાં જ્ઞાનતંતુઓની ઘનતા (density) ઓછી થાય છે, જ્ઞાનતંતુઓની લંબાઈ ઓછી થાય છે તથા જ્ઞાનતંતુઓ મરી જાય છે. આ બધાથી ભૂલકણાપણું આવે છે, યાદશક્તિ ઓછી થઈ જાય છે, એકાગ્રતા તથા મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાની ક્ષમતા ઓછી થાય છે.

૨.૨ એમીગડેલા (Amygdala) : સ્ટ્રેસની અસર એમીગડેલા પર થતાં તીવ્ર નકારાત્મક લાગણીઓ પેદા થાય છે. ચીડિયાપણું થાય છે, નજીવી બાબતમાં ગુસ્સે થઈ જવાય છે, માનસિક અસ્વસ્થતા રહે છે, વર્ષો જૂના દુઃખદ નકારાત્મક પ્રસંગો યાદ આવે છે.

૨.૩ પ્રિ-ફ્રન્ટલ કોરટેક્ષ (Pre-frontal Cortex) : વહીવટીલક્ષી કાર્યો (executive functions) પરિસ્થિતિનું પૃથક્કરણ (analysis) કરવું, નિર્ણયો કરવા, કરેલા નિર્ણયો અમલમાં મૂકવા, કાર્ય શરૂ કરવું (Initiation of work) કાર્ય પૂર્ણ કરવું (Completion of work), કાર્ય કર્યા બાદ પરિણામની સમીક્ષા કરવી વગેરે- પ્રિ-ફ્રન્ટલ કોરટેક્ષ દ્વારા થાય છે. સ્ટ્રેસને લીધે આ કાર્યો પર નકારાત્મક અસર થાય છે. નિર્ણયશક્તિ ઘટે છે, ગ્રહણશક્તિ ઓછી થાય છે, એકાગ્રતા ઘટી જાય છે, મુંઝારો થાય છે.

સ્ટ્રેસથી મગજના જ્ઞાનતંતુના બંધારણમાં (કદ, રચના, રસાયણો) ખલેલ પહોંચે છે. આથી મનના કાર્યોમાં વિઘ્ન આવે છે. આ વિઘ્ન દર્દીને તથા નજીકના કુટુંબીજનોને સમજ પડે છે. પરંતુ આ સાથે શારીરિક લક્ષણો હોવાથી મનના લક્ષણો પ્રત્યે ધ્યાન અપાતું નથી. ફક્ત શારીરિક લક્ષણો પર ધ્યાન અપાય છે તથા એ પ્રમાણેની સારવાર થાય છે પરંતુ અપેક્ષિત પરિણામ સારવારના મળતા નથી.

મનના લક્ષણોને પ્રાધાન્ય આપવાથી યોગ્ય નિદાન થાય છે તથા યોગ્ય સારવારથી અપેક્ષિત પરિણામ મળે છે.

બીમારીના માનસિક પરિબળો તથા સામાજિક ઘટનાઓ કઈ રીતે કારણભૂત બને છે તથા સારવાર વિશે હવે પછીના લેખમાં ચર્ચા કરીશું.

*(ક્રમશઃ)*

*મનુષ્ય માત્રને ભેદભાવ વિનાની દૃષ્ટિથી નીરખો.*

સાહિત્ય આચમન

# અહિંસાવ્રતધારી વિક્રમસિંહ

• પદ્મા ફડિયા •

આર્યદેશમાં વિક્રમસિંહ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે મહા પરાક્રમી, ધીર, વીર અને ધર્મિષ્ઠ હતો. તેનું હૃદય ફૂલ જેવું કોમળ હતું. તે અહિંસાનો પ્રેમી અને સત્યનો આગ્રહી હતો. એવો એ રાજા નાનામાં નાના જીવને પણ કદી મન, વચન અને કાયાથી કોઇને દુભવતો નહિ. જાણ્યે-અજાણ્યે પણ જો એનાથી કોઇનેય દુઃખ થાય તો તે પોતે દુઃખી દુઃખી થઇ જતો.

એવો એ રાજા જેમ અહિંસાપ્રેમી હતો તેમ તે પોતાના રાજ્યમાં સૌને અહિંસાનું પાલન કરવાનો આદેશ કરતો. એટલે આ રાજાથી પ્રજા સુખી હતી અને પ્રજાપ્રેમથી રાજા પણ સુખી હતો. આને કારણે એની ખ્યાતિ દૂર...દૂર... સુધી ફેલાઇ હતી.

હવે એક વખત એવું બન્યું કે રાજાની બન્ને આંખોમાં કોણ જાણે ભારે બળતરા થવા માંડી. આંખો લાલ લાલ થઇ ગઇ. તે ઉઘડે જ નહિ. બળતરા વધતી જ જાય. વધતી જ જાય. ન રાજાથી સહેવાય કે ન રહેવાય.

રાજાએ એની રાણીને કહ્યું. ‘‘રાણી, ગમે તેમ કરીને મારી આંખોમાં થતી આ બળતરાને મટાડો. મારી પીડા ઓછી કરો.’’

ત્યારે રાણી બોલી. ‘‘મહારાજ! તમે કહો તો મારી આંખો તમને આપી દઉં. જો એમ કરવાથી તમારું દુઃખ ઓછું થતું હોય તો! મહારાણીએ રડતાં રડતાં મહારાજને કહ્યું.

રાજા પોતાના પુત્રને વિનવતા. ‘‘બેટા કોઇ ઉપાય કર, મારી આંખોની પીડા દૂર કર.’’

ત્યારે પુત્ર કહેતો : ‘‘પિતાજી! જો મારી આંખો આપવાથી તમારી પીડા દૂર થતી હોય તો લો, મારી આંખો આપી દઉં.’’

રાજાએ પ્રધાનજીને બોલાવી તેમને કહ્યું, ‘‘પ્રધાનજી! એવો કોઇ વૈદ નથી કે મારી આ આંખોની અસહ્ય પીડા દૂર કરે?’’

પોતાના રાજા વિક્રમસિંહની આંખોની બળતરા દૂર કરવા માટે પ્રધાને દેશદેશથી વૈદરાજાને બોલાવ્યા.

‘‘અમારા રાજાની આંખોની બળતરા જે દૂર કરશે તેમને જે કહેશે અને માંગશે તે આપીશું.’’

વૈદોએ તો જાતજાતના ઓસડિયા તૈયાર કર્યા, આંખોમાં લગાવ્યા પરંતુ રાજાની બળતરા કેમેય કરી ઓછી થઇ નહિ.

ઊલટી રાજાની આંખોની બળતરા વધવા માંડી.

એવામાં એક મહાવૈદરાજ આવ્યા. ‘‘મહારાજાની આંખોની બળતરા હું મટાડું’’ એમણે કહ્યું.

આ સાંભળીને મહારાણીના હૈયામાં હાશ થઇ. એમણે કહ્યું. ‘‘વૈદરાજ! જો આપ મહારાજાની આંખોની બળતરા દૂર કરશો તો આપ માંગશો તે આપીશું.’’

‘‘વૈદરાજ! જો આપ મહારાજાના દુઃખને દૂર કરશો તો આપને રાજવૈદ તરીકેનો સરપાવ આપીશું.’’ પ્રધાને કહ્યું.

‘‘હે મહારાણી! હે પ્રધાનજી! મહારાજાની આંખોના રોગને મટાડવાનો ઉપાય તો મારી પાસે છે પણ આપની અનુમતિ જોઇએ.’’ વૈદે કહ્યું.

‘‘અરે, વૈદરાજ! રોગને મટાડવા અમારી અનુમતિ જોઇએ?’’ પ્રધાનજીએ પૂછ્યું.

‘‘વૈદરાજ! લાખો મરજો પણ લાખોનો પાલણહાર મા મરજો. પ્રજા ચાહે છે કે અમારા રાજાને માટે અમે પ્રાણ આપવા તૈયાર છીએ, તો પછી આજ્ઞા કેવી? પોતાના પાલણહારને બચાવવા સમગ્ર પ્રજા તૈયાર છે.’’

તો સાંભળો મહારાણી! પ્રધાનજી તમે પણ સાંભળો. આપની આજ્ઞાની જરૂર એટલા માટે છે કે મહારાજાની આંખોની બળતરા દૂર કરવા માટે એક પંખીના રક્તની જરૂર છે, જ્યારે મહારાજા તો અહિંસક વ્રતધારી છે તેઓ માનશે? અને દવા કરાવશે?

મહારાણી અને પ્રધાનજી બન્ને ચિંતામાં પડી ગયા. પરંતુ તે બન્નેએ મસલત કરી વૈદરાજને દવા તૈયાર કરવા કહ્યું.

‘‘તો મને કોઇ એક પારેવડીના તાજા જ જન્મેલા બચ્ચાને મારી, એનું લોહી લાવી આપો.’’

એક વિશ્વાસુ માણસ દ્વારા પારેવડીના તાજા જ જન્મેલા બચ્ચાને મારી તેનું લોહી લાવવામાં આવ્યું. વૈદરાજે એમાં બીજી દવાઓ લસોટી ઔષધ બનાવ્યું ને રાજાની આંખોમાં અંજન આંજવામાં આવ્યું. જાણે ચમત્કાર થયો હોય એમ રાજા વિક્રમસિંહની આંખોની બળતરા ધીરે ધીરે ઓછી થવા માંડી. શાંતિ થતાં રાજા ખુશખુશ થઇ ગયા.

મહારાજાની આંખો ખૂલી. આ વાત જાણતા જ સમગ્ર પ્રજામાં આનંદ આનંદ ફેલાઇ ગયો.

વિક્રમસિંહે તરત જ પૂછ્યું. ‘‘અરે, મારી આંખોમાં એવું તે કેવું ઔષધ આંજ્યું કે મારી આંખોની અસહ્ય ભયંકર વેદના ઓછી થઇ ગઇ? વૈદરાજ! મને કહો, કહો એ મહા ઔષધિ આપે શામાંથી બનાવી?’’

વૈદરાજે મહારાણી સામે જોયું.

રાજાએ મહારાણીને પૂછ્યું, ‘‘મહારાણી એ ઔષધ કયું?’’

મહારાણીએ પ્રધાનજી સામે દૃષ્ટિ કરી.

શું છે આ બધું પ્રધાનજી! વૈદરાજ મૌન છે, મહારાણી પણ જવાબ આપતા નથી તો હવે તમે જવાબ આપો.

*ભોગ અને સંગ્રહની ઈચ્છા પાપ કરવા સિવાય બીજા કોઇ કામમાં આવતી નથી. તેથી ઈચ્છાનો ત્યાગ કરી દેવો.*

"મહારાજ! આપની આંખોની બળતરા ઓછી થાય એવી જ દવા વૈદરાજે આંજી છે." પ્રધાને ધીરે રહી જવાબ આપ્યો.

"પણ કેવી દવા! એ મને કહો, એ દવા બનાવવા કોઇ જીવની હિંસા તો નથી કરીને? મને સત્ય કહો પ્રધાનજી!" રાજાએ ગંભીરતાથી પૂછ્યું.

ત્યાં જ અચાનક મહારાજાની દૃષ્ટિ સામે પડેલા સાધનો પર પડી. એમાં એકમાં એક નાનકડા જીવનું કલેવર હતું તો બીજામાં લોહી હતું.

"આ શું છે મહારાણી!" મહારાજા વિક્રમસિંહ ચોંકી ગયા. એમના ગળામાંથી એક કરુણ ચીસ નીકળી ગઇ.

"મહારાણી! પ્રધાનજી! આ શું છે? લોહી? આ લોહી? શું તમે કોઇ નિર્દોષ જીવની હત્યા કરી મને બચાવ્યો? અરે, મહારાણી, મહારાણી! તમે તો જાણો છો કે હું અહિંસા વ્રતધારી છું. તમે મારી આંખો બચાવવાને એક નિર્દોષ જીવની હત્યા કરી? મારે માથે કલંક લગાડ્યું? મારા વ્રતનું ખંડન કરાવ્યું? ધિક્કાર છે તમને રાણી! તમને પણ ધિક્કાર છે પ્રધાનજી!

"અરે પ્રધાનજી! તમે મૌન કેમ છો? એક મારી આંખોને ખાતર તમે એક નિર્દોષ જીવની હત્યા કરી મને રૌરવ નરકમાં નાખ્યો? અરેરે મારે માટે કરેલા આ ઘોર પાપનું પ્રાયશ્ચિત કરવું જ પડશે."

બીજે જ દિવસે મહારાજ વિક્રમસિંહે જ્ઞાની પંડિતોને દરબારમાં બોલાવ્યા અને તેમની સામે દૃષ્ટિ કરીને પૂછ્યું.

હે જ્ઞાનીજનો, મારે આપને એક પ્રશ્ન પૂછવો છે. તેનો મને સત્ય જવાબ આપો.

"હું રાજા વિક્રમસિંહ, મારા રાજ્યમાં જે કોઇ જીવતું હોય પછી તે માનવહોય કે પશુ-પંખી હોય તેનો હું રક્ષક છું, ભક્ષક નથી. મારી આંખોની બળતરાથી મને બચાવવા એક પારેવડીના તાજા જ જન્મેલા બચ્ચાને મારી એનું લોહી મારી આંખોમાં આંજવામાં આવ્યું. હું બચ્યો પણ મારે જ કારણે એક મા બનેલી પારેવડીના તાજા જ બચ્ચાને મારી નાખી એનું લોહી મારી આંખોમાં આંજ્યું. એ બચ્ચું તો મર્યું પણ સાથે સાથે એ બચ્ચાની મા પારેવડી પણ ઝૂરી ઝૂરીને મરી. મારે ખાતર બબ્બે જીવોની હિંસા? મા અને એના વહાલસોયા બચ્ચાની હિંસા? હું અહિંસાવ્રતધારી! આજ સુધી મેં મારું જીવન અહિંસાવ્રતનું પાલન કરવામાં જ ગાળ્યું છે. ને આજે? આજે મેં ઘોર પાપ કર્યું! ઘોર..પાપ...કહો..સત્વરે મને ન્યાય આપો...ન્યાય આપો...."

"મહારાજ! આપ તો મહારાજા છો? આપ હજારો, લાખો જીવોનું રક્ષણ કરો છો!" એક પંડિત બોલી ઊઠ્યાં.

મહારાજ! તમે તો લાખોના પાલણહાર છો. એમ કહેવાય છે કે "લાખો મરજો...પરંતુ લાખોના પાલણહાર મા મરજો." એવા લાખોના તારણહારને બચાવવા તો આ સમગ્ર પ્રજા તૈયાર છે. પ્રાણ આપવા તૈયાર છે. તો પછી આપના રક્ષણને ખાતર બે નાનાં જીવોનું બલિદાન લેવાય તો એમાં કોઇ પાપ નથી." એક બીજા પંડિત બોલ્યા.

"હે જ્ઞાની પંડિતો! આ તમારો સાચો ન્યાય નથી. જે જીવને હું જીવાડી શકતો નથી. તેને મારવાનો મને અધિકાર પણ નથી. મને સાચો ન્યાય આપો. પંડિતજી! જેને હું જીવાડી શકતો નથી તેને હું મારી શકતો પણ નથી તેથી સાચો ન્યાય તો મારું મોત...મારું મોત..."

એમ કહેતાની સાથે જ એ અહિંસક પ્રેમી રાજા વિક્રમસિંહે ત્યાંજ ધમધખતા સીસાના રસના વાટકાને ઉપાડ્યો અને ગટગટાવી ગયો. પલવારમાં જ મહારાજા વિક્રમસિંહનું પ્રાણ પંખેરું ઊંચે ઊંચે સ્વર્ગમાં ઊડી ગયું.

આખો દરબાર મહારાજાની મહાનતાને નમી રહ્યો. એ ધખધખતા સીસાના રસને ગટગટાવી જનારો એ મહાન આત્મા "અહિંસા પરમો ધર્મ" ને સ્વીકારનારા રાજાએ ધખધખતા સીસાનો રસ પીને પ્રાયશ્ચિત કર્યું.

બસ ત્યારથી જ મહારાજા વિક્રમસિંહનો વંશ સિસોદિયા વંશ તરીકે ઓળખાય છે. ઇતિહાસમાં આજે અને આવતીકાલે પણ એની ખ્યાતિ રહેશે.

અહિંસાના પરમ ધર્મને પામીને એ રાજા અજર અમર બની ગયા.

*"સ્વજન", ૧૭/એ, ટ્રસ્ટ નગર,*
*શ્રેયસ ક્રોસિંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૨૬૬૦૦૦૯૩*

*કોઈ કારણસર ખુશ ન થાઓ. કારણ વગર ખુશ રહેશો તો તે કાયમી ખુશી હશે. - પીયૂષાનંદ*

# લેખકની ગુપ્ત ઓળખ એટલે તખલ્લુસ

• સંકલન : બાબુલાલ ગોર - ભુજ •

અંગ્રેજીમાં જેને "સ્યુડોનિમ્ન" (PSEUNDONYMN) કહેવામાં આવે છે તેને માટે ગુજરાતના જુદા જુદા લેખક વર્ગોએ ભિન્નભિન્ન પર્યાયો યોજ્યા છે. આપણા આદ્ય વિવેચક નવલરામ લક્ષ્મીરામે તેના માટે "આડનામ"ની સંજ્ઞા યોજી છે.

"ઘનશ્યામ" નામનું તખલ્લુસ પોતાને માટે યોજવા માટે આપણા ખ્યાતનામ સર્જક કનૈયાલાલ મુનશીએ સ્પષ્ટતા કરી હતી તે નોંધપાત્ર છેઃ "લેખક તરીકે હું મારું નામ છૂપું રાખવા માગતો હતો, કારણ મારા જમિયતરાય કાકા અને બીજા સોલિસિટરો કદાચ જાણે કે હું વાર્તા લખવામાં વખત ગાળું છું, એટલે ધંધામાં ધ્યાન નહીં આપતો હોઉં, તો "બ્રીફ આપતા બંધ થઇ જાય." ("નવચેતન", ૧૯૪૫, સપ્ટેમ્બરઃ પૃષ્ઠ-૨૯૧) બીજી બાજુએ ઘણા થોડાઓ જાણતા હશે કે "ઘનશ્યામ"નું આડનામ ધારણ કર્યા પહેલાં તેઓ "ઘનશ્યામ વ્યાસ" એવાં નામથી પણ લખતા હતા.

તખલ્લુસની મદદ લઇને લેખક સફળતા પ્રાપ્ત કરવા માટે કેવા પ્રયત્ન કરે છે તે અંગે માહિતી આપતાં સંશોધક ત્રિભુવન વીરજીભાઇ હેમાણીએ લખ્યું છે : "કવિ સમ્રાટ રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યોને, યુવાનવયે પ્રકાશકો "અસ્વીકાર્ય" ગણીને પરત મોકલી આપતા હતા. તેવે સમયે તેમણે તેનાં પોતીકાં કાવ્યો પ્રગટ કરવાની એવી યોજના અજમાવી હતી કે સોળમી સદીના કોઇ "ભાનુસિંહ" નામના મહાન કવિવરનાં કાવ્યો તે સંશોધન કરતાં કરતાં મળી આવ્યાં હોઇને પોતે તેમને જનતા સમક્ષ રજૂ કરી રહ્યા છે. તે કાવ્યો દર મહિને પ્રગટ થવા લાગ્યાં અને ચોતરફથી એ "ભાનુસિંહ" ની સર્જકતા તેમજ સર્જન માટે પ્રશંસાયુક્ત વિવેચનાઓ થવા લાગી ત્યારે છેવટે વિનમ્રભાવે રવીન્દ્રનાથે પોતે જ સ્ફોટ કર્યો હતો કે "ભાનુસિંહ" એટલે "રવીન્દ્રનાથ", એ કાવ્યો બીજા કોઇનાં નહીં પણ તેમનાં પોતાનાં જ હતાં.

બીજી બાજુએ ઇતિહાસની આરસીમાં નજર કરતાં સ્પષ્ટપણે દેખાઇ રહ્યું છે કે કોઇ લેખકને તેનાં ખરાં નામથી પ્રસિદ્ધિ મળી હોય તેના કરતાં વધુ ખ્યાતિ તેણે ધારણ કરેલાં પોતાનાં તખલ્લુસે અપાવી હોય એવા કોઇ કોઇ દૃષ્ટાંત જગતભરની સાહિત્યની દુનિયામાં દેખાઇ રહ્યાં છે. **"માર્ક ટવેઇન"ને નામે પ્રસિદ્ધિ પામેલા અમેરિકન લેખકની કટાક્ષિકાઓ તેમજ તેના ચાબખાઓ વિશે ઘણાએ વાંચ્યું-વિચાર્યું હશે, પરંતુ એ લેખકનું ખરું નામ તો હતું સેમ્યુઅલ એલ. ક્લીમેન્સ.** "માર્ક ટ્વેઇન" તો તેણે ધારણ કરેલું "આડનામ" માત્ર હતું. એ વિચિત્ર દેખાતું તખલ્લુસ તેણે કેવી રીતે ધારણ કર્યું હતું તેને લગતી એક થી વધુ વાતો વિચિત્ર રીતે સાહિત્યનાં ક્ષેત્રે પ્રસરી ગઇ છે. એ હાસ્ય લેખક વર્જિનિયા શહેરમાં આવેલાં જોન પાઇપરના સલૂનમાં અવારનવાર જતા હતા. એ સલૂન એટલે મુક્તવિહારી વ્યક્તિઓનું મિલન સ્થાન. મોટેભાગે તો એ એકલા જ ત્યાં જઇને શરાબ પીતા. પરંતુ એકાદ-બે વખત કોઇ લેખક મિત્રને પણ આમંત્રણ આપીને સંગાથમાં લઇ જતા. એ સલૂનમાંથી શરાબ પીને બહાર નીકળતી વખતે સલૂનવાળાને કહેતા :"માર્ક ટ્વેઇન, એટલે બે લીટા મારજો. એનું કારણ એ હતું કે એ સલૂનવાળાં કોઇ પ્રકારનો હિસાબ રાખતો નહીં અને આપણા સેમ્યઅલ ક્લીમેન્સ ખિસ્સામાં પૈસા રાખતા નહીં. આથી હિસાબની ગણતરી કરવા સારું ભીંત પર ચોકના બે લીટા મારવામાં આવતા અને તેને પરિણામે તેને "માર્ક ટ્વેઇન" નું ઉપનામ મળ્યું હતું.

પરંતુ તખલ્લુસ માટે પ્રસારિત કરવામાં આવેલી એ કથાને બદલે માર્કટ્વેઇન તો સને ૧૮૭૭ માં પોતાનાં એ વિચિત્ર દેખાતાં તખલ્લુસ માટે જુદો જ ખુલાસો કર્યો હતો, જે આ રહ્યો : "ન્યૂ ઓરલિયન્સ પિકાયૂન" માટે એક કેપ્ટન એ તખલ્લુસથી નૌકા સમાચાર લખતો હતો. પરંતુ ૧૮૬૩માં તેના મૃત્યુ પછી મેં એનું નામ ઝડપી લીધું. મારા "આડનામ"નો એ ઇતિહાસ છે."

એવું જ એક વધુ દૃષ્ટાંત સુપ્રસિદ્ધ આંગ્લ લેખક "જુલેવર્ન" એ પૂરું પાડ્યું હતું. 'જુલેવર્ન" તો તેનું ઉપનામ હતું, તેનું સાચું નામ તો OLICHEWITZ હતું. તે પોલેન્ડનો વતની હતો.

આંગ્લલેખક "લુઇકેરોલ" વિશે પણ એવું જ બનવા પામ્યું હતું. સાચે જ એ તો તેણે ધારણ કરેલું કલ્પિત નામ માત્ર હતું. જ્યારે તેનું સાચું નામ તો "ચાર્લ્સ લુટવિજ ડોગસન" હતું. પરંતુ એ લેખકને તેનાં નામ કરતાં પણ ઉપનામથી જ જનસમાજ હજુ આજે પણ વધુ ઓળખે છે.

ગુજરાતમાં પણ એવું ક્યાં નથી બનવા પામ્યું? **"ધૂમકેતુ" નામનાં એ લોકપ્રિય તખલ્લુસે એવો જ પાઠ ભજવી બતાવ્યો છે. ગૌરીશંકર જોશીના નામથી એ લેખક ઓળખાય છે તેના કરતાં તેમણે ધારણ કરેલા "ધૂમકેતુ"ના કલ્પિત નામથી અનેકગણી પ્રસિદ્ધિ તેમને મળવા પામી છે.** એવી જ રીતે કંચનલાલ વાસુદેવ મહેતાનું નામ યાદ કરાવતાં તેને સાચી રીતે પિછાણનારી વ્યક્તિઓ જૂજ મળશે, પરંતુ જો તેને "મલયાનિલ" નામના તખલ્લુસની યાદ આપવામાં આવે તો સાહિત્યરસિકો બોલી ઊઠશે કે એ તો પેલી વીસમી સદીમાં સને

**(અનુસંધાન : જુઓ પાના નંબર-૩૧ ઉપર)**

*જેની પાસે તંદુરસ્તી છે તેની પાસે આશા છે. અને જેની પાસે આશા છે તેની પાસે બધું જ છે.*

મહિલા વિશ્વ

# રેસિપી – જૈન વાનગી માટે

● સુરભિ નીરવ વસા ●

"ડેઝર્ટ" આ શબ્દ સાંભળતા જ મોઢું મીઠું થઇ જાય છે. ડેઝર્ટ એ ઇન્ટરનેશનલ શબ્દ છે. આપણી પરિભાષામાં ડેઝર્ટ એટલે મીઠાઇ. સામાન્ય રીતે ડેઝર્ટ એ જમ્યા પછી લેવાય છે. જ્યારે મીઠાઇ આપણે જમવા સાથે લઇએ છીએ. ડેઝર્ટ ઠંડા અને ગરમ બંને પ્રકારના હોય છે.

આજે હું તમને આ ગરમીમાં ગુજરાતી થાળીમાં પીરસી શકાય તેવા કુલ-કુલ ઇન્ડિયન ડેઝર્ટની એકદમ સરળ ઇઝી રેસિપી આપી રહી છું.

## ડ્રાયફ્રુટ શ્રીખંડ

મોટાભાગની ગૃહિણીઓ શ્રીખંડ ઘરે બનાવતી જ હોય છે. પરંતુ લગભગ દરેકની કોમન ફરિયાદ હોય છે કે શ્રીખંડ ખાટો થઇ જાય છે. ઘટ્ટ થતો નથી. ટેસ્ટ બરાબર આવતો નથી. તો આ બધા કોમન પ્રોબ્લેમ સોલ્વ કરવા હું આજે શ્રીખંડની એકદમ ઇઝી રેસિપી આપી રહી છું.

***સામગ્રી :-*** ૧ લીટર દૂધનું દહીં, ૪૦૦ ગ્રામ ખાંડ, ૪ ટે. મલાઇ, એલચી પાવડર ૧ ટી. સ્પૂન, કાજુ-બદામ,અખરોટ પીસ્તાના ટુકડા ૧/૨ કપ

***રીત :-*** એક દિવસ ફ્રીઝમાં રાખેલ દહીં (જે થોડું ઘટ્ટ થયેલ હોય) અથવા અમૂલનું દહીં પણ લઇ શકાય.

એક મોટા તપેલા પર સૂપ ગાળવાની ગરણી મૂકી તેના પર પાતળો મલમલનો કપડો પાથરો. હવે આ કપડા પર દહીં રાખી તે તપેલાને આખી રાત ફ્રીઝમાં રાખો. જેથી દહીંમાંથી પાણી આપોઆપ નીતરી જશે. (પોટલી બાંધવાની જરૂર નથી. )

સવારે તે દહીંને એક મોટા બાઉલમાં લો. તેમાં ૪ ટે. મલાઇ અને લગભગ ૪૦૦ ગ્રામ ખાંડ (ઘરના સ્વાદ પ્રમાણે ખાંડનું પ્રમાણ વધુ ઓછું કરી શકાય.) અથવા તો બાંધેલું દહીં ૧ બાઉલ હોય તો ખાંડ એક બાઉલ ઉમેરવી. ફરીથી આ મિશ્રણને એકાદ કલાક ફ્રીઝમાં રહેવા દેવું. જેથી ખાંડ આપોઆપ ઓગળી જશે.

હવે આ મિશ્રણને ફરી ગરણીમાં લઇ (સૂપ ગાળવાની) ચમચાથી હલાવીને છાણી (ગાળી) લેવું જેથી મિશ્રણ એકદમ સ્મૂધ થઇ જશે. હવે આ મિશ્રણમાં એલચી પાવડર, ડ્રાયફ્રુટના ટુકડા ઉમેરી પ્લાસ્ટિકના કન્ટેનરમાં ભરી ડીપ ફ્રીઝમાં ૩-૪ કલાક ઠંડું કરવા રાખો. તૈયાર છે ડ્રાયફ્રુટ શ્રીખંડ.

## ફ્રુટ એન્ડ નટ યોગર્ટ

***સામગ્રી :-*** ૫૦૦ ગ્રામ બાંધેલું દહીં, ૪ ટે. સ્પૂન મલાઇ. ૩૦૦ ગ્રામ ખાંડ, ચપટી મીઠું, ૧ નંગ ઝીણું સમારેલ એપલ (છાલ કાઢીને સમારવું), અખરોટના ટુકડા ૨ ટી. સ્પૂન. ૨૦-૨૫ નંગ ગ્રેપ્સ (ગ્રીન અથવા બ્લેક) ઝીણી સમારેલ ટુટીફ્રુટી ૨ ટે. સ્પૂન, સજાવટ માટે ચેરી જેલી

***રીત :-*** યોગર્ટ માટે બાંધેલું દહીં બનાવવા શ્રીખંડ જેમજ તપેલા પર ગરણી અને કટકો (કપડાનો) તથા દહીં રાખીને ફ્રીજમાં મૂકવું. પરંતુ લગભગ ૩-૪ કલાક માટે જ આ રીતે મૂકવું. દહીંને બહુ જ ઘટ્ટ કરવાની જરૂર નથી. તથા ગરણીથી ગાળવાની પણ જરૂર નથી. હવે આ તૈયાર કરેલ મસ્કામાં મલાઇ, થોડી ખાંડ અને મીઠું મીક્ષ કરવા. એપલ અને ગ્રેપ્સને અગાઉથી સમારીને રાખવી. તેમાં અડધા ભાગની ખાંડ તથા ચપટી મીઠું ઉમેરી ફ્રીજરમાં રાખવું. જેથી ફ્રુટસ ઠંડું થશે અને એપલનો કલર પણ કાળો નહીં પડે.

હવે મલાઇ તથા ખાંડ મીક્ષ કરેલ મસ્કામાં ઉપરના ફ્રુટનું મિશ્રણ ઉમેરી તેમાં ટુટીફ્રુટી અને અખરોટના ટુકડા ઉમેરી મીક્ષ કરો. (સ્ટ્રોબેરીના ટુકડા પણ ઉમેરી શકાય)

હવે સર્વિંગ બાઉલમાં લઇ ચેરી તથા જેલીના ટુકડાથી સજાવી સર્વ કરો.

## સીતાફળ બાસુંદી

***સામગ્રી :-*** ૧ લીટર દૂધ, ૪ ટે. મલાઇ, ૨૦૦ ગ્રામ ખાંડ, ૫૦૦ ગ્રામ સીતાફળ (આશરે મોટા ૨ નંગ)

***રીત :-*** સૌપ્રથમ એક પૅનમાં દૂધ લઇ ઉકાળવું. તેમાં મલાઇ તથા ખાંડ ઉમેરી થોડું ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળવું. ત્યારબાદ તેને ઠંડું પાડવું.

હવે સીતાળફ લઇ તેના હાફ પીસ કરવા. ચમચીથી સીતાફળમાંથી બધો ગર કાઢીને ચારણીમાં લેવો. ચારણીને નીચે એક મોટો બાઉલ મૂકી હાથેથી દબાવીને ગરને છાનવું. જેથી સીતાફળનો પલ્પ નીચે જશે અને બીજ ઉપર રહી જશે. હવે આ પલ્પને થોડું હાથેથી મસળી લેવું. જો થોડું વધારે જાડું લાગતું હોય તો તેને થોડું સ્મૂધ કરવા બોસથી અથવા મીક્ષીમાં જરાક જ ચર્ન કરવું જેથી મિશ્રણ પલ્પી થઇ જશે.

હવે આ પલ્પને ઠંડા કરેલ દૂધમાં સરસ રીતે મીક્ષ કરવું. જરૂર લાગે તો જરાક બોસ ફેરવવું. જેથી બધું સરસ રીતે મીક્ષ થઇ જાય.

તૈયાર છે સીતાફળની બાસુંદી.

**(અનુસંધાન : જુઓ પાના નંબર-૫૧ ઉપર)**

*ઇચ્છાશક્તિ હોય તો બધા રસ્તા આપોઆપ ખૂલે.*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે નીચે જે ફ્લેટમેં છોરો વિયાં કરે ને આવ્યો તેં પુઠીયા મડે જડે ઇ બાર અચે તેર પૂછેંતા, 'બ્લેક બેરી કીં આય...?' સે કુરો અનજો સોરો અનકે બ્લેક બેરીજો મોબાઈલ દાયજે મેં દને આય... સે જરા તપાસ ત કર....

બચુડો : (તપાસ કે ને ચેં) અનકે દાયજે મેં બ્લેક બેરી મોબાઈલ ફોન નાંય મલ્યો પણ અનજી ઘરવાળીજો વાન શ્યામ આય ને સુણે પણ નતી. અટલે મડે અન નવી વઉ જો નાં બ્લેક બેરી રખ્યા આંઈ... અતરે મડે પુછેંતાં 'બ્લેક બેરી કીં આય...?'

## ખિલજા મ ભલા

પૂજારી : ડૉક્ટર સાહેબ સખત કબજિયાત થઇ ગઇ છે. કાંઇક અસરકારક દવા આપો.

ડૉક્ટર : લ્યો આ જુલાબની દવા દિવસમાં બે વાર લેજો.

પૂજારી : બીજી કોઇ પરેજી પાળવાની?

ડૉક્ટર : શંખ જોરથી ન વગાડશો.

☺ ☺ ☺ ☺ ☺

સાનિયા : સલીમ ડાર્લિંગ, કાંઇક એવું કહે કે જેને લીધે મારું દિલ વધુ જોરથી ધડકે.

સલીમ : ભાગ... જલદી.... સામેથી તારો બાપ આવી રહ્યો છે.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : અલ્યા મોન્ટુ, આ કપાળમાંથી આટલું બધુ લોહી કેમ વહે છે?

મોન્ટુ : હું હથોડી વડે હાથથી પથ્થર તોડી રહ્યો હતો. ચીન્ટુએ કહ્યું અલ્યા ક્યારેક તો દિમાગનો ઉપયોગ કર. એટલે મેં પથ્થર સાથે માથું પછાડ્યું. તેનું આ પરિણામ છે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : મારે છૂટાછેડા કરવાના છે શું ફી થશે?

વકીલ : દસ હજાર રૂપિયા.

પતિ : પાગલ છે કે શું? આટલા બધા હોતા હશે? પંડિતજીએ લગ્ન તો ૧૦૧ રૂપિયામાં કરાવી આપ્યા હતા.

વકીલ : જોયુંને સસ્તામાં કરાવવાનું પરિણામ.

☺ ☺ ☺ ☺ ☺

ગોલુ : આજે મારી બકરીએ પહેલું ઈંડું આપ્યું.

ભોલુ : ગપ્પા ન માર. બકરી કેવી રીતે ઈંડું આપી શકે?

ગોલુ : અરે યાર મેં મારી મરઘીનું નામ બકરી રાખ્યું છે.

☺ ☺ ☺ ☺ ☺

અમેરિકન : અમારે ત્યાં લગ્ન ઇ-મેઇલથી પણ થાય છે.

લલ્લુ : કમાલ છે અમારે ત્યાં ઇન્ડિયામાં સાદી ફક્ત ફિમેઇલથી જ થાય છે.

☺ ☺ ☺ ☺ ☺

સેજુ : વ્હાલી જલ્દી કોફી પી લે. નહીં તો ઠંડી થઇ જશે.

પત્ની : તો...?!

સેજુ : અરે મૂર્ખ, આ મેનુકાર્ડમાં જો. હોટ કોફી ૧૨ રૂપિયા અને કોલ્ડકોફી ૪૦ રૂા.

☺ ☺ ☺ ☺ ☺

મન્તા : સન્તા કઇ રીતે મરી ગયો?

બન્તા : એના કાનમાં મધમાખી ઘૂસી ગઇ હતી. તેથી તેને ખૂબ ગુસ્સો આવ્યો. પોતાની રીવોલ્વર લઇ કાનમાં ઘૂસેલી મધમાખીને ગોળી મારી દીધી.

☺ ☺ ☺ ☺ ☺

જયંતીલાલ : અરે મોહનભાઇ તમે ટીવીમાં આવો છો?

મોહનભાઇ : ના રે.. હું તો ગાડી કે કોઇવાર રિક્ષામાં આવું છું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## રેસીપી – જૈન વાનગી માટે

(અનુસંધાન : પાના નંબર-૫૦ ઉપરથી ચાલુ)

### એપલની ખીર

***સામગ્રી :*** ૧ લીટર દૂધ, ૨ એપલનું છીણ, ૨૫૦ ગ્રામ ખાંડ, બદામના ટુકડા ૨ ટી સ્પૂન, કાજુના ટુકડા ૨ ટે.સ્પૂન

***રીત :*** સૌપ્રથમ એક પૅનમાં દૂધ લઈ તેને થોડું ઉકાળવું. તેમાં ખાંડ ઉમેરવી. દૂધ થોડું ઘટ્ટ થાય એટલે ગેસ બંધ કરવું. (લગભગ ૧૦-૧૨ મિનિટ ઉકાળવું.) ત્યારબાદ તેમાં એપ્પલનું છીણ ઉમેરવું. એપ્પલની છાલ કાઢી તરત જ છીણ કરીને ઉમેરવું. નહીં તો એપ્પલ કાળું થઈ જશે. દૂધમાં એપલ ઉમેરવાના હોવાથી એપલ ખટાશ પડતા ન હોય તેનો ખ્યાલ રાખવો. હવે તેમાં બદામ-કાજુના ટુકડા ઉમેરી રૂમ ટેમ્પરેચર પર આવતા ફ્રીજમાં ઠંડું કરવા રાખો.

એકદમ ઠંડું થઈ જાય પછી જ સર્વ કરો.

*એ/૩, નિર્માણ ફ્લેટ, વ્રજરાયજી કોલોની, સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

**વિશેષ અહેવાલ**

# અમદાવાદના સમસ્ત જૈન સમાજ દ્વારા આયોજિત શ્રી મહાવીર જન્મ કલ્યાણક રથયાત્રા અને ધર્મસભા

• દિનેશ આર. મહેતા •

પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણકથી વિશ્વના તમામ જીવો સુખ શાંતિનો અનુભવ કરે તે ભાવનાથી અમદાવાદ-ગાંધીનગરના સમગ્ર જૈન સમાજના ચારેય ફીરકા 'જીતો' સંસ્થાના સહયોગથી અહિંસા, અનેકાંતવાદ, જીવદયા અને વિશ્વશાંતિનો સંદેશ આપતા પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક ઉત્સવે ચૈત્ર સુદ-૧૩ શનિવાર, તા. ૧૬-૪-૨૦૧૧ ના એક વિરાટ રથયાત્રા અને ધર્મસભાનું અમદાવાદમાં ભવ્યાતિભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ એક ઐતિહાસિક ઘટના હતી.

અન્નપૂર્ણા હોલ-વિકાસગૃહ રોડ અંજલિ ચાર રસ્તા, પંકજ સોસાયટી, ચંદ્રનગર, મહાલક્ષ્મી ચાર રસ્તા, જલારામ મંદિર ક્રોસિંગથી રથયાત્રા ગુજરાત કૉલેજના મેદાનમાં પૂર્ણ થઇ હતી અને એક ધર્મસભાના રૂપમાં ફેરવાઇ ગઇ હતી.

બે કિ.મી. લાંબી રથયાત્રામાં ભગવાન મહાવીર સ્વામીના ૨૪ ભવો પૈકી ૬ ભવોને દર્શાવતી પ્રતિકૃતિનાં ટેબ્લોની રચના કરવામાં આવી હતી. ટેબ્લોમાં મહાવીરની માતાને આવેલા સ્વપ્નો, ચંદ્રકોશ નાગને ઉપદેશ, દીક્ષા પહેલાં લોચ કરતાં, સમોવસરણ ઉપરથી ઉપદેશ તેમજ ભગવાનના જન્મ કલ્યાણકથી નિર્વાણ સુધીના દશ્યો તેમજ અન્ય પ્રસંગોને આવરી લેવામાં આવ્યા હતા. તે સાથે, ઈન્દ્રધામ, નિશાન ડંકો, કાચની બગીમાં ભગવાન મહાવીરની છબી પણ દર્શાવવામાં આવ્યા હતા. રથયાત્રામાં ૧૮ બેન્ડપાર્ટી, ૯ નૃત્ય મંડળી, ૯ હાથી, ૨૦ ઘોડા, ૩૦ બગી, ૪૦ ઊંટગાડી, ૨૦ બળદગાડાં, ૭ રથ વગેરે સામિલ હતા.

આ રથયાત્રામાં મોટી સંખ્યામાં સાધુ-સાધ્વીજી મહારાજો, સમગ્ર જૈન સમાજના ચારેય ફીરકાના અને જીતો સંસ્થાના હોદ્દેદારો, તેમજ અન્ય આગેવાનો સહિત વિશાળ માત્રામાં જનમેદનીથી આ રથયાત્રા શોભાયમાન બની હતી. જેમાં હજારો જૈન અને જૈનેતરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો, ટ્રસ્ટીમંડળ અને કારોબારી સમિતિના સભ્યો, સમાજના પરિવારજનો પણ આ રથયાત્રામાં સામિલ થયા હતા.

આ રીતે, સમગ્ર કાર્યક્રમને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

જૈન શ્રેષ્ઠી શ્રી શ્રેણિકભાઇ કસ્તૂરભાઇએ દીપ પ્રાગટ્ય કરીને ધર્મસભાનો પ્રારંભ કરાવ્યો હતો. આ સભામાં ચારેય ફીરકાઓના આચાર્યો ભગવંતો અને મહારાજ સાહેબો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. તે સાથે, જૈન શ્રેષ્ઠી અને ગુજરાત સમાચારના તંત્રી શ્રી શ્રેયાંશભાઇ શાહ, ઉદ્યોગપતિ શ્રી સંવેગ લાલભાઇ, જીતો સંસ્થાના શ્રી ઉત્કર્ષભાઇ શાહ અને ટોરોન્ટ ગ્રૂપના શ્રીમતી શારદાબહેન મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં લગભગ ૩૫ થી ૪૦ હજાર લોકોએ ભાવનાપૂર્વક ભાગ લીધો હતો અને સમગ્ર વાતાવરણમાં 'જૈનમ્ જયતિ શાસનમ્'ની ભાવના પ્રસરી ગઇ હતી. ભગવાન મહાવીરની ૨૬૧૦માં જન્મ કલ્યાણકની દહેરાવાસી, શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી એમ ચારેય ફીરકાઓએ પ્રથમ વખત એક સાથે ભક્તિના ભાવથી, દબાદબાભેર ઉજવણી કરી હતી. ભગવાન મહાવીરના અહિંસા અને પર્યાવરણના વિચારો, જૈન સમાજમાં એકતા અને અખંડિતતા સદાકાળ રહે તેમજ શાકાહાર જ શ્રેષ્ઠ આરોગ્યપ્રદ આહાર છે તેવો સંદેશ આ સભામાં પ્રસારિત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મહત્વની ઘટના એ હતી કે સૌપ્રથમ વખત જૈન સમાજના તમામ ફીરકાઓએ એક થઇને આ રથયાત્રા અને ધર્મસભાનું આયોજન કર્યું હતું. માત્ર રાષ્ટ્રીય નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે આ વિચારો મોટા પ્રમાણમાં સ્વીકાર્ય બને તેવા પ્રયાસો કરવાનું નક્કી થયું હતું.

સમગ્ર સભાનું સંચાલન મુંબઇ સ્થિત શ્રી ધીરજભાઇ છેડા અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટી શ્રી હસમુખભાઇ ગઢેચાએ કર્યું હતું.

આ સભામાં જીવદયાનો ફાળો રૂા. ૧૧.૦૦ લાખ જેટલો થયો હતો.

ધર્મસભા સ્થળે સ્વામિવાત્સલ્ય જમણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આનંદના ઉત્સવ નિમિત્તે હજારો ગરીબ પરિવારજનો અને બાળકોને મીઠાઇનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધર્મસભાના આયોજનમાં અન્ય ફીરકાઓના કાર્યકરોની સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી નરેન્દ્રભાઈ શાહ અને શ્રી હસમુખભાઈ ગઢેચાનું પ્રદાન પણ અગ્ર સ્તરે હતું.

ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના ઉપક્રમે ટ્રસ્ટી શ્રી નરેન્દ્ર છગનલાલ શાહના સૌજન્યથી ઠંડા પીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સંકલ્પની વોલંટીયર ટીમે ઉત્સાહપૂર્વક સહુ રથયાત્રીઓને આ પીણાનો રસાસ્વાદ કરાવેલ હતો. જેના પરિણામે ગરમીના સમયે લોકોએ ઘણી રાહત અનુભવી હતી. શ્રી દામજી પ્રેમજી નીસરના સૌજન્યથી ચીકીના ૮,૦૦૦ પેકેટોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

દરેક જૈન સંઘો, સમાજો અને જીતો સંસ્થાએ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે અથાગ પરિશ્રમ કર્યો હતો.

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર, ચીફ જસ્ટીસના બંગલા પાસે,*
*જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

# ઐતિહાસિક અવસર

• દિનેશ આર. મહેતા •

## સરદાર સરોવર પ્રોજેક્ટ
## નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલનું ખાત મુહૂર્ત

કચ્છ જિલ્લાના રાપર મધ્યે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રૂા. ૧૨૬૫ કરોડના ખર્ચે ૮૬ કિ.મી. લાંબી નર્મદા બ્રાન્ચ કેનાલના કામનું તેમજ ત્રણ પમ્પિંગ સ્ટેશનોનું તા. ૯-૪-૨૦૧૧ ના રોજ ખાત મુહૂર્ત કર્યું હતું. કેનાલના કામ સાથે મોટાભાગના ખેતરોને પાણી પહોંચી શકે તે રીતે ઇજનેરી કૌશલ્યના બેનમૂન કામથી ૬૦ ફૂટ પાણી ફેંકવાની ક્ષમતાવાળા ત્રણ પમ્પિંગ સ્ટેશનો ઊભા કરવાની આ યોજના છે. તે ઉપરાંત, સરદાર સરોવર પ્રોજેક્ટ ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રતીક રૂપે સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સહુથી ઊંચી એક પ્રતિમા પણ ઊભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં લિફ્ટ દ્વારા ૬૦ માળ જેટલી ઉંચાઇએ જઇ શકાશે અને સરદાર પટેલની આંખોમાંથી બહારની દુનિયા જોઇ શકાશે.

રાપર તાલુકામાં નર્મદા શાખા નહેરનું ખાતમુહૂર્ત એ કચ્છ જિલ્લા માટે એક ઐતિહાસિક દિવસ બની ગયો છે. કચ્છવાસીઓની આંખો જે દૃશ્ય જોવા તલપાપડ બની હતી તે 'નમામિ દેવી નર્મદે'ની સાક્ષીવાળી જનમેદનીમાં આનંદનો માહોલ સર્જાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૫૦ વર્ષથી ખોરંભે પડેલી કચ્છની નર્મદા કેનાલ યોજના આ રીતે કાર્યરત થઇ છે. અને તેના પરિણામે કચ્છના રણ વિસ્તારને લીલુંછમ કરવાના અભિયાનનું સ્વપ્ન સાકાર થશે તેવી અપેક્ષા છે.

વધુમાં, સરદાર સરોવર ડેમ ઉપર મોટા કદના દરવાજાનું નિર્માણ કરવાનું પણ આ યોજનામાં આયોજન છે. સિંચાઇ કામ માટે ૯૦ ટકાની કેન્દ્રિય સહાય ડેઝર્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળનાં વિસ્તાર માટે મંજૂર કરવાની માંગણી પણ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે.

સરદાર સરોવર પ્રોજેક્ટની નર્મદા કેનાલ કચ્છ શાખાના રૂા. ૪૬૦૦ કરોડના વિરાટ જળસંચય કામોનું પ્રારંભ રૂા. ૧૨૬૫ કરોડના ખર્ચે કચ્છ શાખા નહેર અને ત્રણ પમ્પિંગ સ્ટેશનોના બાંધકામથી થયું છે. આ યોજના હેઠળ કચ્છનાં ૭ તાલુકાના ૧૮૨ ગામોની ૨,૭૮,૫૬૧ એકર જમીનને પિયત જળ ઉપલબ્ધ થશે તેમજ જિલ્લાના મોટાભાગના ગામડાં અને નગરોને નિશ્ચિત ધોરણે પીવાના પાણીનો પુરવઠો પ્રાપ્ત થશે.

ઉપરોક્ત કામ પૈકી રૂા. ૪૦૨ કરોડના ખર્ચે કચ્છ શાખા નહેરની ૩૦ કિ.મી. લંબાઇ (સાંતલપુર તાલુકામાં મોમાઇમોરાથી રાપર તાલુકાનાં નાની હમીરપુર ગામ સુધી), રૂા. ૩૪૫ કરોડના ખર્ચે ૫૬ કિ.મી. લંબાઇ (રાપર તાલુકામાં નંદાસર ગામથી ભચાઉ સુધી) તેમજ રૂા. ૫૧૮ કરોડના ખર્ચે ત્રણ પમ્પિંગ સ્ટેશનો (મંજુવાસ, હમીરપુર અને ભચાઉ)ના કામોનો સમાવેશ થાય છે.

અત્રે યાદ રહે કે ૧૨૧૦ મી. લાંબો, ૧૬૩ મી. પાયાથી ઊંચાઇ ધરાવતો સરદાર યોજના બંધ વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો કોંક્રીટ ગ્રેવિટી બંધ છે અને હાલ ૧૨૧.૯૨ મી. ઊંચાઇ સાથે ૯૭ ટકા કોંક્રીટ બાંધકામ પૂર્ણ હોતાં પાણી સંગ્રહ ક્ષમતા ૧૫૫ કરોડ ઘનમીટર છે.

ઉપરોક્ત ખાતમુહૂર્તના પ્રસંગે અને સમારંભના સ્થળે સિંચાઇમંત્રી નીતિનભાઇ પટેલ, મહેસૂલમંત્રી આનંદીબહેન પટેલ, રાજ્યમંત્રી વાસણભાઇ આહીર, રાધનપુરના ધારાસભ્ય શંકરભાઇ ચૌધરી, સરદાર સરોવર નર્મદા નિગમના શ્રી નિવાસ, શ્રી રાજગોપાલન, શ્રી એસ. જગદીશન, શ્રી મુકેશભાઇ ઝવેરી વગેરે અધિકારીઓ, સાંસદ, ધારાસભ્યો સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત હતા.

નર્મદા નિગમના ડિરેક્ટર શ્રી મુકેશભાઇ ઝવેરીએ સમારંભના અંતે આભાર દર્શન કર્યું હતું.

આ પ્રસંગે મુંબઇ સ્થિત કચ્છીઓ માટે ખાસ ટ્રેઇનની વ્યવસ્થા થતાં, ત્યાંથી કચ્છી આગેવાનો સહિત સારી માત્રામાં કચ્છી પરિવારજનો સમારંભના સ્થળે ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલના ખાતમુહૂર્ત પ્રસંગના કાર્યક્રમમાં અંદાજે ત્રીસેક હજારની માનવમેદની એકત્ર થઇ હતી.

*અગ્નિની સાક્ષીએ થોડા શબ્દો ઉચ્ચારવાથી લગ્ન થાય છે અને લગ્ન પછી થોડા વધુ શબ્દ બોલવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર થાય છે.*

## નમામિ દેવી નર્મદે
## અમ આંગણે અવનવો અવસર

સરદાર પ્રોજેક્ટ, નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલનું ખાત મુહૂર્તના ઐતિહાસિક અવસરે ઉપસ્થિત રહેવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઉપક્રમે એક ખાસ બસ દ્વારા સમાજના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, ટ્રસ્ટબોર્ડ અને કારોબારી સમિતિના સભ્યો, સમાજ પરિવારના સભ્યો તેમજ અન્ય અગ્રણીઓ ૮-૪-૨૦૧૧ ના સાંજે રવાના થઇ, શ્રી મનુભાઈ શાહના પ્રયત્નથી કટારિયા તીર્થમાં રાત્રિ રોકાણ કર્યા બાદ ૯-૪-૨૦૧૧ના વહેલી સવારે રાપર સમારંભના સ્થળે આગમન કર્યું હતું. જયાં વિશાળ માત્રામાં જનમેદની એકત્ર થઇ હતી.

કચ્છના સ્વપ્ન સમી નર્મદા શાખા નહેર તથા ત્રણ પમ્પિંગ સ્ટેશનોનું ભૂમિપૂજન ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ ત્રંબૌ જેસડા ગામ વચ્ચે શાસ્ત્રોક્ત વિધિથી કર્યું હતું. ત્યારબાદ રાપર ખાતે ખીચોખીચ ઉપસ્થિત મેદની સમક્ષ સ્વીચ દબાવીને કચ્છની નર્મદા યોજનાના કામોનો શુભારંભ કરાવ્યો હતો.

સમારંભના સ્થળે સમાજના હોદ્દેદારો, આગેવાનો અને પરિવારજનોની ઉપસ્થિતિ માટે નર્મદા નિગમના ડિરેક્ટર શ્રી મુકેશભાઇ ઝવેરીએ સમાજના પ્રમુખશ્રી અશોકભાઇ મહેતા અને અન્ય સાથે રૂબરૂ વાતચીત દરમિયાન આનંદ વ્યક્ત કર્યો હતો.

શિલાન્યાસના સમારંભ કાર્યક્રમમાં કેટલાક દાનવીરો અને અમુક સંસ્થાઓએ સરકારશ્રીના કન્યા કેળવણી નિધિમાં દાન આપવાની જાહેરાત કરી હતી. જેમાં જાણીતા દાતા અને ઉદ્યોગપતિ શ્રી દામજીભાઇ એન્કરવાલા મુખ્ય હતા. તે સિવાય, સરદાર સરોવર પ્રોજેક્ટના બાંધકામના સ્થળે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના બાંધકામ માટે સુવઇ ગ્રામવાસીઓએ ૧૦૦ કિલો ચાંદી જમા કરાવીને અન્ય ગામડાંઓને એક નવી દિશા બતાવી હતી.


કાર્યક્રમના અંતે શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી અનંતભાઈ દવે, શ્રી પંકજભાઈ મહેતા, શ્રી ભરતભાઈ શાહ, શ્રી વાડીલાલ સાવલા વગેરેને રૂબરૂ મળવાની તક પ્રાપ્ત થઈ હતી.

ઉપરોક્ત કાર્યક્રમ સમાપ્ત થતાં, સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપીને સમાજના સભ્યો વળતી વેળાએ શંખેશ્વર મહાતીર્થમાં ભવ્ય દર્શનનો લાભ લઇને મોડી રાત્રિના અમદાવાદ પરત ફર્યા હતા.

સમગ્ર પ્રવાસ દરમિયાન ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઇ શાહ, શ્રી બંસીલાલભાઇ ગડા (મુંબઇ) તેમજ શ્રી રજનીકાંતભાઇ પારેખે પ્રસંગોપાત વિવિધ વાર્તાલાપ, જોક્સ અને ગીત દ્વારા રંગત જમાવીને પ્રત્યેક ઘડી આહ્‌લાદક બનાવી હતી. પ્રવાસ સંગાથી પૈકી અમુક દિલાવર વ્યક્તિઓ દ્વારા પ્રવાસખર્ચના સૌજન્યની જાહેરાત થતાં, તેઓશ્રીનો આભાર માનવામાં આવ્યો હતો.

શ્રી જયસુખભાઇ સંઘવીએ બસમાં નાસ્તા-પાણીની તેમજ અન્ય વ્યવસ્થા સારી રીતે સંભાળીને દરેકને ખુશ કર્યા હતા.

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર, ચીફ જસ્ટીસના બંગલા પાસે,*
*જજીસ બંગલા રોડ, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*




### કૃતસંકલ્પ

"કૃતસંકલ્પ" છેલ્લા ૫-૬ વર્ષથી બહાર પડે છે. થોડા સમયથી હું પણ નિયમિત વાંચુ છું. જળ-જમીન અને જંગલ નહીં બચે તો ભવિષ્ય ધૂંધળું લાગે છે. ખરેખર આજે થઇ રહેલો કહેવાતો વિકાસ, વિકાસ જ નથી. પણ વિરોધ કોણ કરે? પ્રજામાં જાગૃતિ ક્યાં? ડો. કલસેરિયાના પાંચ-સાત હજાર પદયાત્રીઓનું સ્વાગત કરવા અમદાવાદના બસ્સો નાગરિકો પણ નહોતા! પ્રજા પશ્ચિમી જગતને રવાડે ચડી ગઇ છે. જે ખતરનાક પુરવાર થશે.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

● ● ● ● ●

### 'મંગલ મંદિર' માસિક સબબ મારા બે બોલ : હૃદયથી

વ્યવસાયે ખરેખર હું કૃષિકાર છું. કૃષિને લગતા તથા અન્ય ધાર્મિક, સામાજિક ક્ષેત્રે તથા સંશોધકીય માસિકો ઘણા વાંચ્યા છે. સભ્ય તરીકે પણ છું. પરંતુ જ્યારથી 'મંગલમંદિર' (એપ્રિલ-૨૦૧૧) મને પાલડીથી સાંપડ્યું છે તે એક અજોડ વાંચકો માટેનું મંદિર છે. નિયમિત, નિષ્ઠાથી માહિતી આપતું તેમજ સુંદર અવનવી ઢબે સમાજની નાનામાં નાની માહિતીથી વાકેફ કરે છે. આવા માસિકો સીસ્ટમેટિક રીતે છપાઇ સભ્યોના હાથમાં આવે તે એક માત્ર માસિક મારી દૃષ્ટિએ લાગ્યું. એક વર્ષથી નિયમિત પહેલા પાનાથી અંતિમ પાનાને વાંચી ન્યાય આપું છું, નોંધ લઉં છું અને તંત્રી મંડળને ખરા દિલથી અભિનંદન આપી નવાજું છું. વખતો વખત દરેક વ્યક્તિ આ મંદિરના અચૂક દર્શન કરે અને વાંચે. જ્ઞાનભંડાર મેળવે. આભાર.

*ડૉ. ઠાકરશી જી. મૈશેરી - આણંદ*

● ● ● ● ●

### મહારાજ અને મહારાજા

સૌપ્રથમ તો જૈનીઝમને વૈજ્ઞાનિકતા સાથે સંબંધ દર્શાવવા બદલ તંત્રીશ્રીને અભિનંદન. એપ્રિલ અંકમાં પણ શ્રી મુરજીભાઇ ગડાનો લેખ સર્વોત્તમ. એવો જ ઉત્તમ લેખ શ્રી વિક્રમ દલાલનો. બન્ને સજ્જનો પાકા બુદ્ધિવાદી રેશનાલિસ્ટ છે. રેશનાલિસ્ટો અને ધાર્મિક સજ્જનોની માન્યતાઓમાં તફાવત તો રહેવાનો જ. સાવ સ્વાભાવિક બાબત છે. મને મુરજીભાઇના વિચાર ૯૯.૯૯% સ્વીકાર્ય લાગે છે. એમના લેખમાં પાના નં.-૧૭માં એક વાક્ય છે : "બધા પોતાના કર્મોના ફળ એક યા બીજા સ્વરૂપે આ જન્મમાં જ ભોગવે છે." આજ અર્થના અનુસંધાનમાં 'પ્રબુદ્ધ જીવન'ના નવેમ્બર-૨૦૧૦ના અંકમાં શ્રીમતી સુવર્ણા જૈન B.Sc., LLB., M.A. (Phil) જૈનોલોજી જણાવે છે કે **"સ્વર્ગ-નરક બધું અહીંજ છે. સુખ એટલે સ્વર્ગ અને દુઃખ એટલે નરક. કર્મોનું ફળ આ જન્મમાં જ અને અહીં જ ભોગવવું પડે છે."**

શ્રી સત્યપાલ સંઘવી એ 'મહારાજ' અને 'મહારાજા' બન્ને શબ્દોની સરસ ચર્ચા છેડી છે, તેમને પણ ધન્યવાદ. સાથે જોડણીકોશ, પાંચમી આવૃત્તિ, પાના નં ૬૫૧ પર 'મહારાજ' શબ્દનો અર્થ આપેલ છે. 'મોટા રાજા, આચાર્ય, સાધુ, સંત, બ્રાહ્મણ.' જ્યારે 'મહારાજા' શબ્દ સામે માત્ર એક જ અર્થ આપેલ છે 'મોટો રાજા'.

ગોમંડલ કોશમાં પાના નં. ૭૦૬૪ પર 'મહારાજ' શબ્દ સામે 'મોટો રાજા, સાધુ, સંત, આચાર્ય, બ્રાહ્મણ, પ્રભુ, મહાત્મા' એવા અર્થ બતાવેલ છે જ્યારે 'મહારાજા' શબ્દ સામે 'મોટા રાજા, સમ્રાટ, બાદશાહ' એવા અર્થ બતાવેલ છે. શુક્રનીતિ એ નીતિશાસ્ત્રનો ગ્રંથ છે એમાં 'મહારાજા'નો અર્થ રાજાઓની એક ચડઉતરતી પાયરી (CATEGORY) એવો અર્થ બતાવેલ છે. આ શાસ્ત્ર વિધાનના કારણે મારો મત સ્પષ્ટ છે. યમરાજને યમરાજા ન કહેવાય. ધર્મરાજને ધર્મરાજા ન કહેવાય. શ્રીજી મહારાજને શ્રીજી મહારાજા ન કહેવાય. ટૂંકમાં પ્રાદેશિક સત્તા એટલે 'મહારાજા' અને ધાર્મિક તથા આધ્યાત્મિક તથા વિદ્યાજન્ય સત્તા એટલે 'મહારાજ'. સૂરજ મા'રાજ કહેવાય સૂર્યમહારાજા ન કહેવાય. આપે 'રાજન્' શબ્દ પણ ઉપયોગમાં લીધો છે. પરંતુ તે શબ્દ તો સંસ્કૃત આઠમી વિભક્તિ એકવચનરૂપ છે. એને મહારાજ કે મહારાજા જેવા વિશેષણો સાથે કશો સગપણ નથી. જેમકે ભગવન્, આત્મન્ તેમ રાજન્. આશા છે આટલા ખુલાસા થકી આપના મનનું સમાધાન થયેલ હશે.

મારા લખાણમાં ક્યાંય પણ આપને કશું વાંધાનજક લાગે તો જરૂર જણાવતા રહેશો, એવી નમ્ર વિનંતિ છે. વિરોધ એટલે વિટામિન અને ટીકા એટલે ટોનિક, always good.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

● ● ● ● ●

### શ્રી અન્નાહજારેને લાખો સલામ!

ઘણા વર્ષો ઇંતેજારી કર્યા પછી ભારત માતાના એક સપૂત આપણી સમક્ષ હાજર થઇ ગયા છે. આપણાં સુખદુઃખના ભાગીદાર થવા અને આપણાં પ્રશ્નોને વાચા આપવા આપણી વહારે થઇ અનશનનો સહારો લઇ વગર હથિયારે ભ્રષ્ટાચાર સામે લડત ચાલુ

કરી, એવા શ્રી અન્ના હજારેને લાખ લાખ વંદન.

આખા દેશમાં આવા ચમકતા તારલાઓ ક્યાંક ને ક્યાંક છૂપાયેલા હશેજ. તેઓ બધા આપસમાં વિવાદના વાદળો વિખેરી બહાર દર્શન આપે અને શ્રી અન્નાની ભ્રષ્ટાચાર વિરોધી લડતમાં સહભાગી થાય.

અત્યાર સુધી એવું જણાતું હતું કે કૌભાંડ આચરનારાઓને કેવી રીતે પકડમાં લઇ શકાય?

પણ શ્રી અન્નાએ બધા કૌભાંડિયોના ગળાનું ગાળિયું તૈયાર કરી નાખ્યું છે. હવે પ્રજાએ શ્રી અન્ના હજારેને સાથ સહકાર આપી લડતને મજબૂત કરવી પડશે.

દેશની ગલી ગલીએ ગામડે ગામડે છેક શહેરમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ આંદોલન ઉપાડીને શ્રી અન્ના હજારેના હાથ મજબૂત કરવા પડશે. નેતાઓએ કૌભાંડિયાઓએ આપણી ભારત માતાને ચિંથરે હાલ કરી નાંખી છે અને ભારતની છબીને કિચડ ઉછાડતા આવ્યા છે ત્યારે આપણે બધા ભેગા મળી એક થવું જ પડશે.

ગઇ ચૂંટણી પછી અમુક નેતાઓએ સરકારના હોદ્દાનો ગેરલાભ ઉઠાવીને પ્રજાના પેટમાં લાત મારી છે. મોંઘવારી વધારી પ્રજાને બે-હાલ કરી નાંખી છે.

ચૂંટણીના સમયે, પ્રજા જ્યારે ઉમેદવાર ચૂંટે છે ત્યારે સારી અપેક્ષા રાખે છે પણ ઉમેદવાર જીત્યા પછી એજ ચાલ ચાલે છે. આપણી ભાવિ પેઢીને આપણો દેશ સ્વચ્છ, સુંદર અને ભ્રષ્ટાચાર વગરનો આપવો હશે તો શ્રી અન્ના જેવા નિઃસ્વાર્થ કાર્યકર્તાને સંપૂર્ણરીતે સાથ-સહકાર આપવો પડશે. બધાએ સંગઠિત થઇ કૌભાંડિયાના મધપૂડાને વિખેરવા લોકપાલ બિલ લાવવા સરકાર ઉપર ફરજ પાડવી જ પડશે. તે માટે શ્રી અન્નાના હાથ મજબૂત કરવા પડશે અને ગાંધી લડતનો જુસ્સો વધારવો જોઇશે તો જ દેશ અને પ્રજાનું કલ્યાણ થશે.

ગાંધીવાદી કર્મશીલ શ્રી અન્ના હઝારેએ તેમના ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનને સમર્થન આપનારાઓને એકસંપે રહેવાની અપીલ કરી છે. શ્રી હઝારેએ જણાવ્યું છે તેમ, આ અભિયાન કોઇ વ્યક્તિ કે સરકાર સામે હોઇ શકે નહીં પરંતુ ભ્રષ્ટાચાર આદરનાર ભ્રષ્ટાચારીઓ સામે જરૂર છે. આમ પ્રજાએ ભ્રષ્ટાચાર સામે લડાઇના મુદ્દાને સળગતો રાખવો પડશે અને લડાઇને તોડી પાડવા પ્રયાસરત બળોના શિકાર બનવું ના જોઇએ. દરેક સ્થળે દરેક વર્ગના લોકો હવે જાગૃત થાય અને શ્રી અન્નાના અભિયાનને મજબૂત બનાવે એ હાલના સમયે ખૂબ જ જરૂરી છે. આમ થશે તો જ ભ્રષ્ટાચારને નાથી શકાશે અને મોંઘવારીમાં રાહત કરી શકાશે. જય એકતા! જય અખંડિતતા ! વંદે માતરમ્ !!

***અલકા એ. સંઘવી - અમદાવાદ***

● ● ● ● ●

## શ્રી પોપટભાઇ ધરોડ

સમય આવ્યે કામકાજથી અને સમય આવ્યે જિંદગીથી રિટાયર તો સૌએ થવું પડે જ છે.

વર્ષો વીતી ગયા. પાલડી ભવનનું બાંધકામ શરૂ થયું ત્યારથી અમે સાથે કામ કરતાં હતાં. શરૂમાં, ભવનના ઉદ્‌ઘાટન વખતે, ત્યારબાદ કૂપનોના ડ્રો, નામકરણ વિધિ વગેરે કાર્યક્રમોમાં અન્ય કાર્યકરો સાથે આખો દિવસ કામ કર્યા બાદ પણ અમે ત્રણ શ્રી પોપટભાઇ, શ્રી સૂરજલાલભાઇ અને હું દર સોમવાર અને ગુરુવારે સાંજે સાથે હોઇએ જ.

કૂપનોના ડ્રો, વસતિ પત્રક જેવા કેટલાય પ્રોજેક્ટ સાથે કર્યા, તેમાં તેમની સરકારી ઢબની ચોકસાઇ અલગ તરી આવે! વસ્તુ, કાગળોની વ્યવસ્થિત સાચવણી ઘણીવાર બહુ કામમાં આવે.

મંગલ મંદિરના 'વલોવતન' ની તેમની તારવણી વિશિષ્ટ પ્રકારની હતી. અહીં એમનું સ્થાન લેવાવાળું હાલ તો કોઇ દેખાતું નથી.

દરેક સંસ્થામાં નિવૃત્તિનો સમય બધાનો અમારા સહિત, આવવાનો જ છે. જૂનું જાય, નવું આવે એ સૃષ્ટિનો અફર નિયમ છે. છતાં ઘણીવાર એમ થાય કે આવા કાર્યકરો સંસ્થાને ભવિષ્યમાં પણ મળે તો સારું.

પ્રશ્ન એ પણ થાય કે આટલી લાંબી સેવાઓનું મૂલ્ય શું? એ અમૂલ્ય છે એમ કહી શકાય.

કિંમતની દૃષ્ટિએ ગણતરી કરીએ તો સંસ્થાને મળેલ મોટા દાનોની સમકક્ષ આવી શકે!

તેમના તંદુરસ્ત દીર્ઘાયુની શુભકામના સાથે.

તેઓ ફરી સંપૂર્ણ સ્વસ્થ થઈ પૂર્વવત્ સમાજના સેવાકાર્યમાં કાર્યરત થાય તેવી અભ્યર્થના.

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

*ભાઈ ભાઈની ભાવના ભૂલી, ખોટા ભેદો ધરતા જોયા*
*સમાનતાની વાતો કરતાં ઊંચનીચ ગણનારા જોયા*
*પાયાના પત્થર ના બનવું સૌને કાંગરે ચઢતા જોયા*
*કામ ન કરવું નામ ધરીને મોટા થઈ ફરનારા જોયા*
*સેવાને નામે જ્યારે મેં મેવાને ઝાપટતા જોયા*
*ત્યારે સત્ય હકીકત કહું છું, ઈશ્વરને મેં રડતા જોયા.*

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનો માસિક અહેવાલ

### માર્ચ / એપ્રિલ - ૨૦૧૧

● **શુક્રવાર, તા. ૨૫-૨-૨૦૧૧**

✰ દોશી આયનને કચ્છમાં ડિ-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની અથવા તો અન્ય કોઇ સ્થાપે તો તેને વેચવાની ઇચ્છા હોવાથી દોશીઆયનના કોમ્યુનિટી વોટર સપ્લાય ડિવિઝનના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી જે.વી. રાવ તથા જનરલ મેનેજર - એન્જિનિયરીંગ (બૂટ)ના શ્રી કમલાકર આજ રોજ અમદાવાદ ખાતે ફોકીઆના ચેરમેન શ્રી નિમેષ ફડકે તથા કે.ડી.સી.ના ચેરમેન શ્રી અશોક મહેતાને રૂબરૂ મળેલ હતા અને કચ્છમાં ઇન્ડસ્ટ્રીયલ વોટરની જરૂરિયાત વગેરે અંગે ચર્ચા કરી હતી.

● **તા. ૨૬-૩-૨૦૧૧, શનિવાર**

★ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી લક્ષ્મણભાઇ રાઘવાની (મે. લક્ષ્મણભાઇ કન્સ્ટ્રકશન્સ), શ્રી વિશ્રામભાઇ રાબડિયા વગેરેએ કેરા-બળદિયાની આજુબાજુના વિસ્તારના નારાયણપર ગામની હદના વિસ્તારનું આલોકન કર્યું. કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના ૧૦૦૦ એમ.એ.એફ. વધારાના પાણીનો સંગ્રહ અહીંના કુદરતે બનાવેલ કોતર સમા વિસ્તારમાં સારા એવા પ્રમાણમાં થઇ શકે તેવું શ્રી લક્ષ્મણભાઇએ જણાવ્યું. ચર્ચા-વિચારણા કર્યા બાદ એવું નક્કી કરવામાં આવ્યું કે હાલે જેઓને કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણી અંગેના સાઇટ સર્વે કરી આયોજનની જવાબદારી જળસિંચાઇ વિભાગ તરફથી સુપરત કરવામાં આવેલ છે તે મલ્ટી મેનટેક કંપનીના રિપ્રેઝન્ટેટિવને આ સાઇટ બતાવી, યોગ્ય કાર્યવાહી કરવા જણાવવું.

● **તા. ૩૦-૩-૨૦૧૧, બુધવાર**

★ ભુજ ખાતે સ્થાપવામાં આવનાર આર્કિટેક્ચરલ કૉલેજના નકશાના એપ્રુવલ માટે આજે ભાડાના ચીફ એકઝીક્યુટિવ ઓફિસર શ્રી સાંકડિયાને ભુજ ખાતે શ્રી અશોક મહેતા તથા શ્રી મહેન્દ્રભાઇ મોરબિયા રૂબરૂ મળેલ હતા અને આ બાબતે તેઓનું માર્ગદર્શન મેળવેલ હતું.

● **તા. ૧-૪-૨૦૧૧, શુક્રવાર**

★ શ્રી મહેન્દ્રભાઇ મોરબિયા, ભુજથી અમદાવાદ આવેલ હોતા તેમની સાથે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઇ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઇ સાવલા વગેરેએ આર્કિટેક્ચરલ કૉલેજની જમીન અને તેના પરના પ્લાનિંગ અંગે રૂબરૂમાં ચર્ચા કરેલ હતી.

● **તા. ૧૧-૪-૨૦૧૧, સોમવાર**

★ આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી લક્ષ્મણભાઇ રાઘવાનીએ મલ્ટી મેનટેક કંપનીની ઓફિસમાં જઇ તેના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી હેમંત વિઠ્ઠલભાઇ પટેલની રૂબરૂ મુલાકાત લીધેલ હતી અને વધારાના પાણીના સર્વે અંગે ચર્ચા કરેલ હતી. સાથે સાથે પાણીના સ્ટોરેજ માટે નારાયણપર ગામની સીમના વિસ્તાર અંગે પણ ચર્ચા કરેલ હતી. ■

---

## લાલચંદભાઈનું મૃત્યુ

સુપ્રસિદ્ધ જાદુગર કે. લાલના કાકા તે શ્રી લાલચંદભાઇ. બગસરામાં રહે. આશરે ૫૦ વર્ષ લગભગ બગસરામાં બાળ કેળવણી માટે ધૂણી ધખાવી બેઠેલા.

બીમાર પડ્યા. થોડા દિવસ પછી નજીકના સગા શામજીભાઇને બોલાવીને કહ્યું, "હવે તૈયારી કરો, જવાનું ટાણું આવી ગયું છે. આજે જ જવું છે, બપોરે ચાર વાગે." જાણે સાવ સામાન્ય વાત કરતા હોય તેમ. તેમની વાત જાણીને સૌ સ્તબ્ધ. શું બોલવું તે કોઇને સૂઝે નહીં. છતાં એક વડીલે તેમને કહ્યું કે હજુ તમારા દીકરી-જમાઇ તો આવ્યા નથી.

લાલચંદભાઇએ થોડી સેકંડ પછી પૂછ્યું "ક્યારે આવશે?" પેલા સગાએ પોતાના તરફથી જ જવાબ આપી દીધો કે "કાલે આવી જશે"

લાલચંદભાઇએ જણાવ્યું "ઠીક ત્યારે, આજે નહીં, કાલે જઇશું."

દીકરી જમાઇને ખબર આપ્યા. તેઓ બીજે દિવસે સવારે આવી પહોંચ્યા. બધા શાંતિથી મળ્યા, થોડી વાતો કરી. પછી સાંજે ૬ વાગે લાલચંદભાઇએ બધાને કહ્યું, "હવે ચાલો, પથારી કરો, જવાનો સમય થઇ ગયો. બધાને પ્રણામ, જય જિનેન્દ્ર."

અને તેમના આત્માએ દેહમાંથી વિદાય લીધી. આ સમાચાર જાણીને મનુભાઇ પંચોળી 'દર્શક' બોલી ઊઠ્યા' જેની રગ રગમાં સત્ હોય એને જ આવું પાવન ઇચ્છામૃત્યુ મળી શકે.

***'નયા માર્ગ' ૧-૩-૧૧ના અંકમાંથી***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન ભુજ સંચાલિત આરોગ્ય રથ (ફરતા દવાખાના)નો પ્રારંભ




શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ દ્વારા સંચાલિત આરોગ્ય રથનો પ્રારંભ ભુજ મધ્યે સંસ્થાના પ્રમુખ શ્રી શંકરભાઇ ઠક્કરના અધ્યક્ષ સ્થાને 'ભાડા'ના ચેરમેનશ્રી કિરીટભાઇ સોમપુરાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લું મૂકવામાં આવેલ હતું.

સ્વાગત પ્રવચન તથા પ્રસંગ પરિચય સંસ્થાના અધ્યક્ષ શ્રી તારાચંદભાઇ છેડાએ કરેલ હતું. ભુજથી ૪-૫ કિ.મી.ના અંતરે જ્યાં ગરીબ દર્દીઓના રહેણાંક છે, પણ ડૉક્ટરોની વ્યવસ્થા નથી અને દવા માટે ગામમાં આવવા જવા માટે વાહન ભાડું પણ ખર્ચ કરી શકે તેમ નથી તેવા વિસ્તારમાં જઇને દર્દીઓને તપાસી તેમનું યોગ્ય નિદાન કરી માત્ર રૂા. ૧૦ માં દવાઓ, ઇંજેક્શન વગેરેની સારવાર આપવામાં આવશે તેવું જાહેર કરવામાં આવેલ હતું.

પ્રથમ દિવસે આ આરોગ્ય રથની સેવાનો લાભ ૩૪ દર્દીઓએ લીધેલ હતો. આરોગ્ય રથમાં સંસ્થાના ડૉ. શ્રીમતી જયશ્રીબહેન સોજીત્રા, સોમથી શનિ પોતાની સેવાઓ આપશે.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મેડિકલ કન્વીનર શ્રી મનસુખભાઇ નાગડાએ ભારે જહેમત ઉઠાવેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી છાયા સાહેબે કરેલ હતું. ■

## ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ નવનીત આવાસ યોજનાનો પ્રારંભ




ભુજમાં સમગ્ર કચ્છની સેવા કરી રહેલા ભુજ ક.વી.ઓ. જૈન મહાજને ભૂકંપ પછી આવાસ યોજાનાથી વંચિત રહી ગયેલા ક.વી.ઓ. સમાજના પરિવારો માટે નવનીત નગર ભુજ મધ્યે નહીં નફો નહીં નુકસાનના ધોરણે નવનીત કોમ્પ્લેક્સનું દીપ પ્રાગટ્ય દાતાશ્રી ડુંગરશીભાઇ ગાલા, બિપિનભાઇ ગાલા (નવનીત પરીવાર) સંસ્થાના પ્રમુખશ્રી તારાચંદભાઇ છેડા વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.

દાતાશ્રી ડુંગરશીભાઇ ગાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે સામાજિક સેવાઓમાં સદા અગ્રેસર એવા શ્રી તારાચંદભાઇ છેડાની સામાજિક પ્રવૃત્તિઓની સુવાસ થકી જ અમને પણ દાન આપવાની પ્રેરણા મળેલ છે, ઇશ્વરની અસીમ કૃપા છે, ત્યારે સમાજના મધ્યમવર્ગીય પરિવારજનો માટે દાન આપવામાં ખચકાટ અનુભવશું નહીં તેવું જણાવી સમાજ સેવા ક્ષેત્રે લીલાધરભાઇ ગડાની સેવાઓને પણ બિરદાવી હતી. ■

## બૌદ્ધિકો જાગશે?

જમીન તો કુદરતની અનુપમ ભેટ છે. એ કંઇ કારખાનામાં પેદા થઇ શકતી નથી. માર્ગ-મકાન બાંધકામ માટે પણ જમીનો જઇ રહી છે. આ બધાને પરિણામે ખેતી હેઠળની કુલ ૯૬.૯૦ લાખ હેક્ટર એકર જમીનનો વિસ્તાર સંકોચાતો જાય છે. ખેડૂતો રોકડિયા પાક તરફ વળી રહ્યાં છે. એક સમાચાર મુજબ ઘઉંનું વૈશ્વિક ઉત્પાદન આગામી વર્ષોમાં ઘટવાનું છે. તમામ પ્રકારના ખાદ્યાન્નોની તંગી નિશ્ચિત છે. શ્વેતક્રાંતિના પણ વળતા પાણી થશે. એ ક્રાંતિ છતાંયે આજે દૂધ ૩૦ રૂપિયે પહોંચ્યું જ છે ને? પશુઓના ચરિયાણો હેઠળની જમીન ઓછીને ઓછી થતી જાય છે. અનાજ, શાકભાજી, દૂધ વગેરેના ઉત્પાદન સામે કાર, મોટરસાઇકલો અને મોબાઇલ વગેરેને અગ્રતાક્રમ અપાઇ રહ્યો છે. શું કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર હોય, શાસકોને તો ગજવા ભરવાની અને પોતાની સાત પેઢીના 'કલ્યાણ'ની જોગવાઇ સિવાય કશાની ચિંતા નથી!....આપણે કેવા ભારતનું નિર્માણ કરવું છે એનો શાંતિથી વિચાર કરીશું? આ માટેની પહેલી જવાબદારી બૌદ્ધિકોની છે...આઝાદી બારણું ખખડાવી રહી હતી ત્યારે, ગાંધીજીને સુશિક્ષિતોની સંવેદનબધીરતા અંગેની ચિંતા હતી, આજે તો એવી ચિંતા કરવાવાળું ય કોઇ નથી!

*ઇન્દુકુમાર જાની (કૃતસંકલ્પ, તા. ૨૫-૩-૧૧)*
*પ્રેષક : શાંતિભાઇ વ. શાહ - અમદાવાદ*

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

મંગલ મંદિર પ્રશ્નોત્તર વિભાગમાં અત્યાર સુધીમાં ૪૧ વાચકોએ ભાગ લીધેલ છે. તેમાંથી અમુક વાચકોએ રેગ્યુલર જવાબો આપેલ છે તેમના નામ નીચે મુજબ છે. આ વખતે આપણે નવ મહિનાનું વર્ષ ગણેલ છે.

- **૯ સાચા જવાબો :**

  ૧. શ્રી પ્રતાપભાઈ દંડ
  ૨. શ્રીમતી મીનાક્ષીબહેન આર. પારેખ
  ૩. શ્રીમતી ઝરણા પારેખ
  ૪. શ્રી રમણિકભાઈ ગોસર
  ૫. શ્રીમતી મધુરીબહેન ગોસર
  ૬. શ્રીમતી નેહા પારેખ
  ૭. શ્રીમતી અલકાબહેન સંઘવી

- **૮ સાચા જવાબો :**

  ૮. શ્રીમતી વર્ષાબહેન પારેખ
  ૯. શ્રીમતી નયના એ. ગાલા
  ૧૦. શ્રીમતી જ્યોતિબહેન એલ. શાહ
  ૧૧. શ્રીમતી યોગિની ચેતન શાહ

આમ, ઉપરના લિસ્ટમાંથી ૭ વ્યક્તિઓએ દરેક અંકના અને ૪ વ્યક્તિઓએ ૮ અંકના જવાબો મોકલ્યા છે. બાકીની વ્યક્તિઓએ ૭ - ૬ - ૫ - ૪ એમ અંકોના જવાબો મોકલ્યા છે.

એકંદરે પ્રતિભાવ સારો છે.

વાચકોને ધન્યવાદ અને હજુ પણ ઘણા વાચકો રેગ્યુલર બનશે તેવી આશા.

*— ચંદ્રા મહેન્દ્ર શાહ*

*માસ માર્ચ-૨૦૧૧ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. ત્રીજો (પાના : ૫૮)
૨. જૈન મહાજન વાડી - ભુજ લોકાર્પણ. (પાના : ૫૦)
૩. શ્રી મુકેશભાઈ ઝવેરી (પાના : ૯)
૪. ટેક્સ હોલી ડેની (પાના : ૧૨)
૫. મશહુર સિતારવાદક ઉસ્તાદ વિલાયત ખાને. (પાના : ૫૬)
૬. પાના નં.-૩૯
૭. રેમન્ડ આર. પરમાર (પાના : ૩૩)

*માર્ચ-૨૦૧૧ના અંકના બધા પ્રશ્નોના ખરા જવાબ આપનારની યાદી.*

૧. વર્ષાબહેન રવિલાલ પારેખ - અમદાવાદ
૨. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૩. રમણિકલાલ કે. ગોસર - અમદાવાદ
૪. મધુરીબહેન આર. ગોસર - અમદાવાદ
૫. કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ
૬. મીનાક્ષી રજનીકાંત પારેખ - અમદાવાદ
૭. નેહા બી. પારેખ - અમદાવાદ
૮. ઝરણા એચ. પારેખ - અમદાવાદ
૯. નયના એ. ગાલા - અમદાવાદ
૧૦. લીલાધર ઉમરશી સાવલા - ભુજ
૧૧. શોભના સી. દંડ - અંકલેશ્વર
૧૨. જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ
૧૩. નવીનચંદ્ર રામજી - ગદગ
૧૪. અમી નીતિન શાહ - અમદાવાદ
૧૫. અલ્કા એ. સંઘવી - અમદાવાદ
૧૬. કલ્પના એસ. શાહ - અમદાવાદ
૧૭. મીનાક્ષીબહેન એ. માંકડ - અમદાવાદ
૧૮. જ્યોત્સના અરવિંદ શાહ - અમદાવાદ
૧૯. ચંદ્રિકા આર. શેઠ - અમદાવાદ
૨૦. ચારુલતા એન. સંઘવી - અમદાવાદ
૨૧. દક્ષાબહેન ઘ. શાહ - અમદાવાદ
૨૨. અમરકુમાર ઉમરશી રાંભિયા - નડિયાદ
૨૩. દિનેશ પી. શાહ - પુના
૨૪. મહેન્દ્ર ભવાનજી ગોસર - વડોદરા
૨૫. દમયંતીબહેન રમણલાલ ગાલા - આદિપુર

★

**★ માસ એપ્રિલ-૨૦૧૧ના અંકના પ્રશ્નો :**

૧. ‘અછો અને અદો’ આ બિરુદ મેળવનાર કોણ? તેમણે કઈ કોમ માટે કાર્ય કર્યું હતું?
૨. રાષ્ટ્રપિતા ગાંધીને ‘મહાત્મા’નું બિરુદ કોણે આપેલું? સાહિત્યકાર રોમા રોલા ગંગા - યમુના નદી સાથે કોને સરખાવે છે?
૩. વિધાન પૂર્ણ કરો :
   પાણીના ટીપાં અલગ રહે....
   .... અને વ્યાપકતા ખૂબ જ વધી જાય છે.
૪. અમેરિકાનો સર્વોચ્ચ પ્રેસિડેન્શિયલ ફ્રીડમ ઍવોર્ડ કોણે જીત્યો હતો? તેઓ શાનું જ્ઞાન ધરાવતા હતા? તેમને કઈ બીમારી હતી?
૫. ડૉ. રાજેન્દ્રકુમાર પચૌરી શાની ચેતવણી આપે છે? કયા માઠા પરિણામો ભોગવવા પડશે?
૬. લાઈન પૂરી કરો :
   પરિવર્તન એવું.... તેર છે સાકી
૭. દેશની પ્રથમ મહિલા એન્જિન ડ્રાઈવરનું નામ શું?

***નોંધ : ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે. જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૫-૨૦૧૧ છે.***

***જવાબો મોકલવાનું સરનામું :***
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

***ધન્યવાદ અને આભાર.***

***ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)***

*ગ્રાહકોને આકર્ષો જરૂર, પણ લલચાવો નહીં.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*એપ્રિલ – ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- ડૉ. ઠાકરશી ગોવિંદજી મૈશેરી — આણંદ
- ઠાકરશી ચત્રભુજ ડાઘા — આદિપુર, કચ્છ
- નીતિન વેલજી પાલાણી — સેટેલાઈટ, અમદાવાદ
- રસીલાબહેન ડી. પંડ્યા — મણિનગર, અમદાવાદ

### ૩ વર્ષનું લવાજમ

- વર્ષાબહેન પારેખ — ગાંધીનગર

### ૫ વર્ષનું લવાજમ

- મુકુંદ વી. શાહ — ચાંદખેડા, અમદાવાદ
- મણિબહેન ચંદ્રકાંત મૈશેરી — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- જુમખલાલ ચુનીલાલ શાહ — માંડવી, કચ્છ.
- કિશોર વી. શાહ — ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ
- કે.પી. છેડા — હૈદ્રાબાદ
  C/o. શ્રી શાંતિનાથ ગ્રેનાઈટ્સ
- હંસરાજ વી. શાહ — મુંબઈ
- માવજી લાલજી વોરા — થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર
- નિર્મળા આર. દંડ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

### ૩ વર્ષનું લવાજમ

- કલ્યાણજી મોણશી સંઘવી — દાદર (વેસ્ટ), મુંબઈ

### ૫ વર્ષનું લવાજમ

- ગિરીશ શિવરાજ શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- નિર્મળાબહેન શાહ — ખાર (વેસ્ટ), મુંબઈ
- ચંપકભાઈ ગંગર — દાદર, મુંબઈ

---

★ **સંતાનોને સારા સંસ્કાર આપવાની ગમે તેટલી કોશિશો કરો છેવટે તો માબાપને જ અનુસરશે.**

★ **કેટલાક લોકોનું દિલ એવા દરિયા જેવું છે જેમાં એક ચકલું પણ પોતાની તરસ છિપાવી ન શકે.**

# 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી

જે જે ગ્રાહકોના લવાજમ માર્ચ-૨૦૧૧ તથા એપ્રિલ-૨૦૧૧માં પૂરાં થઈ ગયેલ છે અને જેઓએ હજુ સુધી પોતાનાં લવાજમો રિન્યુ કરાવેલ નથી, એ ગ્રાહકોની નામાવલિ અત્રે આપેલ છે. તથા મે-૨૦૧૧માં પૂરા થઈ ગયેલ લવાજમોની યાદી નીચે મુજબ છે.

આથી નીચે મુજબના લિસ્ટના ગ્રાહકોને વિનંતી કે તેઓ પોતાના લવાજમો તાત્કાલિક રિન્યુ કરાવી લે.

## માર્ચ-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | નીતિન બાબુભાઈ શાહ | ભુજ, કચ્છ |
| ૨. | સુનીલ ખીમજી શાહ | ભુજ, કચ્છ |
| ૩. | ધી ભુજ ઇંગ્લિશ સ્કૂલ (ટ્રસ્ટ) | ભુજ, કચ્છ |
| ૪. | પ્રદીપ ધરમશી મહેતા | રાપર, કચ્છ |
| ૫. | ડી.વી. બુચિયા | ગાંધીધામ, કચ્છ |
| ૬. | જયંતીલાલ એસ. શાહ | ગાંધીધામ, કચ્છ |
| ૭. | નિરૂપમા ડી. મહેતા | આદિપુર, કચ્છ |
| ૮. | દીપક નાનજી વીસરિયા | અંકલેશ્વર |
| ૯. | ઉપેન્દ્ર વલ્લભજી ગડા | અંકલેશ્વર |
| ૧૦. | મહેન્દ્ર વી. ગાલા | સુરત |
| ૧૧. | વીરલ છેડા | સુરત |
| ૧૨. | રાજકમલ પ્લાય એન્ડ હાર્ડવેર | વલસાડ |
| ૧૩. | સુશીલાબહેન દિનેશભાઈ શાહ | સાયન, મુંબઈ |
| ૧૪. | નીરવ ભોગીલાલ સંઘવી | ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ |
| ૧૫. | નીતિન તલકશી છેડા | મુલુંડ, મુંબઈ |
| ૧૬. | શાંતિલાલ જેઠાભાઈ ખોના | મુલુંડ-વેસ્ટ, મુંબઈ |
| ૧૭. | તેજપાલ લખમશી ધરમશી | મુલુંડ-વેસ્ટ, મુંબઈ |
| ૧૮. | રાજેશ ખીમજી દેઢિયા | ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ |
| ૧૯. | મેલોન કિડ્સ | થાણા (વેસ્ટ), મુંબઈ |
| ૨૦. | જગદીશ હીરજી રાંભિયા | સોલાપુર (મહારાષ્ટ્ર) |
| ૨૧. | ખીમજી દેવશી મોતા | પૂણે (મહારાષ્ટ્ર) |
| ૨૨. | હિમંતભાઈ પી. શાહ | કિલપૌક (ચેન્નાઈ) |
| ૨૩. | મહેન્દ્ર કે. શાહ | કલિકટ (કેરાલા) |
| ૨૪. | સૂરસેન વી. શાહ | કલકત્તા |

## એપ્રિલ-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | હર્ષદ કાંતિલાલ લોડાયા | મોટી ખાવડી (જામનગર) |
| ૨. | અતુલ ઈશ્વરલાલ દેસાઈ | ભુજ, કચ્છ |
| ૩. | નાનાલાલ મગનલાલ ગઢેચા | ભુજ, કચ્છ |
| ૪. | સુરેશભાઈ શાહ | ભુજ, કચ્છ |
| ૫. | ઉદયભાઈ ભટ્ટ | ભુજ, કચ્છ |
| ૬. | હેમંત ભોગીલાલ શાહ | ગાંધીધામ, કચ્છ |
| ૭. | કુંદનલાલ ડી. ઠક્કર | ગાંધીધામ, કચ્છ |
| ૮. | હરીશચંદ્ર નાનાલાલ શાહ | માંડવી, કચ્છ |
| ૯. | શામજી મેઘજી નંદુ | સાબરમતી, અમદાવાદ |
| ૧૦. | અંબાલાલ એસ. પટેલ | થલતેજ, અમદાવાદ |
| ૧૧. | મહેશ ઉમરશી ભાનુશાલી | જીવરાજ પાર્ક, અમદાવાદ |
| ૧૨. | વ્રજલાલ આર. ભણસાલી | દાદર (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | ગાંગજી મોણશી સાલિયા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | લલિત નરપાર શાહ | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૫. | હરીશ પદમશી લોડાયા | નાગપુર (મહારાષ્ટ્ર) |
| ૧૬. | પ્રેમીલાબહેન એમ. શાહ | બેંગલુરુ |
| ૧૭. | એલ. ડી. શાહ | બેંગલુરુ |
| ૧૮. | કાંતિલાલ આર. શાહ | ચેન્નાઈ |

## મે-૨૦૧૧ દરમ્યાન પૂરાં થતા લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | કાંતિલાલ કેસરીમલ શાહ | ભુજ, કચ્છ |
| ૨. | કિશોર કાંતિલાલ જોબનપુત્રા | ભુજ, કચ્છ |
| ૩. | મહેશ તલકશી ચંદે | અંજાર, કચ્છ |
| ૪. | રમેશ ધનજી ચંદે | નાની ખાખર, કચ્છ |
| ૫. | નરેન્દ્ર અમૃતલાલ શાહ | સાબરમતી, અમદાવાદ |
| ૬. | કૌશિક કાંતિલાલ ઠક્કર | બોપલ, અમદાવાદ |
| ૭. | અમર ઉમરશી રાંભિયા | નડિયાદ |
| ૮. | ચીમનભાઈ એસ. દંડ | અંકલેશ્વર |
| ૯. | સનતભાઈ વિશનજી મોતા | અંકલેશ્વર |
| ૧૦. | ધરમશી ચાંપશી છેડા | વલસાડ |
| ૧૧. | પ્રેમજી જેઠાલાલ ગડા | મુંબઈ |
| ૧૨. | પ્રફુલ હરખચંદ નીસર | દાદર, મુંબઈ |
| ૧૩. | ગાંગજી ભારમલ ગડા | પાર્લા (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | કાનજી વાલજી ગડા | ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ |
| ૧૫. | મણિલાલ ભૂરા ગાલા | ગોરેગાંવ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૬. | નીરવ ગાલા | દહીંસર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૭. | શામજી દેવજી ગાલા | મલાડ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૮. | હરખચંદભાઈ શાહ | પલાસ્પે, પનવેલ. |

*તમારા મનને દર્પણ જેવું ચોખ્ખું રાખો.*

# સાર સમાચાર

★ માત્ર ૭ વર્ષની સુષ્મા વર્મા, હાઈસ્કૂલના બારમા ધોરણમાં ૫૯.૩૩% ટકા માર્ક સાથે પાસ થઇ અને માત્ર ૧૦ વર્ષની ઉંમરે લખનઉ વિશ્વ વિદ્યાલયમાં ગ્રેજ્યુએટ સ્નાતક થવા એડમિશન મેળવી લીધેલ છે. આ સુષ્માના પિતા છૂટક મજૂરી કરે છે અને માત્ર નિરક્ષર છે.

★ પ્લાનિંગ કમિશન દ્વારા નિયુક્ત કરવામાં આવેલ પ્રખ્યાત અર્થશાસ્ત્રી સુરેશ તેંડુલકરના રિપોર્ટ મુજબ ગરીબીનું પ્રમાણ જમ્મુ-કાશ્મીરમાં (૧૩.૨%), કેરાલામાં (૧૯.૭%), પંજાબમાં (૨૦.૯%), હિમાચલ પ્રદેશમાં (૨૨.૯%), હરિયાણામાં (૨૪%), તામિલનાડુમાં (૨૮.૯%), આંધ્રપ્રદેશમાં (૨૯.૯%) અને ગુજરાતમાં (૩૨%) છે.

★ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જના જણાવ્યા મુજબ ગુજરાતમાં શિક્ષિત બેકારની સંખ્યા ૧૨ ધોરણ પાસ થયેલા કરતાં સ્નાતક થયેલાની વધારે છે અને સ્નાતક કરતાં પણ અનુસ્નાતક શિક્ષિત બેકારોની સંખ્યા વધારે છે અને એન્જિનિયરિંગની ડિગ્રી ધરાવનારા બેકારની સંખ્યા પણ ધીરે ધીરે વધતી જાય છે.

★ ગોપાલ ગૌશાળા, દમણના સ્થાપક અમિતાબહેન સેલવાસના કૌંચા ગામે જવાના હતા તેની ખબર કૌંચા ગામવાસીઓને પડતાં તેમણે અમિતાબહેનને જાણ કરી કે આવો ત્યારે થોડું નમક લેતા આવજો કારણ કે અમારા ગામમાં નમક મળતું નથી. અમિતાબહેન ૧૦ કિ.ગ્રા. નમક લઇ ગયા તો ગામવાસીઓએ પાણીનું ટેન્કર આવે ને લોકો પાણી લેવા ધસી જાય તેમ નમક લેવા પડાપડી કરેલી.

★ ગુજરાત સરકારે ગુજરાતના ૧૪ જિલ્લાઓના ૫૮ તાલુકાને ‘ડાર્કઝોન’ જાહેર કરેલ છે તેથી આ વિસ્તારના કોઇ ખેડૂતને વીજ જોડાણ આપવામાં આવતા નથી. ઉદ્યોગપતિઓને આ વિસ્તારમાં જોઇએ તેટલા વીજ જોડાણ આપવામાં આવે છે.

★ **વર્ષ ૧૯૯૫થી ૨૦૧૦ સુધીના ૧૬ વર્ષમાં આપણા દેશના ૨,૫૬,૯૪૯ ખેડૂતોએ આપઘાત કરેલ છે.** ખેતી કરતી મહિલા આપઘાત કરે તો તેને ખેડૂતના આપઘાતમાં ગણવામાં આવતા નથી. કેટલાક ખેડૂત આપઘાતની નોંધણી પણ કરવામાં આવતી નથી.

★ તુલસીદાસજીના ‘રામચરિત માનસ’નું હોલેન્ડની ડચ ભાષામાં અનુવાદ કરવામાં આવેલ છે.

★ દુનિયામાં દર સેકંડે ક્રુડ ઓઇલના ૧૨૦૦ બેરલનો વપરાશ થાય છે.

★ પાણીનો સંગ્રહ વધારવા માટે સામઢિયાળા બંધારાનો પાયો સવા ત્રણ મીટર હતો તે વધારીને સવા ચાર મીટર કરવાનો ગ્રામ લોકોએ નિર્ણય કર્યો. સરકારી મદદ શૂન્ય. સરકારી વિઘ્ન ઘણા. ૫૦૦ ખેડૂતોએ મોટરબાઇકની લાઇટમાં રાત્રે ૧૨ વાગે પાયો ઊંચો કરવાનું કામ શરૂ કરી પરોઢે ૫ વાગે કામ પૂરું કરી નાખ્યું. કશા કારણ વગર આ પાયાને તોડવા સવારે ૭.૩૦ વાગે સરકારી J.C.B. મશીનો સાથે ૩૦૦ પોલીસ ધસી આવ્યા. થોડીવારમાં હજારો લોકો ભેગા થઇ ગયા. લોકશક્તિ જીતી. J.C.B. મશીન અને પોલીસોને પાછા લઇ જવા પડ્યા. હવનમાં હાડકા નાખવાની સરકારી નીતિ સફળ ન થઇ.

★ **સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા કરવામાં આવેલા એક સર્વેમાં જણાવેલ છે કે ભારતમાં ૩૬૬ મિલિયન લોકો પાસે ઘરઆંગણે ટોઇલેટની સગવડ છે જ્યારે ૫૬૪ મિલિયન મોબાઇલ કનેક્શન છે.**

★ મૂળ સુરતના ગુજરાતી યુવાન ભૂપેન સુરાણી ઉત્તર ચીનના ઇનર મોંગોલિયા પ્રાંતના આર્થિક વિકાસ માટેના કન્સલ્ટન્ટ તરીકે નિમણૂક પામ્યા છે.

★ લંડનના ‘ધ ઇકોનોમિસ્ટે’ તૈયાર કરેલા લોકશાહીના સર્વેમાં જે ૨૬ દેશો લોકશાહી ધરાવે છે તેમાં ભારતનો નંબર નથી. આપણી લોકશાહીને (FLAWED DEMOCRACY) એટલે કે ‘દૂષિત લોકશાહી’ઓના જૂથમાં સ્થાન આપવામાં આવેલ છે.

★ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં દસ હજાર હેક્ટરમાં પથરાયેલા અંબાણી-જૈનના સહિયારા ‘મહામુંબઇ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન’ની જમીનનું સંપાદન માટેનું જાહેરનામું મહારાષ્ટ્ર સરકારને રદ કરવું પડ્યું છે અને તેથી છ હજાર ખેડૂતોને એમની જમીન પરના હક્કો પરત મળેલ છે.

★ થોડા સમય પૂર્વે બલુચિસ્તાનમાં ૬૭ જેટલા નેતાઓએ ખોટી ડિગ્રી મેળવી હોવાનો વિવાદ જાગ્યો હતો. ત્યારે ત્યાંના મુખ્ય સેવકે કહ્યું કે ‘એ અસલી હોય કે નકલી એથી શું ફરક પડે છે! છેવટે ડિગ્રી એ ડિગ્રી તો છે જ ને!!’

★ અસ્પૃશ્ય ગણાતી જાતિઓને મંદિર પ્રવેશનો અધિકાર ન હતો તે જાણીતી હકીકત છે. આ સદીઓ જૂના રિવાજ વિરુદ્ધ સૌપ્રથમ કાયદેસરનું પગલું ૧૯૩૬માં ત્રાવણકોરના મહારાજાએ લીધેલું.

★ એલોપથી સારવાર પદ્ધતિમાં સૌપ્રથમ ડિગ્રી મેળવનાર ભારતીય મહિલા આનંદીબાઇ જોશી વર્ષ ૧૮૮૬માં અમેરિકાની મેડિકલ કોલેજમાં M.D. થયેલા.

★ કલકત્તાની મેડિકલ કૉલેજમાંથી સૌપ્રથમ M.D.ની ડિગ્રી મેળવનાર મહિલા ૧૮૮૬માં જ કાદંબરી ગાંગુલી હતા.

★ હિમાચલ પ્રદેશના પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ બનનારા મહિલા શ્રી લીલાબહેન શેઠ અભ્યાસ અર્થે લંડન ગયેલા અને ત્યાં બેરિસ્ટરની પરીક્ષામાં સૌથી વધુ તેજસ્વી નીવડેલા.

★ અણુવીજળી મથક બાંધવામાં શ્રેષ્ઠ ટેકનોલોજી ધરાવનાર ફ્રાન્સે પોતાના દેશમાં છેલ્લા ૨૫ વર્ષ દરમ્યાન એકપણ અણુ વીજળી મથક બાંધેલ નથી.

★ બીજા વિશ્વયુદ્ધ વખતે ૧૯૪૦માં ચર્ચિલને ઇંગ્લેન્ડના મુખ્યમંત્રીપદની જવાબદારી સોંપવામાં આવી. પછી હિન્દુસ્તાનને સ્વતંત્રતા આપવાની વાત આવી ત્યારે ચર્ચિલે જણાવ્યું હતું કે "I have not become his Magesty's first SERVENT in order to liquidate the empire" અર્થાત સામ્રાજ્યને ફડચામાં લઈ જવા માટે હું નામદાર શહેનશાહનો પહેલો નોકર બન્યો નથી. (આમ ચર્ચિલ-મુખ્યમંત્રી-પોતાને નોકર તરીકે ઓળખાવે છે. — આપણે ત્યાં?)

★ એસ્બેસ્ટોસ માનવ માટે અતિ હાનિકારક પદાર્થ હોવાના કારણે દુનિયાના ઘણા દેશોએ તેની આયાત પર પ્રતિબંધ મૂકેલ છે જ્યારે ભારત સરકારે તેની આયાત ડ્યુટી જે ૭૮% ટકા હતી તે ઘટાડીને ૨૫% ટકા કરી છે!

★ દારૂલ ઉલૂમ (દેવબંદ) તરફથી હાલમાં એક ફતવો બહાર પાડવામાં આવેલ છે તે મુજબ કોઈપણ મુસ્લિમ સ્ત્રી ૪૮ માઈલથી વધારે સફર - મુસાફરી એકલી કરી શકે નહીં. ૪૮ માઈલથી વધુ મુસાફરી કરવી હોય તો તેનો પતિ સાથે હોય તો જ તે વધુ સફર કરી શકે.

★ ટી.વી. પર પ્રસારિત એક અહેવાલમાં તિરૂપતિ બાલાજી મંદિરના પ્રસાદના લાડુમાંથી નીકળેલી ઈયળો બતાવવામાં આવેલી.

★ નેશનલ ક્રાઈમ બ્યૂરોના રિપોર્ટ અનુસાર આપણા દેશમાં દર કલાકે ૧૪ વ્યક્તિ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે અને ૫૬ વ્યક્તિ ઈજાનો ભોગ બને છે.

★ ગયા વર્ષે રશિયા અને એની આજુબાજુના વિસ્તારમાં ગરમીના કારણે ૫૬,૦૦૦ માણસોના મૃત્યુ થયા હતા.

★ યુનિસેફનો એડલેસન્સને લગતો હમણાંનો રિપોર્ટ જણાવે છે કે ભારતમાં ૫૬ ટકા જેટલી છોકરીઓ એનેમિયા (લોહીનું ઓછાપણું) ના રોગથી પીડાય છે.

★ તામિલનાડુના ડિંડીગુલ જિલ્લાના મદુરાઈ ગામના એક દલિત યુવાને એક ઉજળિયાત કોમની યુવતી સાથે લગ્ન કર્યા. તરત જ કટ્ટા પંચાયત તરીકે ઓળખાતી પંચાયત બોલાવવામાં આવી. તેણે દંપતીને જંગલમાં લઈ જઈ ત્યાં એક બકરીને મારી તેના લોહીથી દંપતીને નવડાવીને લગ્ન ફોક કર્યા અને યુવતીના લગ્ન તેમના જ સમાજના એક યુવક સાથે પરણાવી દીધી.

*સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – જેનો સમાજે સાભાર સ્વીકાર કર્યો તેની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧)** | **શ્રી એલ. ડી. શાહ - બિદડા (કચ્છ) તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| ૧. | અમે સમાજને સમર્પી વારસાઈ સંપત્તિ | ક્રિસ્ટોફર મોગીલ<br>એન. સ્લેપિયન તથા પીટર વુડ્રો<br>અનુવાદ : ડૉ. હસમુખ પટેલ<br>પ્રકાશક : સૂર્યકાંત પટેલ |
| ૨. | વિકાસનો પર્દાફાશ | જોન પરકિન્સ<br>ભાવાનુવાદ :<br>વેલજીભાઈ દેસાઈ |
| ૩. | વસુંધરાનું વંઠેલું સંતાન | ડૉ. મહેરવાન ભામગરા |
| ૪. | માનવ જ્યોતિ | પ્રકાશક : માનવજ્યોત<br>પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫. | કેળવણી મંથન | વેલજીભાઈ દેસાઈ |
| **(૨)** | **શ્રુત પ્રસારણ નિધિ ટ્રસ્ટ - મુંબઈ તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| ૬. | ભાવે ભાવના ભાવિએ | મુનિ દેવરત્નસાગર |
| ૭. | પ્રવચન પ્રદક્ષિણા | મુનિ દેવરત્નસાગર |

## તમારી સમસ્યાઓનું સમાધાન અંદર જ છે

તમારા જીવનની તમામ સમસ્યાઓનું સંપૂર્ણ સમાધાન તમારી અંદર જ છે. આ સમાધાન સકારાત્મક સમાધાન છે. પલાયનવાદીનું સમાધાન ઋણાત્મક હોય છે. દા.ત. શાહમૃગ. જો તેને કોઈ મારવા આવે તો તેને ભય ન લાગે માટે તે પોતાનું માથું રેતીમાં દાટી દે છે. તેને કોઈ મારવા આવે તો હવે તે તેને જોઈ શકતું નથી. આપણી સમક્ષ આવતી મુશ્કેલીઓ, અવરોધો કે સમસ્યાઓનો આપણે સામનો કરવાનો છે. તેમનું નિરાકરણ કરવાનું છે. જેમાંના માત્ર ૫% બહારના છે. બાકી ૯૫% તો આપણી અંદરના જ છે. જો આપણે આપણી જાતે જ સમસ્યા ઊભી ન કરીએ તો બહારથી તો કોઈ સમસ્યા આવતી જ નથી.

*સાભાર : 'માનવ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

૧. આપણા દેશમાં મૃત્યુ બાદ ચક્ષુદાન કરનારાઓની સંખ્યા જેમ ઘણી વધી રહી છે, એમ અંગદાન કરનારાઓની સંખ્યા પણ વધી રહી છે. છતાં આપણા દેશમાં એ સંખ્યા અપૂરતી પડે છે. કારણ કે આપણા દેશમાં કામ નહીં કરતા અંગો બદલાવનારાઓની સંખ્યા વર્ષે લગભગ એક લાખની હોય છે. જ્યારે અંગદાન કરનારા ચાર હજાર જ હોય છે. એક મૃત વ્યક્તિના ૩૦ અંગ કામ લાગતા હોય છે.

૨. સુરતની પ્રિયાંશી સોમાણી, જર્મની ખાતે યોજાયેલી મેન્ટલ કેલ્ક્યુલેશન વર્લ્ડ કપ (વૈદિક ગણિત) સ્પર્ધામાં સૌથી યુવા ઉમેદવાર હતી. માત્ર ૧૧ વર્ષની પ્રિયાંશીએ આ સ્પર્ધામાં દુનિયાભરના ૧૬ દેશોમાંથી જોડાયેલા જુદી જુદી વયના ૩૭ જેટલા સ્પર્ધકોને હરાવી સ્પર્ધા જીતી લીધી હતી. આ સ્પર્ધામાં સૌથી વધુ વયના ઉમેદવારની વય ૬૧ વર્ષની હતી. આ સ્પર્ધા ૭-૮ જૂન, ૨૦૧૦ના રોજ જર્મનીમાં યોજાઇ હતી.

૩. વિશ્વમાં સેટેલાઇટ લોંચ કરતા દેશોમાં ભારતનું સ્થાન છઠ્ઠા ક્રમે છે.

૪. વિશ્વભરના વિનાશક વાવાઝોડામાં સૌથી વધુ તોફાની ચક્રવાત હરિકેન અને ટાયફૂન છે. કેરેબિયન સમુદ્ર અને મેક્સિકોના એટલાન્ટિક કિનારા પાસે ઉત્પન્ન થતો ચક્રવાત એટલે હરિકેન, જ્યારે ચીન પાસેના સમુદ્રમાં, જાપાન અને ફિલિપાઇન્સના ટાપુઓ પર સર્જાતો વંટોળ ટાયફૂન તરીકે ઓળખાય છે. હિંદ મહાસાગર અને બંગાળના ઉપસાગર ઉપર ઉદ્ભવતો ચક્રવાત હળવા પ્રકારનો હોય છે જે વંટોળ તરીકે ઓળખાય છે. અમેરિકામાં ટોર્નેડો તરીકે ઓળખાતું હવાનું તોફાન ભમરડા આકારનું હોય છે અને એનો વેગ કદી માપી શકાતો નથી, પણ એના પ્રવાસ દરમિયાન સૂંઢ જેવા નળાકાર ભાગમાં આવતા વિસ્તારોમાં ભયાનક વિનાશ વેરે છે. ગુજરાતમાં ૧૯૮૩ અને ૧૯૮૭ માં નાના સ્વરૂપે ટોર્નેડો ત્રાટક્યું હતું, જે ગુજરાતના હવામાન ઇતિહાસમાં નોંધપાત્ર ઘટના ગણાય છે, કારણકે ભારતમાં ભાગ્યેજ ટોર્નેડો સર્જાય છે. થોડા સમય પહેલાં અરબી સમુદ્રમાં કલાકના ૭૫ કિલોમીટરની ઝડપ ધરાવતા પવન સાથે ફેટ ચક્રવાત સર્જાયો હતો, પણ પછી ગુજરાતથી ફંટાઇને ઓમાન તરફ જતાં વેગ ધીમો પડ્યો હતો અને આપણે વિનાશમાંથી બચ્યા હતા. આ ચક્રવાતોથી વાદળાં બંધાય છે અને વરસાદ પડે છે. એનો પવન ગોળગોળ ફરતો ઊંચે ચડતો હોય છે અને વરસાદ ખેંચી લાવે છે. સાથે હરિકેન, ટાયફૂન કે ટોર્નેડો જેવા ચક્રવાત વિનાશ પણ નોતરે છે. એટલે વાવાઝોડાંને હંમેશાં ગંભીરતાથી લેવાય છે.

૫. દક્ષિણ ધ્રુવના એન્ટાર્કટિક ખંડ પર ૩ થી ૪ કિલોમીટર જાડું બરફનું આવરણ છે જેમાં પૃથ્વી પરના પાણીનો ૯૦ ટકા જથ્થો સંગ્રહાયેલો છે.

૬. ઉત્તર ધ્રુવ પર ઓક્ટોબરમાં સૂર્ય આથમે છે તે છેક ફેબ્રુઆરીમાં સૂર્યોદય થાય છે.

૭. ઉત્તર ધ્રુવ પર જમીન નથી માત્ર સમુદ્ર છે જેની સપાટી પર હંમેશાં બરફ છવાયેલો રહે છે. જેનો વિસ્તાર ૧.૨ કરોડ ચોરસ કિ.મી. છે.

૮. યાદ શક્તિ વધારવા માટે અઠવાડિયામાં બે દિવસ જોગિંગ કરવું જોઇએ. જોગિંગથી મગજમાં હજારોની સંખ્યામાં નવી કોશિકાઓ બને છે. જે યાદશક્તિ વધારવાનું કામ કરે છે. ■

## શબ્દ રમત-૫૯નો ઉકેલ


| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | મ | યિ | ક | | અં | કિ | ત | | બો | ડ | | સા | ર | પ |
| લ | ય | | સ | | ગ | | રો | પ | ણી | | પા | ચ | | હે |
| સ | | વ | ર | સા | દ | | પ | ડી | | સા | દ | | ધી | રે |
| કં | તા | ન | | જ | | ર | ણ | કા | ર | | ર | વો | | ગી |
| ચો | | રા | મ | ન | વ | મી | | | સા | મ્ય | | ડ | ગ | ર |
| | સાં | જ | | | સા | | ગો | વા | ળ | | લં | કા | | |
| ગા | દી | | વ | રા | હ | | ળ | | | ખો | બો | | બ | ભુ |
| | પ | ગા | ર | | ત | લ | પા | પ | ડ | | દ | રા | જ | |
| દ્વ | નિ | | તા | જું | | | પ | | બ | જ | ર | | રં | ક |
| | | ની | રો | | આ | ખ | ડી | | ગ | | | મ | ગ | |
| તા | સી | ર | | મ | સા | ણ | | સ | ર | સા | મા | ન | | ખી |
| જા | | સ | ત | | મ | જ | દૂ | ર | | ક | | સ | હ | સા |
| ક | ળી | | ક | પિ | | | ર | | ત | ર | કી | બ | | કા |
| લ | | ર | દી | | કો | સં | બી | | સ્ક | | ચ | | જ્ઞા | ત |
| મ | હા | વી | ર | સ્વા | મી | | ન | શ્વ | ર | | ક | લ્પ | ત | રુ |

**એપ્રિલ-૨૦૧૧ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૫૯ના ઉકેલ મોકલાવનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ચંદ્રા મહેન્દ્ર શાહ | ભઠ્ઠા, અમદાવાદ | બધા સાચા |
| ૨. | ચંદ્રા મહેન્દ્ર શાહ | સેટેલાઈટ, અમદાવાદ | બધા સાચા |
| ૩. | શાંતિલાલ વ. શાહ | અમદાવાદ | બધા સાચા |
| ૪. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | બધા સાચા |
| ૫. | કલ્પનાબહેન લક્ષ્મીચંદ નાગડા | વલસાડ | ૧ ભૂલ |
| ૬. | સરલા ચંદ્રકાંત શાહ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૭. | પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા | વલસાડ | ૧ ભૂલ |
| ૮. | કિશોર જે. શાહ | ભુજ | ૧ ભૂલ |

## શબ્દ રમત-૬૦

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૧-૫-૨૦૧૧)*

### આડી ચાવીઓ

૧. મુક્કાબાજી, મારામારી (૪)
૩. નરક, યમરાજની નગરી (૪)
૬. ધર્મયુદ્ધમાં પ્રાણ આપનાર (૩)
૮. બહારગામના માલનો આવરો (૩)
૯. મનસ્વી, મસ્ત, શોખીન (૪)
૧૦. લશ્કરનો વડો (૪)
૧૧. દટાયેલું, ખાળ કૂવો (૩)
૧૨. નોળિયો, સૌથી નાનો પાંડવ (૩)
૧૪. સાવ બોડું માથું (૨)
૧૬. વરદાન, પતિ (૨)
૧૭. શરદી, એક રોગ (૪)
૧૯. શાણું, સમજણું (૩)
૨૦. હાસ્ય પ્રધાન નાટક (૪)
૨૧. સાવસહેલી, રમત જેવું કામ (૪)
૨૩. ડગલો, કિલ્લાની દીવાલ (૨)
૨૪. નિર્ણય, ઉકેલ (૨)
૨૫. ખલાસ, તદ્દન સાફ (૪)
૨૭. ગંજીફાનું એક પાનું (૪)
૩૦. વેવિશાળ, લગ્ન (૩)
૩૧. ફરતાચક્રની માફક ગોળગોળ (૩)
૩૩. મેરાઇ, સઇ (૩)
૩૪. પુષ્કળ (૩)
૩૫. એક ખનિજ પદાર્થ, તેજાબ (૩)
૩૭. કૃષ્ણપક્ષ (૨)
૩૯. પરાક્રમ, શૂરવીરતા (૩)
૪૦. શિખામણનું વચન (૫)
૪૨. કાયદા ઘડનારી સભા (૫)
૪૫. રમત, તમાશો (૨)
૪૬. હંમેશ, દિવસ (૨)
૪૭. શોક, દુઃખ (૨)
૪૮. ક્યારે (૨)
૪૯. એક રાગિણી, ભાસ્કરાચાર્યની પુત્રી તેનું ગણિત (૪)
૫૦. વેદના, અંગારો (૩)
૫૨. ૫૦ની સંખ્યા (૩)
૫૩. ...છાંડી જાને બાળા (૫)
૫૬. પાસા ફેંકી ભવિષ્ય જોવાની રમત (૩)
૫૭. વ્યવસ્થા, ગોઠવણ (૩)
૫૯. હરાયું, ભટકતું (૩)
૬૦. સમૂહની ગુંડાશાહી (૪)
૬૧. જૈન સાધુની પૂંજણી-ઓઘો (૫)

### ઊભી ચાવીઓ

૧. મુલવણી, મૂલ્ય આંકવું (૪)
૨. મિશ્રણ, મિશ્રિત (૪)
૩. એક ચંદ્રવંશી રાજા (૩)
૪. અભિપ્રાય, સંપ્રદાય (૨)
૫. ચલણી નાણું, અમલ (૩)
૬. આબરૂદાર, પ્રતિષ્ઠિત (૩)
૭. કાર્યાલય, વિદ્યાર્થીઓની થેલી (૪)
૮. આપોઆપ, પોતાની મેળે (૪)
૯. રુકાવટ, કેદમાં રાખવું (૫)
૧૩. કૌતુક, જાણવાની ઉત્કંઠા (૪)
૧૪. અહીં "ટમટમ" ઊલટ પુલટ થયું છે.(૪)
૧૫. છબી, ચિત્ર (૪)
૧૬. ચિત્રલેખા સાપ્તાહિકના સંસ્થાપક (૫)
૧૭. ગરજ, પરવા (૩)
૧૮. પૈસાનો વપરાશ, વાપર (૩)
૨૦. વિષ્ણુભક્ત, હિરણ્યકશિપુનો પુત્ર (૪)
૨૨. ફરીફરીને, વારેઘડીએ (૪)
૨૬. વિક્રમ સંવતનો પાંચમો માસ (૩)
૨૮. નકામી માથાફોડ, ટકટક (૪)
૨૯. જીવન પર્યંત (૪)
૩૦. બ્રહ્મા, સૃષ્ટિના સર્જનહાર (૩)
૩૨. છૂટી, પરવાનગી (૨)
૩૪. ચોરી કરનાર અને સિપાઇ (૫)
૩૫. વાસ, દુર્ગંધ (૨)
૩૬. નિર્મલ, સફેદ (૩)
૩૮. દસ વર્ષનો સમય (૩)
૪૦. જીભ (૩)
૪૧. ઉત્તમ પુરુષ (૪)
૪૨. વિસ્તારપૂર્વક (૫)
૪૩. એક જાતનો જાડો સાપ (૩)
૪૪. લાગણીમાં પલટાવું (૫)
૪૫. માર્ગદર્શક, સુકાની (૪)
૫૧. ઓરડી, ખોલી (૩)
૫૩. મુસલમાનોમાં શબ લઈ જવાની ખાટલી(૩)
૫૪. ઘટતી કિંમત કરવી (૩)
૫૫. થોડા વાળની સેર (૨)
૫૮. કસબ, નાણું (૨)

*જિંદગી ધૂળ જેવી છે.*
*તો કમસે કમ એમાં આંસુડા પાડીને*
*કીચડ ન કરો.*

*ધીરજ વીરતાનું અતિ ઉત્તમ, મૂલ્યવાન અને દુર્લભ અંગ છે.*

# સુડોકુ

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

સુડોકુ ક્રમાંક-૧૦૧૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૧-૫-૨૦૧૧ સુધીમાં મોકલી આપવા વિનંતી. સાચા જવાબો મોકલનારના નામ જૂન-૨૦૧૧ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :**
1. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
2. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

## ક્રમાંક - ૧૦૧૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | | | ૧ | |
| ૧ | | | | ૫ | ૪ | | | ૬ |
| | ૩ | ૪ | ૯ | | | | | ૮ |
| ૯ | ૪ | | | ૩ | | ૬ | | ૭ |
| | | | ૫ | ૬ | ૮ | | | |
| ૫ | | ૬ | | ૯ | | | ૮ | ૧ |
| ૪ | | | | | ૩ | ૭ | ૯ | |
| ૩ | | | ૭ | ૮ | | | | ૪ |
| | ૫ | | | | | | ૨ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૪ | | | | ૬ | ૭ | ૩ |
| ૩ | | ૯ | ૪ | | | | ૨ | |
| | ૮ | | | ૧ | ૨ | | | |
| | | | | ૨ | ૯ | | | ૫ |
| ૮ | ૨ | | | ૪ | | | ૩ | ૬ |
| ૬ | | | ૮ | ૩ | | | | |
| | | | ૯ | ૫ | | | ૬ | |
| | ૪ | | | | ૧ | ૩ | | ૮ |
| ૫ | ૬ | ૩ | | | | ૭ | ૧ | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | ૮ | ૧ | | ૫ | | |
| ૨ | | ૧ | ૫ | | | | | |
| | | ૫ | | | ૯ | | ૮ | ૧ |
| ૧ | | ૩ | | | ૫ | ૮ | ૪ | |
| ૪ | | | ૨ | | ૩ | | | ૯ |
| | ૯ | ૬ | ૪ | | | ૨ | | ૩ |
| ૬ | ૭ | | ૩ | | | ૧ | | |
| | | | | | ૨ | ૩ | | ૮ |
| | | ૨ | | ૪ | ૭ | | ૯ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | ૭ | ૪ | | ૮ | | |
| ૧ | | | | | ૮ | | ૭ | |
| ૮ | | ૪ | ૧ | | | | | ૨ |
| ૫ | ૩ | | ૪ | | | ૬ | | |
| | | | | ૯ | | | | |
| | | ૮ | | | ૫ | | ૧ | ૭ |
| ૯ | | | | | ૪ | ૩ | | ૮ |
| | ૪ | | ૯ | | | | | ૫ |
| | | ૨ | | ૬ | ૩ | | ૯ | |

## એપ્રિલ-૨૦૧૧ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૬નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. અનુબહેન મહેતા - અમદાવાદ
૨. નિરાલી દિનેશ શાહ - અમદાવાદ
૩. ધનંજય દિનેશ શાહ - અમદાવાદ
૪. તરુણ પ્રતાપ દંડ - અમદાવાદ
૫. કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ
૬. નીના અશોક ગોરજી - અમદાવાદ
૭. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૮. બકુલ એમ. શાહ - અમદાવાદ
૯. મીના પુંકેશ નાગડા - વડોદરા
૧૦. પી. સી. શાહ - ભુજ
૧૧. રૂપલ કેયુર લોડાયા - વડોદરા
૧૨. કાંતિલાલ રતનશી સાયા - અમદાવાદ
૧૩. કાર્તિક કિશોર સાયા - અમદાવાદ
૧૪. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૫. ચંદ્રિકા એ. શાહ - રૂરકેલા
૧૬. મમતા જે. શાહ - અમદાવાદ
૧૭. ધર્મિન રાજેન્દ્ર વિકમશી - અમદાવાદ
૧૮. મેહુલ દોશી - અમદાવાદ
૧૯. અમી નીતિશ શાહ - અમદાવાદ
૨૦. ભક્તિ કિરણ ત્રેવાડિયા - અમદાવાદ
૨૧. કાંતિલાલ ખેતશી ગાલા - ગોધરા
૨૨. સરોજ અનુપ ચંદુરા - સુરત
૨૩. તોરલ ડોલર છેડા - સુરત
૨૪. નવીન શામજી લાલકા - ગદગ
૨૫. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૨૬. દર્શના દીપક શુક્લ - માધાપર, ભુજ
૨૭. કિરણ ઉમરશી રાંભિયા - નડિયાદ
૨૮. લતા દિનેશ મોમાયા - પૂના
૨૯. કલ્પના લક્ષ્મીચંદ નાગડા - વલસાડ
૩૦. ચારૂલતા અમૃતલાલ સંઘવી - અમદાવાદ
૩૧. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ

## ઉકેલ : ક્રમાંક - ૧૦૧૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૨ | ૭ | ૮ | ૯ | ૬ | ૩ | ૧ |
| ૯ | ૮ | ૬ | ૨ | ૧ | ૩ | ૪ | ૫ | ૭ |
| ૩ | ૧ | ૭ | ૬ | ૪ | ૫ | ૮ | ૯ | ૨ |
| ૮ | ૯ | ૫ | ૧ | ૨ | ૪ | ૩ | ૭ | ૬ |
| ૭ | ૨ | ૧ | ૩ | ૫ | ૬ | ૯ | ૮ | ૪ |
| ૪ | ૬ | ૩ | ૮ | ૯ | ૭ | ૨ | ૧ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૯ | ૭ | ૮ | ૧ | ૨ | ૩ |
| ૧ | ૩ | ૮ | ૫ | ૬ | ૨ | ૭ | ૪ | ૯ |
| ૨ | ૭ | ૯ | ૪ | ૩ | ૧ | ૫ | ૬ | ૮ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૩ | ૧ | ૪ | ૫ | ૨ | ૯ | ૮ |
| ૧ | ૨ | ૪ | ૯ | ૩ | ૮ | ૭ | ૫ | ૬ |
| ૫ | ૮ | ૯ | ૨ | ૬ | ૭ | ૧ | ૪ | ૩ |
| ૭ | ૪ | ૨ | ૩ | ૧ | ૬ | ૯ | ૮ | ૫ |
| ૯ | ૬ | ૧ | ૮ | ૫ | ૪ | ૩ | ૭ | ૨ |
| ૩ | ૫ | ૮ | ૭ | ૨ | ૯ | ૪ | ૬ | ૧ |
| ૮ | ૩ | ૫ | ૪ | ૯ | ૧ | ૬ | ૨ | ૭ |
| ૨ | ૯ | ૬ | ૫ | ૭ | ૩ | ૮ | ૧ | ૪ |
| ૪ | ૧ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૩ | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૮ | ૬ | ૪ | ૭ | ૫ | ૧ | ૨ |
| ૭ | ૬ | ૨ | ૫ | ૧ | ૯ | ૪ | ૮ | ૩ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૮ | ૩ | ૯ | ૭ | ૬ |
| ૧ | ૯ | ૭ | ૮ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ |
| ૨ | ૮ | ૩ | ૪ | ૭ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૬ | ૪ | ૫ | ૯ | ૩ | ૧ | ૭ | ૨ | ૮ |
| ૫ | ૭ | ૬ | ૩ | ૯ | ૮ | ૨ | ૪ | ૧ |
| ૩ | ૨ | ૯ | ૧ | ૫ | ૪ | ૮ | ૬ | ૭ |
| ૮ | ૧ | ૪ | ૭ | ૬ | ૨ | ૩ | ૯ | ૫ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૩ | ૯ | ૨ | ૫ | ૧ | ૬ | ૪ |
| ૪ | ૯ | ૧ | ૩ | ૬ | ૭ | ૮ | ૫ | ૨ |
| ૨ | ૬ | ૫ | ૮ | ૪ | ૧ | ૯ | ૭ | ૩ |
| ૭ | ૪ | ૯ | ૨ | ૧ | ૬ | ૫ | ૩ | ૮ |
| ૧ | ૩ | ૮ | ૫ | ૯ | ૪ | ૭ | ૨ | ૬ |
| ૫ | ૨ | ૬ | ૭ | ૩ | ૮ | ૪ | ૯ | ૧ |
| ૯ | ૧ | ૪ | ૬ | ૭ | ૩ | ૨ | ૮ | ૫ |
| ૩ | ૮ | ૨ | ૧ | ૫ | ૯ | ૬ | ૪ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૪ | ૮ | ૨ | ૩ | ૧ | ૯ |

*બીજાનું ખોટું ઈચ્છશો તો તમારું ખરાબ જ થશે.*



**સંકલન : રજનીકાંત ધરમશી પારેખ**

★ માનવ જ્યોત સંસ્થાનો ૨૧મો સ્થાપના દિન મીઠુભાઇ ગડાના પ્રમુખપદે પૂ. સાધ્વી શ્રી શીલાપીજીની હાજરીમાં માટુંગા ગુજરાતી કલબ - રંગોલી મધ્યે આગેવાન ભાઇ-બહેનોની હાજરીમાં યોજાઇ ગયો. આ પ્રસંગે પૂ.સા. શ્રી શીલાપીજીએ બીજાનું દુઃખ દૂર કરીને સેવાકાર્યની ઝુંબેશ ઉપાડવાની શીખ આપી હતી.

★ સ્વ. પીયૂષ મુરજીભાઇ લોડાયા અને સ્વ. અનિરૂદ્ધ જયંતીભાઇ ભાનુશાલીની પુણ્યસ્મૃતિમાં બાંધવામાં આવેલ શીતલ જલ ધારા ગૃહને એક વર્ષ પૂર્ણ થતાં સેવા આપનાર કાર્યકરોને હીરા મોતી ટ્રસ્ટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

★ કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબ આપતાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારે કચ્છમાં સોલારીસ કેમ્પટેકને ૨૬.૭૪ કરોડ ચો.મી. અને આર્મિયન કેમિકલ્સને ૨૪.૦૨ કરોડ ચો.મી. અને અદાણીને ૫.૨૨ કરોડ ચો.મી. જમીન આપેલ છે.

★ કચ્છમાં ૨૧ હેક્ટર ગૌચર જમીન ઉદ્યોગ ગૃહને વેચી દેવામાં આવેલ છે એવી માહિતી મહેસૂલ પ્રધાનશ્રીએ આપેલ હતી.

★ ગાંધીધામ જૈન સેવા સમિતિ અને ઝાલાવાડી સ્થાનક જૈન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રણ દિવસીય નિઃશુલ્ક એક્યુપ્રેશર સારવાર કેમ્પ યોજાઇ ગયો. આ કેમ્પમાં વિવિધ રોગોના ૨૭૫ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો અને બીજા ૫૦૦ જેટલા દર્દીઓને બીજા દિવસે આવવાનું જણાવાયું હતું.

★ આદિપુર ખાતે સાંઇબાબા ચેરિટેબલ ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય સેવા સમિતિના ઉપક્રમે હોમિયોપેથિક દવાનો કેમ્પ યોજાઇ ગયો. આ કેમ્પમાં ૮૫ દર્દીઓએ ભાગ લીધો હતો.

★ વર્તમાન સમયમાં પાણી અને પર્યાવરણના થઇ રહેલા બગાડ અને નુકસાન જીવમાત્ર માટે મુશ્કેલીઓ સર્જે છે. તેથી તેના જતન માટે 'વિશ્વ જળદિન'ની ઉજવણી નિમિત્તે ભુજ ખાતે જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

★ સાંસદ પૂનમબહેન જાટે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારે પી.પી.પી. મોડલમાં સ્પેશિયલ પરપઝ વ્હીકલ બનાવી ગુજરાતના દરિયાકાંઠે ટાઇડલ એનર્જી અંગેના મહાકાય સાહસના અભ્યાસ માટે ફાળવ્યું છે. ૫૦ મેગા વોટના આ પ્રકલ્પ માટે એટલાન્શ રીસોર્સ કોર્પોરેશન (યુ.કે.) અને ગુજરાત પાવર કોર્પોરેશન વચ્ચે એમ.ઓ.યુ. થયા છે.

★ 'મિશન મંગલમ' પ્રોજેક્ટના કાર્યક્રમ અંગે બોલતાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે કચ્છમાં ગોખરૂના વાવેતર કરી ફાર્માસ્યુટીકલ કંપની સાથે જોડાણ કરી સંશોધન મારફતે દેશને સારી દવાઓ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું હતું.

★ 'જલ' ફિલ્મ દ્વારા કચ્છને આંતરરાષ્ટ્રીય ફલક પર લઇ જવાની મહેચ્છા ધરાવનાર પ્રોડ્યુસર ગિરીશભાઇએ ફિલ્મની વાર્તા કચ્છ અને ફલેમિંગો આધારિત હોવાનું જણાવ્યું હતું. આ પિક્ચરમાં પૂરબ કોહલી નાયક તરીકે અને તનીષ્કા હીરોઇન તરીકે કામ કરવાની છે. આ ફિલ્મને કાન્સ બાફ્ટા સહિતના ફિલ્મોત્સવમાં મોકલવાનું આયોજન કરવાનું જણાવ્યું હતું.

★ સુખપર ગામ નજીક ફકીરવાડી ડેમના આવ વિસ્તારમાં જંગલ ખાતાએ પોતાની હદમાં ચેક ડેમ બનાવતાં લાભાર્થી ખેડૂતોએ વિરોધ કરતાં જણાવ્યું હતું કે આ ડેમના કારણે ફકીરવાડીની આવ બંધ થતાં ૭૦૦ એકર જમીનને અસર થશે.

★ કચ્છમાં આયોજન હેઠળ કરવાના થતા વિકાસ કામો માટે વર્તમાન નાણાંકીય વર્ષ માટે ૧૧.૩૬ કરોડના ખર્ચે જુદા જુદા ૭૦૮ કામો પૂર્ણ કરી દેવામાં આવ્યા છે અને ૨૮૯ કામોનું કાર્ય પ્રગતિમાં હોવાનું આયોજન મંડળની કાર્યવાહી સમિતિમાં જણાવવામાં આવ્યું હતું.

★ ૬૫ હજાર મેટ્રિક ટન મીઠું ભરીને કંડલા મહાબંદરની ચેનલ માંથી બહાર નીકળેલું જહાજ અચાનક ગ્રાઉન્ડ થઇ જતાં મુશ્કેલીઓ ઉદ્ભવી છે. આવા વિશાળકાય જહાજને ફરીથી તરતું કરવા માટે 'ટગ' ઉપલબ્ધ ન હોવાથી પ્રશાસને આના માટે યોગ્ય પ્રયાસ કરવા જોઇએ.

★ ગત ચોમાસામાં કોડાય મદનપુરા પાપડીના વહેણમાં તણાઇને મૃત્યુ પામેલ પુત્રની યાદમાં કૌશિક નારાણજી સોમેશ્વરે વિદ્યાદીપ વીમા યોજના માટે શાળાને દાન આપ્યું હતું.

★ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં કચ્છી કડવા પાટીદાર સમાજ દ્વારા જનસમાજમાં અંધશ્રદ્ધા નિવારણ માટે ભારત જનવિજ્ઞાન 'જાથા'નો 'ચમત્કારોથી ચેતો' લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં સૌએ અંધશ્રદ્ધા ફગાવવાના શપથ લીધા હતા.

★ નહેરના આગમનના પગલે શરૂ થયેલ જમીન કૌભાંડ છેવાડાના વરણ ગામે ખુલ્લું પડ્યું છે. શરણાર્થીઓની જમીનોની વેચસાટમાં સંડોવાયેલા રાપરના નાયબ મામલતદારને સસ્પેન્ડ કરી જિલ્લા કલેક્ટરે વિક્રમી ગણાય તેવી ૧૫૦૦ એકર રણની જમીનના સોદા રદ કરી સરકારની જમીન કોઇ વેચી ન શકે તેવો આદેશ આપ્યો છે.

★ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે કંડલાની સેન્ટ મેરી સ્કૂલ ખાતે ૨૦ મહિલાઓને સિલાઇ મશીન અર્પણ કરી મહિલા

*ગ્રાહકોની મરજીને માનશો તો નફો કમાશો.*

દિનની ઉજવણી કરી હતી.

★ પ્રવાસનું આયોજન કરતા સંચાલકો હવે ઓલ ઇન્ડિયા પ્રવાસી પરમિટ માટે ગાંધીનગરને બદલે કચ્છના આર.ટી.ઓ. પાસેથી મેળવી શકશે.

★ વન્યસંપદા ક્ષેત્રે ખૂબ સમૃદ્ધ ગત વર્ષે વરસાદ સારો પડતાં મધમાખીઓનું પ્રમાણ વધતાં આ વર્ષે લગભગ બે હજાર મધનું ઉત્પાદન થશે વળી આ મધ ગુણવત્તાની દૃષ્ટિએ અને સ્વાદની દૃષ્ટિએ પણ સર્વશ્રેષ્ઠ છે તેમ વનવિકાસ નિગમ તરફથી જાણવા મળેલ છે.

★ વિવિધ સહકારી યોજનાઓ હેઠળની સબસિડીવાળી લોન અરજીઓ પર અબડાસાની ઘણી બેંકોએ ધિરાણ ન આપતાં ફરિયાદનો સૂર લાભાર્થી તરફથી ઊઠાવવામાં આવેલ છે.

★ ક.વી.ઓ. જૈન મહાજન દ્વારા ફરતા દવાખાના આરોગ્ય રથનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે ૩૪ દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો.

★ માંડવી તાલુકાના જખણિયા ગામ નજીક શાંતિવનના ઑપન એર થિયેટરમાં અબોલ પ્રાણીના રક્ષક શ્રીમતી ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટને ૩.૬૪ લાખનું માતબર દાન દાતાઓ તરફથી મળેલ છે.

★ માંડવીમાં સદ્‌વિચાર પરિવાર ચક્ષુ સારવાર વિભાગ દ્વારા અંધત્વ નિવારણ કાર્યક્રમ અંતર્ગત નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પમાં ૧૧૨ દર્દીઓએ ભાગ લીધો હતો.

★ કચ્છ મિત્રના તંત્રી કીર્તિભાઇ ખત્રીની હાજરીમાં કવિ હરીન્દ્રભાઇ દવેની પ્રતિમાનું અનાવરણ ખંભરા ખાતે કરવામાં આવ્યું હતું.

★ માનવીના મૂળભૂત અધિકારો પર તરાપ મારવાની કોશિશ અત્યાચાર, જુલમ, બળાત્કાર જેવા વધી રહેલા કિસ્સાઓ સામે જાયન્ટસ ગ્રૂપ ઓફ માંડવી સાહેલી દ્વારા માનવ અધિકાર ભંગ પીડિતોના સહાયાર્થે માનવી અધિકાર સહાય કેન્દ્ર ખુલ્લું મૂકવામાં આવેલ છે.

★ વરસાદી પાણીને આગળ વધતા રોકવા માંડવીમાં રૂકમાવતી ભરતી નિયંત્રણ યોજનામાં જળસંગ્રહ માટે ચોમાસા પહેલાં ૪૨ ઓટોમેટિક દરવાજા (ગોડબોલે ટાઇપ) નું સર્વિસિંગ કામ શરૂ કરવાની માંગણી જયકુમાર સંઘવીએ કરેલ છે.

★ ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપે ક્ષતિગ્રસ્ત બનાવેલા અંજાર તાલુકા પંચાયતના મકાનને સ્થાને નવું મકાન બાંધવા રૂા. ૮૦ લાખના ખર્ચની ગુજરાત સરકારે મંજૂરી આપેલ છે.

★ ભુજ ખાતે મહાવીર જન્મ કલ્યાણકની રથયાત્રા આદિનાથ જિનાલયોથી નીકળી વ્હાઇટ બિલ્ડિંગ સુહાગ રિંગરોડ છઠ્ઠીબારી મોટા ડેલામાં દેરાસરે આવી હતી. રથયાત્રામાં ઘોડા બેન્ડ પાર્ટી દેશી મંડળીઓ, ઊંટગાડી વગેરેનો સમાવેશ થયો હતો.

★ ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ સંચાલિત ભુજની મેડિકલ કૉલેજ સહિત ગુજરાતની ચાર મેડિકલ કૉલેજની ૩૮૦ બેઠકોને મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ નો-એડમિશનની યાદીમાં મૂકી દેતા આગામી નવા સત્રમાં પ્રવેશ પ્રક્રિયા અંગે ચિંતા ઊઠી છે.

★ કચ્છમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવાની દિશામાં મહાનાયક અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા સુધીના પ્રયાસો છતાં નારાયણ સરોવર અને કોટેશ્વરમાં કરોડો રૂપિયાની વિકાસલક્ષી યોજનાઓ છતાં પ્રવાસન ખાતાની કામગીરી સામે લોકોમાં અસંતોષ સાથે ફરિયાદના સૂર જાણવા મળે છે.

★ આગામી ત્રણ માસમાં કચ્છની જીવાદોરી સમી નર્મદા યોજનાના બાકી રહેલા ભાભર થી મુંદરા સુધીની નહેરના કામોના ટેન્ડર બહાર પડી જશે એમ સરદાર સરોવર નર્મદા નિગમના એમ.ડી. શ્રી જગદીશને જણાવ્યું હતું.

★ જિલ્લા પંચાયતની ગત બોડીની અંતિમ સામાન્ય સભામાં છ સુધરાઇ અને તમામ ગ્રામ પંચાયતોની હદમાંથી પસાર થતાં ૪૫૦ કિ.મી.ના માર્ગો જિલ્લા પંચાયત જે-તે સુધરાઇ ગ્રામ પંચાયતને સોંપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

★ ગાડાવાટથી પણ બદતર બનેલા આદિપુરથી મુંદ્રા તરફ જતાં ખખડધજ રોડના મજબૂતીકરણનું કામ રૂા. ૧૨ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યું છે. આ કામ માટે જુદી જુદી પાર્ટીઓને કામ સોંપવામાં આવ્યું છે અને ચોમાસા પૂર્વે સમારકામ પૂરું કરી દેવાશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.

★ કચ્છના કિસાનોને વિવિધ ક્ષેત્રમાં થતા અન્યાયની સામે એક જૂટ થવા કચ્છ કિસાન સંઘે કમર કસી છે. અને તાલુકે તાલુકે એકત્રિત થઇ દરેક ગામમાંથી ગ્રામ સમિતિ બનાવી ખેડૂતોને થતા અન્યાય પર અવાજ ઊઠાવવા સંગઠનને મજબૂત બનાવવા ભાર મૂકાયો હતો.

★ કુંવરબેટમાં કુદરતી રીતે જ પાંગરેલા ગૂગળના મસમોટા અને તંદુરસ્ત વૃક્ષો પર ઘાતકી 'કટ' મારી ગુંદ એકત્ર કરવાની કામગીરી વનવિભાગ દ્વારા અટકાવી દઇને વનરાજીને વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

★ ડિઝીટલાઇઝેશન ક્ષેત્રે ઝડપી પ્રગતિ કરીને રાજ્યભરમાં ખ્યાતિ મેળવનાર કચ્છ યુનિવર્સિટીએ હવે અત્યાધુનિક વર્ચ્યુઅલ વર્ગખંડનું નિર્માણ કરવાનો નિર્ણય લીધો છે અને સિન્ડિકેટે તેને મંજૂરી આપી દીધી છે.

★ યુનિવર્સિટીના આધુનિક ટેકનોલોજી અપનાવવાના ઝડપી વલણને સાંભળીને ભારતમાં ટેલિકોમ ક્રાંતિના જનક સામ પિત્રોડાએ પણ કચ્છ આવવાની ઉત્સુકતા દર્શાવી છે.

★ વિશ્વકપ ક્રિકેટની જીતને કચ્છમાં ખૂણે ખૂણે ભારે ઉત્સાહ-આનંદ અને દેશપ્રેમની તીવ્ર લાગણી સાથે ઉત્સવના રૂપમાં વધાવી લેવાયો હતો. નાના ગામથી માંડીને તાલુકા મથકો અને શહેરોમાં ક્રિકેટ પ્રેમીઓએ મનમૂકીને વિજયોત્સવ મનાવ્યો હતો.

★ કાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના નિયામક ઘનશ્યામ એમ. બુટાણીએ 'ગ્રામ પંચાયતના મહિલા સભ્યોની ભૂમિકા – એક રાજકીય વિશ્લેષણ' રાજ્યશાસ્ત્ર વિષયમાં મહાનિબંધ રજૂ કરીને પીએચ.ડી. થયા છે.

★ મુંદ્રા તાલુકાના સમાઘોઘા ગામ સ્થિત આવેલી જિંદાલ સૉ લિમિટેડની પર્યાવરણ લોક સુનાવણી ભારે વિવાદાસ્પદ બની ગઇ હતી. સરપંચ દ્વારા મોટા પ્રમાણમાં ભૂગર્ભજળ ઊલેચાતાં હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગુજરાતી લોકોને કંપનીમાં ન રાખવાની માનસિકતા સામાજિક જવાબદારીમાંથી હાથ ઊંચા કરવા હવામાં પ્રદૂષણ ફેલાવવા અને ભૂજ પર જળ ડેમ ઉપર થનારી વિપરીત અસર સહિતના મુદ્દાઓની રજૂઆત કરવામાં આવી હતી.

★ માંડવી તાલુકાના ગઢશીશામાં સુવિધાનો વ્યાપ વધારવા માટે બેન્ક ઓફ બરોડાની શાખાનો પ્રારંભ કરતાં કચ્છ ક્ષેત્રના જનરલ મેનેજર શ્રી ધવને અહીંના લોકોને બેંક તરફથી સારો સહકાર મળશે અને આગામી બે માસમાંજ એ.ટી.એમ.ની સુવિધાની ખાતરી આપી હતી.

★ કચ્છી દિગ્દર્શક વિનોદ ગણાત્રાની કચ્છમાં બનેલી 'હારુન-અરુણ' હવે જર્મનીમાં યોજાનાર ૨૯મા બાળ ફિલ્મોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે બાળકલાકાર હેમાંગ ગોર ઉપસ્થિત રહેશે.

★ એકાઉન્ટસ ક્ષેત્રે શિક્ષણ અને વ્યવસાયિક ધારાધોરણો પ્રતિપાદિત કરતી ભારતની સર્વોચ્ચ સંસ્થા ધી કાઉન્સિલ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસની વેસ્ટર્ન રિજિયોનલ કાઉન્સિલના વાઇસ ચેરમેન તરીકે કચ્છના ભાઇલાલ કે. પટેલની નિયુક્તિ થઇ છે.

★ ગાંધીધામ ખાતે શહેરની ભાગોળે આવેલી આર.ટી.ઓ. કચેરીનું મકાન તો બની ગયું પરંતુ સ્ટાફ કે પૂરતાં સાધનો ફાળવાયા ન હોવા અંગે રાજ્યના ગૃહમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

★ ગાંધીધામનાં પાણીનો પ્રશ્ન પેચીદો બને તેવું લાગી રહ્યું છે. આડેધડ અને ગમે તે માપના જોડાણોથી માળખું વિખરાઇ ગયું છે. માત્ર મુખ્ય લાઇન ભરવામાં જ પાણી અને સમય જતો રહેતાં ચાર દિવસે માંડ પાણી પ્રાપ્ત થાય છે.

★ ભીમાસર ખાતે બેન્ક ઓફ ઇન્ડિયાની શાખાનું ઉદ્‌ઘાટન કરતાં બેન્કના ડાયરેક્ટર શાંતાબહેન ચાવડાએ જણાવ્યું હતું કે બેન્ક ખેતી અને ગ્રામ્ય બેન્કિંગ પર વધુ ભાર મૂકવા ગ્રામ્ય શાખાઓ વધારવા માંગે છે.

★ અમર સન્સ (બાંદરા) ના ૫૧ દિવસીય આરોગ્ય ઉત્સવ પૂર્ણાહુતિ નિમિત્તે અમરસન્સ પરિવાર તરફથી સર્વ સેવા સંઘ તથા ક.વી.ઓ. જૈન મહાજન ભુજને કુલ રૂપિયા ૬.૫૫ લાખનું દાન આપવામાં આવેલ હતું.

★ નર્મદાના નીર માટેની કેનાલ માટે કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવેલી રકમ કચ્છ માટે જ વપરાય તે બાબતે રાજ્યપાલ સમક્ષ કચ્છ જિલ્લા જનતાદળ (યુ) દ્વારા રજૂઆત કરાઇ હતી.

★ બેંગ્લોર અને કોલકતા તરફ ભચાઉ રેલવે સ્ટેશને થઇને જતી ટ્રેનોને ભચાઉ ખાતે સ્ટોપ આપવા વેપારી એસોસિએશને માંગણી કરી છે.

★ રાપર તાલુકાના ખારોઇ ગામે સેજનાથ દાદા ભંડારનાથના મેળામાં સંતવાણીનું આયોજન કરાયું હતું. જેમાં એકઠી થયેલી ૩૩ લાખની રકમ જીવદયાના કાર્ય હેતુ વાગડ વિસ્તારની ૧૩ કાર્ય કરતી પાંજરાપોળને અર્પણ કરાઇ હતી.

★ જિલ્લામાં લૂંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્ત્વો ઉપર પૂરતી વોચ રહે તેમજ પોલીસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે ઔદ્યોગિક એકમો તરફથી જે લેબર કોન્ટ્રાક્ટરો પાસેથી મજૂરો મેળવવામાં આવે છે તેમની ફોટા સહિતની સંપૂર્ણ માહિતી રાખવા જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું છે.

★ રાજ્યમંત્રી વાસણભાઇ આહીરના પ્રયાસોથી ખારેક ટિસ્યુકલ્ચર રોપામાં ૧લી એપ્રિલથી સબસિડી આપવામાં આવશે. આ સમાચારથી કિસાનો બાગાયતકારોમાં આનંદની લાગણી ફેલાઇ છે.

★ કચ્છમાં એકમાત્ર બ્લડ કોમ્પોનન્ટસ સુવિધા ધરાવતી રાજાભાઇ પટેલ બ્લડ બેન્ક દ્વારા રક્તદાન શિબિરોનું આયોજન દ્વારા ૧૪૬ યુનિટ લોહી એકત્ર કરાયું હતું.

★ ગાંધીધામ વ્યાપારી ગૌ સેવા મિત્રમંડળ દ્વારા પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત ઇકો ફ્રેન્ડલી શોપિંગ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું.

★ કચ્છમાં વિકાસની એક પછી એક છલાંગ લગાવી રહેલા દેશના સૌથી મોટા ખાનગી બંદર મુંદ્રા પોર્ટ એન્ડ એસ.ઇ.ઝેડ.એ વર્ષ ૨૦૧૦-૧૧માં ૫ કરોડ ટન કાર્ગોનું વહન કરીને વિક્રમી આંક

પસાર કર્યો હતો.

★ યુરો ગ્રૂપ દ્વારા યુરો સિરામિક્સ લિ.ના કેમ્પસમાં કંપનીના ડાયરેક્ટર કુમારભાઇના જન્મદિવસે કર્મચારીઓએ ૨૦૧ બોટલ રક્તદાન કરીને અનોખી ભેટ આપી હતી.

★ ગુંદાલા ખાતે નવનિર્મિત પાંજરાપોળના લોકાર્પણ કાર્યક્રમમાં દાતાઓએ ૩૦ લાખની માતબર રકમનું દાન જાહેર કર્યું હતું.

★ કચ્છના અખાતમાં ઘૂસણખોરી કરવા અંગે ભારતીય તટ રક્ષક દળની પેટ્રોલિંગ બોટ દ્વારા આજે સવારે અલ અનવર નામની પાકિસ્તાની માછીમારી બોટને ૧૪ ખલાસીઓ સાથે પકડી લેવાઇ હતી.

★ રાજ્યના ગૃહ સચિવ ટી.એસ. બિસ્ટના જણાવ્યા પ્રમાણે કેન્દ્ર સરકારના બોર્ડર મેનેજમેન્ટ વિભાગે ગુજરાત સરકાર દ્વારા મોકલાયેલી દરખાસ્ત કચ્છની પાકિસ્તાન સાથેની હદને અડોઅડ આવેલા ધ્રુલી થી બનાસકાંઠા જિલ્લાના સાંતલપુરને જોડતા મુખ્ય માર્ગના નિર્માણ માટે રૂા. ૫૦૦ કરોડ મંજૂર કર્યા છે અને ટૂંક સમયમાં દેશની પાકિસ્તાન સાથેની બોર્ડર પર સંરક્ષણ દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વના કહી શકાય તેવો પ્રોજેક્ટનો અમલ શરૂ થઇ જશે.

*૫, જયદર્શન ફ્લેટ,*
*સુખીપુરા, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૭.*
*ફોન : ૨૬૬૩૪૩૮૮, મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧*

## ગરીબ આદિવાસી

ઓરિસ્સાનું એક નાનું સ્ટેશન. ગાંધીજી અને ઠક્કરબાપા પ્લેટફોર્મ પર ગાડીની રાહ જોતા ઊભા હતા. એટલામાં એક વૃદ્ધ ફાટેલાં કપડાં પહેરેલ આદિવાસી એમની પાસે આવ્યો અને ગાંધીજીના ચરણોમાં પડી ગયો.

આ દૃશ્ય જોઇને ઠક્કરબાપાને ખૂબ આશ્ચર્ય થયું. બાપુ એ આદિવાસીને ખૂબ ધ્યાનથી જોઇ રહ્યા. શરીર પર માત્ર એક લંગોટી, ઊંડી ઊતરી ગયેલી આંખો, શરીરમાં ન લોહી કે ન માંસ, જાણે જીવતું-જાગતું હાડપિંજર! એ એવો જ હતો.

આદિવાસીએ ગાંધીજીના ચરણોમાં એક પૈસો પણ મૂક્યો. બાપુની આંખો ચમકી ઊઠી. એ બોલી ઊઠ્યા, "અરે ભાઇ! આ પૈસો શું કરવા આપે છે?"

આદિવાસી બોલ્યો, "બાપુજી, દેવદર્શન જઇએ છીએ ત્યારે એમને કંઇક તો ધરવું જોઇએ. આ અમારો વરસોનો રિવાજ છે."

બાપુએ પૂછ્યું, "પણ ભલા ભાઇ! આ એક પૈસાને હું શું કરું?" આદિવાસીએ જવાબમાં કહ્યું, "કોઇ મારાથી વધુ ગરીબને આપજો."

"ઠીક છે", કહી બાપુએ પૈસો લઇ લીધો. અને બાજુમાં ઊભેલા પોતાના એક નિઃસ્વાર્થ સેવક ગોપબન્ધુ દાસને કહ્યું- "આ લોકો ભારતનો આત્મા છે, આવો ફટેહાલ કંગાલ આદિવાસી પણ પોતાનાથી વધુ ગરીબોની મદદ કરવાને પોતાનો ધર્મ માને છે. એનું શરીર ભલે દુર્બળ છે પણ એનો આત્મા તો બળવાન છે."

*સાભાર : 'હિતરક્ષક', જાન્યુઆરી-૨૦૦૭*

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **હસમુખ ઉગરચંદ ગઢેચા**
  "પુષ્પાંજલિ", ૨૧, પ્રતિમા સોસાયટી, દાદા સાહેબ જૈન દેરાસર પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
- **સમીર ખીમજી દેઢિયા**
  બી/૬, ગોકુલ એપાર્ટમેન્ટ, કેડીલા બ્રિજ પાસે, ઘોડાસર, અમદાવાદ-૩૮૦ ૦૫૦.
- **મનોજ દેવજી ગાલા**
  ૧૦૦૨, સાંપ્રત રેસિડેન્સી-૨, સત્યાગ્રહ છાવણીની લાઈનમાં, પરિવાર સોસાયટી સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **હરીશ વીરચંદ નાગડા**
  સી/૨, ૩૦૧, વૃંદાવન એપાર્ટમેન્ટ, નંદેશ્વર મહાદેવ પાસે, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
- **હેમંત કલ્યાણજી છેડા**
  ગોયલ ઈન્ટરસિટી કો.ઓ.સોસાયટી, બ્લોક નં. બી/૯, ફ્લેટ નં.-૬૩, સાલ હોસ્પિટલની બાજુમાં, ડ્રાઈવ-ઈન, અમદાવાદ-૩૮૦ ૦૫૨.

## સગપણ

- **તા. ૨૭-૨-૨૦૧૧**
  **ચિ. ભાવના મણિલાલ નાનજી ગાલા (દેવપુર - અમદાવાદ)**
  **ચિ. ચેતન શાંતિલાલ કુંવરજી છેડા (કોડાય - મુંબઈ)**
- **તા. ૧૦-૪-૨૦૧૧**
  **ચિ. અમિત ચંદ્રકાંતભાઈ ભાણજી મૈશેરી (બાંઢિયા - અમદાવાદ)**
  **ચિ. પ્રિયા જીવરાજભાઈ**

## પુત્રી જન્મ

- **તા. ૨૧-૩-૨૦૧૧**
  **હેમાંગી-દિવ્યેશ રસિકલાલ વોરા**

## છૂટાછેડા

- **તા. ૨૮-૨-૨૦૧૧**
  **દીપેશ જયચંદ માણેકજી શાહ (જખૌ - અમદાવાદ)**
  **જ્યોતિ દીપેશ જયચંદ શાહ તે**
  **(સુરેશભાઈ શિવજી શાહની પુત્રી) (ગોએરસમા - અમદાવાદ)**

## અવસાન નોંધ

- અમદાવાદના રોહિત સંઘવીના પિતા **ચુનીલાલ દેવચંદ સંઘવી** (મુંદ્રા - રૂરકેલા) રૂરકેલા મધ્યે તા. ૧૪-૩-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે.
- **રજનીકાંત લક્ષ્મીચંદ રાજપાલ શાહ** (માંડવી - અમદાવાદ) શુક્રવાર, તા. ૧-૪-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે.
- **સૌ. ચેતના મુકેશ મૂળજી ચાંપશી સાવલા** (ઉં.વ.-૪૯) (નાની તુંબડી - અમદાવાદ) રવિવાર, તા. ૩-૪-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે. ચક્ષુદાન કરેલ છે.
- **રામજી લખમશી ગોગરી** (ઉં.વ.-૭૮) (ગુંદાલા - અમદાવાદ) તા. ૧૬-૪-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે. તેઓએ સંથારો કર્યો હતો જે સોળમે દિવસે સીઝ્યો હતો.

*સદ્‌ગત આત્માઓના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, રાજસ્થાન હોસ્પિટલની પાસે, શાહીબાગ, અમદાવાદ મધ્યે કચ્છથી અમદાવાદ તબીબી સારવાર અર્થે પધારતા જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમની સંભાળ અર્થે સાથે રહેનાર તેમના સગાં-સંબંધીઓને વિના મૂલ્યે નાસ્તા-ભોજન **શ્રી જલારામ અન્નક્ષેત્ર યોજના** હેઠળ આપવાનું ચાલુ છે. દર મહિને આ યોજના અંતર્ગત સારો એવો લાભ ઉઠાવવામાં આવી રહેલ છે.

૧. આ યોજનામાં **શ્રી મેઘજી થોભણ સ્વજ્ઞાતિ સહાયક ફંડ (માંડવી - કચ્છ)** દ્વારા રૂા. ૧,૦૮,૦૦૦/-નું અનુદાન ઉપરોક્ત યોજના માટે મળેલ છે.

૨. કચ્છ નાના ભાડિયાના હાલે મુંબઈ નિવાસી **શ્રીમતી મીનલબહેન શૈલેષભાઈ ગાલા (ભોજાય - મુંબઈ)** તરફથી રૂા. ૯,૦૦૦/-નું અનુદાન ઉપરોક્ત યોજના માટે મળેલ છે.

૩. **શ્રીમતી સાકરબહેન પ્રેમજી ગાલા (ભોજાય - મુંબઈ)** તરફથી રૂા. ૯,૦૦૦/-નું અનુદાન ઉપરોક્ત યોજના માટે મળેલ છે.

૪. **ગુલાબબહેન હંસરાજ** તરફથી રૂા. ૧,૦૦૦/-નું અનુદાન ઉપરોક્ત યોજના માટે મળેલ છે.

આ સઘળા અનુદાનો માટે આ સમાજ દાતાઓનો આભાર માની આ અનુદાનનો સાભાર સ્વીકાર કરે છે.

★ **શ્રી દિવ્યેશભાઈ રસિકલાલ વોરા** તરફથી સમાજને પુત્ર જન્મની ખુશાલીમાં રૂા. ૨૫૧/-ની ભેટ આપેલ છે. જેનો સમાજ સાભાર સ્વીકાર કરે છે.

★ **નયનાબહેન ચંદ્રકાંતભાઈ મૈશેરી** તરફથી સમાજને, પુત્ર **ચિ. અમિત**ના વેવિશાળ પ્રસંગે રૂા. ૫૦૧/-ની ભેટ આપેલ છે. જેનો સમાજ સાભાર સ્વીકાર કરે છે.

## સમાજનું ગૌરવ

### કુ. કિન્નરી પરેશકુમાર મગનલાલ સંઘવી (મુંદ્રા - અમદાવાદ)



કુ. કિન્નરીએ નૃત્યકલા ક્ષેત્રે "અલંકાર પ્રથમ" (એમ.એ. પાર્ટ-૧) સફળતાપૂર્વક ઉત્તીર્ણ કર્યા બાદ "અલંકાર પૂર્ણ" (એમ.એ. પાર્ટ-૨ ભારત નાટ્યમ્) ની પદવી તાજેતરમાં ગાંધર્વ મહાવિદ્યાલય, અમદાવાદમાંથી પ્રાપ્ત કરીને બેનમૂન સિદ્ધિ હાંસલ કરી છે.

વર્ષ ૨૦૦૨થી નૃત્ય કલા સાધનામાં આરંગેત્રલ કર્યા બાદ ઉત્તરોત્તર પ્રગતિથી અવનવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે. જે બદલ તેઓ સવિશેષ અભિનંદનને પાત્ર છે. તેમણે બી.સી.એ.નો અભ્યાસ પણ પૂરો કર્યો છે.

આ ક્ષેત્રે પ્રથમ "વિશારદ"ની પદવી મેળવ્યા બાદ તેમણે વિવિધ સ્થળે અનેક સંસ્થાઓના કાર્યક્રમોમાં હિસ્સો લઇને સારી પ્રસિદ્ધિ મેળવી છે. અત્યાર સુધી તેમણે ગુજરાત સરકારના સાંસ્કૃતિક અને યુવા મંત્રાલયના ઉપક્રમે હુબલી, દુબઇ અને અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ જેવા જાહેર ક્ષેત્રમાં તેમજ ખાનગી ક્ષેત્રે જી.એન.એફ.સી.-ભરૂચ, એલ. એન્ડ ટી. - વડોદરા, સ્થાનિક ઇસ્કોન મંદિરમાં પ્રતિવર્ષ જન્માષ્ટમી નિમિત્તેના કાર્યક્રમોમાં પોતાની કલા પ્રતિભા દ્વારા સૌના દિલ જીત્યા છે.

આ ઉપરાંત, જ્યાં ફક્ત ઉચ્ચ કક્ષાના કલાકારને જ સ્થાન મળે છે તેવા ભારતમાં મોઢેરા સૂર્યમંદિરના પ્રતિષ્ઠિત ઉત્તરાર્ધ ઉત્સવમાં કલા પ્રદર્શનની ઉત્તમ તક પણ તેઓને પ્રાપ્ત થઇ હતી અને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ગુજરાત રાજ્યની સ્થાપનાના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણીના સમાપન અને પહેલી મે ના રોજ સ્થાપનાના ૫૧મા વર્ષની ઉજવણી પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં તેઓ ભાગ લેશે. તે સિવાય, ગુજરાત સરકારના સાંસ્કૃતિક અને યુવા મંત્રાલયના સૌજન્યથી આયોજિત અન્ય એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં હિસ્સો લેવા નૃત્ય કલાગુરુ કાશ્મીરાબહેન ત્રિવેદીની મંડળી સાથે મે માસના અંતે દુબઇ જશે.

આ રીતે, કુ. કિન્નરીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ અને પોતાના પરિવારનું નામ રોશન કર્યું છે, તે માટે ખૂબ અભિનંદન. ભવિષ્યમાં પણ તેઓ આ પ્રમાણે પ્રગતિના સોપાન સર કરતા રહે તે માટે "મંગલમંદિર" તરફથી શુભેચ્છાઓ.



★ **શ્રી ભૂપેન્દ્ર ત્રંબકલાલ શાહ (ભુજ - અમદાવાદ)**ની સુપુત્રી **ચિ. મૈત્રી**એ આ વરસે MBBSની પરીક્ષા ૬૯ ટકા સાથે પાસ કરેલ છે. તેણી કેસર-સાલ મેડિકલ કૉલેજમાંથી નવમા નંબરે પાસ થયેલ છે.

અભિનંદન - શુભેચ્છા.

## વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ તરફથી એક રંગારંગ કાર્યક્રમ તા. ૨૦-૪-૨૦૧૧ના રોજ પાલડી ભવન ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં લગભગ ૭૦ જેટલા વડીલોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શૈલેષભાઈ રાવલ, અપ્પુભાઈ પટેલ અને વૈભવી ગોહિલે જૂના પિક્ચરના ગીતોનો આસ્વાદ, વડીલોને કરાવ્યો હતો. આપણા સમાજના સભ્ય શ્રી નરેન્દ્રભાઈ શાહ (રંગવાલા)એ મુકેશના ગીતો ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ટી.વી. કલાકાર અને મિમિક્રી આર્ટિસ્ટ દીપક રાજપૂતે પોતાની કલાથી સર્વે વડીલોને ખડખડાટ હસાવ્યા હતા.

આ કાર્યક્રમને સ્પોન્સર કરનાર શ્રીમતી સવિતાબહેન પ્રભુલાલભાઈ વોરા અને પ્રભુલાલભાઈ રાઘવજી વોરાનું સન્માન શાલ ઓઢાડીને, શ્રીમતી નિર્મળાબહેન ભોગીલાલ શાહ, શ્રીમતી કુસુમબહેન વીરેન્દ્રભાઈ શાહ અન શ્રીમતી શાંતાબહેન પોપટલાલ ધરોડે કર્યું હતું. આ ઉપરાંત અન્ય દાતાઓ તરફથી પણ સ્પોન્સરશિપ મળી હતી.

આ કાર્યક્રમ બાદ સૌ વડીલો ભોજન લઈને કાર્યક્રમને વાગોળતા છૂટા પડ્યા હતા.

★ વયસ્ક સમિતિ તરફથી જૂન માસના છેલ્લા અઠવાડિયા અથવા જુલાઈ માસના પ્રથમ અઠવાડિયામાં એક કાર્યક્રમ "આપણો કાર્યક્રમ આપણા દ્વારા" અંતર્ગત જે કોઈ વડીલોને જોક્સ, મિમિક્રી, ગીતો, કાવ્ય વાંચન, રમતગમતમાં ભાગ લેવો હોય તેમણે પોતાના નામ અને વિગતો શ્રી રજનીભાઈ પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)ને આપવા. સમાજ ઉપર લેખિત જણાવવા વિનંતી. કાર્યક્રમની તારીખ અને વિગતો હવે પછીથી મંગલ મંદિરમાં આપવામાં આવશે.

***રજનીભાઈ પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

## ગૃહ ઉદ્યોગ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની ગૃહઉદ્યોગ સમિતિએ નીચે મુજબના સીઝનલ અથાણાં બનાવવાનું નક્કી કરેલ છે. જેઓને આ અથાણાં જોઇતા હોય તેઓએ પોતાનો ઓર્ડર શ્રી કચ્છી જૈન ભવન પર, ત્યાંની ઓફિસમાં વહેલી તકે બુક કરાવી લેવા વિનંતી કરવામાં આવે છે. ગૃહઉદ્યોગ સમિતિના કન્વીનર શ્રી રજનીભાઇ પારેખ પાસે પણ ૯૮૯૮૦ ૫૩૫૨૧ નંબર પર ઓર્ડર બુક કરાવી શકાશે.

અથાણા ૧/૨ કિલોગ્રામની બરણીના પેકિંગમાં આપવામાં આવશે અને તેનું નહીં નફો-નહીં નુકસાનના ધોરણે વિતરણ કરવામાં આવશે.

અથાણાની વિગત નીચે મુજબ છે.

★ કટકી કેરી - $^1/_2$ કિલો પેકિંગમાં
★ છૂંદો - $^1/_2$ કિલો પેકિંગમાં
★ ખાટી કેરી (કેરી-ગુંદા) - $^1/_2$ કિલો પેકિંગમાં
★ ગોળ કેરી (કેરી - ગુંદા) - $^1/_2$ કિલો પેકિંગમાં

જેઓ અથાણાં બુક નહીં કરાવે, તેઓ શ્રી કચ્છી જૈન ભવન અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ચાલતા વિતરણ કેન્દ્રો પરથી નક્કી કરેલ ભાવથી (વિતરણના ખર્ચ સહિતના) મેળવી શકશે.

જેઓ અથાણાં અગાઉથી બુક કરાવશે તેઓને પ્રમાણમાં સસ્તા ભાવે આ અથાણાં મળી શકશે. ■

# શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

સમિતિની એક બેઠક રવિવાર, તા. ૧૭-૪-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન મધ્યે થઇ હતી.

હાલે સમાજના મેડિકલ સેન્ટરમાં ડો. પૂર્ણિમા ગુપ્તાની દર શનિવારે સાંજે ૧૭.૦૦ થી ૧૮.૦૦ કલાક દરમિયાન સાયકોથેરાપી (મનોવૈજ્ઞાનિક) સેવા ઉપલબ્ધ છે. તે વિભાગમાં કયા પ્રકારની સમસ્યાઓવાળી વ્યક્તિઓ તેમની સમક્ષ આવે છે, તે વિગતની તેમણે રજૂઆત કરી હતી. આ પ્રકારની સેવાઓ પ્રત્યે હજુ લોકોમાં જાગૃતિ લાવવા બાબત આ મિટિંગમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તેના અનુસંધાનમાં એવું નક્કી થયું હતું કે, સમાજના ટ્રસ્ટબોર્ડ, કારોબારી સમિતિના તમામ સદસ્યો સાથે એક બેઠકનું આયોજન કરવું, પોસ્ટરો બનાવવા, મુખપત્ર 'મંગલ મંદિર'માં આ વિષયે લેખ અને માહિતી અને તે સંબંધી પ્રશ્નો અને ઉત્તરો પ્રસિદ્ધ કરવા. તે ઉપરાંત, સમાજ પરિવારના યુવક-યુવતીઓના નાના ગ્રૂપ બનાવીને ડો. પૂર્ણિમાબહેનના નેજા હેઠળ ૨-૩ મહિના સુધી નિયમિત મળીને પરસ્પર ચર્ચા-વિચારણા કરે. તે સાથે જે કાંઇ સમસ્યા હોય તેનો ઉકેલ લાવીને પોતાના જીવનને સરળ અને આનંદમય બનાવી શકે તેવી કાર્યવાહી કરવાનું નિર્ણય થયેલ.

ત્યારબાદ મંગલ મંદિરના માસ એપ્રિલ, ૨૦૧૧ના અંકમાં પ્રસિદ્ધ થયેલ માહિતી મુજબ કોમ્પ્યુટર દ્વારા કામગીરી કરવા સંબંધી એક નિઃશુલ્ક સેમિનારના આયોજન બાબત ચર્ચા થઇ હતી. આ પ્રકારના સેમિનારના નિષ્ણાત શ્રી કેયૂરભાઇ પરમારે આજની બેઠકમાં હાજરી આપીને સેમિનાર અને બે ટ્રેનિંગ કોર્સ અંગેની વિગત સમજાવી હતી. તેને અનુલક્ષીને આગળની કાર્યવાહી કરવાનું નક્કી થયું હતું.

આજની આ બેઠકમાં શ્રી હીરેનભાઇ શાહ, શ્રી પ્રદીપભાઇ મહેતા, શ્રી પંકજ ગોગરી, શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા, શ્રી નિમેષભાઇ અને નેહાબહેન હાજર હતા.

## <u>સમિતિના આગામી કાર્યક્રમોની એક ઝલક</u>

## "ચોરો"

જમાનો ઝડપથી બદલાઇ રહ્યો છે. તેનાં રૂપરંગ અને ગતિ સાથે તાલ મિલાવીને આગળ વધવાનું અતિ આવશ્યક થયું છે. ખાસ કરીને આજના યુવક-યુવતીઓએ.

આ બદલાતી સમાજ વ્યવસ્થામાં બદલાતા મૂલ્યોને સમજવા પડે અને નવા જમાનાની તાસીર ઓળખવી પડે. નવા પ્રવાહની સામે પોતાના વિચારો અને સિદ્ધાંતોની તુલના કરીને યોગ્ય સ્તરે લઇ જવા પડશે. આ પ્રકારનું કઠિન કાર્ય આધુનિક યુવાન-યુવતીઓએ કેવી રીતે કરવું?

શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આવી સમસ્યાઓના નિરાકરણ માટે હંમેશાં કાર્યરત રહી છે.

ઉપરોક્ત સમસ્યાના ઉકેલ અર્થે તેમજ આધુનિક સમયને અનુરૂપ મંઝિલ પર નવા કીર્તિમાન સ્થાપીને પોતાનું જીવન આનંદમય બની શકે. તે માટે એક અત્યંત આધુનિક પ્રકારની વર્કશોપનું આયોજન કરવાનું નક્કી કર્યું છે. વર્કશોપના વિષય-વસ્તુ અનુસાર ધોરણ-૧૨ અને કૉલેજ સ્તરમાં પ્રથમ વર્ષથી ત્રીજા વર્ષ સુધીમાં અભ્યાસ કરનાર યુવક-યુવતીઓનું એક ગ્રૂપ બનાવવામાં આવશે અને તેમાં પ્રત્યેક જણ પોતાના વિચારો-લાગણીઓ વ્યક્ત કરશે - સમજશે. ત્યારબાદ તેની ચર્ચા કરીને કાંઇક નવીન જાણવાનું મળશે, શીખવાનું મળશે. આ રીતે, અન્યને કાંઇક નવું શિખવવાનો આત્મસંતોષ પણ મેળવી શકાશે.

આ વર્કશોપની અવધિ બે માસ જેટલી રહેશે. તૈયાર થયેલ ગ્રૂપ પ્રત્યેક શનિ-રવિવારના માત્ર ત્રણ કલાક એક સાથે મળશે. 'ગામનો ચોરો'ની જેમ ઉપર મુજબ પરસ્પર મળીને એક 'ચોરો'ની રચના કરવામાં આવશે. તે ચર્ચાસભામાં પ્રત્યેક વ્યક્તિએ સક્રિય રીતે ભાગ લેવાનું જરૂરી છે.

**એક નજરઃ**

૧. ગ્રૂપની દરેક વ્યક્તિએ વર્કશોપના નક્કી કર્યા મુજબ પ્રત્યેક શનિ-રવિવારના દિવસે આવવું આવશ્યક છે.

૨. અગર ગ્રૂપની કોઇએક વ્યક્તિ, એક વખત આવવાનું ચૂકશે તો સમગ્ર ગ્રૂપે ફરી વખત મળવાનું થશે.

૩. ગ્રૂપની દરેક વ્યક્તિએ ચર્ચા-વિચારણા-રજૂઆતમાં ભાગ લેવાનું ફરજિયાત છે.

***આ સંબંધિત અન્ય વિગત માટે સંપર્ક...***

શ્રી એચ. કે. શાહ ૯૮૨૫૦ ૧૩૭૧૫
(સવારના ૧૦ થી સાંજે ૮ કલાક સિવાય)
શ્રીમતી હાસ્યલતાબહેન ડી. મહેતા ૯૪૨૭૭ ૧૦૩૬૫

## સાઇકોથેરાપી વિભાગના ડૉક્ટર સાથે સંબંધિત વિષયે વાર્તાલાપ

સમાજના મેડિકલ સેન્ટરના સાઇકોથેરાપી વિભાગમાં ડો. પૂર્ણિમાબહેન ગુપ્તાની સેવા દર શનિવારની સાંજે ૧૭.૦૦ થી ૧૮.૦૦ કલાક દરમિયાન ઉપલબ્ધ હોય છે.

ઉપરોક્ત વિભાગની સેવાઓ અનેક ક્ષેત્રે ઉપયોગી છે. પરંતુ તે પ્રકારની સેવાઓ અને તેની ઉપયોગિતા પ્રત્યે લોકો હજુ પરિચિત નથી. તે કારણે આ દિશામાં જાગૃતિ લાવવાની અતિ આવશ્યકતા છે. તેના પ્રથમ પગલાં સ્વરૂપે અને આ વિષયે પરસ્પર વૈચારિક આદાન-પ્રદાન તેમજ આ વિભાગની સેવાનો લાભ કઇ રીતે, કયા ક્ષેત્રમાં લઇ શકાય તે માટે નીચે પ્રમાણે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

***તારીખ સમય : રવિવાર તા. ૨૨-૫-૨૦૧૧ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક (જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે.)***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી***

આ કાર્યક્રમ ફક્ત સમાજના ટ્રસ્ટીમંડળ અને કારોબારી સમિતિના સભ્યો પૂરતું મર્યાદિત છે. તેઓએ પોતાનાં પત્ની/પતિને સાથે લાવવા આગ્રહભરી વિનંતી છે.

*<u>ખાસ નોંધ</u>* : કાર્યક્રમની શરૂઆત અનોખી રીતે હોતાં, ૯.૪૫ કલાક પછી આવનારને ૧૦.૩૦ કલાક સુધી કાર્યક્રમમાં પ્રવેશ મળી શકશે નહીં.

***એચ. કે. શાહ - કન્વીનર***

# યુવા વિકાસ સમિતિ

## શ્રી કાંતિલાલ રામજી શાહ વક્તૃત્વ સ્પર્ધા

આગામી તા. ૨૯-૫-૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૯.૪૫ કલાકે શ્રી કચ્છી જૈન ભવન ખાતે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. ભાગ લેવા ઈચ્છુક સભ્યોએ પોતાના નામ, ઉંમર, ફોન નંબર તા. ૨૬-૫-૧૧ સુધી સમાજના ઓફિસ કાઉન્ટર ઉપર લખાવવાના રહેશે.

નીચે પ્રમાણે વિષયો ઉપર આપના વિચારો, ૩ મિનિટની સમય મર્યાદામાં રજૂ કરવાના રહેશે.

- **ગ્રૂપ-એ (૧૩ થી ૧૭ વર્ષ)**

૧. પરીક્ષાનું મૂલ્યાંકન માર્કસ દ્વારા કે ગ્રેડ દ્વારા?
૨. સંયુક્ત કુટુંબ કે વિભક્ત કુટુંબ (લાભાલાભ)

- **ગ્રૂપ-બી (૧૮ થી ૪૦ વર્ષ)**

૧. હું ભ્રષ્ટાચારને કેવી રીતે નાથીશ?
૨. સમયની માંગ — સમૂહ લગ્ન.

- **ગ્રૂપ-સી (૪૧ વર્ષથી ઉપર)**

૧. ઘડપણની ગરિમા કેવી રીતે જાળવશો?
૨. પહેલું સુખ તે જાતે નર્યા.

## ડૉ. સુશીલભાઈ ચુનીલાલ દેવજી શાહ "સંભારણા" સ્પર્ધા

તા. ૨૯-૫-૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૧૦.૪૫ કલાકે શ્રી કચ્છી જૈન ભવન ખાતે ડૉ. સુશીલભાઈ ચુનીલાલ દેવજી શાહ "સંભારણા" સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આપના જીવનમાં બનેલ કોઈ મહત્ત્વની ઘટના અથવા અનુભવ, કે જે આપના જીવનમાં એક સંભારણું બની ગયેલ હોય અને અન્યને પણ કાંઈ લાભ કે બોધ પ્રાપ્ત થાય તેવી ઘટના, અનુભવ એક સંભારણા રૂપે વિગતની, આપ ઉપરોક્ત હરીફાઈમાં ૫ મિનિટની સમય મર્યાદામાં રજૂઆત કરી શકશો.

આ હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક ૧૮ વર્ષ કે તેથી વધુની વયના સભ્યોએ પોતાનું નામ, તારીખ, ઉંમર, ફોન નંબર તા. ૨૬-૫-૨૦૧૧ સુધી સમાજના ઓફિસ કાઉન્ટર ઉપર લખાવવાના રહેશે.

આ બાબતે અન્ય જાણકારી માટે સંપર્ક :

હીરેન શાહ : ૯૮૨૫૪ ૦૩૬૦૦ (ઓફિસ સમય બાદ)

બંને હરીફાઈ માટેના નિયમો :

૧. માત્ર શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારજનો ભાગ લઈ શકશે.
૨. નિયત તારીખ સુધીમાં આપના નામ, અન્ય વિગત સાથે નોંધાવવા જરૂરી છે.
૩. નિર્ણાયકશ્રીઓનો નિર્ણય સર્વે સ્પર્ધકોને બંધનકર્તા રહેશે તેમજ તે નિર્ણય આખરી ગણાશે.
૪. ઉપરોક્ત હરીફાઈઓના સમય, તારીખમાં સંજોગોવશાત્ ફેરબદલી, સમિતિ દ્વારા થઈ શકશે.

## નોટબુક ચોપડા વિતરણ

તા. ૩૦-૪-૨૦૧૧ સુધી નોંધાયેલ નામવાળા સભ્યોને આગામી શૈક્ષણિક વર્ષ માટે નોટબુક - ચોપડાઓનું વિતરણ તા. ૨૮-૫-૧૧ શનિવાર તથા ૨૯-૫-૧૧ રવિવારના રોજ સવારે ૧૦.૩૦થી ૫ કલાક દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન ઉપરથી કરવામાં આવશે.

### <u>ભૂલ સુધાર</u>

યુવા વિકાસ સમિતિ આયોજિત શ્રીમતી છાયાબહેન વિનોદચંદ્ર ભવાનજી દેઢિયા ચિત્રકલા હરીફાઈના પરિણામમાં નીચે મુજબનો સુધારો વાંચવો.

ગ્રૂપ-એ (૮ વર્ષ સુધી)

*દ્વિતીય ઈનામ :* ખુશ્બૂ પીયૂષ શાહને બદલે

**ખુશ્બૂ પરેશ શાહ** વાંચવું.

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

## "સંકલ્પ"

### શ્રી કચ્છી જૈન યુથ એસોસિયેશન - અમદાવાદ

ઉત્સાહી યુવાન અને તાત્કાલિક નિર્ણયને સફળ બનાવનાર વ્યક્તિઓનું સંગઠન એટલે જ "સંકલ્પ."

દર ચાર વર્ષે આવતી ક્રિકેટ વર્લ્ડકપની સેમિ ફાઇનલ અને ફાઇનલ 8 x 10ની સ્ક્રીન પર બતાવવાના કાર્યક્રમને માત્ર ત્રણજ દિવસના સમયગાળામાં અમલમાં મૂકીને સફળતા હાંસલ કરી હતી. સારી માત્રામાં પરિવારજનોએ આ સગવડતાનો પૂરો લાભ ઉઠાવ્યો હતો.

સેમિ ફાઇનલ વખતે સ્ક્રીન પ્રોજેક્ટરનો આર્થિક સહયોગ શ્રી કમલેશભાઇ લોડાયા તરફથી જ્યારે નાસ્તાનો શ્રીમતી ગીતાબહેન રાંભિયા ટ્રસ્ટ (હસ્તે શ્રી બચુભાઇ રાંભિયા) તરફથી મળ્યો હતો.

ફાઇનલ મેચના સમયે સ્ક્રીન પ્રોજેક્ટરનો સંપૂર્ણ ખર્ચનો આર્થિક સહયોગ શ્રીમતી પ્રભાબહેન કાંતિભાઇ વેલજીભાઇ સાવલા તરફથી મળ્યો હતો.

દાતાશ્રીઓનો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદનો સંકલ્પ ખૂબ ખૂબ આભાર માને છે.

*પંકજભાઈ શાહ, પ્રમુખ - સંકલ્પ*

*શ્વાસ ખૂટી જાય અને ઈચ્છાઓ બાકી રહી જાય એનું નામ મોત અને ઈચ્છાઓ ખૂટી જાય અને શ્વાસ બાકી રહે તેનું નામ મોક્ષ.*

*મહેનત વગર ક્યારેય સફળતા મળતી નથી.*

## શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ, અમદાવાદ

ઉપરોક્ત સંસ્થાને નીચે જણાવ્યા પ્રમાણેની ભેટ પ્રાપ્ત થયેલ છે.

★ શ્રીમતી તરુબહેન નરેન્દ્રભાઇ છગનલાલ શાહ તરફથી રૂા. ૫૦૧/- અંતરાય કર્મ નિવારણ પૂજા નિમિત્તે મંડળને મળેલ છે.

★ શ્રીમતી રતનબહેન કાંતિલાલભાઇ ફુરિયા તરફથી એમની સુપુત્રી ચિ. અમીષાના લગ્નની ખુશાલીમાં રૂા. ૫૦૧/- ની ભેટ મળેલ છે.

★ શ્રીમતી સોનલબહેન જગદીશભાઇ ત્રેવાડિયા તરફથી એમની સુપુત્રી ચિ. નિરાલી I.P.C.C.માં પાસ થવા બદલ મંડળને રૂા. ૧૦૧/- ની ભેટ મળેલ છે.

★ શ્રીમતી દેવકુંવરબહેન માણેકજીભાઇ દંડ તરફથી સ્વ. માણેકજીભાઇની પ્રાર્થના નિમિત્તે રૂા. ૫૨૧/- નકરારૂપે પ્રાપ્ત થયેલ છે.

★ શ્રીમતી દીપ્તિબેન મનીષભાઇ શાહ તરફથી એમના મમ્મી-પપ્પા અ.સૌ. ઉષાબહેન અને કીર્તિભાઇની લગ્નની ૫૦મી સુવર્ણ જયંતીની ઉજવણી નિમિત્તે રૂા. ૧૦૦૧/-ની ભેટ મળેલ છે.

★ શ્રીમતી ઉષાબહેન અને કીર્તિભાઇ શાહ તરફથી એમની ૫૦મી લગ્નતિથિની ઉજવણી નિમિત્તે રૂા. ૨૫૧/-ની ભેટ મળેલ છે.

★ શ્રીમતી જયશ્રીબહેન ભરતભાઇ નાનાલાલ શાહ તરફથી એમના માસા-માસી અ.સૌ. ઉષાબહેન અને કીર્તિભાઇના લગ્નની ૫૦મી એનીવર્સરીની ઉજવણી નિમિત્તે મંડળને રૂા. ૧૦૧/- ની ભેટ મળેલ છે.

ઉપરોક્ત સર્વે ભેટોનો શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ સાભાર સ્વીકાર કરે છે.

*ચંદ્રિકાબહેન દેઢિયા*
*પ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### દ્વારા આયોજિત બાળ ચિત્ર સ્પર્ધા

### JRJ FOODS PVT. LTD.નાં સૌજન્યથી

સમસ્ત કચ્છી સમાજના બાળકો માટેની બાળ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા બે ગ્રૂપમાં યોજાશે. સ્પર્ધામાં વિજેતા થનાર બાળકોને સરસ્વતી સન્માન તેમજ સાંસ્કૃતિક પ્રોગ્રામ દરમિયાન ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

- *તારીખ* : *તા. ૧૯-૬-૨૦૧૧, રવિવાર*
- *સમય* : *સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦*
- *સ્થળ* : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ કાર્યાલય ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોન : ૨૬૫૭૬૧૮૪.
- *વય મર્યાદા* : ★ *ગ્રૂપ-એ : ૫ થી ૧૦ વર્ષ*
  ★ *ગ્રૂપ-બી : ૧૧થી ૧૫ વર્ષ*

સ્પર્ધામાં ભાગ લેવા માટે બાળકોના વાલીઓએ, નામ, સરનામું, ફોન નંબર, ઉંમર, પાસપોર્ટ સાઈઝના ફોટા સાથેની વિગત ***તા. ૧૧-૬-૨૦૧૧ સુધીમાં*** સંસ્થાના કાર્યાલય (૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪) પર ૧૨ થી ૫ દરમ્યાન નોંધાવી દેવા વિનંતી.

*નોંધ : ડ્રોઈંગ પેપર સંસ્થામાંથી આપવામાં આવશે. સ્પર્ધા માટે ચિત્રકામ વગેરે માટેની સામગ્રી જાતે જ લાવવાની રહેશે. વોટરકલર લાવવા નહીં.*

***ઉપરોક્ત સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લેવા સૌને વિનંતી.***

*વાડીલાલ પંચાલ - માનદ્ મંત્રી*

## તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

**દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્નેહ મિલન પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન થશે.**

(૧) **"નવનીત"** શ્રેષ્ઠતા પારિતોષિક : ધો. ૧૨ હાયર સેકંડરી **સામાન્ય પ્રવાહ**માં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને (૨) **શ્રીમતી ઝવેરબેન રંગવાલા** શ્રેષ્ઠતા પારિતોષિક : ધો. ૧૨ હાયર સેકન્ડરી **વિજ્ઞાન પ્રવાહ**ની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને. (૩) **શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ "સરસ્વતી" કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક** : ધો.-૧૦ (S.S.C.), ધો. ૧૨ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને. (૪) **"શ્રી શિવલાલભાઈ નાનજીભાઈ પટેલ ખોંભડીવાળા"** શ્રેષ્ઠતા પારિતોષિક : ધો. ૧૦ (S.S.C.)ની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલ વિદ્યાર્થીઓને.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ હેઠળ આવરાયેલા અમદાવાદ અને ગાંધીનગર આજુબાજુનાં વિસ્તારોમાં વસતા મૂળ કચ્છનાં વતની એવા વિદ્યાર્થીઓ કે જેઓ અમદાવાદ અને ગાંધીનગરના વિસ્તારોનાં કેન્દ્રોમાંથી માર્ચ - ૨૦૧૧માં ગુજરાત સેકન્ડરી તેમજ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવાયેલી ઉક્ત ત્રણ પરીક્ષામાં **૭૦%** કે તેથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા હોય, તેઓ નીચેની વિગતો **તા. ૩૦મી જૂન, ૨૦૧૧** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલી આપવા વિનંતી.

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ કાર્યાલય**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રિજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪ (સમય : બપોરે ૧૨ થી ૫)

(૧) (અ) વિદ્યાર્થીનું નામ (બ) પિતાનું નામ (ક) દાદાનું નામ (ડ) અટક
(૨) સરનામું (પીનકોડ તથા ફોન નંબર સાથે)
(૩) જાતિ : સ્ત્રી / પુરુષ (૪) જન્મ તારીખ / ઉંમર
(૫) કચ્છમાં મૂળ ગામ અને તાલુકો (૬) ઉત્તીર્ણ કરેલી પરીક્ષા
(૭) (અ) મેળવેલ માર્કસ, (બ) કુલ માર્કસ અને (ક) ટકા
(૮) (અ) પરીક્ષાના કેન્દ્રના સ્થળનું નામ (બ) ક્રમાંક નંબર (માર્કશીટની ઝેરોક્ષ જોડવી)
(૯) પરીક્ષામાં મેળવેલી વિશિષ્ટતા (માર્કશીટ અને પુરાવાની અધિકૃત ઝેરોક્ષ નકલો જોડવી)
(૧૦) આપને ત્યાં "કચ્છ શ્રુતિ" આવે છે? હા / ના
(૧૧) અન્ય વિગતો (જરૂરી હોય તો)
(૧૨) વાલી તથા વિદ્યાર્થીનું નામ, સહી અને તારીખ

*ડો. મુકેશ બાબુલાલ ચૌહાણ, કન્વીનર - પુરસ્કાર સમિતિ (મો. ૯૯૨૫૪ ૭૮૭૯૨)*

**આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતાં તથા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનમાં ભાગ લેવા ઈચ્છતા પરિવારની મુખ્ય વ્યક્તિ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સભ્ય હોવી જરૂરી છે. જો સભ્ય ન હોય તો નિયત ફી ભરીને સભ્ય બની જવું આવશ્યક છે.**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## માર્ચ / એપ્રિલ — ૨૦૧૧

- **તા. ૨૮-૩-૧૧, સોમવાર**

☆ આજરોજ શ્રી મણિલાલભાઈ ગોસરે શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધેલ હતી અને કેન્ટીનના ટાઈલ્સ લગાડવા અંગે સૂચના આપી હતી.

- **તા. ૨૯-૩-૧૧, મંગળવાર**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ અને શ્રી પરાશરભાઈ વ્યાસે શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધી હતી અને મ્યુનિસિપલના નિયમ મુજબ હેલ્થ લાઈસન્સ માટે જોઈતી માહિતીની વિગત મેળવી હતી.

- **તા. ૩૧-૩-૧૧, ગુરુવાર**

☆ આજરોજ શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ અને પરાશરભાઈ વ્યાસે શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધી હતી અને ત્યાંના રોજબરોજના કામની વિગત મેળવી હતી. લિફ્ટની પાસેના માર્બલ અને અમુક રૂમના ટાઈલ્સના રિપેરિંગ અંગે કાર્ય કરવા તેમજ રસોડાના ઉખડી ગયેલ ટાઈલ્સની જગ્યાએ માર્બલ પ્લાસ્ટર માટે કામ આપવાનું નક્કી કર્યું હતું.

- **તા. ૧-૪-૨૦૧૧, શુક્રવાર**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી પરાશર વ્યાસ તથા શણગાર ડેકોરના શ્રી સમીરભાઈ શાહ ભવન પર મળેલ હતા અને શણગાર ડેકોરના વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના અનુસંધાને ચર્ચા કરેલ હતી.

☆ આજરોજ શ્રી પરાશરભાઈ વ્યાસ અને શ્રી રજનીભાઈ પારેખે એસ.ટી. ભવનની મુલાકાત લીધી હતી. ત્યાં ઓફિસમાં ખસની ટટ્ટી લગાડવા તેમજ સી.સી.ટી.વી. કેમેરા હંમેશ ચાલુ હાલતમાં રહે તે અંગે યોગ્ય સૂચના આપી હતી.

- **તા. ૨-૪-૨૦૧૧, શનિવાર**

☆ આજરોજ સંકલ્પે શ્રી કચ્છી જૈન ભવનના બેઝમેન્ટમાં મોટું સ્ક્રીન ગોઠવી ભારત-શ્રીલંકા વચ્ચેની ક્રિકેટની ફાઈનલ મેચ જોવાનો કાર્યક્રમ ગોઠવેલ હતો. લગભગ ૮૦ થી ૧૦૦ ની સંખ્યામાં યુવક-યુવતીઓ એકત્રિત થયેલ હતા.

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ અને ભાવેશ ગડાએ સાણંદના વેપારી સાથે વાતચીત કરીને ગૃહ ઉદ્યોગ દ્વારા ઘઉંના વિતરણ અંગે વાટાઘાટ કરી હતી.

- **તા. ૩-૪-૨૦૧૧, રવિવાર**

☆ તા. ૧૬-૪-૨૦૧૧, ચૈત્ર સુદ તેરસના મહાવીર જન્મકલ્યાણકની રથયાત્રા 'જીતો'ની આગેવાની નીચે, અમદાવાદ શહેરના બધાજ ફીરકાઓના જૈનોને એકત્રિત કરીને એક જ સમૂહમાં યોજવામાં આવનાર હોવાથી, તેના અનુસંધાને આ રથયાત્રાની સમજ આપવા 'જીતો' તરફથી શ્રી મહેન્દ્રભાઈ શાહ તથા અન્ય છ થી આઠ પદાધિકારીશ્રીઓ કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. જ્યારે અંદાજિત ૧૦૦ની સંખ્યામાં અમદાવાદ સ્થિત કચ્છી જૈનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત પદાધિકારીશ્રીઓએ રથયાત્રાની સંપૂર્ણ વિગત સમજાવી, તેમાં સહુને ભાગ લેવા આમંત્રિત કરેલ હતા. આ મિટિંગના આયોજનમાં શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી કાંતિલાલભાઈ સાવલાની કાર્યવાહી મુખ્યત્વે રહેવા પામેલ હતી.

☆ આજે રાત્રે ૮.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળેલ હતી કે જેમાં ૧૬ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. અસહ્ય મોંઘવારીના કારણે સમાજના સ્ટાફના પગાર ધોરણમાં ઍડહોક વધારો આપવો તેવું નક્કી કરવામાં આવેલ હતું. સંસ્થાના ત્રણેય ભવનોના રૂમ ચાર્જિસમાં ફેરફાર કરી, તેમાં થોડો વધારો કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. મેડિકલ સેન્ટરના વિઝીટીંગ ડૉક્ટરોના સ્ટાઈપેન્ડ, નિયમિત કામ કરતા ડૉક્ટરોના મહેનતાણા, અને મુલાકાત લેતા દર્દીઓના ભાવપત્રકના માળખામાં ફેરફાર કરવાની જવાબદારી મેડિકલ સમિતિને સુપરત કરવામાં આવેલ હતી.

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ શ્રી કિશોરભાઈ ઠક્કરની મદદથી સાણંદના વેપારીને મળ્યા હતા અને ભવન ખાતે ૨ ટન ઘઉં મંગાવવા અંગે ચર્ચા કરીને તે માટેનો ઓર્ડર આપ્યો હતો.

- **તા. ૪-૪-૨૦૧૧, સોમવાર**

☆ મંગલ મંદિરના પ્રિન્ટીંગ કાર્ય માટે મે. પ્રિન્ટવિઝને રીવાઈઝ્ડ ભાવપત્રક આપેલ હોવાથી તેમની સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. મે. પ્રિન્ટવિઝનની સરખામણીએ અન્યોના ભાવપત્રક ઓછા રહેવા પામે છે તેવું પણ તેમને જણાવવામાં આવેલ હતું. હવે પછીના સમયમાં રૂબરૂ મળી, ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **તા. ૬-૪-૨૦૧૧, બુધવાર**

☆ આજરોજ શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ વચ્ચે એક મિટિંગ, સમાજ માટે જરૂરી ચાદરો મંગાવવા માટે યોજાઈ હતી. તેમાં સમાજ માટે ૧૦૦ નંગ ચાદર, ઓશિકાના કવર સાથે મંગાવવાનો નિર્ણય કર્યો હતો.

- **તા. ૭-૪-૨૦૧૧, ગુરુવાર**

☆ ભાવનગરથી શ્રી ઉપેન્દ્રભાઈ ભવન પર

*માત્ર પુણ્યના આધારે લક્ષ્મી નથી મળતી, લક્ષ્મી તો પુરુષાર્થ કરવાથી મળશે.*

આવેલ હતા. તેમની સાથે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ મિટિંગ કરેલ હતી. જૂન-૨૦૧૧ માં ભવન પરથી એક મહિના માટે એક્યુપ્રેશર વગેરે માટે એક કેમ્પનું આયોજન શ્રી ઉપેન્દ્રભાઈ ગોઠવવા માંગે છે તેના અનુસંધાને આ ચર્ચા કરવામાં આવેલ હતી.

● **તા. ૮-૪-૨૦૧૧, શુક્રવાર**

☆ નર્મદા નદીના સિંચાઈના પાણી માટેની કચ્છ બ્રાંચ કેનાલના અંદાજિત રૂા. ૧૨૫૦ કરોડના કામની શુભ શરૂઆત ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે તા. ૯-૪-૨૦૧૧ ના રાપરમાં થનાર હોવાથી, તે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સભ્યો એક બસ દ્વારા આજરોજ રાપર જવા નીકળેલ હતા. તેઓનું રાત્રી રોકાણ કટારિયા તીર્થ ખાતે કરવામાં આવેલ હતું. શ્રી મનુભાઈ શાહે આ રોકાણની વ્યવસ્થા ગોઠવી આપેલ હતી.

☆ આજરોજ મેડિકલ સેન્ટરના અમુક લાઈટના પોઈન્ટ તેમજ પંખા અંગેની સુવિધા અંગે ઈલેક્ટ્રિશિયનનો સંપર્ક રજનીભાઈ પારેખે સાધી તાત્કાલિક કામ કરાવ્યું હતું.

● **તા. ૯-૪-૨૦૧૧, શનિવાર**

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સભ્યો આજરોજ રાપર ખાતેના કેનાલોના ખાત મુહુર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. ત્યાં શ્રી મુકેશભાઈ ઝવેરી, શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી અનંતભાઈ દવે, શ્રી પંકજભાઈ મહેતા, શ્રી ભરતભાઈ શાહ, શ્રી વાડીલાલ સાવલા વગેરેને રૂબરૂમાં મળેલ હતા. કાર્યક્રમ બાદ શંખેશ્વર થઈ આ ટીમ અમદાવાદ પરત આવેલ હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર સમાજના સભ્યોએ ટૂરના થતાં ખર્ચ સામે સ્વેચ્છાએ ફાળો નોંધાવી, આ ટૂરના ખર્ચની જવાબદારી ઉપાડી લીધેલ હતી.

● **તા. ૧૧-૪-૨૦૧૧, સોમવાર**

☆ ગીતામંદિર પરના સેવા ભવનની ડોરમેટરીમાં ઉતરનાર મુલાકાતીઓમાંથી એક મુલાકાતીની બેગ ગુમ થઈ જવાનો દુઃખદ બનાવ બનવા પામેલ. આ બેગમાં રહેલ ભવિષ્યની મુસાફરીની રેલવે ટિકિટોમાંથી એક ટિકિટ બીજા દિવસે પૂનાની રેલવે બારી પરથી કેન્સલ કરાવવામાં આવેલ હોવાથી એટલું નક્કી થઈ શક્યું કે અન્ય મુલાકાતીઓમાંથી કોઈ એકનું આ કાર્ય છે. સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા અત્યાર કરતા પણ વ્યવસ્થિતપણે ગોઠવવાની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

☆ આજરોજ સુનોટ્રોનિક્સના ટેક્નિશિયન સાથે ચર્ચા વિચારણા કરી અને નવું જંકશન બોક્સ જેમાંથી ૨૫૦ કનેક્શન નીકળે તેવું પરચેઝ કરવા ચર્ચા કરી હતી.

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી નરેન્દ્રભાઈ શાહ અને શ્રી ભાવેશ ગડાએ મહાવીર જન્મ કલ્યાણકના દિવસે ૧૦ હજાર બોટલ વરિયાળી સાકરના પાણીના ડિસ્ટ્રિબ્યુશન કરવા અંગે ચર્ચા કરી હતી.

● **તા. ૧૨-૪-૨૦૧૧, મંગળવાર**

☆ આજરોજ મહાવીર જન્મ કલ્યાણકની રથયાત્રા નિમિત્તે બેનર બનાવવા માટે ભાવેશ - સંદીપ મોતા સાથે ચર્ચા કરીને રજનીભાઈ પારેખે ઓર્ડર આપ્યો હતો.

● **તા. ૧૩-૪-૨૦૧૧, બુધવાર**

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના આવતા વર્ષના આયોજન અંગે આજે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા વગેરે રૂબરૂ મળેલ હતા અને અનેકવિધ બાબતે ચર્ચા કરેલ હતી.

☆ આજરોજ પાલડી ભવન ઉપર લગાડવાની તક્તી માટે અજયભાઈ સાથે શ્રી રજનીભાઈ પારેખે ચર્ચા કરી, તક્તીનો ઓર્ડર આપ્યો હતો.

● **તા. ૧૪-૪-૨૦૧૧, ગુરૂવાર**

☆ ઓગસ્ટ-૨૦૧૧માં પ્રસારિત કરવામાં આવનાર 'મંગલ મંદિર'ના ૪૦૦મા અંક વિશે ચર્ચા કરવા શ્રી કચ્છી જૈન ભવન પર આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી દિનેશ મહેતા તથા શ્રી હંસરાજ કંસારા રૂબરૂ મળેલ હતા. આ અંકનો થીમ "કચ્છ-ગઈકાલ, આજ અને આવતીકાલ" રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. ગઈ કાલ એટલે ધરતીકંપ અગાઉનો સમય, આજ એટલે ધરતીકંપ બાદનો સમય અને આવતીકાલ એટલે ભવિષ્યમાં શું થઈ શકશે તેવી સમજ કેળવવામાં આવેલ હતી. ત્યારબાદ આ વિષયને અનુરૂપ ત્રીસેક વિષયના લેખો નક્કી કરવામાં આવેલ હતા. તે વિષયના માહેર લેખકો પણ નક્કી કરવામાં આવ્યા અને દરેકને પોતાના વિષયના લેખો મોકલી આપવા વિનંતી કરતો પત્ર પણ લખીને મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું.

● **તા. ૧૫-૪-૨૦૧૧, શુક્રવાર**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ તથા એ.સી. સીસ્ટમવાળા શ્રી તેજસભાઈ શાહ સાથે મિટિંગ ગોઠવવામાં આવેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. કચ્છમાં સ્થાપવામાં આવનાર આર્કિટેક્ચરલ કૉલેજના રિવાઈઝ્ડ પ્લાનિંગ, મેડિકલ સેન્ટરની રી-શફલિંગના પ્લાનિંગ, ભવન પર બીજી લિફ્ટ, ભવનના કીચનની ચીમનીમાંથી પેદા થતો અવાજ, ત્રણે ભવનો પરના ઈમ્પેક્ટ દ્વારા કરવામાં આવનાર કાર્યવાહી, શ્રી કચ્છી વિશ્રામગૃહ પર ઊભું કરવામાં આવનાર કચ્છ મ્યુઝિયમ, ભવન પરના એ.સી. હોલની કુલિંગ

*દુઃખી લોકોની સેવા એ જ સાચો ધર્મ.*

સીસ્ટમ વગેરે બાબતે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી ભોગીલાલ શાહ, શ્રી બાબુભાઈ મહેતા અને શ્રી કે.ડી. શાહે વયસ્ક સમિતિના કાર્યક્રમને આખરી ઑપ આપ્યો હતો.

- **તા. ૧૬-૪-૨૦૧૧, શનિવાર**

☆ 'જીતો' આયોજિત મહાવીર જન્મકલ્યાણકની રથયાત્રામાં અનેક કચ્છી જૈનોએ આજે ભાગ લીધેલ હતો. આ રથયાત્રા જ્યારે ભવન પાસેથી પસાર થયેલ ત્યારે ૧૦,૦૦૦ જેટલી વરીયાળી તથા ખડીસાકરના બનાવેલ શરબતની બોટલનું વિતરણ કરવામાં આવેલ હતું. આ શબરતનું સૌજન્ય શ્રી નરેન્દ્ર છ. શાહ તરફથી સાંપડેલ હતું. તે સાથે ૮૦૦૦ પેકેટ જેટલા ચીક્કીના પડીકાનું પણ વિતરણ કરવામાં આવેલ હતું. આ ચીક્કીના પડીકાનું સૌજન્ય શ્રી દામજી પ્રેમજી નીસર તરફથી સાંપડેલ હતું. સમગ્ર વિતરણ વ્યવસ્થા સંકલ્પના કાર્યકરો, ભવનના સ્ટાફ તથા શ્રી ક.જૈ.સે.સ.ના કાર્યકરોએ સંભાળેલ હતી. 'જીતો' આયોજિત રથયાત્રા અને ત્યારબાદની ધર્મસભાના આયોજનમાં અન્ય ફીરકાના જૈનોની સાથે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી કાંતિલાલ વેલજી સાવલા પણ અગ્રીમપદે રહેલ હતા. આ ધર્મસભાના સંચાલન માટે મુંબઈથી શ્રી ધીરજભાઈ છેડાને ખાસ આમંત્રિત કરવામાં આવેલ હતા.

- **તા. ૧૭-૪-૧૧, રવિવાર**

☆ આજરોજ સવારમાં કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી વિમેશ શાહ તથા શ્રી પરાશર વ્યાસ ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં કોમ્પ્યુટરના જૂના ડેટા સ્પ્લીટ કરવાનું, સી.સી.ટી.વી. કેમેરા માટે શ્રી કચ્છી જૈન ભવન પરના રૂમ નં.-૨૦૬માં ૩૨"નું એલ.સી.ડી. ટી.વી. વસાવવાનું, શ્રી કચ્છી જૈન ભવન પર ૬ કેમેરા, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ૫ કેમેરા તથા સેવા ભવન પર ૩ કેમેરા ગોઠવવાનું, શ્રી સેવા ભવન (ગીતા મંદિર) અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ઈન્ટરનેટ કનેક્શન મેળવવા અંગેના નિર્ણયો લેવાયેલ હતા.

☆ આજરોજ સાંજના શ્રી કચ્છી જૈન ભવન પર ઇતર ડેવલપમેન્ટ સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં શ્રી હીરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી પંકજ ગોગરી, શ્રી દેવેન છેડા, શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા, શ્રીમતી નેહાબહેન શાહ તથા શ્રી નિમેષ શાહ ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં કોમ્પ્યુટર વર્કશોપ માટે એક સેમિનાર ગોઠવવાનું અને સાઈકોલોજિસ્ટ પૂર્ણિમાબહેન સાથે સમાજના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યોનો એક વાર્તાલાપ ગોઠવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ ભવન પર મુંબઈથી શ્રી મહેન્દ્રભાઈ સંઘોઈ પધારેલ હતા. તેમની સાથે શ્રી અશોક મહેતા તથા શ્રી હીરજી પાસુ શાહે મિટિંગ કરી, વિવિધ પ્રશ્ને ચર્ચા કરી હતી.

- **તા. ૧૮-૪-૧૧, સોમવાર**

☆ આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતાએ મંગલ મંદિર જ્યાં છપાય છે તે પ્રિન્ટ વિઝનની મુલાકાત લઈ, ત્યાં શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા સાથે રૂબરૂ ચર્ચા કરેલ હતી. ચર્ચા કર્યા બાદ પણ મે. પ્રિન્ટવિઝનના ભાવપત્રક ઊંચા પડતા હોવાથી મે-૨૦૧૧થી મંગલ મંદિર અન્યત્ર છપાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **તા. ૨૦-૪-૧૧, બુધવાર**

☆ આજરોજ વયસ્ક સમિતિ દ્વારા વયસ્કો માટે શ્રી કચ્છી જૈન ભવન પર જૂના ગીતો સંભળાવવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ હતો. જેમાં સમાજના લગભગ ૭૦ વ્યક્તિઓએ ઉપસ્થિત રહી, આ કાર્યક્રમની મજા માણી હતી. શ્રી નરેન્દ્રભાઈ શાહે પણ ગીતો સંભળાવેલ હતા. શ્રીમતી કુસુમબહેન આસારિયાએ પણ જોક સંભળાવેલ હતી.

- **તા. ૨૦-૪-૨૦૧૧, બુધવાર**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ અને શ્રી કે.ડી. શાહે વિવિધ સ્ટોરની મુલાકાતો લઈ ભવન માટે ચાદરો, ઘડિયાળો, ટેલિફોન અને બાથરૂમની એસેસરીઝની ખરીદી કરી હતી.

- **તા. ૨૧-૪-૧૧, ગુરુવાર**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મંગલ મંદિરના તંત્રી મંડળના શ્રી અશોક મહેતા, શ્રી સૂરજલાલ મહેતા તથા શ્રી દિનેશ મહેતા મળેલ હતા. અષાઢી બીજ વિશેષાંક, ૪૦૦મો વિશેષાંક અને દીપોત્સવી વિશેષાંકના અનુસંધાને ચર્ચા કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૧-૧૨ માટે શ્રેષ્ઠ લેખ તથા શ્રેષ્ઠ આંજો કાગર નક્કી કરવા નવી સમિતિની રચના કરવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ■

## ગુજરાતમાં મોટા અકસ્માતનું જોખમ ધરાવનાર ફેક્ટરીઓ

અમદાવાદ ૫૨, મહેસાણા ૨૫, પાટણ ૨, બનાસકાંઠા ૧, સાબરકાંઠા ૧૬, ગાંધીનગર ૫, વડોદરા ૭૭, પંચમહાલ ૧૦, આણંદ ૭, ખેડા ૭, ભરૂચ ૯૩, સુરત ૩૧, નવસારી ૨, વલસાડ ૩૫, અમરેલી ૪, ભાવનગર ૧, જામનગર ૪, જૂનાગઢ ૩, કચ્છ ૩૬, રાજકોટ ૧૦, પોરબંદર ૧, સુરેન્દ્રનગર ૩. કુલ્લે ૪૩૩.

જે ઘટના ભોપાલમાં ઘટી એવી અથવા એથી વધારે ગંભીર ઘટના ગુજરાતમાં ગમે ત્યારે બની શકે છે.

*ભૂમિપુત્ર' તા. ૧૬-૧૨-૧૦માંથી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*ક્યારેય હિંમત હારવી નહિ. ઠોકર જ સંભાળ શીખવે છે.*